એકાન્તન
Samaj Foundation Chen
સામ્રાજ્ય:

લેખક
એડમિરલ
રિચાર્ડ
બાયર્ડ

રૂપિયા
૩।

સંસ્કાર
સાહિત્ય
મંદિર
ભાવનગર
main. Gurukul Kangri Co

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એંટાર્કટિકાના હિમરાજ્યમાં

એંટાર્કટિકાનાં
હિમરાજ્યમાં

લેખક
ઍડમિરલ
રિચાર્ડ
બાયર્ડ

વિયા
૩૧

કાર
હિત્ય
મંદિર
નગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ४.४.ग./४

पंजिका संख्या ....२९६७०/२८ मार्च २००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक सं० ४४ ग/५
आगत सं० २१९६०
तिथि० २८ मार्च २००३
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાન્તના સામ્રાજ્યમાં

[દક્ષિણધ્રુવના એકલ પ્રવાસીની સાહસકથા]

લેખક

એડમિરલ રિચાર્ડ બાયર્ડ

સાહિત્ય મંદિર

ભાવનગર

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ
ઑક્ટોબર ૧૯૪૫

કિંમત
૩-૪-૦

પ્રકાશક
જયન્તીલાલ મણિલાલ શાહ
સંસ્કાર સાહિત્ય મંદિર
ભાવનગર (કાઠિયાવાડ)

મુદ્રક
સૈયદ મિયાં ભાઈમિયાં
ધર્મવિજય પ્રિન્ટિંગ પ્રેસ
જોરાવરનગર (કાઠિયાવાડ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતના સાહસપ્રિય જુવાનોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રવાસી જેમ જેમ પ્રવાસ કરતો જાય છે તેમ તેમ તે રુચિ કેળવે છે; ધીરજ અને ઉદારતા કેળવે છે; અને અંતે સારામાં સારો સમાજશાસ્ત્રી બને છે. પ્રવાસ એટલે અગવડો વેઠવાની બાદશાહી ઢબ. મુસાફરીમાં અગવડો આવવાથી માણસને એમ નથી થતું કે આપણા દારિદ્ર્યનું એ એક પ્રતીક છે. એને થાય છે કે સૂઝશક્તિ કેળવવાની આ એક તક આપણને મળી છે. એક રીતે જોતાં પ્રવાસ એ વ્યક્તિત્વના વિકાસનું સાધન છે; જ્યારે બીજી રીતે જોતાં એ દેશભક્તિનો એક અનુભવ-તરબોળ પ્રકાર છે. જેટલો દેશ આપણે જોયો, તપાસ્યો, પોતાનો કર્યો તેટલા દેશ પ્રત્યે આપણી વિશિષ્ટ લાગણી કેળવાય છે, એની સાથે આત્મીયતા બંધાય છે, એને વિષે અભિમાન અથવા ભક્તિ પેદા થાય છે, આપણે એના ભક્ત બની જઈએ છીએ.'

['હિમાલયનો પ્રવાસ'માંથી] —કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ લેખકની પ્રસ્તાવના

આ પુસ્તકમાં મારા એક અંગત અનુભવની કથા છે. એ આખી વાત એટલી બધી અંગત તત્ત્વથી ભરપૂર છે કે પૂરાં ચાર વર્ષ સુધી તો એ વિષે લખવાનું મારું મન માનતું જ નહોતું. આજ અગાઉ મેં જે બીજું બધું લખ્યું છે તેના કરતાં આ લખાણનો પ્રકાર તદ્દન જુદો છે. મારાં બીજાં પુસ્તકો તો મારી સફરો અને વિમાની ઉડ્ડયનોની અંગત નહિ એવી હકીકતો જ રજૂ કરે છે, જ્યારે આ પુસ્તક તો મોટે ભાગે જાત–અનુભવની અત્યંત અંગત વાતોથી ભરપૂર છે. એ અનુભવ પૂરો થયો તે પહેલાં તો હું મોતના બારણા સુધી પહોંચી જવા આવ્યો હતો. આખી વાત મારે માથે વીતેલાં વીતકોની જ છે અને તેથી એવાં વીતકોની વાત મનમાં જ શમાવી બેસવાની મનુષ્ય–સહજ લાગણી મને મૂંઝવ્યા કરતી હતી. દક્ષિણધ્રુવ–પ્રદેશના એ વસવાટની કથા લખવી તેમ જ મારી અંગત લાગણીઓનું અણઘટતું પ્રદર્શન ન થવા દેવું એ બેય વાતનો મેળ કેમ બેસાડવો એ મને સમજાતું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮°૮' દક્ષિણ અક્ષાંશ પર કરેલા એ વસવાટનાં વીતકોની અસરો-માંથી મારાં શરીર-મન માંડ માંડ વળવા આવ્યાં હતાં, અને આખી વાત સ્મૃતિમાં હજી એટલી બધી તાજી હતી કે એને વિષે યોગ્ય સ્વસ્થતા-તટસ્થતાપૂર્વક લખી શકીશ કે કેમ એ વિષે મને શંકા હતી.

પણ મારા મિત્રો એ સ્થિતિ ચલાવી લે તેમ નહોતા. જ્યાં ક્યાંય હું જતો ત્યાં મિત્રો મને પ્રશ્ન પૂછ્યા કરતા અને છેવટ ૧૯૩૭ના ડિસેંબરની સાંજે મારા કેટલાક નિકટતમ મિત્રોએ, સ્મૃતિમાં એ બધું તાજું હતું તે દરમિયાન જ, લખી કાઢવાનું મારી પાસે સ્વીકારાવ્યું. અત્યંત અનિચ્છા છતાં હું સંમત થયો.

હું જોઈ શકતો હતો કે એકવાર લખવાનું શરૂ કરીશ એટલે અનેકાનેક મુશ્કેલીઓ મને પજવવા માંડશે. હું સમજતો હતો કે એ લખતાં લખતાં મારે ફરીથી એ વીતકોમાંથી માનસિક રીતે પસાર થવું પડશે અને તદ્દન અંગત તત્ત્વવાળી વાતો ચર્ચવી ન ગમતી હોવા છતાં ચર્ચવી પડશે. તેમ છતાં મિત્રોના પ્રોત્સાહન અને પ્રકાશકોના આગ્રહને વશ થઈ મેં શંકાઓ દૂર હડસેલી લખવાનું નક્કી કર્યું.

લખવાનું કામ આગળ ધપતું ગયું તેમ તેમ મારી શંકા-ઓને સમર્થન મળવા લાગ્યું. કેટલીક વખત તો લખવાની વાત તદ્દન પડતી મૂકવાની અણી ઉપર હું પહોંચી ગયેલો, અને જો છટકવાનો કોઈ માનભર્યો માર્ગ રહ્યો હોત તો જરૂર મેં તેમ કર્યું હોત. કેટલીય એવી વાતો આવ્યા કરતી હતી કે જેમાં પેલી વિચિત્ર વસ્તુ-સ્વમાનની લાગણી-સંડોવાતી હોવાથી એનો ઉલ્લેખ પણ કરવાનું હું પસંદ ન કરું. છેવટ મહામહેનતે જેમ તેમ કરી હાથ ધરેલા કામને છેડે પહોંચાયું અને એ મહામહેનતના પરિણામરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તક દક્ષિણધ્રુવ–પ્રદેશના મારા વસવાટ સંબંધી સીધું-સાદું સત્ય રજૂ કરે છે.

પહેલાં તો એવી ઇચ્છા હતી કે આ પુસ્તકમાં મારી હિંમતભરી અને દળદાર રોજનીશીના ઉતારાઓનો જ મુખ્યત્વે સમાવેશ કરવો. પણ થોડાક વખતમાં જ મને જણાયું કે કેવળ રોજનીશી ઉપર જ આધાર રાખવા જતાં સરળ અને સપ્રમાણ રજૂઆત કરવાનું અશક્ય થઈ પડશે, કેમકે એ રોજનીશી તો પુનરાવર્તનો, કેવળ હું જ સમજી શકું તેવા ઉલ્લેખો, અને તૂટક તૂટક ટાંચણોથી ભરપૂર હતી; તે ઉપરાંત એમાં મારા કુટુંબને જ લગતી તદ્દન અંગત વાતો પણ ખૂબ આવ્યા કરે; એટલે આ પુસ્તકમાં, જોકે મેં મારી રોજનીશીના ઘણા ભાગોનો ઉપયોગ કર્યો છે, અને કેટલાય ઉતારા પણ કર્યા છે ખરા, એ તો જ્યાં જ્યાં વાત પર પૂરતો પ્રકાશ પાડવા એની જરૂર જણાઈ ત્યાં જ. અમુક દિવસની રોજનીશીનો જે ભાગ આ પુસ્તકમાં આવ્યો છે તે મૂળમાંથી આખેઆખો આપ્યો છે કે મૂળ લખાણનો કટકો જ છે એ દર્શાવવાનો મેં કોઈ ખાસ પ્રયત્ન કર્યો નથી. આ પુસ્તકને એવી નોંધોથી ખરડી મૂકવાનું મને જરૂરી નથી લાગ્યું. તેમ છતાં એટલું કહી દઉં કે રોજનીશી, હવામાનની નોંધ લેવાનાં કાગળિયાં તેમ જ તવારીખિયાં અને છૂટાછવાયા કાગળના ટુકડાઓ પર કરેલી સંખ્યાબંધ નોંધોએ મારી સ્મૃતિને તાજી કરવામાં ઘણો સુંદર સાથ આપ્યો છે.

આ પુસ્તકને મેં Alone—'એકાકી' નામ આપ્યું છે, પણ એ તો સૌ સમજી શકે એવી વાત છે કે મેં જે કંઈ કર્યું છે તેવું કરવાનું, વફાદાર અને સમભાવી બીજા અનેક માણસોના ટેકા વિના, કોઈ એકલા માટે શક્ય જ નથી. એ ટેકો તો મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આખા અનુભવનો એક અતિ સરસ અંશ છે—ખાસ કરીને ચાણામાંથી પાછો ફર્યો તે પછીના દિવસોમાં મારે માથેથી નેતા-પદનો ભાર હળવો કરવા માટે લિટલ અમેરિકામાંના એ પંચાવન સાથીઓ શક્ય હોય તે બધું કરવાનો જે પ્રયાસ કરતા હતા તે. આ સંબંધમાં મારા જૂના પ્રવાસ-સાથી જ્યૉર્જ નોવિલ, જેણે અમે ન્યુઝીલાંડ પહોંચ્યા ત્યાં સુધી મારી સતત કાળજી રાખી હતી, તેનો ઋણસ્વીકાર કરતાં હું સુખ અનુભવું છું.

બૉસ્ટન, માસાચુસેટ્સ
ઑક્ટોબર, ૧૯૩૮ — એ. રિ. બા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

દુનિયામાં અત્યાર સુધીમાં થઈ ગયેલા આધુનિક પ્રવાસવીરોમાં એડમિરલ રિચાર્ડ બાયર્ડનું નામ પહેલી હરોળમાં આવે છે. તેની જિંદગીનો મોટો ભાગ પ્રવાસમાં જ વ્યતીત થયો છે, અને દરેક પ્રવાસમાં એને નાનીમોટી સફળતાઓ પણ વરી છે. તેના સદ્‌ગત મિત્ર એમંડસનને બાદ કરતાં તો તે એકલો જ એક એવો માણસ હતો જેણે પૃથ્વીના આ બંને છેડા—ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવમાં સફળ પ્રવાસ કર્યો હતો.

પહેલેથી જ બાયર્ડને અમેરિકન નૌકાખાતા માટેની તાલીમ આપવામાં આવેલી, અને જીવનની કારકિર્દીની શરૂઆત પણ તેણે આ ખાતામાં જ કરી. એ વખતથી જ તેણે ઉજ્જ્વળ ભાવિની આશા બાંધી શકાય એવી શક્તિઓ બતાવવા માંડી હતી. પણ મહાયુદ્ધ દરમિયાન તેને નૌકાખાતાનું કામકાજ બદલી હવાઈ વિમાની ક્ષેત્રને અપનાવવું પડયું, ત્યારથી એ મહાસાગરની સાથે સાથે હવાઈ સાગરમાં ઘૂમતો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૬ના મે મહિનામાં તે ફ્લોઈડ બેનેટ સાથે ઉત્તરધ્રુવનું ચક્કર લગાવી આવ્યો. એ પછી બીજે જ વર્ષે તેણે ન્યુયોર્કથી ઊડી આટલાંટિકને પેલે પાર ફ્રાન્સના કિનારા ઉપર ઊતરવાનો વિમાની પ્રવાસ સફળતાપૂર્વક સિદ્ધ કરી બતાવ્યો. ૧૯૨૯માં એ વિમાનમાં દક્ષિણધ્રુવ પર જઈ આવ્યો.

ઉત્તર અને દક્ષિણધ્રુવની પોતાની મુસાફરીનું વિસ્તૃત વર્ણન એણે Skyward (આકાશમાર્ગે) અને Little America (નાનું અમેરિકા) નામનાં પુસ્તકોમાં કર્યું છે.

૧૯૩૩-૩૪માં એણે બીજી વાર દક્ષિણધ્રુવ-પ્રદેશની સફર કરી. એનો સંપૂર્ણ અહેવાલ Antarctic Discovery (દક્ષિણધ્રુવ-પ્રદેશની શોધખોળ) નામના પુસ્તકમાં આપ્યો છે. આ છેલ્લી સફર દરમિયાન તેણે એ પ્રદેશમાં જે લાંબો વસવાટ કર્યો એ વિષેનું પુસ્તક તે આ 'એકાન્તના સામ્રાજ્યમાં'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદક તરફથી

અમેરિકન વૈજ્ઞાનિક અને પ્રવાસવીર એડમિરલ રિચર્ડ બાયર્ડના Alone નામના અંગ્રેજી પુસ્તકને ગુજરાતીમાં ઉતારવાનો આ પ્રયાસ છે.

મૂળ અંગ્રેજી લખાણનાં ૩૦૦ પાનાંનો શબ્દશઃ ગુજરાતી અનુવાદ કરતાં આ પુસ્તકનાં કુલ ૪૨૫ જેટલાં પાનાં થાય, એને બદલે અહીં તો એ લખાણને ૨૨૫ પાનાંમાં જ સમાવી દીધું છે. ગુજરાતી વાંચનારને શબ્દશઃ અનુવાદ પકડી નહિ રાખી શકે, ને કેટલીય જગ્યાએ દુર્બોધ લાગશે એમ લાગવાથી મેં કેટલીક જગ્યાએ લીટીઓ છોડી દીધી છે તો કેટલીક જગ્યાએ પાનાંનાં પાનાં પડતાં મૂક્યાં છે ને એ વાત મારી રીતે થોડાંક વાક્યોમાં આપી દીધી છે. પણ એમ કરવામાં મૂળ લખાણની મજા મારી નથી નાખી. વળી શબ્દશઃ અનુવાદ કરતાં આ સ્વરૂપે જ ગુજરાતી વાચક પુસ્તકને વધુ માણી શકશે એમ મારું માનવું છે. મારો પ્રયત્ન કેટલે અંશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફળ થયો છે એ તો અંગ્રેજી–ગુજરાતી લખાણો સરખાવી તુલના કરી જાણનાર વિવેકી વાચક નક્કી કરી શકે.

રિચર્ડ બાયર્ડની આ અનુભવ–કથા વાંચતાં હું અનેક વખત એ માણુસ ઉપર આફરીન થઈ ઊઠયો છું, અને મારા માનસ-વીરોની દુનિયામાં તો એણે કાયમનું સ્થાન જમાવ્યું છે. ઘણી વખત કલ્પનાકથા કરતાં સત્યકથા જ માનવી મુશ્કેલ પડે એવી હોય છે એમ જે કહીએ છીએ તેનો આ કથા એક સરસ નમૂનો છે.

જ્યાં કોઈ જીવતું જંતુ પણ નથી મળવાનું અને જ્યાં જીવન ટકાવવા કેવળ હવા સિવાય કુદરતે બીજી કશી સગવડ નથી મૂકી, જ્યાં અગાઉ કોઈ વાર કોઈ ગયું નહોતું ને તે ગયો પછી તુરત શરૂ થયેલી લાંબી અખંડ છ મહિનાની શિયાળુ ઠંડી રાતને કારણે તુરતમાં કોઈ જઈ શકે તેમ પણ નહોતું–એ બધું જાણવા છતાં ઠારી ઠીંગરાવી નાખે એવા ચોમેર અફાટ બરફમાત્રથી પથરાયેલા એકલ પ્રદેશમાં જઈ બે–પાંચ દિવસ નહિ પણ પાંચ–છ મહિના વસવાનો એ માણુસે નિર્ણય કર્યો. એ કોઈ ગાંડી પ્રવાસ–ધૂન કે રખડપાટ–શોખનો માર્યો નીકળી નહોતો પડ્યો, એ તો હતો અમેરિકાના હવામાનશાસ્ત્રીઓનો મોવડી, અને એ ગયો હતો તો દક્ષિણધ્રુવપ્રદેશમાંથી ઊપડીને આવતા પવનો અને વંટોળોની ભયંકર અસરમાંથી આપણાં ખેતી અને પાક, વહાણ અને જહાજને–વાવંટોળની જેને જેને અસર થાય તેને, એટલે કે સમગ્ર માનવ-જાતને–એ વંટોળોની નખોદ વાળનારી અસરમાંથી ઉગારવાની કલ્યાણકારી મંગળ ભાવના લઈ ત્યાંના હવામાનનો અભ્યાસ કરવાની બુદ્ધિથી. આગળ–પાછળ ધરાળ–ઉલાળ ન ધરાવનાર એકાંગી જીવનવાળો અભ્યાસી પણ એ નહોતો, વહાલસોયાં બાળકો ને પ્રેમાળ પત્નીનો એ પિતા–પતિ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાં મોતના મોઢામાં માથું મારવા એ મચ્યો હતો. મોત સામે ડાચું ફાડી આવી ઊભું છે એ ભાને પણ એણે એના મનની સમતુલા ગુમાવી નહોતી. કસાઈ ધીમે ધીમે નિરાંતે જીવતા શરીરનો એક એક કટકો કાપતો હોય એવી ક્રૂર અને અચૂક ગતિએ મોત સમીપ આવી રહ્યું છે એમ લાગવા છતાં તેણે જીવન ટકાવવા જે તે કરી નાખવાની ધાલાવેલી ન દાખવી; ઊલટું, પોતાની અવદશાનો મિત્રોને ખ્યાલ આવી જશે તો તેઓ જાનનું જોખમ ખેડીને પણ મદદે આવવા પ્રયત્ન કરશે એમ લાગવાથી, એમને એવું જોખમ ખેડતાં અવરોધવા, એણે રોજરોજ પોતે સાજોસારો છે એવી ખોટી રજૂઆત મિત્રોને પહોંચાડવા રહીસહી શક્તિ ઘસી નાખીને પણ રેડિયો-એન્જિન ચલાવ્યે રાખ્યું. ઘસાતી જતી શરીરશક્તિને રેડિયો ચલાવવાનો શ્રમ વધુ ને વધુ ક્ષીણ બનાવતો હતો—રેડિયો-એન્જિન ચલાવતાં ચલાવતાં દરેક મિનિટે થાકીને લોથ થઈ જઈ આરામ લેવો પડતો અને થોડીક વારને અંતે તો બેશુદ્ધ થઈ જવાની દહેશત પણ રહ્યા કરતી. ગ્રામોફોનને ચાવી દેતાં પણ થાક લાગે એવી સ્થિતિ હતી. છતાં તેવે વખતેયે વચ્ચે વચ્ચે પથારીમાંથી ઊભા થઈ એ હવામાનમાપક યંત્રોની કલમમાં શાહી પૂરી આવતો, એના કાગળ બદલી કાઢતો. પોતે મરી જવાનો હોય તો ભલે પણ જીવે ત્યાં સુધી બને તેટલી અભ્યાસનોંધ એકઠી કરતાં રહેવાની એ વખતે પણ એને કાળજી હતી.

સ્વજનોને છેલ્લી સલામના કાગળો લખવા માણસ બેસે એટલી હદ સુધી મોતની નજીક જઈ પાછા વળેલા માનવીના અનુભવની કથાનું આ પુસ્તક એણે પોતે તે દિવસોમાં લખેલી રોજનીશીને આધારે રચી કાઢ્યું હોવાથી વાચકને એની એ અંતરતમ મનોદુનિયા સુધી લઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થિક-સામાજિક અનેક પ્રકારની વિટંબણાઓમાં માનવી-ની પ્રાણશક્તિને રૂંધી મૂકનાર રાજકીય પરાધીનતાએ આપણા જુવાનોના ખમીરને આવી દિશાઓએ પ્રવૃત્ત થવાનો અવકાશ રહેવા દીધો નથી, પણ જીવનના કોઈ પણ ક્ષેત્રે કોઈ પણ સ્વરૂપે પ્રગટ થયેલ વિશિષ્ટ પ્રાણશક્તિનું પ્રેરણાદાયી દર્શન બીજાની અંદર પડેલી સુષુપ્ત કે અર્ધજાગ્રત પ્રાણશક્તિને અવાજ આપી જગાડે છે ને ક્રિયાશીલ બનાવે છે. આ પુસ્તક વાંચીને ગુજરાતી વાંચ-નાર ભલે દક્ષિણધ્રુવ જવા તૈયાર ન થાય, પણ એની આજની જીવન-દુનિયાના ઉત્તર અને દક્ષિણ બંને ધ્રુવ કહો, ગૌરીશંકરની ટોચ કહો, કે જે કહો તે સર્વસ્વસમા રાષ્ટ્રીય આઝાદીના ધ્યેય માટે રિચર્ડ બાયર્ડના જેવી અણખૂટ અંતરશક્તિથી ઝઝૂમવાનું એને બળ મળશે એવી શ્રદ્ધા સાથે આને ગુજરાતીમાં ઉતાર્યું છે.

૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાન્તના સામ્રાજ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

૧૯૩૪ની આખી શિયાળુ અખંડ રાત દરમ્યાન હું દક્ષિણ-ધ્રુવપ્રદેશમાં જઈ એકલો રહેલો. મારું એ થાણું વિશાળ રૉસ હિમપ્રદેશ ઉપર લીટલ અમેરિકા અને દક્ષિણધ્રુવને જોડનારી સીધી લીટી ઉપર આવેલું હતું. દુનિયાના દક્ષિણ વિભાગમાં એટલે દૂર જઇ લાંબા વખત માટે વસવાનો એ પહેલો જ પ્રયત્ન હતો. પહેલાં તો ત્રણ ચાર માણસોએ ત્યાં જઈ રહેવું એવી ગણત્રી હતી; પણ કેટલાક કારણોને લીધે એમ કરવું અશક્ય થઇ પડયું, એટલે ત્યાં જઇ રહેવાનો વિચાર તેમ જ ત્યાં રહી સાધવા ધારેલ વૈજ્ઞાનિક કાર્ય પડતાં મૂકવાં અથવા તો મારે એકલાએ જ જઇ રહેવું એ બે વિકલ્પો બાકી રહ્યા. વિચાર પડતો મૂકવા તો મારું મન તૈયાર નહોતું.

અગાઉ જ્યાં જઈ કોઇ વસ્યું નહોતું એવા દક્ષિણધ્રુવ પ્રદેશના ભાગમાં રહી હવામાન અને તેજરંગોનું નિરીક્ષણ કરવાનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ નક્કર મુલ્ય ગણાય અને એવા વૈજ્ઞાનિક અભ્યાસમાં મને ઊંડો રસ હતો, પણ ત્યાં જઇ વસવા પાછળ એ જ માત્ર કારણ નહોતું. એ કારણ કરતાંયે ખરેખર તો હું ત્યાંના લાંબા વસવાટ દરમ્યાન મળનારા અનુભવના આકર્ષણથી ખેંચાઈને જ જવા તૈયાર થયેલો. મને ત્યાં જવા ધકેલનારા બળોમાં આવી જાતનો અનુભવ ધરાઇને લઇ લેવાની તથા એકાંત–નીરાંત ખરેખર કેટલા મજેદાર હોય છે એનો પૂરેપૂરો આસ્વાદ ચાખી લેવાની ઇચ્છાનું બળ જ સૌથી જોરદાર હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક જીવનના અટપટાપણાથી ઘેરાયેલા લોકો મારી આ વૃત્તિને સહેલાઇથી સમજી શકશે. જોશભેર ફુંકાતા પવનમાં આમથી તેમ ફંગોળાયા કરવું પડે છે ત્યારે વિચારશીલ માણસને કોઈ એકાંત સ્થળે જઇ નીરાંતે વિચાર કરી લેવાની-જીંદગીના જમા ઉધાર મેળવી લેવાની, અદમ્ય ઝંખના થાય છે. બીજાઓને કદાચ આમાં અતિષયોક્તિ જેવું લાગશે પણ મારા પૂરતી તો એ વાત સાચી જ હતી. એનો અર્થ એ નહિ કે તે પહેલાનું મારું અંગત જીવન જોઇએ તેટલું સુખી ન્હોતું. ઉલ્ટું એમાં તો મારા ખરેખરા અધિકાર કરતાંય હું વધુ સુખ પામ્યો હતો. પણ લગભગ ચૌદ પંદર વર્ષથી ઉપરાઉપરી, એક પછી એક સફરોમાં હું રોકાયેલો રહ્યો હતો. ૧૯૧૯માં આટલાંટિક ઓળંગવાની સફર, ૧૯૨૫માં ગ્રીનલેંડની, ૧૯૨૬માં ઉત્તરધ્રુવની, ૧૯૨૭માં ફરી આટલાંટિકની, ૧૯૨૮-૩૦માં દક્ષિણધ્રુવની અને ૧૯૩૩-૩૫માં ફરી દક્ષિણધ્રુવ પ્રદેશની. લોકોને કંઇક એવો ખ્યાલ હોય છે કે આવી સફરો કરનારાઓને એકાંત-નીરાંત જ રહેતી હશે. પણ એ ખ્યાલ તદ્દન ખોટો છે. સફરનું કામ સીધું, સરળ અને ધાર્યા મુજબ ચાલતું નથી હોતું. સફર કરનારાઓ પણ ધનવાન નથી હોતા. એક સફર પૂરી થાય તે પહેલાં બીજીની તૈયારી કરવામાં રોકાવાનું રહેતું; જીવન નિર્વાહ ચલાવવા અને સફરો માટે કરેલ દેણું ભરપાઈ કરવા દેશના એક છેડેથી બીજા છેડા સુધી વ્યાખ્યાન-પ્રવાસો કરતા ફરવું પડતું; અથવા તો નવી સફર માટે પૈસા અને સાધન મેળવવા દોડાદોડી કરવી પડતી.

આવી સ્થિતિને કારણે મને તો અનેક જાતની ખોટ સાલ્યા કરતી. કેટલાય પુસ્તકો વાંચવાની તીવ્ર ઇચ્છા રહેતી હતી, પણ સમય કે માનસિક નિરાંત નહોતાં મળતાં. સંગીતનો આલ્હાદ માણવાની ન સમજાવી શકાય એવી જરૂર લાગતી હતી, પણ રોજીંદા જીવનની ઘરેડમાં એને માટે અવકાશ ન્હોતો રહેતો. દુનિયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતા નવા વિચારપ્રવાહો-ફેરફારો વગેરેથી અજાણ રહેવું પડતું હતું અને તેથી મનમાં થયા કરતું હતું કે આ તે કેવો સાંકડો જીવન માર્ગ! જીવન સાર્થક લાગે એવી જીવન ફિલસુફી મનમાં ગોઠવી લેવાની જરૂર જણાતી હતી, પણ જાહેર જનતા સાથે જ જેને કામ પાડવાનું હોય-એને સંતોષ્યા વિના જેનું ચાલે તેમ ન હોય, એવા મારા જેવા માટે ઘેર એવી નવરાશ-નિરાંત ક્યાંથી હોય?

આમ તો હું બન્ને ધ્રુવ સુધી જઇ આવેલો. પણ કેવળ ધ્રુવ સુધી જઈ આવવામાં કંઇ ઓર આનંદ નથી. હજારોએ ત્યાં જવા પાછળ પોતાનો જીવનકાળ ખર્ચ્યો છે; અનેકે તો ત્યાં જવાના પ્રયત્નમાં રસ્તે પ્રાણ ગૂમાવ્યા છે. પણ ઉત્તર કે દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારા થોડાકમાંના કોઇને ય એ ધ્રુવબિન્દુનું દર્શન ખાસ પ્રેરણા પાનારૂં બન્યું હશે કે કેમ એ વિષે મને શંકા છે. ત્યાં પહોંચવાનું કોઈ ભારે મુલ્ય પણ નથી. મુલ્ય તો છે ત્યાં પહોંચતાં માર્ગમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ અગત્યનું જે જાણવા મળે તેનું. આવા ધ્રુવપ્રદેશની યોજનાબદ્ધ સફરોને પરિણામે વિજ્ઞાનની જે જૂદી જૂદી શાખાઓને સમૃદ્ધ કરી શકાય તેમાં જાહેરપ્રજાને માટે સૌથી વધુ વ્યવહારૂ ઉપ-યોગીતાવાળી શાખા હવામાન શાસ્ત્રની ગણાય. ખેતરમાં પાક કેટલો ઉતરશે એના સટ્ટા ખેલનારાઓ, ખેડુતની ખરીદશક્તિ ઉપર નભતા કારખાનાદારો, દરિયા ઉપર જ જીવન ગાળતા ખલાસીઓ, રજામાં ફરવા નીકળી પડતા સહેલાણીઓ વગેરેથી માંડી ખેતરના પાક ઉપર જ જેના નિર્વાહનો આધાર છે એવા ખેડુતોનો, અરે એ ખેતરના પાકમાંથી પેટની ભૂખ શમાવતી આખી માનવજાતનો, હવામાન ઉપર ભારે આધાર હોય છે. પણ એમાંના બહુ ઓછાને પોતાના કામકાજમાં ધ્રુવપ્રદેશની કેટલી મોટી ડખલ હોય છે, તેનો આછો પણ ખ્યાલ હોય છે.

હવામાન ઉપર ધ્રુવપ્રદેશની અસરનું પ્રમાણ ખરેખર કેટલું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તો છેવટનું હજી નક્કી નથી થયું પણ વૈજ્ઞાનિકોમાં એવી યે એક વિચારસરણી છે કે દરેક ગોળાર્ધનું હવામાન સંપૂર્ણતઃ એ ગોળાર્ધના ધ્રુવપ્રદેશ ઉપર અવલંબતું હોય છે. હવામાનનો અગાઉથી વરતારો બહાર પાડવામાં ધ્રુવપ્રદેશના હવામાનનો અભ્યાસ અગત્યનો ફાળો આપે તેમ હોવા છતાં આપણે એ દિશામાં બહુ ઓછું કર્યું છે. દક્ષિણ ધ્રુવ-પ્રદેશમાં વૈજ્ઞાનિક શોધખોળ કરવાના પ્રયત્ન તો છેલ્લા પચાસેક વર્ષથી ચાલે છે પણ એ શોધખોળોમાં હવામાન શાસ્ત્રની દૃષ્ટિએ બહુ ઓછું થઇ શક્યું છે. એ પ્રદેશને કિનારે કે એની પાસેના બેટો ઉપર નખાએલ થાણાઓ દ્વારા અથવા તો સાથે ઉપાડી જઇ શકાય તેવા થોડાક સાધનો લઇ ઉન્હાળાના દિવસોમાં એ થાણાઓની આસપાસ ફરતી ટૂકડીઓ દ્વારા જ આ કામ થયું છે.

દક્ષિણ ધ્રુવ પ્રદેશની પહેલી સફર દરમ્યાન આ વાત તરફ મારૂં ધ્યાન ખેંચાયું...અંદરના ભાગમાં હજી કોઇ થાણું નાખવામાં નથી આવ્યું, કિનારા સિવાયના ભાગમાં ઉન્હાળાના થોડા મહિના બાદ કરતાં કંઇ કામ નથી થયું...પૃથ્વીના પટ ઉપર ઠંડામાં ઠંડી આબોહવા જ્યાં છે,—જ્યાંથી જ હવા-પવન ઉગમ પામે છે, એવા એ પ્રદેશમાં અંદરના ભાગમાં થાણું નખાય અને ત્યાંના નિરીક્ષણોની લીટલ અમેરિકાના નિરીક્ષણો સાથે તુલના કરવામાં આવે તો હવા-માનની હકીકતો ઉપર એથી ભારે અગત્યનો પ્રકાશ પડે...આપણા જેવી વૈજ્ઞાનિક જાગૃતિ ધરાવનાર સંસ્કૃતિએ નખ્ખોદ વાળી નાખનારા વાવાઝોડા શા માટે ચલાવી લેવા પડે? દૂરના ઉગમ સ્થાનોમાંથી એ વાવાઝોડા ઉપડીને આપણે ત્યાં આવી પહોંચે તે પહેલાં જ આપણને ખબર શું કામ ન પહોંચી જાય?...આવા ખ્યાલો એ વખતે મારા મનમાં ઉઠેલા અને એ તરફ અંદરના ભાગમાં એક થાણું શિયાળા દરમ્યાન નાખવાનું અને પછી તો એવા થાણાઓની હારમાળા ઊભી કરવાનું હું વિચારતો થયેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२९६६० ४४ ग/२

પણ થાણાનો વિચાર કેવળ ધૂન જ ન્હોતો. ચાર વર્ષ સુધી એની યોજનાઓ મેં મનમાં ગોઠવ્યા કરેલી. બધી દૃષ્ટિએ–ખાસ કરીને ત્યાં જઇ વસનાર માણસોની દૃષ્ટિએ–જોતાં એ વિચાર ભારે ગંભીર જોખમવાળો તો હતો જ. સખતમાં સખત ઠંડી સહન કરવાની, અતિ લાંબી અને ઘનઘોર રાત્રિમાં જ બધો કાળ વિતાવવાનો અને ઓછામાં ઓછા છ મહિના સુધી તો બહારની દુનિયાથી તદ્દન કપાઇ જ જવાનું. એટલે દૂર બહુ જ ઓછા સાધનસામગ્રી પહોંચાડી શકાય એટલે ઓછામાં ઓછા માણસો જ ત્યાં રાખી શકાય. નાનકડી એવી ઝુંપડીમાં એ લોકોએ આખો વખત સાથે જ પડયા રહેવાનું—પવન અને ઠંડીને કારણે બહાર તો બહુ ઓછો વખત જ જઇ શકાય. નહીં કંઇ ફેરફાર કે નહીં નવાજૂની—દિવસ ને રાત, અઠવાડીઆ ને મહિના, કંટાળો ઉપજાવે એવી એકધારી રીતે વીતાવવાના...એમાં તો અંદરથી જ મસ્ત રહી શકે એવા માણસોનું કામ. એ સિવાયના તો એક બીજાથી કંટાળી, એકમેક પર ચીડાઇ, અંદરઅંદર બાઝયા ઝગડયા વિના રહી ન શકે.

બે હવામાન–નિરીક્ષકો અને એક રેડીઓ–સંચાલક ત્યાં જઇ રહે એવો મારો મૂળ ખ્યાલ હતો. સાધન સામગ્રી ત્યાં પહોંચાડવાની મુશ્કેલીને કારણે ત્રણથી વધુનો વિચાર કરાય તેમ તો હતું જ નહિ. ત્રણને બદલે બે રાખવા હું તૈયાર ન્હોતો. ત્રણ હોય તો જ એકમેકનો કંટાળો ઓછો આવે અને કોઇપણ બે વચ્ચે મેળ ન ખાય ત્યારે ત્રીજો માણસ સાંકળરૂપે કામ આવે. આવા પ્રવાસોનો મને એ વિષે તો એટલો બધો અનુભવ છે કે ગાઢમાં ગાઢ બે મિત્રોને પણ સાથે રાખવા હું તૈયાર ન થાઉં. કોઇપણ જાતના ફેરફાર વગરના એકધારા જીવનમાં નાની નજીવી વાતો પણ, બહુ ઘડાયેલા માણસોને યે, ગાંડા બનાવી મૂકે છે એના મારી પાસે અનેક દાખલા છે. એટલે ત્રણના આંકડા ઉપર જ મારી પસંદગી ઢળેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણધ્રુવ પ્રદેશની પહેલી સફરેથી ૧૯૩૦માં પાછા ફર્યા ત્યારથી આ થાણું નાખવાની કલ્પના મારા મનને છોડતી નહોતી અને એનો અમલ કરવા અંદરથી સતત દબાણ થયા કરતું હતું; એટલે એની વ્યવહારૂ શક્યાશક્યતાનો મેં ગંભીર અભ્યાસ શરૂ કર્યો. ૧૯૩૩ માં બીજી વાર એ પ્રદેશમાં શોધખોળ-અભ્યાસ વગેરે કરવા ઉપડ્યા તે અગાઉ ઘણાં વખતથી અમે ચાર જણે આ થાણા વિષેનું કામ હાથ ધરેલું. પહેલી સફરના સાથીઓમાંના એકને થાણા માટેની કેબીનની યોજના તૈયાર કરવાનું અને બીજા એકને ત્યાંના વસવાટ માટે આવશ્યક સામગ્રીનો અભ્યાસ કરી તે એકઠી કરવાનું સોંપેલું, તેમ જ એક કુશળ કારીગરને એ કેબીન બનાવવા માટે રોકી લીધેલો.

છેવટ ૧૯૩૩ના ઓક્ટોબરમાં દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં વૈજ્ઞાનિક શોધખોળ-અભ્યાસ વગેરે કરવા અમારી પ્રવાસમંડળી ઉપડી ત્યારે બોસ્ટન બંદરેથી ઉપડેલા એના વહાણમાં લાંબા વખતની યોજનાના મૂર્તસ્વરૂપ સમી કેબીનને એક તરફ ગોઠવી દીધેલી. સાથે જ હિમ-પ્રદેશના અંદરના ભાગમાં કેબીન અને એને અંગેની સાધનસામગ્રીને પહોંચાડનારા ચાર ટ્રેક્ટરો પણ લઇ લીધેલા. અમારા ચાર પાંચ જણ સિવાય આખી પ્રવાસમંડળીમાંથી કોઇને આ કેબીન શા માટે લીધી છે એનો ખ્યાલ નહોતો. જાણી જોઇને જ કોઇને કંઇ ખ્યાલ આપેલ નહિ કેમ કે ધ્રુવ પ્રદેશમાં સારામાં સારી સંગીન યોજનાઓ પણ પડતી મૂકવી પડે એવી પરિસ્થિતિ ઊભી થયાનો મને ઠીક અનુભવ હતો. એ થાણામાં વસવા કોને મૂકવા એ વિષે પણ મેં ત્યાં સુધી મનમાં કંઇ નિર્ણય કર્યો નહોતો. લીટલ અમેરિકાની મારી પહેલી સફરના સાથીદારોમાંના ઘણાય મારા ધ્યાનમાં તો હતા પણ બોસ્ટનથી લીટલ અમેરિકા સુધીની ૧૫૦૦૦ માઈલ લાંબી દરિયાઇ સફર દરમ્યાન પસંદગી કરવાને પૂરતો અવકાશ રહેશે એમ વિચારી કોઇને વિષે મનમાં ગાંઠ નહોતી વાળી. હું પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જઈ રહી શકીશ કે કેમ એનો આધાર પણ સંજોગો ઉપર રહેવાનો હતો. મારે જાતે ત્યાં જવું વ્યાજબી નથી એમ શરૂઆતમાં તો લાગતું હતું. ભારે આર્થિક તંગીના કાળમાં મેં આ સફર ઊભી કરવાનું સાહસ ખેડેલું એટલે મોટી રકમનું દેવું મારે માથે હતું અને બે વહાણો, ચાર વિમાનો તથા સોએક માણસોની જવાબદારી હતી. એ બધું જોતાં મારે ત્યાં થાણામાં જઇ રહેવાની શકયતા ઘણી જ ઓછી લાગતી હતી. પણ બીજી બાજુ પોતે ન જતાં સાથીઓને એવા જોખમમાં મૂકાવાનું કેમ કહેવું એ પણ મુંઝવનારો સવાલ હતો.

× × ×

બોસ્ટનથી લીટલ અમેરિકા સુધીની લાંબી સફર વિષે હું અહીં નહીં લખું. આખી પ્રવાસમંડળીના સમગ્ર અનુભવના અહેવાલ રૂપ મારા Discovery નામના પુસ્તકમાં એનું વર્ણન મેં બરોબર આપ્યું છે. લીટલ અમેરિકાની પૂર્વ તરફના ભાગમાં આવેલા બરફ-ધુમ્મસથી ઢંકાયેલા અને હજી પણ નહીં શોધાયેલા એવા કાંઠાઓથી દૂરના મધદરિયામાં થઇને પસાર થઇ છેવટ અમે ૧૯૩૪ ના જાન્યુઆરીની ૧૭મી એ વ્હેઇલ્સની ખાડીમાં પ્રવેશ્યા. અમારી સઘળી યોજનાઓ ઉપર જેની ઊંડી અસર પડવાની હતી અને જેની સાથે અમારે રાત દિવસ કામ પાડવાનું હતું એ બરફના પ્રભાવનો અમને અહીં જ પહેલ વહેલો સાચો ખ્યાલ આવ્યો. ખાડીના પહોળા મુખદ્વારને અવરોધીને બરફના છૂટાછવાયા થર પડ્યા હતા તેમાંથી માર્ગ કાઢતાં મુશ્કેલી તો પડી, પણ જેમ તેમ કરીને અમે અમારા વહાણ લીટલ અમેરિકાથી ત્રણેક માઇલના અંતર સુધી પહોંચાડી શકયા–ત્રણ માઇલ તો સીધું તીર ઉડીને જાય એ માપે; પણ વચ્ચમાં તો એક માઇલ પહોળો બરફનો થર પડ્યો હતો. એ થરમાં અનેક ચીરાડો હતી. ગાબડા હતા અને ઠેઠ તળીએ ઉતારી દે એવા સોંસરવા પોલાણો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજરે જોયા વિના એવા બરફના થરનો ખ્યાલ આવી શકે તેમ નથી. લીટલ અમેરિકા અને અમારી વચ્ચે પડેલા એ હિમથરને જોતાં જાણે દરિયાનો અમુક ભાગ ભારે તોફાનને કારણે ત્રીસ–ચાળીસ ફુટ ઊંચો ઉછળીને ત્યાંજ સ્થિર થઇ ગયો હોય એવું લાગતું હતું. પણ માત્ર એટલું જ હોત તો સ્થિતિ હતી એથી અરધી ખરાબ પણ ન ગણાત. આ તો ભરતી અને જળ-પ્રવાહો એ થરને તળીએ સતત પોતાનું કામ કર્યે રાખતા હતા અને તેથી આજે જ્યાંથી પસાર થવું સહેલું લાગે એ જ જગ્યાએ કાલે જુઓ તો ઊંડી ચિરાડ ડાચું ફાડી રહી હોય. વિમાનો મારફત, તેમ જ બરફમાં પહેરવાના જોડા ચડાવી નીકળી પડેલ પગપાળા ટૂકડીઓ મારફત, આખા પ્રદેશનું બારીક નિરીક્ષણ કરી લીધા પછી નિરાશ થઇને અમે એવા નિર્ણય પર આવ્યા કે અમારા ટ્રેકટરો તો શું પણ કૂતરા યે એ હિમથર ઉપર થઇને લીટલ અમેરિકા પહોંચી શકે તેમ નથી. લીટલ અમેરિકાને બદલે બીજે કોઇક સ્થળે પડાવ નાખવાનું અમે વિચારતા હતા, ત્યાં પગપાળા તપાસ કરવા નીકળેલી એક ટૂકડી એક માર્ગ નક્કી કરી આવી પહોંચી. એ માર્ગ પણ ખાસો સાત માઇલ લાંબો અને જોખમોથી ભરપૂર તો હતો જ.

પણ ખાડીની બીજી બાજુએ નવો પડાવ નાખવા કરતાં એ માર્ગ સ્વીકારવાનું અમે પસંદ કર્યું. એ માર્ગના ત્રાસથી હેરાન થઇ અમે એને 'વિકટ કેડી' નામ આપ્યું હતું, પણ એ નામથી યે એની વીકટતાનો પૂરો ખ્યાલ આવે તેમ તો નથી જ. પૂરા બે મહિના સુધી વહાણો અને લીટલ અમેરિકા વચ્ચે અમે આમથી તેમ ફંગોળાતા રહ્યા. ઝડપભેર બદલાતી રહેતી બરફની સ્થિતિને પહોંચી વળવા અવાર નવાર કેડીઓ બદલ્યા કરવી પડતી, ભયંકરમાં ભયંકર ચીરાડો ઓળંગવા એના ઉપર પુલો ગોઠવવા પડતા અને એ બધા દરમ્યાન અમારા વાંસામાં બરફ જેવા મોજાં સાગર ઝીકયે રાખતો. કેટલીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર આખો વખત મધરાતનો સૂરજ એની મંદ ગતિએ ફરતો ફરતો અમારી સાથે રહેતો ત્યારે અમારી નહિ તો અમારી સાથેના દોઢસો કૂતરાની દશા બેસતી, પણ એવું તો કોઈક વાર જ રહેતું. બાકી તો વાવાઝોડા ગાજતા રહેતા ને હવાને હિમરજથી એવા ભરી મૂકતા કે ટ્રેક્ટર હાંકનારા તેમ જ બરફગાડી વાળાઓ કશું ભાળવા જ ન પામે. લગભગ આખો વખત ધુમ્મસ પથરાયેલું રહેતું અને એ ધુમ્મસ પણ ભારે છેતરામણું હતું-એવું છેતરામણું ધુમ્મસ તો મેં બીજે ક્યાંય નથી જોયું.

પણ એ 'વિકટ કેડી'ના અનુભવો વિષે પણ હું વધુ નહીં લખું. ૬૫૦ ટનની અમારી સાધનસામગ્રી અમે લીટલ અમેરિકા કેમ પહોંચાડી એનું વિગતવાર વર્ણન Discovery માં આપ્યું છે. એ કામમાં અમે જે થાક અનુભવ્યો તેનો ખ્યાલ તમને એ પુસ્તક વાંચતા બરોબર નહીં આવી શકે—એવા થકવી નાખેલા કે માણસ જે કામે ગયો હોય તે કામ જ મુકામે પહોંચતા પહેલાં ભૂલી જાય, આંખો ઉજાગરા અને થાકને કારણે લાલચોળ થઇ જાય અને શરીર ઠંડીથી એવા ઠીંગરાઇ જાય કે માણસ ચાલતા ચાલતા રસ્તે જ પડતું મૂકે. પણ એ બધું છેવટ પતી ગયું અને વહાણો પાછા વળ્યા...પહેલી-વારની સફર પછી આ બીજીવાર લીટલ અમેરિકા આવી અમે ત્યાં ગોઠવાવા લાગ્યા...કદી ન આથમતો સૂરજ એક મધરાતે પળવાર ક્ષિતિજ નીચે ડોકીઉં કરી આવ્યો......

અખંડ દિવસવાળો વર્ષભાગ પૂરો થઇ રહ્યો એટલું બધું મોડું થઇ ગયું હતું. શિયાળો અને અખંડ રાત માથે આવી રહ્યા હતા...છ જ અઠવાડીઆની વાર હતી...આસપાસના માણસોની શક્તિનો તો અંત લેવાઈ ચૂક્યો હતો...ઠેઠ એવે વખતે જ પેલા થાણાનો વિચાર કરવા હું કંઇક નવરો થયો; ત્યાં સુધી તો મનને ઘડીની પણ ફુરસદ નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિક્ટ કેડી' પર થઇને સામાન લવાતો હતો એ દરમ્યાન જ પેલી કેબીન લીટલ અમેરિકાના વચલા ભાગમાં ગોઠવાઇ ગઇ હતી ને એમાં હવા આવવા જવાની તથા ગરમી પેદા કરનારી રચનાને પૉલ સીપલ ચકાસી રહ્યો હતો. ગંભીર રીતે વાત વિચારી લેવાની નવરાશ મળી એટલે એક નિર્ણય તો મેં કરી જ લીધો—મૂળ વિચારણા પ્રમાણે ક્વીન મૉડ પાસે તો થાણું નાખી નહિ જ શકાય. સમય વિરુદ્ધ દિશામાં દોડી રહ્યો હતો. હવામાન ૨૦°, ૩૦° ને ૪૦° જેટલું શૂન્ય નીચે ઉતરી જતું હતું. માર્ચ મહિનામાં તો એંટાર્કટિક પ્રદેશના પ્રવાસીઓ ઘર તરફ ઉપડી જવા માંડે. જે ચાર ટ્રેક્ટરો ઉપર અંદરના ભાગમાં સામાન પહોંચાડવાનો આધાર હતો તેનો તો 'વિક્ટ કેડી'માં જ ભૂક્કો બોલી ગયો હતો અને તેમનું સમારકામ ચાલતું હતું. સામાન વહી જવા માટે કૂતરા ઉપયોગમાં આવે તેમ ન્હોતા. એમાં જે સાજા સારા હતા એ તો ઇનેસ ટેલર દક્ષિણ તરફ થાણાનું સ્થળ નક્કી કરવા સાથે લઇ ગયો હતો. પણ બાકી રહેલા કૂતરા સારી સ્થિતિમાં હોત તો યે થાણા માટે જરૂરી સાત ટન જેટલા સાધન સામગ્રી પહોંચાડવાતું એમના ગજા બહારનું ગણાય.

સામાન વહી જવા વિમાનોનો ઉપયોગ કરી શકાત પણ ફોકર વિમાન અખતરા ખાતરની ઉડ્ડુ લેવા જતાં તૂટી પડયું એટલે એ વિચાર પણ પડતો મૂકવો પડયો. એ વિમાન જતાં બાકી બે રહ્યાં-બે એંજીનવાળું કોન્ડોર અને એક એંજીનવાળું પીલ્ગ્રીમ. કોંડોરને વાપરવા હું તૈયાર ન્હોતો કેમ કે એને કંઇક થાય તો તો અમારી આખી સફરના કાર્યક્રમનું સત્યાનાશ વળી જાય તેમ હતું. પીલ્ગ્રીમ મારફત હળવો બોજો પહોંચાડવા પ્રયત્ન કર્યો પણ એમાં પ્રવાસ કરનારાઓ માટે સંકટકાળ પૂરતી જરૂરી સામગ્રી અને પેટ્રોલ ભર્યા પછી વધારાના બોજા માટે બહુ ઓછો અવકાશ રહ્યો. એમ છતાં એનો ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરત પણ હવામાન બગડ્યું અને અખતરા ખાતરની ઉડ્ડ કરવા જતાં ધુમ્મસમાં અટવાઇને ભૂક્કા થઇ જતાં માંડ બચી ગયા એટલે પછી વિમાન વાપરવાનો વિચાર જ કાઢી નાખ્યો.

બાકી ટ્રેક્ટરોનો જ સવાલ રહ્યો. થાણાને લીટલ અમેરિકાથી અંદરના ભાગમાં એક માઇલ દૂર પણ ગોઠવવું હોય તો ટ્રેક્ટરોની મદદ જ બાકી રહી. ટ્રેક્ટરો કેટલે દૂર ખેંચી જઇ શકશે એનો આધાર પણ સમારકામ કેવું થઇ શકે છે તેના પર હતો. એકનું યંત્ર તો આગથી અડધું બળી ગયેલું એટલે નવું જ બનાવવાનું હતું. મને તો બહુ આશા નહોતી રહી. એંટાર્કટિક પ્રદેશમાં આપોઆપ ચાલતી યંત્ર-ગાડી વાપરવાનો એ પહેલો જ અખતરો હતો,-૬૦°નીચેના હવામાનમાં એંજીનો કેવુંક કામ આપશે એની કંઇ ખબર નહોતી. એ બધું જોતાં લીટલ અમેરિકાથી ૨૦૦ માઇલ દક્ષિણે થાણું નાખી શકાય તો પણ સંતોષ માનવાનું અને ૧૫૦ કે એથી યે ઓછા માઇલ હોય તો પણ ચલાવી લેવાનું મારે નક્કી કરવું પડ્યું.

પણ થાણાની તૈયારી નીરાંતે કરવાનું અમારા ભાગ્યમાં નહોતું. થાણામાં જવા માટે ઉપડ્યા તે પહેલાના દિવસોમાં જે બનાવો બન્યા તે યાદ કરૂં છું ત્યારે અમને થયેલા તદ્દન ઓછા નુકસાનનું મને આશ્ચર્ય થાય છે. મુખ્ય રેડીયો-યાંત્રિક ડાયર પિસ્તાલીસ ફુટ ઉંચા વાંસડા ઉપરથી હેઠે પછડાયો અને છતાં એને બહુ ગંભીર ઈજા ન થઇ. રૅાસનને ગળાનું ઓપરેશન કરવું પડેલું. પેલ્ટર એપેંડીસાઇ-ટીસથી પટકાઇ પડેલો...એનું ઓપરેશન કરવા જતાં દાક્તરનો હાથ ઉતાવળમાં દીવા સાથે ભટકાઈ પડવાથી વાઢકાપના સાધનોને ઝાળ લાગી ગયેલી ને એ બધાને બચાવી લેવા તથા આગ ફેલાતી અટકાવવા ભારે દોડાદોડી થઇ પડેલી. અને એ બનાવ પેલું ફોકર છાવણીની છેક નજીક આવી પહોંચ્યા પછી તૂટી પડ્યું તેને વળતે જ દિવસે બનેલો.

ઉપરા છાપરી એક પછી એક બનેલ એ બનાવોએ 'વિકટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેડી'ના ત્રાસથી થાકેલા અમારા જ્ઞાનતંતુઓ પર ભારે અસર પહોંચાડેલી અને ગમે તે ક્ષણે કંઇક જોખમ નીકળી પડશે એમ અમારા મનને લાગ્યા કરતું હતું. એવે વખતે અચાનક એક દિવસ અમારે એવા નિર્ણય પર આવવું પડયું કે અમે જે લીટલ અમેરિકાવાળા ભાગમાં પડાવ નાખ્યો છે તે ભાગ એંટાર્કટિક ખંડથી છૂટો પડી દરિયામાં તરતો થઇ જાય એવો પાકો સંભવ છે.

રસ્તે આવતાં અમારે Devil's Graveyard 'ભૂતોનું કબ્રસ્તાન' નામે જાણીતા ભાગમાંથી પસાર થવું પડયું હતું તે વખતે અમે એક જ દિવસમાં નહીં નહીં તો યે આઠેક હજાર આવી રીતે તરતા હિમદુર્ગો ગણેલા. એમાંના કેટલાક તો વીસ વીસ માઇલ લાંબા પણ હતા. અમારામાંનું કોઇ 'ભૂતોના કબ્રસ્તાન'વાળા એ દૃષ્યને જીંદગીમાં કદી ભૂલી જાય એમ હું નથી માનતો. સૂર્યકિરણનું નામ નહિ, ધુમ્મસનું પડ કોઈક વાર પાતળું થાય પણ તદ્દન ઉઘાડ તો નીકળે જ નહિ, અવારનવાર તોફાન ઊઠે, હિમદુર્ગો એકમેક સાથે અફળાય...એવી વિકટ આડખીલીઓમાં થઇને, કોઇ માર્ગ ભૂલેલા અને દુશ્મનોથી ઘેરાયેલા જીવની જેમ અમારું વહાણ માંડ માંડ માર્ગ શોધતું પસાર થયેલું. એની ભયાનકતાની છાપ તાજી જ હતી એટલે લીટલ અમેરિકા પણ એ 'ભૂતીઆ વહાણો' ભેગું આથડવા ઉપડી જશે એ ખ્યાલે અમારો સૌનો થાક વિસારે પડી ગયો ને અમે કામે લાગી ગયા.

અમારા ઉપર શું વીતવાનું છે એની અમને ખબર પડતી નહોતી અને જે કંઇ આવી રહ્યું હતું તેને રોકી શકાય તેમ નહોતું. ચિંતા અમને ઘેરી વળી હતી. એટલે એક દિવસ મેં અસાધારણ પગલું ભર્યું—છાવણીના બધા માણસોને એકત્રિત કરી બધી હકીકત એમની પાસે રજુ કરી અને દરેક જણને પોતાને સૂઝે તે દરખાસ્તો રજુ કરવા જણાવ્યું. એ ચર્ચાને અંતે અમે એવા નિર્ણય પર આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે લીટલ અમેરિકા મૂળ ખંડથી વિખુટું નથી પડી જવાનું એમ માનીને રહેવું, પણ સાથોસાથ હતા ત્યાંથી ઈશાન તરફ એકાદ માઇલ છેટેના ભાગમાં અમારી સામગ્રીનો ત્રીજો ભાગ ખસેડવા માંડવો; જેથી લીટલ અમેરિકા ખરેખર વિખુટું પડે તો અમે જેમ તેમ કરી ત્યાં પહોંચી જઇ એટલી સામગ્રીની મદદથી શિયાળો ખેંચી કાઢી શકીએ અને જો વિખુટું ન પડી જાય તો બહુ વધારે માલની હેરવણી ફેરવણીના કષ્ટમાંથી બચી જઇએ. નિર્ણય લીધા પછી એ દિવસ સુધી અમે બધું ભૂલી જઈ ગેસોલીન, કોલસા, ખાધા ખોરાકીનો સામાન, કપડાલત્તા ને એવું એવું એ નવા મુકામ પર ખસેડવામાં રોકાયા. ઝડપે મુકામ લેવા સમારકામ પડતું મૂકાવી ટ્રેક્ટરોનો પણ ઉપયોગ કર્યો.

પેલા થાણાના ભાગ્ય ઉપર આ બધાની અસર પડી. વખત વહ્યો જતો હતો તેની ખોટ ભરપાઇ કરી શકાય તેમ નહોતી અને રોજને રોજ માણસોની શક્તિ પણ ઓછી થતી જતી હતી. ખરેખર કરૂણ દશા તો એ થઇ કે આમ સામાન ફેરવી રહ્યા ત્યારે ખબર પડી કે લીટલ અમેરિકા વિખુટું પડવાનો સંભવ દૂર થયો છે ને કરેલી વેઠ નકામી ગઈ છે.

થાકયપાકયા માણસો ફરી ટ્રેક્ટરો સમારવા લાગી ગયા...ને છેવટ, માર્ચની પંદરમીની રાત્રે, ગેસોલીન દીવાને અજવાળે, પેલી કેબીનના ભાગો છૂટા પાડી 'એને ટ્રેક્ટર પાછળ જોડેલ ગાડાઓમાં ગોઠવી બીજે દિવસે બપોર વેળાએ ખોરાક, કપડા, બળતણનું તેલ, હવામાન માપવાના અનેકવિધ સાધનો–યંત્રો, ચોપડીઓ અને માનવીને જીવતા રાખવા જ્યાં હવા સિવાય બીજું કંઇ મળી શકે તેમ નથી ત્યાં જીવતર ટકાવવા માટે જરૂરી બીજી અસંખ્ય ચીજોથી ખડકાયેલા ગાડાવાળા ટ્રેક્ટરો લીટલ અમેરિકાથી ઉપડ્યા. આગળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલ ઇનેસ ટેલરની ટોળીએ વાવટાઓ અને નિશાનીઓ ખોડીને ૧૭૮ માઇલ લાંબી કેડી એમને માટે તૈયાર કરી નાખી હતી.

સીપલ, કેબીન તૈયાર કરનાર ટિંગોલ્ફ અને બીજા મળી કૂલ નવ જણ જૂન અને ડેમાસની આગેવાની નીચે ઉપડયા. જૂન ને ડેમાસના મન આશા ને ઉત્સાહ ભર્યાં હતા પણ મારા મનની સ્થિતિ એથી ઉલ્ટી હતી. ગાડામાં ખડકાય તેટલું ખડકયું હતું, છતાં શિયાળુ અખંડ રાત આવી પહોંચે તે પહેલાં જો બીજો ફેરો ન કરાય તો ત્રણ જણને પૂરો થાય એટલો સામાન રવાના નહોતો થઇ શકયો, થાણામાં કેટલા માણસો રાખવા એ સવાલ કપરો થઇ પડે તેમ હતું છતાં મેં કંઇ નિર્ણય ન બાંધી લીધો અને રાહ જોવાનું રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

માર્ચ

જૂન અને ડેમાસના આશા-ઉત્સાહ સાથે ટ્રેક્ટરોનો કાફલો રવાના તો થયો પણ તુરત જ એના તરફથી જે રેડીઓ સમાચાર આવવા લાગ્યા તે મોટે ભાગે ઉત્સાહ મંદ પાડનારા જ હતા. ઠંડી, બરફના વાવાઝોડા, સતત ઉડતી હિમરજનો ત્રાસ અને તાજા જ જામેલા બરફના પોચા પોચા માર્ગ ઉપર ટ્રેક્ટરો હાંકવા પડે એટલે બહુ ધીમી ગતિએ આગળ વધાતું. લીટલ અમેરિકાથી ચોવીસ જ માઇલ ગયા ત્યાં બે ગાડીઓ અણધારી ચીરાડોમાં ફસાઇને ભૂક્કા થતી માંડ બચી. બીજા પચ્ચીસ માઇલ આગળ વધ્યા ત્યાં ઇનેસ ટેલરની ટૂકડીએ દોરી આપેલ કેડી પડતી મૂકી એમને લાંબો ફેરો લેવો પડયો. મૂળ માર્ગે તો ઉપર આછા પડથી ઢંકાયેલી ચિરાડો આવેલી હતી. ઇનેસના કૂતરા એના ઉપરથી પસાર થઇ ગયેલા પણ ભારે વજનથી લદાયેલા ટ્રેક્ટરો તો અંદર જ ઉતરી જાય એવું હતું. બીજા પંદર સત્તર માઇલ કાપ્યા નહિ હોય ત્યાં કિલટ્રાક નામના મોટા ટ્રેક્ટરના એક સંચાની અણી ઠંડીને કારણે બટકણી થઇ તૂટી પડી. ટૂકડી પાસેના ઓછા સાધનથી એનું સમારકામ ન થઈ શકયું એટલે એ ટ્રેક્ટરને ત્યાં જ મૂકી આગળ ચાલવું પડ્યું. કિલટ્રાક જતાં માલ ખેંચી જવાની શક્તિમાં તો અડધો અડધ ઘટાડો થયો. જેમ તેમ માલ વહેંચી લઇ બીજા ત્રણ ટ્રેક્ટરો સાથે ટૂકડી આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલી, પણ હવે બહુ દૂર થાણું નાખવાની શકયતા રહી નહિ. બાકીના ત્રણ ટ્રેકટરો પ્રમાણમાં નાના હતા અને એ ત્રણેયના સાંચામાં પણ એક યા બીજા પ્રકારનો બગાડ તો થયો જ હતો. વરાળ પેદા કરનારા સાંચા તો વધારાના સાથે લીધેલા તે પણ ઘસાઈ જવા આવ્યા હતા; મોટરોને ગરમ રાખનારા સાંચાઓ ચૂવા લાગ્યા હતા અને એક ટ્રેકટરની તો આગળની મુખ્ય બત્તી જ કામ આપતી બંધ પડી ગયેલી.

રેડીઓ ઉપર તો ટૂંકા ટૂંકા સમાચાર આવતા પણ તેઓને માથે શું વીતી રહ્યું હશે એની હું બરોબર કલ્પના કરી શકતો હતો. કૂતરા-ગાડીવાળાઓને તો એમ લાગે કે ટ્રેકટરમાં જવું એટલે તો એયને મજાની કેબીનમાં બેઠા બેઠા પ્રવાસ કરવો. પણ હેરાનગતિની દૃષ્ટિએ જોતાં તો એ વચ્ચે પસંદગી કરવા જેવું ખરેખર કંઇ જ નથી. હા, ટ્રેકટરમાં તમે ઝડપથી આગળ વધી શકો, બેઠા બેઠા જઇ શકો, સાથે ઘણો વધારે સામાન લઇ જઇ શકો પણ એમાં એની જાતની મુશ્કેલીઓ એટલી જ હેરાન કરી મૂકતી હોય છે—માત્ર મુશ્કેલીઓનો પ્રકાર જ જૂદો. એંજીન એકવાર અટકે પછી બરફને કારણે સાંચા થીજીને જામ થઇ જાય : તેને ચાલુ કરવા કલાકો સુધી ગરમ કરવા પડે; ગૅસની નળીઓમાં કચરો થીજી જાય એને બહાર ફુંકી કાઢવો પડે; ચૂવા લાગેલ સંચાઓને માટે બરફને ગરમ કરી પાણી તૈયાર કરવું પડે; ખરબચડા હાથ-મોજાઓથી જેને પકડી ન શકાય એવા નાજુક સાંચાઓની થીજવી નાખે એવી ઠંડી ધાતુને ખુલ્લી આંગળીએ અડવું પડે;...એ બધામાં ઓછો ત્રાસ કે ઓછો કંટાળો નથી લાગતો. અને એ દોડયા જતા બંધ પાંજરામાં બેઠા બેઠા એ ભય પણ ઓછો નથી લાગતો કે કદાચ એક કોર નમી પડશે તો! નીચેનો બરફ ખસી જઇને પેટમાં ઉતારી દેશે તો!

ગમે તેવો આકરો નેતા પણ લોહીમાંસના બનેલા માનવીઓ પાસેથી આથી વધુની આશા ન રાખી શકે. ૨૧મી માર્ચની સાંજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટ્રેકટરો તરફથી રેડીઓ સંદેશ આવ્યો કે ઇનેસ ટેલરની ટોળીએ લીટલ અમેરિકાથી ૧૨૩ માઇલને અંતરે નાખેલી એક નિશાની સુધી તેઓ પહોંચ્યા છે. લગભગ એ જ વખતે ઇનેસે થોડાક બચેલા કૂતરા સાથે આવી પહોંચી રસ્તાની કારમી ઠંડી અને સખત વાવાઝોડા (બરફના)ની વાત મારી પાસે રજૂ કરી...બસ, મેં નિર્ણય કરી લીધો. ૧૨૩ માઈલના અંતરથી ચલાવી લેવું અને ત્યાં જ થાણું નાખવું. હવામાન શાસ્ત્રીઓનો પણ અભિપ્રાય પડયો કે એટલું અંતર તુલનાત્મક અભ્યાસ માટે પૂરતું થઇ પડશે. જૂનને ખબર આપી દીધા અને રસ્તામાં પડતા મૂકેલા પેલા કિલટ્રાકનું હવે કંઇક કરવા એને સૂચના આપી દીધી.

આમ છેવટ થાણા માટેનું સ્થળ નક્કી થયું. એ સ્થળ ૮૦°૦૮' દક્ષિણ અક્ષાંશ અને ૧૬૩°૫૭' પશ્ચિમ રેખાંશ ઉપર એટલે કે લીટલ અમેરિકાના રેખાંશથી દોરાવા જ એક કોર આવેલું હતું. એ વખતે ત્યાંનું હવામાન શૂન્યથી ૫૨° નીચે (–૫૨°) હતું.

સ્થળ તો નક્કી થયું પણ ત્યાં જઇ કોણે રહેવું એનો નિર્ણય હજી બાકી હતો. તે રાત્રે મેં આખરી નિર્ણય કરી લીધો: એક જ માણસે ત્યાં રહેવું પડશે. બેની વાત માટે તો હું કોઇ રીતે તૈયાર થાઉં તેમ નહોતો અને ત્રણ ત્યાં રહી શકે એટલા સાધન સામગ્રી ત્યાં મૂકવા હજી બીજો ફેરો કરવો પડે તેમ હતું. સૂરજ છેલ્લી વિદાય લે એ દિવસને બાકી એક જ મહિનો આડો હતો અને ટ્રેકટરોની દશા તો અપંગ જેવી થઇ ગઇ હતી. એટલે એક જ જણે ત્યાં જઇ રહેવું એવા નિર્ણય પર આવ્યા વિના છૂટકો નહોતો—અને તે એક જણ તે હું પોતે જ; બીજા કશા કારણે નહિ તો એટલા માટે જ કે પોતે ન જતાં હાથ નીચેના માણસને ત્યાં જવાનું કહેતાં મારો જીવ ચાલ્યો નહિ. વાત પડતી મૂકવાનું તો મેં ગંભીરપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારેલું જ નહિ. એ થાણા ખાતર તો અમારી આખી પ્રવાસ-મંડળીના કાર્યક્રમે ઘણું વેઠેલું અને મારા દિલમાં પણ ત્યાં જવા માટે, હું ખરેખર તલસી રહ્યો હતો. પણ એ મારા તલસાટને એક કોર રાખીએ તો પણ આખી છાવણીમાંથી ત્યાં એકલા રહેવા માટે કદાચ હું જ સૌથી વધુ તૈયાર થયેલો હતો. મૂળથી જ એની યોજનાઓ સાથે હું સંકળાયેલો હતો એટલે મને જ એની વિગતોનો વધુ ખ્યાલ હતો. વળી ડાયર પાસેથી કામચલાઉ રેડીઓજ્ઞાન તથા હેઇન પાસેથી હવામાન નોંધનારા વિવિધ મંત્રોની સંભાળ રાખવાની સમજ પણ મેં મેળવી લીધા હતા. એકલા રહેવા માટે જરૂરી વ્યવહારૂ આવડતોમાં પણ હું ઠીક ઠીક કેળવાયેલો હતો.

બસ, આખી રાત જાગતા રહી મારા કામની ગોઠવણીમાં હું ગુંથાઇ ગયો. સામાન્ય રોજીંદા જીવન અને એની નાની મોટી સગવડોથી તદ્દન વંચિત થવું પડશે...કદાચ ત્યાં જઇને પાછો ન આવી શકું તો મારા કુટુંબનું શું થાશે...વગેરે વિચારોએ મારા હૃદયને ભારે બનાવી દીધું. બાકી છાવણીને મુખ્ય નેતાથી વંચિત કરવામાં બહુ વિચારવા જેવું નહોતું. મારી પછીના માણસો પણ ઘણાં જવાબદાર, અનુભવી ને કુશળ હતા. ઉપનેતા ડૉ. પાઉલ્ટરને બધી જવાબદારી સોંપી દીધી અને અડધી રાતથી માંડીને પરોઢીઆ સુધીમાં જૂદા જૂદા સાથીઓ સાથે વાતો કરી લીધી. થાણામાંથી પણ રેડીઓ મારફત હું એમના સંપર્કમાં રહો માર્ગદર્શક આપતો રહી શકવાનો તો હતો જ. છાવણી માટે સૂચનાઓ વગેરે નોંધી તૈયાર કરી નાખી અને ઉદ્યમી રહેવા, કરકસરપૂર્વક સામગ્રી વાપરવા અને શિસ્ત પાળવાની સૌને અપીલ કરતો એક કાગળ લખી કાઢયો. એ કાગળનો અંતભાગ અહીં આપું છું "......આ છાવણીમાં સૌને ન્યાયી ને વ્યાજબી વર્તાવ પામવાનો હક્ક છે અને તે હક્ક ધ્યાનમાં રાખવા અધિકારીઓને વિનતી કરૂં છું...આપણે ત્યાં અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગ ભેદને સ્થાન નથી. ત્યાં ઘેર માણસ કેવો મોભો ભોગવે છે, શું કામ કરે છે એ વાત સાથે અહીં કંઇ નિસ્બત નથી રખાતી. અહીં પણ માણસ કયા સ્થાન પર છે એ પરથી એનું મુલ્ય નથી આંકવાનું પણ, એ પોતાનું ગમે તેટલું નાનું એવું કામ પણ કેવા ભાવપૂર્વક કરે છે તે પરથી જ આંકવાનું છે."

માર્ચની ૨૨ મી ની સવારે આ કાગળ લખી કાઢી હું ઉપડવા તૈયાર થઇ ગયો. નોવીલની સહાયથી કેટલાક ડઝન ચોપડીઓ, ગ્રામોફોનની મારી પ્રિય રેકર્ડો, હજામતનો સામાન, એક મિત્રે ભેટ આપેલ રૂંછડાવાળા ચામડાના સુંદર કોટ પાટલુનની જોડ અને એવી એવી કંઇક નાની મોટી અંગત સામગ્રીઓ સાથે બાંધી લીધી. સવારના સાડા દશ વાગ્યા હતા. પારો શૂન્યની નીચે ૪૩° સુધી ઉતરી ગયો હતો. પીલ્ગ્રીમ વિમાનનું એંજીન ચાલુ કરી તૈયાર ઉભેલા સાથીઓ એંજીન ઠરી જવાની બીકે ઉતાવળ કરતા હતા...હું ચડી બેઠો. લીટલ અમેરિકા ઉપર વિમાને એક ચક્કર લીધું. જીંદગીમાં મારું કંઇ અસાધારણ સર્જન કહી શકું તેમ હોય તો એ લીટલ અમેરિકાનો પડાવ. બીજીવારની સફરે આવેલ અમારી મંડળી ઠીકઠીક ગોઠવાઇ ગઇ હતી અને કામ ચાલુ થઇ જવા આવ્યું હતું. સંતોષની એક નજર મેં ફેરવી લીધી ને વિમાન સીધું દક્ષિણ તરફ ઉપડ્યું. નીચેથી પસાર થતી ઇનેસે ગોઠવેલી નિશાનીઓ અમે જોઇ શકતા હતા. રસ્તે પેલા કિલ્ટ્રાક પર મહેનત લઇ રહેલા સાથીઓ પણ દેખાયા. રૂમાલ ઉડાડી એમણે આપેલ સલામી સ્વીકારી આગળ ધપ્યા ને છેવટ મુકામે જઇ પહોંચ્યા.

થાણાના સ્થળની આસપાસ છેક ક્ષિતિજ સુધી સીધું સપાટ બરફનું મેદાન જ પથરાયેલું પડ્યું હતું. એની વચ્ચે પડેલા તંબુઓ, ટ્રેક્ટરો, માણસો અને કૂતરાનો સમૂહ અનંત વિસ્તારમાં એક કણ સમાન લાગતા હતા. એ દૃષ્ય મારે માટે નવું નહોતું અને છતાંય ત્યારે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને પહેલીવાર બરાબર ખ્યાલ આવ્યો કે મારે ખરેખર કેવી જગ્યાએ રહેવાનું છે. માણસ કોઇ જોખમકારક કામ હાથ ધરવાની અણી ઉપર હોય છે ત્યારે એ ગમે તેટલો કલ્પનાહીન હોય તો યે શૂન્યમાંથી ઊઠીને આવતી આગમચેતી પળેક વાર તો એ અનુભવતો જ હશે. પણ એવા વિચારો માટે મારી પાસે નવરાશ નહોતી. ઇનેસ ને સીપલ વિમાન પાસે આવી પહોંચ્યા હતા ને વિમાનનું એંજીન જામ થઇ જવાનો ભય હતો એટલે વિમાન હાંકનાર સાથી તો પાછો ઉપડવા ઉતાવળો થતો હતો.

કેબીનની તૈયારી કેટલેક પહોંચી છે એની પૂછપરછ કરી લીધી. કામ ધીમે ધીમે ચાલતું હતું. કામે વળગેલ સાથીઓના મોઢાં ઠીંગરાઇને પીળા પડી ગયા હતા, એના ઉપર ઠંડીના ફરફોલા ઉપસી આવ્યા હતા ને હોઠમાં ચીરાડીઓ પડી ગયેલા દેખાતા હતા. ત્યાંના આગેવાન સાથીઓએ કહી દીધું કે આ કેબીનનું બરાબર ગોઠવાઈ જાય તો હવે વહેલામાં વહેલા અહીંથી ઉપડી જવું છે. એ ન કહે તો પણ હું સમજતો હતો. ઇનેસની ટુકડીવાળા તો છેલ્લા ત્રણ અઠવાડીઆથી –૫૦° કે વધુ નીચા હવામાનમાં ઠીંગરાતા હતા. એમના સૂવાના કોથળા કંઇક ખામીવાળા રહી ગયેલા તેથી એમાં ઊંઘ લેવાનું પણ કપરૂં થઇ પડેલું અને હજી વળતા એમના પાંચ દિવસનો પંથ કાપવાનો હતો. એટલે જરૂર કરતા એક મીનીટ પણ વધુ એમને રોકવામાં જુલમ જ હતો. એમના કૂતરાઓની પણ દયા આવ્યા વિના નહોતી રહેતી.

જૂન છ સાથીઓ અને બે ટ્રેકટરો લઈ કિલટ્રાક ટ્રેકટરને કામે ગયો હતો એટલે થાણું ગોઠવી કાઢવા અમે બાકી આઠ હતા. આખી કેબીનને અંદર ઉતારવા જેટલો પંદર ફુટ લાંબો, અગ્યાર ફુટ પહોળો અને આઠ ફુટ ઊંડો ખાડો તો મારા આવ્યા પહેલા તૈયાર થઇ ગયો હતો. સપાટીથી ઊંચું કંઇ અથડાય એની આસપાસ ઘુમરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવા લાગતા પવન અને બરફના વાવાઝોડાથી બચવા કેબીનને આમ અંદર ઉતારવાનું રાખેલું. રાત પડી જશે તો બરફનો વંટોળ હેરાન કરવા આવી પહોંચશે એ બીકે અમે સોથ બોલી જાય એવી કાળી મહેનત લઇ કેબીન ગોઠવવા લાગી ગયા. બપોર વચ્ચે જ હવામાન -૫૦° થી એ નીચું હતું. નાક ઠીંગરાઇ જતા હતા, ઉચ્છવાસ બહાર નીકળીને થીજી જતો હતો.

તૂટી પડાય એટલી મહેનત કરી તો ય રાત આવી ત્યારે હજી કેબીનનું છાપરૂં ગોઠવાયું નહોતું. હવામાન–૬૧° એ પહોંચ્યું હતું. પ્રાઇમસ સ્ટવની ગરમીએ અને બત્તીને અજવાળે અમે કામ ચાલુ રાખ્યું. થોડી વાર થઇને ગ્યાસતેલ થીજી જવાથી એ બત્તી બંધ પડી ગઇ. હાથની વીજળી બત્તી પણ ઠંડીને કારણે અટકી પડી એટલે અંધારે ફાંફાં મારી ગેસોલીનનો દીવો શોધી કાઢયો ને એને અજવાળે કામ ચાલુ રાખ્યું.

લગભગ ક્રૂરતા જેવું આ થતું હતું પણ સૂવા માટે છાપરા વિના ચાલે નહિ એટલે છૂટકો નહોતો. ટિંગોલ્ફના હાથ–મોજામાં બરફ ભરાયો હતો, સીપલ ઠંડાગાર થઇ ગયેલા સ્ક્રૂ ખુલ્લી આંગળીઓથી બેસારતો જતો હતો ને વેદના દાબવા હોઠ કરડી રહ્યો હતો, હૅનના હોઠમાં ઊંડા ચોરાડીઆ પડ્યા હતા ને એમાંથી લોહી નીકળતું હતું. થાકને કારણે ઊંડા શ્વાસ લેતાં અમારા સૌના ફેફસામાં ઠંડી બરફીલી હવા પેસી જઇ ખોંખોં કરાવ્યા કરતી હતી. જરાય અતિશયોક્તિ નથી કરતો—ખરેખર કાળી મહેનત હતી. બહાર પડેલા ખોખાઓ-માંથી એકાદ સાધન લેવા હું ઉપર ગયો. ખોખાઓમાં હાથ ફેરવતો હતો ત્યાં તો મારા ગાલ ને નાક ઠીંગરાઇ ગયા. એના ઉપર હાથ ઘસી માલીસ કરવા લાગ્યો ત્યાં દૂર અંધારામાં કંઇક ચમકતું દેખાયું ને કંઇક ધીમા રૂદન જેવો અવાજ સંભળયો. ખીસામાંથી ચાંપબત્તી કાઢી દબવી પણ ઠંડીએ એને પણ થીજવીને નકામી બનાવી મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. જરા ધ્યાન દઇને જોયું તો ડઝન બંધ કૂતરાઓની આંખો મારી સામે મંડાયેલી હતી. એ વખતે ખરેખર મારા હૃદયમાં વેદના થઇ આવી...એ બિચારાની ખરેખરી કસોટી થતી હતી. પણ એમને માટે બીજું કંઇ કરી શકું તેમ નહોતો. મારાથી બને તેટલો વહેલો ઇનેસને છૂટો કરવા તો હું પ્રયત્ન કરતો જ હતો.

કેબીનનું એક બારણું પશ્ચિમ તરફ જ રાખવું પડયું—કેબીનને ખાડામાં અંદર ઉતારી ગોઠવી પછી જ એ મુદ્દા તરફ ધ્યાન ગયું એટલે એમાં બીજો વિચાર કરવાને કંઇ અવકાશ નહોતો રહ્યો. કેબીનની બહાર થોડીક કહેવાની પરશાળ રહે એટલો ખાડો પહોળો ગાળ્યો હતો અને કેબીનનું ઉપલું છાપરૂં એ માટે બહાર પડતું રાખેલું. એ પરશાળના એક ખુણામાં નીસરણી ગોઠવી ઉપરના બારણે જવાની ગોઠવણ કરી હતી. એ બારણું આમ તો ઉપલી બાજુએ ઉઘડે એવી વ્યવસ્થા રાખેલી પણ હિમરજને કારણે ઉપલી બાજુએ બારણું જામ થઇ જાય તો માત્ર બે સ્ક્રુ જ કાઢી લેવાથી એ નીચલી તરફ પણ ઉઘડે અને અંદર જ જીવતા દટાઇ ન રહેવું પડે એવી કાળજી રાખી હતી.

છાપરૂં ગોઠવાઇ રહ્યું ત્યારે રાતનો એક વાગવા આવ્યો હતો ને હવામાન-૩૬° સુધી પહોંચી ગયું હતું. બરફની પેટીના ઢાંકણા જેવું ફિટોફિટ જે બારણાને મૂળ ઘડેલું તે રસ્તામાં બરોબર સાચવી નહિ શકાયેલું એટલે એવું થઇ ગયું હતું કે પૂરું વસાય જ નહિ. ખાડો ગાળવામાં પણ કંઇક ભૂલ થયેલી એટલે છાપરૂં ઉપલી સપાટીથી બે ફુટ જેટલું ઊંચું રહેતું હતું. એની આસપાસ પવનથી ઘસડાઇ આવીને બરફ ખડકાશે એ ચિંતા કરાવનારી વાત હતી. પણ હવે એમાં કંઇ ફેરફાર કરવાને અવકાશ નહોતો એટલે મન મનાવી લેવું પડ્યું અને સીપલે પ્રાઇમસ ચાલુ કરેલો એની ગરમી માણવા સૌ કેબીનમાં જઇ બેઠા. એક સાથીનો પગ ઠીંગરાઇ જઇ લોહી વહેતું અટકી ગયેલું, એને થોડીક વાર તો હાથેથી માલીસ કરી જોયું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેર પડયો નહિ એટલે ધ્રુવપ્રવાસીઓને જાણીતો અખતરો અજમાવ્યો: એક જણ સૂઈ ગયો ને એના કપડા નીચે પેડુના ગરમ ભાગ ઉપર પેલાનો પગ મૂકાવી રાખ્યો. પંદર વીસ મિનીટે માંડ લોહી વહેતું થયું પણ ઠંડા પડી ગયેલા ભાગમાં લોહી ફરી આવે ત્યારે તો ગરમ લાવા જેવું ફફળતું લાગે એટલે એ વખતે એના મોઢા ઉપર એ ઠંડીમાં પણ પરસેવો વળી આવેલો.

હવે સૂવાનો વખત થયો...ઇનેસ ટેલરની ટોળી ઉપર ગોઠવેલા એમના તંબુમાં ગઇ ને અમે પાંચ જણે અમારા સૂવાના કોથળામાં લંબાવ્યું. પ્રાઇમસ બંધ પડયો ને ઠંડીની અસર લાગવા માંડી. એક સાથીને તો લાગ્યું કે "આ ખોલકામાં રાત દરમ્યાન જ ઠરીને રામશરણ થઇ જશું"...પણ ના, એવું નહોતું. એ ખોલકું તો વૈજ્ઞાનિક સમજણપૂર્વક એકાદ નાજુક ઘડીઆળ તૈયાર કરવામાં આવે તેટલી સફાઇપૂર્વક તૈયાર કરાયું હતું. ઝેકાએ ભારે કાળજીપૂર્વક ઝીણામાં ઝીણી વિગત ધ્યાનમાં રાખેલી. એની ને ટિંગોલ્ફની કુશળતાના પરિપાકરૂપ એ કેબીન વિષે એ પહેલી રાત્રે તો મેં ખરેખર મગરૂબી અનુભવી.

સવારમાં કિલટાકને પાછા લઇ આવી પહોંચેલ જૂન અને ડેમાસના ટ્રેક્ટરના ભૂંગળાએ અમને જગાડયા. એમના ઉપર શું વીત્યું હતું એનો એમના મોઢા તરફ જોવા માત્રથી જ ખ્યાલ આવી જાય તેમ હતું. પાછા વળતાં ય રસ્તામાં શું નહિ ભોગવવું પડે એની ખબર નહોતી. પણ ડેમાસ હજી ઉત્સાહમાં હતો: અહીંથી નીકળ્યા પછી ચોવીસ કલાકમાં જ લીટલ અમેરિકા પહોંચાડી દઇશ, કંઇ વાંધો નહિ આવે ને કદાચ આવશે તોયે લીટલ અમેરિકામાંથી મદદ બોલાવી લેશું એમ એ કહેતો હતો. પણ મારા મનને ટાઢક નહોતી; ધ્રુવ પ્રદેશમાં શિયાળાની ઋતુ દરમ્યાન સલામતી અને ભયંકર અકસ્માત વચ્ચે બહુ છેટું નથી રહેતું હોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હજી બે દિવસ જેટલું કામ બાકી હતું. પરશાળમાં થઈને બે ભોંયરા ખોદવાના હતા ને એમાં એકમાં બળતણના તેલની તથા બીજામાં ખાધાખોરાકીની અને બીજી પરચુરણ સામગ્રી ગોઠવવાની હતી. ઉપર અઢી ફુટ જેટલો થર રહે એવી રીતે પાંત્રીસ ફુટ લાંબા ત્રણ ફુટ પહોળા અને છ એક ફુટ ઊંચા ભોંયરા ખોદી કાઢતા અમને ચૌદ જણને બહુ વાર લાગી નહિ. સામાન ગોઠવાવા લાગ્યો એમ હું ને સીપલ તેને નોંધ સાથે મેળવતા ગયા. ચીજોનું વૈવિધ્ય ખરે-ખર ધ્યાન ખેંચે તેવું હતું : ૩૦૦ મીણબત્તી; મેટા ટીકડીઓની (પાણીમાં નાખવાથી પાણી ગરમ થાય) ૧૦ પેટી, હાથમાં રાખવાની ૩ ચાંપ બત્તી, એની ૩૦ બેટ્રી, દિવાસળીની ૪૨૫ પેટી, ૨ ગ્યાસ-તેલના ફાનસ, ત્રણસો મીણબત્તીની શક્તિ ધરાવતો ૧ ગેસોલીન-દીવો, સૂવા માટેના ૨ કોથળા (એક રૂંછડાવાળા ચામડાનો ને બીજો ધ્રુવ-પ્રદેશમાં વસતા એક બગલાની છાતીને હુંફ આપતા પીંછાનો બનેલો), ૨ પ્રાઇમસ, હવાભરી શકાય એવી ગાદીવાળી ૧ આરામ ખુરસી, ૯ આગીઆ બોમ્બ, ૧ આગ બુઝવવાનો સંચો, ૩ એલ્યુ-મિનમની ડોલ, ૨ અરીસા, ૧ તારીખીઉં, જેને આગ ન લાગી જાય તેવો ધાબળો, મીણબત્તી રાખવા માટેની ૨ ઘોડી, કપડા પરથી બરફ ખેરવી નાખવા માટેના ૨ બ્રશ, ૩ ડઝન પેન્સીલ, ૪૦૦ કાગળના રૂમાલ, ૨ રીમ કાગળ, સાબુની ૩ પેટી, ચાર વાર મીણીઉં કાપડ, દાંતે ઘસવાની ભૂકીના ૨ પડીકા...આ ઉપરાંત ખાધાખોરાકીની સામગ્રીમાં લગભગ ૩૬૦ રતલ માંસ, ૭૯૨ રતલ શાક, ૭૩ રતલ સૂપ, ખાસ પેટીમાં સાંચવેલ ૧૭૬ રતલ ફળો, ૯૦ રતલ સૂકો મેવો, ૫૬ રતલ બીજી મીઠાઇઓ અને અડધો ટન જેટલું અનાજ...આ સિવાય પણ બીજું કેટલુંય હતું.

બધા સામાન ગોઠવવાના કામે લાગ્યા હતા તે દરમ્યાન વેઈટ રેડીઓ ગોઠવવામાં લાગ્યો હતો ને સીપલની મદદથી મેં જાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવામાનમાપક યંત્રો (જે કેટલાય હતાં) ગોઠવવા માંડ્યા હતા. એ ગોઠવવામાં પડતી મહેનત જોઇ એક સાથીએ મજાક ઉડાવેલી–મારા પગ જે મને સતત કહી રહ્યા છે કે અહીં ભારે ઠંડી પડે છે તે સીધી સાદી વાત નક્કી કરવા આટલી કડાકૂટ કાં કરો ?

આ બધું પતાવતાં બીજો દિવસ પૂરો થવા આવ્યો. દુનિયાના દક્ષિણ ભાગમાં દૂરમાં દૂરનું હવામાનના અભ્યાસનું થાણું તૈયાર થઇ ચૂક્યું. ઇનેસ ટેલરની ટૂકડી સવારમાં પાછી જાય એવું નક્કી કરી એમને માટે તે રાત્રે વિદાય–ભોજન ગોઠવ્યું ને સૌએ ભારે આનંદ માણ્યો. પણ બીજે દિવસે સવારે ખબર પડી કે અમારી ઉતાવળ કામ આવે તેમ નથી. રાતમાં જ બરફનું વાવાઝોડું શરૂ થઇ ગયેલું, પચ્ચાસ ફુટ જેટલે છેટે પણ જોઇ શકાય તેમ નહોતું અને –૨૮° નો પવન છરીની ધારની જેમ શરીર સોંસરવો વાઢતો હતો. ઉપડવાનું અશક્ય જ હતું એટલે એક દિવસ વધુ રોકવાનું નક્કી કરવું પડ્યું. આગલી રાતની જેમ એ રાતે પણ દસ જણ મારી કેબીનમાં સૂતા. આખું ભોંયતળીઉં એક છેડેથી બીજા છેડા સુધી રોકાઇ ગયું. વેઇટે મારી પાટ નીચે લંબાવ્યું ને જૂન તો બેઠાબેઠ જ દિવાલને અઢેલીને ઊંઘી ગયો. એ રાતનું દૃશ્ય તો હું કદી નહિ ભૂલું. મારા 'મહેમાનો'એ એવા નસ્કોરા ઘરડવા માંડ્યા કે છેવટ મારે કેબીનમાંથી ભાગવું પડ્યું. ઇનેસની ટોળી-વાળાની શી સ્થિતિ છે એ જોવા હું ઉપર ગયો.

ઉપર વંટોળ ધીમો પડવા આવ્યો હતો પણ પવન હજી જોશમાં તો હતો જ અને મારી ચાંપબત્તીનો પ્રકાશ હવામાંની હિમરજ સોંસ-રવો બહુ દૂર જતો નહોતો. જેમ તેમ કરીને ઇનેસના તંબુ પાસે ગયો તો એક જણ ઊંઘમાં બબડતો હતો અને બીજો મારી બત્તીનો પ્રકાશ આંખ પર પડ્યો એટલે ઊંઘમાં ને ઊંઘમાં વળ ખાઇ બીજી તરફ ફરી ગયો. અચાનક જ પવનના સુસવાટા ભેદીને ઉઠતો અવાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાયો ને હું ઘડીક તો સડક થઇ ગયો...પણ એ તો કૂતરાઓનો અવાજ હતો. બરફમાં ઊંડા ખોડેલા વાંસડાઓ વચ્ચે બાંધેલી સાંકળ સાથે એમને પટ્ટાઓથી સાંકળ્યા હતા. એમને જોઈને દયા ઉભરાતી હતી પણ પવન ધીમો ન પડે ત્યાં સુધી બીજો ઉકેલ નથી એમ લાગતું હતું. બરોબર એ જ વખતે પવન પડી ગયો, થોડીકવાર હિમરજ ઉડતી ઓછી થઇ અને મારા માથા ઉપર જ તારાઓથી ભરેલું સ્વચ્છ આકાશ દેખાવા લાગ્યું. હવામાન કંઇક સુધરતું હોય એમ લાગ્યું. એમ હશે તો તો આ લોકો સવારે જઇ શકશે એમ વિચારી હું નીચે જઈ સૂઇ ગયો.

ખરેખર ૨૫ મીનું સવાર સ્વચ્છ ઉઘડયું. છેવટ ઇનેસની ટોળી ઉપડી અને તે દિવસે જ મોડેથી ડેમાસ વગેરે પણ એક ટ્રેકટર સાથે રવાના થયા. બાકી જૂન સીપલ વગેરે છ જણ રહ્યા. છેલ્લી વાર બધું ઠીકઠાક કરી લેવા એ રોકાયા હતા. ૨૬મીની બપોર સુધીમાં બધું પતી ગયું અને છેલ્લું ભોજન લઇ તેમણે પણ ઉપડવાની તૈયારી કરવા માંડી. હવામાન-૬૪° જેટલું નીચું હતું. બન્ને ટ્રેકટરો અડધા તો બરફથી ઢંકાઇ ગયા હતા. મહામહેનતે એ બધું દૂર કરી તેઓ પાંચ વાગે ઉપડયા. હું નીચે કેબીનમાં જઇ કંઇક કામમાં મન પરોવવા મથતો હતો એવામાં એમની ગાડીઓનો અવાજ સંભળાયો. ઉપડયાને હજી કલાક જ થયો હતો. લીટલ અમેરિકાને માર્ગે એ લોકો વહેતા થઇ જાય એ માટે હું એટલો બધો આતુર હતો કે તે અવાજ મને જરાય ગમ્યો નહિ. પણ એ લોકોએ આવીને વાત કરી ત્યારે થયું કે પાછા વળવાનો નિર્ણય કર્યો એ ઘણું સારું કર્યું: ચાર માઇલ નહિ ગયા હોય ત્યાં જૂનના ટ્રેકટરનું એક યંત્ર થીજી ગયું ને એને સમું કરવા જતાં એક હાથ દાઝી ગયો; અને એ હાથની મરામત કરવા જતાં બીજો હાથ ઠીંગરાઇ પડયો એટલે પાછા આવી કેબીનની ગરમીમાં હાથને રૂઝાવા દેવાનું એમને નક્કી કરવું પડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી રાત એ લોકો રોકાયા. ટ્રેક્ટરના સંચા ચાલુ જ રાખ્યા અને બે જણને એની પાછળ જાગતા રહેવું પડયું. એ સંચાને બંધ પાડી દેવામાં આવે તો કદાચ ફરી ચાલુ ન થાય ને આખો શિયાળો થાણામાં જ રોકાઇ જવું પડે એવી બીક હતી.

૨૮ મીની બપોરે ફરી એ ગાડીઓ ઉપડી. અમુક દષ્ટિએ જોતાં જાણે થોડાક દહાડા બહારગામ ફરવા જતાં હોય એવી રીતે અમે છૂટા પડયા. અગત્યની જે વાતો કરવાની હતી તે તો કયારની પતી ગઇ હતી. લીટલ અમેરિકા છોડયા પછી મને એમ લાગેલું કે કદાચ એક વાત પર મારી છેલ્લી સૂચનાઓમાં પૂરો ભાર નથી અપાયો–અમારી વચ્ચેનો રેડીઓ વ્યવહાર અટકી પડે એટલા પરથી જ મને બચાવવા આવી પહોંચવાનો કોઇ પ્રયત્ન કરવાનો નહોતો. એ વાત ફરીને આ લોકોને મેં ભાર દઈ કહી દીધેલી: "મને રેડીઓનું ઊંડુ જ્ઞાન નથી. સંભવ છે કે થોડા થોડા વખતે આપણો રેડીઓ વ્યવહાર અટકી પડે, કદાચ કાયમ માટે પણ અટકી પડે. પણ એની ચિંતા કરશો નહિ, એટલું યાદ રાખજો કે ત્યાંથી અહીં આવતા તમારા માથે જે વીતે તેના કરતાં તો હું આ કેબીનમાં ઘણી સારી સ્થિતિમાં હઈશ, તમને સખ્ત રીતે સૂચના આપી દઉં છું કે સૂરજ ફરી નીકળ્યા પછી એક મહિનો વીતે નહિ ત્યાં સુધી મને શોધવા આ તરફ કોઇ આવશો નહિ..." મારી વાત પાછળના મક્કમ નિરધાર વિષે જરા પણ ગેરસમજ ન રહી જાય એટલા ખાતર પાછા આવી બીજી વાર ઉપડયા ત્યારે પણ તેમને એ વાત ફરીથી ટૂંકામાં કહી દીધી હતી.

બધા ટ્રેક્ટરમાં ચડી બેઠા પછી પણ સીપલને વેઇટના પગલા ઉપડતા નહોતા. એમને કંઈ કહેવું હશે તો એ જાણે, પણ કંઇ બોલી તો નહોતા શકયા. છેવટે "ઇશુને ખાતર હવે તો ઉપાડો" એવા એક સાથીના શબ્દો સાંભળી સીપલ અને એની પાછળ કંઇક ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાય તેવું ગણગણતો વેઇટ જઇ બેસી ગયો ને ગાડીઓ રવાના થઇ.

દૂર સુધી એમને જતી જોઇ રહ્યા પછી નીચે જઇ પવનનો વેગ માપનાર યંત્રની નોંધ લેવામાં મન રોકવા મેં પ્રયત્ન કર્યો. પણ એ અશક્ય હતું. ઉમર લાયક થયા પછી જીંદગીમાં કદાચ પહેલી જ વાર તદ્દન એકલા પડી ગયાનું ભાન એ પળે અનુભવ્યું. સરસ અને સુંદર લાગતી કેબીન હવે સરસે નહોતી લાગતી અને સુંદર પણ નહોતી દેખાતી. એકાએક મન થઇ આવ્યું અને એ વૃતિ કેટલી વિચિત્ર ગણાય એનો ખ્યાલ કરી હું કંઇ શરમાઉં તે પહેલાં જ હું દોડીને નીસરણી ચડી ઉપર પહોંચી ગયો. હું શા માટે ઉપર દોડી ગયેલો એની આજે ય મને ખબર નથી; કદાચ હાલતી ચાલતી ને જીવંત લાગતી વસ્તુ છેલ્લી વાર જોઇ લેવાની વૃતિ થઇ આવી હશે. ગાડીઓ તો દૂર નીકળી ચૂકી હતી પણ એનો ઘરઘરાટ સ્પષ્ટ સંભળાતો હતો. એ અવાજ સંભળાતો બંધ પડયો ત્યાં સુધી હું એ દિશામાં જોતો ઊભો રહ્યો.

બસ, ખલાસ; બહારની દુનિયા શૂન્યમાં મળી ગઇ. ઠીંગરાઇ જતા નાક તેમ જ ગાલને બચાવવા હું નીચે કેબીનમાં જવા વળ્યો... નીચે ઉતરતા ઉતરતા જ નવી આફતનો ખ્યાલ આવી ગયો—ટ્રેકટર વાળાઓને મદદ કરવા જતાં પડેલો ને જમણાં બાવડાને ઈજા થઇ હતી તે ખરેખરી વેદના કરવા લાગ્યું હતું.

નીચે જઇ મિનીટ બે મિનીટ સુધી મેં એ બાવડું ચોળ્યા કર્યું. જરાક મારી જાત ઉપર ચીડાયો પણ ખરો...' જીંદગીનું ભારેમાં ભારે કામ ઉપાડયું છે ને આમ બીજી કોર હાથ ભાંગી બેઠો.' સાધન–સામગ્રી નીચે ઉતારી પેલા ભોંયરાઓમાં મૂકાવી તો હતી પણ હજી એ અસ્તવ્યસ્ત ખડકલા રૂપે જ મૂકાઇ હતી. ટ્રેકટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળાઓને એમના ટ્રેક્ટર પરના ખડકલાની સરખામણીમાં એ બધું સારી રીતે વ્યવસ્થિત ગોઠવાયલું લાગ્યું હશે. એમને તો આડું આવતું હોય એને ઠેબું મારી એકકોર હડસેલી દઈ, બેસવા જેટલી જગ્યા કરી લેવાથી જ ચલાવવાનું હોય, પણ હું એમ રહેવાને ટેવાયેલો નહતો. મને તો એ બધું ગોઠવતા બે એક અઠવાડીઆ લાગે તેમ હતું; કેટલી બધી ચીજો ગોઠવવાની અને બાવડા માત્ર બે—એમાં ય વળી ૫૦% કામ ન આપે તેવા !

પણ હતાશ થઇ બેસી રહેવાથી કંઈ વળે તેમ નહોતું એટલે હું એક હાથે થાય તેટલું ગોઠવવા લાગી ગયો. કામમાં મન પરોવાઇ જતાં બાવડાનો દુઃખાવો ભૂલાઇ ગયો ને કેટલા ય કલાક પસાર થઇ ગયા. કામ પડતું મૂકવાનો મેં વિચાર કર્યો ત્યારે અડધી રાત વીતી ગઇ હતી. એક પ્યાલો ચા તૈયાર કરી પીધી ને થોડાક કડક બિસ્કીટ ખાધા. બહુ કામ પતાવી નાખ્યું તો નહોતું પણ પેલા ભોંયરાઓમાં જતાં ડબલા ને કોથળા પગની હડફેટે આવ્યા કરે તેવું નહોતું રહ્યું. બીજે દિવસે ચોપડીઓ જૂદી કાઢી લઇશ, દવાદારૂના સાધનો એક તરફ તારવી લઇશ અને પછી ધીમે ધીમે બન્ને ભોંયરાને વ્યવસ્થિત કરતો જઈશ એમ મનમાં ગોઠવી લીધું. ખાસ કાળજી તો હવામાન માપક યંત્રોની રાખવાની હતી; અત્યાર સુધી તો એ બરોબર ચાલ્યા હતા. કલાકે કલાકે મેં એની તપાસ કર્યા કરી હતી. અને એમ કરવાની ટેવ પાડી દેવાનો મારો ઇરાદો હતો.

દિવસનું કામ પૂરું થયું એટલે જરા વિચાર કરી લેવાની નવરાશ મળી. બધું ઠીક ઠીક સંતોષકારક લાગ્યું. જીવનને સલામત અને સભર રાખવા જે કંઈ ચીજ જોઇએ તે મારી આસપાસ જ હતી: ચાર ડગલા એક દિશામાં ને ત્રણ ડગલા બીજી દિશામાં ચાલું એટલામાં મારી દુનિયા સમાઇ જતી હતી—પણ એ દુનિયા બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોરમ નહોતી લાગતી. મારી સૂવાની પાટ ઉપર એક ખીલીએ ટીંગાડેલ ફાનસ ઝાંખો પ્રકાશ પાથરતું હતું અને છાપરા સાથે વળગી લટકતા ગેસોલીન દીવાનો તેજસ્વી પ્રકાશ તો વધુ પડતો એક જ જગ્યાએ પડીને ઉલ્ટો આસપાસની ચીજોના પડછાયાને વધુ ઘેરા બનાવતો હતો.

જમીનથી ત્રણેક ફુટ ઊંચી મારી સૂવાની પાટ પૂર્વ તરફની દિવાલે ગોઠવી હતી એને એક છેડે ગોઠવેલા ટેબલ ઉપર પવનનો વેગ નોંધવાનું રજીસ્ટર હતું. એ રજીસ્ટર પર નોંધ કરનારી કલમ બહાર ઉપલા ભાગમાં ગોઠવેલ પવન ચક્રી ને પ્યાલીઓ સાથે વીજળીથી સંકળાયેલી હતી. એને અંગેની બેટ્રીઓ ટેબલ નીચે જ ગોઠવી હતી. એ ટેબલની સામી બાજૂના ખૂણામાં રેડીઓને અંગેના જૂદા જૂદા યંત્રોવાળો ત્રિકોણ ઘોડો હતો. એની ઉપર જ મોટો રેડીઓ અચાનક ખોટકાર્ય પડે તો કામમાં આવે એ ગણત્રીએ સાથે રાખેલ હાથથી ચલાવવાનો બેટ્રી-રેડીઓ હતો. એની ઉપરના ત્રીજા ઘોડામાં રેડીઓને અંગેનો વધારાના સાધનો રાખ્યા હતા. સૂવાની પાટ અને રેડીઓવાળા ખૂણાની વચ્ચેની પૂર્વ તરફની દિવાલ આખી ઘોડાઓથી ભરી હતી-કૂલ છ ઘોડા હતા. નીચેના ઘોડાએમાં ખોરાકની સામગ્રી, ચોપડીઓ અને બીજી આડી અવળી ચીજો હતી. ઉપલા ઘોડાઓમાં યંત્રોને અંગેના સાધનો વગેરે ગોઠવ્યું હતું-કેટલાકને તો રૂમાં વીંટીને રાખેલા. દક્ષિણ તરફની દિવાલે, ઠંડા પવનની જેમાં કારી ન ફાવે એવા મારા કપડા, કાનટોપી, રૂંછડાવાળા ચામડાના જોડા ને એવું બધું ટીંગાડેલું હતું. એ જ દિવાલ પાસે મારું ભોજનનું ટેબલ ગોઠવ્યું હતું-ખાધાખોરાકીની ચીજો ભરવાની પેટીઓનું ટેબલ! દરવાજા તરફની ભીંત પાસે પ્રાઇમસ ગોઠવ્યો. હતો. આ પ્રાઇમસ હતો તો વહાણો ઉપર કોલસા ભરી વાપરવામાં આવે છે તેવો સામાન્ય જ, પણ એમાં ફેરફાર કરી તેલ બાળવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થા કરી હતી. કોલસા કરતાં પ્રવાહી બળતણ થાણા સુધી પહોંચાડવું સહેલું પડે તેમ હતું એટલે કેરોસીન અને ગેસોલીનને મળતું એક પ્રવાહી તૈયાર કરેલું. એ પ્રાઇમસનો ગૅસ ઉપર કાઢવા માટે જે નળીઓ ગોઠવવા ધારેલી તેનાં કેટલાક ટૂકડા રસ્તે આવતાં ખોવાઇ ગયેલા એટલે પતરાના ડબલામાંથી નવી રચના કરી લીધેલી. એ ગોઠવણ આમ તો સારી થઇ હતી પણ એની સાંધોમાંથી ગૅસ બહાર નીકળ્યા કરતો હતો. આ તદ્દન સાદી સીધી લાગતી રચના થોડા જ મહિના પછી મને મરણ પથારીએ પટકનારી થઇ પડશે એવો મને ત્યારે ખ્યાલ સુદ્ધાં ન આવ્યો.

કેબીનને ગરમ રાખવા અને હવાની આવજા બરોબર થાય તે માટે કેવી રચના કરવી એ સવાલ જરા મુંઝવનારો તો શરૂઆતથી જ લાગતો હતો. લીટલ અમેરિકામાં એ કેબીનમાં રહેવાનો અખતરો કરી જોઇ સીપલ અને ચાર્લી બન્નેએ ફરિયાદ કરેલી કે ધુમાડો શ્વાસમાં જઇ માંદા પાડી નાખનારી અસર કરતો હોય એવું લાગે છે. એમની ફરીયાદ પછી મેં બીજો પ્રાઇમસ તૈયાર કરાવી લીધેલો અને લીટલ અમેરિકામાં હતા તે દરમ્યાન જ એ નવો પ્રાઇમસ ગોઠવીને કેબીનમાં એક મહિનો જાતે રહી જોયેલું. એ નવી રચના ત્યારે તો મને સંતોષકારક લાગેલી પણ થાણામાં આવ્યા પછી બીજી જ રાતે પીટરસનને ધુમાડાની અસરથી માથું દુ:ખવા આવવા જેવું લાગ્યું હતું. પણ બીજા કોઇને કશી અસર નહીં જણાયેલી એટલે અમે એમ માનેલું કે એનું માથું તો બીજા કોઇ કારણે દુ:ખવા આવ્યું હશે. હા, પ્રાઇમસના તેલની અણગમતી વાસ તો પહેલેથી જ આવ્યા કરતી હતી અને રસ્તે આવતાં મૂળ નળીઓ ખોવાઇ ગઇ એ કારણે તૈયાર કરેલ નવી રચનામાં એ વાસ વધેલી પણ ખરી. છતાં મેં ને સીપલે ધારેલું કે હવા એવી સરસ છે કે એની કશી અસર રહેવા નહીં પામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતનો લગભગ એક વાગવા આવ્યો હતો. સૂઇ જતાં પહેલાં સહેજ આસપાસનું દૃશ્ય જોઇ આવવાની ઇચ્છાથી હું ઉપર ગયો. રાત ખીલી ઉઠી હતી. અસંખ્ય તારાઓથી આકાશ ઉભરાતું હતું. આટલા બધા તારાઓ મેં કદી જોયા નહોતા...બસ માત્ર ઉપર પહોંચી જઈ હાથ લંબાવો એટલે ખોબો ભરાઈ જાય. મનમાં થયું: આ બધું જ મારું, આ તારા, આ ગ્રહો ને આ આસપાસની આખી પૃથ્વી. તે પહેલી રાત્રે તો મને લાગેલું કે ભારે આંતરિક શાન્તિ અને આનંદનો મેળ ખવરાવવો હોય તો આમાં જ મગ્ન થઇ જવું જોઇએ...બહારની દુનિયા કરતાં અહીં કેટલું બધું સરસ છે! આ હિમપ્રદેશ એ એક નિરાળી જ દુનિયા છે. પેલી દુનિયાના સામાન્ય રીતરિવાજો અને સલામતીના ભાનવાળી ટેવોને અહીં સ્થાન નથી... અહીં તો આ રેડીઓનો થાંભલો, આ હવામાન માપવાની પ્યાલીઓ, આ પવનવેગ માપક યંત્રના વાંસડા, હવાની ઉષ્ણતા તેમ જ દબાણ માપનાર યંત્રો પરનું છાપરૂં ને આ બીજી થોડીક નળીઓ ને ભૂંગળાઓ જ માત્ર મારાં છે. થોડાક ડગલાથી વધુ ચાલ્યા વિના એ બધાને હું ફેરો લઇ શકું તેમ છું. જરા અંધારી રાતે કોઇ પ્રવાસી આ સીધા સપાટ ને કંઈ આડશ વગરના હિમપ્રદેશ પરથી નીકળે ને આ બધાથી માત્ર વીસેક વારને અંતરેથી જ પસાર થઈ જાય તો ય તેને કશી ખબર ન પડે એવું છે...અને છતાં શું આટલું પૂરતું નથી?...મને થઇ આવ્યું કે માણસને ખરેખર કેટલી ઓછી ચીજોથી ચાલી શકે છે એ ન સમજવામાંથી જ દુનિયાની અડધો અડધ મુંઝવણો તો ઉભી થાય છે.

એ રાત્રે તો રોજીંદા અવાજો અને હલચલોની ખોટ મને સાલી નહિ. કોઈ પણ ઘર–કુટુંબવાળો માણસ જે પ્રમાણે પોતાની સામાન્ય ઘરેડને અનુસરે એ રીતનું જ મારું વર્તન એ રાત્રે તો હતું. પ્રાઇમસને બંધ કરી દીધો, કપડા બદલી લીધા અને હવા આવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા માટે બારણું ઉઘાડીને, ઠંડીનું મોજું મારી ઉપર આવી પડે તે પહેલાં જ એકદમ કૂદીને સૂવાના કોથળામાં પેસી ગયો. કોથળો શરૂઆતમાં તો હંમેશ મુજબ ઠીક ઠીક ઠંડો હતો. શરીરની ગરમીથી એ હુંફાળો બને એની રાહ જોતો હું દુઃખતા બાવડાને ચોળવા લાગ્યો. ચાંપ બત્તી પાસે લઇ લેવાનું ભૂલી તો નથી ગયોને એની તપાસ કરી લીધી. એ વખતે મગજમાં કુટુંબીજનોની તબીયતના, સવારે ઊઠી કરવાના કામના ને એવા એવા વિચારો રમતા હતા ને અવારનવાર મન પેલા લીટલ અમેરિકા અને મારી વચ્ચે ક્યાંક ટ્રેકટર હંકારી રહેલ સાથીઓ તરફ દોડી જતું હતું. એમને આટલો બધો વખત રોકી રાખવા માટે મારી જાતને ઠપકો આપ્યા વિના રહી શકતો નહોતો.

આથડતા મનને એક વાત યાદ આવી ગઇ: બધો સામાન હું જોઇ ગયેલો પણ ક્યાંય પાકશાસ્ત્રની ચોપડી કે આલારામ ઘડીઆળ દેખાતા નહોતા. 'અરે ભગવાન' એમ મોટેથી બોલાઇ ગયું. આખી યોજના ઘડતી વખતે તેમ જ ફરી બધી વસ્તુઓ મેળવી જોતી વખતે શું અમે આ બે વસ્તુઓ ખરેખર ભૂલી જ ગયા? સમય જાણવા માટે તો મારી પાસે કાંડા-ઘડીઆળ હતું ને ત્રણ ક્રોનોમીટર હતા પણ સવારમાં વહેલા આઠ વાગ્યામાં જ જે નોંધો લેવાની હતી તેની ચિંતા થતી હતી. શિયાળુ રાત આવતી હતી એટલે ચોવીસે કલાક સરખા જ લાગવાના: અજવાળું આવીને ઊંઘ નહિ ઉડાડે. પાકશાસ્ત્રની ચોપડી વિના તો ચાલશે, ના, ના, કદાચ નહિ ચાલે. યાદ કરવા બેસું છું તો કોઇ દિ' ઇંડા બાફવાથી આગળ કંઇ કર્યું હોય તેવું સાંભરતું નથી. બહુ બહુ તો કોઇવાર ટાઢ ઉડાડવા તાપણાં આસપાસ ટોળી જામી હોય ત્યારે માંસનો ટૂકડો ભાઠે શેકી જોયો છે તેમ રણમાં આથડતી વખતે રાબડી બનાવી છે. મારા જેવા સુધરેલા, નોકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાકરથી ટેવાયલા શહેરવાસી અને પ્રવાસમાં પણ છાવણીના રસોયાથી ચલાવનારા માણસને એ ચોપડી વિના કાં તો ભૂખ્યા મરી જવાનું અને કાં તો કાયમ અનાજ તેમ જ સૂકવીને ડબ્બામાં ભરી રાખેલ માંસ ખાઇ ખાઇ હેરાન થવાનું રહેશે...ભગવાનનો પાડ છે કે એ ડબ્બા ઉઘાડવાના ચપ્પુ તો સાથે જ છે અને એ ચપ્પુ તો એટલા બધા લીધા છે કે ખોવાઇ જવાનો ભય જ નથી...

બસ, ત્યારે શું કરવા મનને થકવવું...એના પર ઓછી નથી વીતી. ઘણી યે ખામીઓ રહી ગઇ છે પણ પ્રમાણમાં જમા બાજુ ઘણી મોટી છે એમ વિચારી હું ઊંઘી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

એપ્રિલ—૧

ત્યાં થાણામાં સાડાચાર મહિના એકલો રહ્યો તે દરમ્યાન મેં ઠીકઠીક વિગતવાર રોજનીશી લખેલી રોજ રાત્રે સૂઇ જતાં પહેલા દિવસના કામની પૂરી નોંધ કરી લેતો, તેમ છતાં ચાર વર્ષ પછી આજે એ રોજનીશી વાંચતા, એકલવાસના એ પ્રારંભિક દિવસો દરમ્યાન જે લાગણીઓ અને પરિસ્થિતિ અનુભવી હોવાનો મારો ખ્યાલ છે તેમાંનું બહુ જ ઓછું રોજનીશીમાં નોંધાએલું જોઇ મને આશ્ચર્ય થાય છે. શરૂઆતના દિવસો વીત્યા પછી તો હું બહુ જ રોકાયેલો રહેતો. આઠ વાગ્યા પહેલાં ઊઠી જતો અને મધરાત પહેલાં ભાગ્યે જ પથારીમાં પડતો, છતાં ધારેલ કામ માટે દિવસ જાણે બમણો હોય તોય માંડ ચાલે એવું લાગતું. કામમાં પરોવાયેલું મન રોજનીશીમાં સ્વાનુભવની ઝીણી વિગતો નોંધવાની ધીરજ પણ ભાગ્યે જ અનુભવતું.

૨૯ મી માર્ચ:

ગઇ કાલે રાત્રે લખવાનું પૂરું કર્યું એ વખતે પ્રાઇમસ નીચેથી ભોંય ઉપર ઘેરૂં ધાબું પથરાતું નજરે પડયું. બળતણના તેલની નળી ચૂવા લાગી હતી. આગ લાગવાની બીકે પ્રાઇમસ બંધ કરી દઇ હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી નળી શોધવા લાગ્યો. પણ એમાં સફળતા ન મળી એટલે છેવટ ચૂતું હતું એના પર પટ્ટી ચોટાડી છિદ્ર બંધ કર્યું. આમ કરવામાં પરોઢીઆના ચાર વાગતા સુધી જાગવું પડ્યું. ચુલાની ગરમી નહિ અને−૫૮° જેટલી ઠંડી! ઠરીને હીમ થઇ ગયેલી ધાતુની વસ્તુઓને અડતાં આંગળીઓ તો ઠીંગરાઇ જ ગઇ. × × ×

કેપ્ટન રોબર્ટ સ્કોટની આજે બાવીસમી મૃત્યુતિથિ હતી. એમની અમર રોજનિશી આજે ફરી વાર વાંચી ગયો. આ જ હિમપ્રદેશ પર, લગભગ મારું થાણું છે એ જ અક્ષાંશ ઉપર, એ મરણ પામ્યા હતા. મને એમના પ્રત્યે જે માન છે એવું બહુ ઓછા બીજા માણસો પ્રત્યે છે. એ જે સ્થિતિમાંથી પસાર થયા હતા એની કદાચ બીજાઓ કરતાં હું વધુ કદર બુઝી શકું તેમ છું...

૩૦ મી માર્ચ:

પેલા સાથીઓ લીટલ અમેરિકા પહોંચી ગયાના સમાચાર નહિ આવે ત્યાં સુધી મને નિરાંત નહિ વળે. એમને અહીં એટલો બધો વખત રોકી રાખવા માટે હું મારી જાતને દોષ દઈ રહ્યો છું. ઠીક, બે દિવસ પછી રેડીઓ ઉપર એમના સમાચાર આવશે. આખો દિવસ ભોંયરામાં સામાન ગોઠવવા પાછળ જાય છે પણ કામ ઝાઝું થતું નથી કેમકે બાવડાનો દુ:ખાવો સખત રહે છે. એથી મારું મગજ ભમી જાય છે—બાવડું દુ:ખે છે એથી નહિ પણ એ નકામું થઇ પડયું છે એથી. હજી તો ઘણું બધું બાકી છે. અત્યાર સુધી તો એક હાથે ને એક પગના ટેકાથી કામ ચલાવ્યે રાખ્યું છે.

૩૧ મી માર્ચ:

આલારામ વિના વહેલા ઊઠવાનું તો ભારે મુશ્કેલ થઇ પડયું છે. પહેલાં તો હું મનમાં નક્કી કરેલ સમયે, થોડી મિનીટના પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેર વગર ઊઠી શકતો. જન્મથી જ મને એ બક્ષીશ મળી છે ને દેશમાં વ્યાખ્યાન પ્રવાસો વખતે આમતેમ ફરતાં એ બક્ષીશે બરોબર કામ આપ્યું છે. પણ અહીં આવીને તો એ બક્ષીશ ગૂમ થઇ ગઈ છે. સવારે સાડાસાતે ઊઠવું છે એમ મનને રાત્રે કહી મૂકું છું પણ ગઈ કાલે એક કલાક મોડા ઊઠાયું ને આજે અડધો કલાક!

*

ત્યાં ગયા પછી એક વાત સમજી જતાં મને બહુ વાર નહોતી લાગી: આ થાણામાં મારા જીવનને આબોહવાના તાલ સાથે નહિ પણ આબોહવા માપક યંત્રોના તાલ સાથે બંધ બેસતું કરી લેવું પડશે. સતત ચાલતા આઠ યંત્રો સાથે મારે કામ પાડવાનું હતું. મારા એ ઘરમાં માલિક હોવાનો મારો જે ભ્રમ હતો તે તુરત નીકળી ગયો. હું નહીં પણ એ યંત્રો જ સાચા માલીક હતા એમ મને તુરત સમજાઇ ગયું. એ યંત્રોમાંના એકેય વિષે હું બહુ ઝાઝું જાણતો નહોતો એટલે મારી નમ્રતામાં વધારો થયેલો. દિવસનો ભાગ્યે જ એવો એકેય કલાક જતો કે જેનો અમુક અંશ પણ એ યંત્રોની સંભાળ લેવા પાછળ મેં ન ગાળ્યો હોય.

રોજ સવારે બરોબર આઠ વાગે (અને ફરી સાંજે આઠ વાગે) મારે ઉપર જઇ હવામાનની ઠંડક રાત દરમ્યાન નીચેમાં નીચી કેટલે સુધી ઉતરી હતી તે નોંધી લેવાનું રહેતું. એ નોંધાયા પછી પાંચેક મિનિટ ત્યાં ઉભા રહી આકાશ, ક્ષિતિજ અને આસપાસના પ્રદેશનું નિરીક્ષણ કરી વાદળાંઓએ આકાશને કેવુંક ઘેરી લીધું છે, ધુમ્મસનું પ્રમાણ કેટલુંક છે, પવન સાથે હિમરજ કેટલીક આવે છે અને પવનના દિશા અને વેગ શા છે એ બધાનું અનુમાન કરી એક કાગળના ટૂકડા પર નોંધી લેતો. આ ઉપરાંત પણ હવામાન વિષે બીજું કંઈ નોંધવા જેવું હોય તો ટપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવી લેતો અને એ બધું નીચે જઇ યુનાઇટેડ સ્ટેટસના હવામાન ખાતાના ફારમમાં ભરી કાઢતો. યંત્રોની નોંધ ઉપરાંત આ પ્રકારે જાત નિરીક્ષણનું અનુમાન પણ નોંધવાનું રહેતું—યંત્રોમાં કંઇ ગોટાળો થઇ જાય તો તુરત ખબર પડે. રોજ બપોરના બાર ને એકની વચ્ચે પેલા રજીસ્ટર પરનો કાગળ બદલાવવો પડતો અને એની કલમમાં શાહી પૂરવી પડતી. દરેક સોમવારે ઉપરના ભાગમાં ગોઠવેલ યંત્ર માટે એ જ વિધિ કરવાનો રહોતે.

એપ્રિલ મહિનો બેઠો તે દિવસે ઇસ્ટરનો રવિવાર હતો. તે દિવસે પવન વેગથી ફુંકાતો હતો ને બરફ પણ પડતો હતો. ઇશાન તરફથી આવતા પવનને કારણે હિમરજનું પ્રમાણ ઘણું હતું પણ હવામાન –૪૮° પરથી –૨૫° પર આવેલું. બહુ ગમી જાય એવો દિવસ તો નહોતો પણ માર્ચની ઠંડી પછી આ દિવસ કંઇક વધારે હુંફાળો તો હતો. સવારમાં દસ વાગ્યે મેં લીટલ અમેરિકા સાથે રેડીઓ સંપર્ક સાધ્યો. મારો ઓછો અનુભવ જોતાં મને એમાં ઠીકઠીક સફળતા મળી–મારે કહેવાનું હતું એ તેઓ જેવું તેવું ય સમજી શકે એટલા પૂરતી–એથી મને અત્યંત હર્ષ થયો કેમ કે એ સંપર્ક તૂટી જવાની શકયતા મને બહુ ચિંતા કરાવ્યા કરતી. હતી—મારે પોતાને કારણે નહિ, પણ આખી પ્રવાસમંડળીને કારણે લાંબા વખત માટે સંપર્ક તૂટી જાય તો પછી મારી સૂચનાઓ અને એ પાળવા વિષે અપાયેલા વચનો બન્નેને અવગણીને લીટલ અમેરિકાવાળા સાથીઓ વર્તે એવો સંભવ લાગતો હતો અને તેમ થાય તો કંઇક ભારે કફોડી દશામાં સૌ મૂકાઇ જાય એવો મને ભય હતો. સંપર્ક ચાલુ રાખવાની મારી શક્તિ ઉપર કેટલો મોટો આધાર હતો એ સમજતો હોવાથી કેવળ મારી અનાવડતને કારણે જ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપર્ક તૂટી જાય એ વાતનો મારા મનમાં અત્યંત ભાર રહેતો હતો. રેડીઓ બગડે ત્યારે સમારકામ કેમ કરવું એ ડાયરે મને શીખવી મૂકેલું અને રેડીઓ કેમ ચલાવવો એની તાલીમ વેઇટે આપેલી છતાં એની નળીઓ ચાવીઓ અને અટપટા ગુંચળા જોતો ત્યારે મારૂં હૈયું ખરે-ખર બેસી જતું. કડકટની મોર્સ લીપિ તો મને માંડ થોડી આવડતી. સદ્‌ભાગ્યે લીટલ અમેરિકાવાળા મને રેડીઓ ટેલીફોનથી સંદેશા મોકલી શકે તેમ હતા એટલે ત્યાંના કુશળ સંદેશ મોકલના-રાઓએ મોકલેલા થોકબંધ સંદેશા ઉકેલવા બેસવાની કડાકૂટમાંથી તો હું બચી જતો, પણ મારે જવાબ તો કટકટમાં જ આપવો પડે તેમ હતું અને એ હું કરી શકીશ કે કેમ એની મારા મનમાં શંકા હતી.

નક્કી કરેલ સમય પહેલા બે કલાકે મેં તૈયારી કરવા માંડી. ધુમાડાને કારણે કેબીનમાં તો યંત્ર ચાલુ કરાય તેમ નહોતું પણ પ્રાઇમસ ઉપર દોઢ કલાક રાખી એને ગરમ કરવું પડયું. અડધો કલાક બીજી માથાકૂટ કર્યા પછી માંડ દસ વાગ્યે એ ચાલુ થયું ને ડાયરનો અવાજ સંભળાયો: "સાંભળો છો કે?" "હા બરોબર, બધું બરોબર. અહીંથી નીકળેલ સાથીઓના શા સમાચાર છે?" એવું કહેવાનો મેં પ્રયત્ન કર્યો. કડકટ અરબ્બી જેટલું જ મુંઝવનારૂ ને અપરિચિત લાગતું હતું. ને અક્ષરો કડકટમાં ગોઠવવા જતો ત્યાં અધવચ્ચે જ મારે શું કહેવું છે તે ભૂલાઇ જતું. તેમ છતાં તુરત સામેથી ચાર્લી મર્ફીએ જવાબ આપ્યો કે "બધા સુખરૂપ પહોંચી ગયા છે. સૌના હાથ સાજા સારા છે. તમે તદ્દન ક્ષેમકુશળ છો ને?" ટૂંકેથી હકારમાં જવાબ આપવાને બદલે મેં ઉત્સાહપૂર્વક જરા લાંબો જવાબ આપ્યો: "તદ્દન ક્ષેમકુશળ છું. બહુ જ મહેનત કરૂં છું. પવનનો વેગ ૩૦ માઇલ જેટલો રહે છે... બરફ પડે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીસેક મિનિટ 'વાર્તાલાપ' ચાલ્યો હશે, રવિ, મંગળ ને ગુરુ એ ત્રણ વારે રેડીઓ સંપર્ક સાધવામાં નિષ્ફળતા મળે તો ત્યાર પછી રોજ દસ વાગે પ્રયત્ન કરવો એમ પણ ગોઠવી લીધું. બંધ કરતાં પહેલાં ચાર્લીએ કહ્યું કે રેડીઓ સંપર્ક સાધવાના કામમાં ડાયર તો તમને નાપાસ ઠરાવે છે પણ મને લાગે છે કે ના ના સાવ એવું નથી." એના જવાબમાં મેં સંભળાવ્યું: "ભલે ભલે, ૮૦° અક્ષાંશ પછીના પ્રદેશમાં તો દુનિયાભરનો સર્વશ્રેષ્ઠ રેડીઓ-સંચાલક છું..."

તે દિવસની રોજનીશીમાં મેં આ પ્રમાણે લખેલું; "અહીંથી ગયેલા સાથીઓ સલામત પહોંચી ગયા છે એથી મારો ઉમંગ ભારે વધી ગયો છે. ભારે સરસ સમાચાર આવ્યા. મહિનાઓની મથામણ અને ચિંતા પછી આખરે તેઓ ત્યાં અને હું અહીં બરોબર ગોઠવાઇ ગયા છીએ. હવે તો જરાક ડહાપણ વાપરી ચાલીએ તો કંઇ ખાસ મુશ્કેલી નહિ ઊભી થાય. મારી પોતાની પરિસ્થિતિ બરોબર તપાસી લેવા અને અહીં મળનારા અનુભવનો ઉત્તમોત્તમ લાભ ઉઠાવવા હું સ્વતંત્ર છું. આના જેવા કંઇક અનુભવની મને કેટલી ખોટ હતી એ અત્યારે બરોબર સમજાય છે. ભારે ઉમંગની લાગણી અનુભવું છું.

બીજે દિવસે પવનનું જોર વધ્યું ને ત્રીજે દિવસે એમાં પણ થોડોક વધારો થયો. હવાનું દબાણ માપવાના યંત્રમાં અસાધારણ ફેરફાર થવા લાગ્યો. ભારે વાવાઝોડું આવવાની આગાહી હતી. બહાર પવન સૂસવાટા કરતો હતો. હવા આવવા જવાના ભુંગળામાંથી હિમરજ આવી આવીને નીચે કેબીનમાં ઢગલો થતી હતી. સાંજે છેલ્લીવાર નોંધ કરવા હું ઉપર ગયો ત્યારે પવનના જોશને કારણે બારણું ઊંચકી પણ નહોતું શકાતું ને હિમરજનું જોર એવું હતું કે શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બહુ દક્ષિણ તરફના પ્રદેશમાં દબાણમાપક યંત્રની આગાહી ઘણી છેતરનારી નીવડતી હોય છે. સવારે ઊઠી રજીસ્ટરની નોંધ તપાસી તો રાત દરમ્યાન પવનનો વેગ કલાકના ૩૫ માઇલથી વધ્યો નહોતો. ચોથી તારીખ ને બુધવારે પણ પવન તો ફુંકાતો જ હતો. તે દિવસે બળતણનો સામાન ભરેલ ભોંયરું ઉપરના ભાગમાં જામેલ હિમરજને ભારે નમતું જતું નજરે પડ્યું. આખું ભોંયરૂં બેસી જશે તો વાવાઝોડું આવે તે પહેલાં સામાન ગોઠવવાની નવી વ્યવસ્થા એક હાથે નથી જ કરી શકવાનો, એ ખ્યાલે હું તો ભયભીત બની જઇ, પેટીઓના ને લાકડાના ટૂકડાના ટેકા મૂકવા લાગી ગયો. ફૂંકાતા પવન પછી ઠંડીનું મોજું ફરી વળશે અને તેથી ઉપલી બાજુનું પડ કઠણ થઇ જવાનું એમ તો હું સમજતો હતો પણ એને કઠણ કરવાની ક્રિયા ઝડપી બનાવવા પ્રાઇમસ ઉપર બરફ ઓગાળી, એ પાણી ઉપર લઇ જઇ જ્યાં જ્યાં નબળું પડ લાગ્યું ત્યાં રેડવા પાછળ કલાકો ગાળ્યા. માર્ચનો-૬૦° ઠંડીથી પણ ટેવાઇ ગયેલો એટલે તે દિવસનું-૬° વાળું હવામાન તો હુંફાળું જ લાગતું હતું. પણ પવન સોંસરવો ઉતરી જતો હતો ને એને કારણે નાક ને ગાલ પણ ઠીંગરાઇ જતા હતા. પ્રાઇમસને આખો વખત પાણી તૈયાર કરવામાં જ વાપરવો હતો એટલે તે દિવસે ગરમ ખોરાક વિના જ ચલાવી લેવું પડયું. રાત્રે સૂતો ત્યારે થાકીને તદ્દન લોથ થઇ ગયો હતો.

૫ મી એપ્રિલ

આજે સવારે ઊઠયો ત્યારે અવાજ પરથી જ કળી શકાતું હતું કે પવન પડી ગયો છે. જો કે હિમરજ તો હવા આવવા જવાની નળીમાંથી અને પ્રાઇમસના ભૂંગળામાંથી નીચે આવતી અટકી નહોતી. એકદમ ઉઠીને સવારના આઠ વાગ્યે કરવાના નિરીક્ષણ માટે હું નિસરણી ચડયો પણ ઉપલું બારણું જોર કરવા છતાં ચસકતું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યું. અડધી ઊંઘમાં ને ઠંડીથી અકડાઇ ગયેલ શરીરે મેં થાય તેટલું જોર કર્યું પણ કંઇ વળ્યું નહિ. ઉપલી ને નીચલી બન્ને બાજુએ ઉઘડવાની વ્યવસ્થા યાદ આવી એટલે સ્ક્રૂ કાઢી નાખી નીચલી તરફ ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ એમાં ય કંઇ ફાવ્યો નહિ. પાટુ મારીને ધકેલવાનો પ્રયત્ન પણ નકામો ગયો. થાકીને હું તો ત્યાં જ નિસરણી પાસે ઢગલો થઇને પડયો. "બસ, પૂરાઇ ગયો. ખરેખર પૂરાઇ ગયો" એમ મનને લાગવા માંડયું.

અચાનક જરૂર પડે ત્યારે અટકી ન પડાય તે માટે હું ચાંપ-બત્તી તો ગળામાં એક વાળો પહેરી રાખેલો તેની સાથે લટકાવી રાખતો. એ બત્તીની મદદ વડે આસપાસ પડેલા ખડકલામાંથી એક જાડું ધોકા જેવું લાકડું શોધી કાઢયું. નીચે ઊભા ઊભા બારણા સામે એ લાકડું ઊભું ઠોકવાનું વીસેક મિનિટ ચાલુ રાખ્યું ત્યારે બારણાંએ માંડ થોડીક મચક આપી ને અધખુલ્લેલા બારણામાંથી હું ઉપર ગયો. ઉપર જઈને તપાસતાં મુશ્કેલીનું કારણ તુરત સમજાઈ ગયું. આગલે દિવસે દિવસ દરમ્યાન હું ભોંયરાનો સામાન ગોઠવવામાં પડયો હતો તે વખતે આ બારણું લાંબો વખત ઉઘાડું રહી ગયું હતું. પ્રાઇ-મસથી ગરમ થતા વાતાવરણની હુંફાળી હવાએ ઉપરના ભાગમાં બારણા આસપાસના બરફને થોડોક નરમ બનાવ્યો હશે ને બારણું બંધ થયા પછી રાતની ઠંડીમાં એ નરમ થયેલ બરફ જામી જવાથી બારણાની તડ પૂરાઇ ગઇ હશે. એ ઉપરાંત પણ હિમરજનો લગભગ અઢી ફુટ જેટલો થર ત્યાં બારણા ઉપર જામી ગયો હતો. પૂર્વ તરફના પવનને ભૂંગળા વગેરે નડતા હતા, વળી કેબીન પૂરેપૂરી અંદર ઉતારાઇ નહોતી એટલે પણ છાપરા ઉપર બરફ જમા થતો અને એમાં બારણું પશ્ચિમ તરફ હોવાથી સૌથી વધારે જથ્થો સ્વાભાવિક રીતે જ ત્યાં એકઠો થતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસે નિરીક્ષણ વગેરેના રોજીંદા કામમાં રોકાવું પડ્યું. એ સિવાયનો બધો વખત કેબીનની આસપાસની સપાટી સમાન કરી લેવા માટે બન્યું તેટલું ખોદવા પૂરવાનું કર્યા કર્યું. દિવસ તો સરસ હતો પણ પડી ગયેલો પવન હજી યે હિમરજના ગોટા ઉડાડતો હતો એટલે આગલા દિવસના અનુભવમાંથી ફરી પસાર ન થવું પડે એ ભયે મેં કામ કર્યે રાખ્યું. એ બારણું ઉઘડી ન જ શકે એવે વખતે કામ ચાલી શકે તેવા એક બીજા બારણાની જોગવાઇ કરવાની જરૂર મને બરોબર સમજાઇ ગઇ હતી—જો કે તે પહેલાં પણ એ દિશામાં મેં થોડુંક કર્યું તો હતું.

મારો વિચાર પશ્ચિમ તરફ જતાં ભોંયરામાં ગાબડું પાડી ત્યાંથી એક દક્ષિણ તરફ જતું નવું ભોંયરૂં ગાળવાનો હતો—નવા ભોંયરાની દિશા પૂરતા અભ્યાસને અંતે નક્કી કરી હતી. ત્યાંના પવનના અનુભવે મને ખબર પડી ગઇ હતી કે ફુંકાતો પવન સામાન્ય રીતે પૂર્વ તરફથી આવે છે અને પૂર્વ તરફનો પવન જ જોરદાર તેમ જ બરફને હિમરજ લાવનારો હોય છે. ઉપરના ભાગમાં મારા ઝુંપડાને છાપરૂં જે રીતે ગોઠવાયા હતા એ જોતાં હિમરજ ખોરાક ને બળતણ રાખવાના ભોંયરાઓ ઉપર જ આવી એકઠી થાય એ સ્વાભાવિક હતું એટલે હિમરજ જમા થવાના પટાથી જૂદી દિશામાં ત્રીજું ભોંયરૂં ગાળવાનો મેં નિર્ણય કર્યો. ઉત્તર કે દક્ષિણ તરફથી પવન આવે તો આ નવા પ્રયત્ન પછી પણ સલામતી રહે નહીં એ હું સમજતો હતો પણ એ સંભવ ઓછો હતો. ખોરાકની સામગ્રીવાળા ભોંયરાની અધવચ્ચના ભાગમાંથી મેં આ નવું ભોંયરૂં ખોદવા માંડ્યું. સપાટીથી બે ત્રણ ફુટનો થર રહે એવી રીતે છ ફુટ ઊંચું, ચાર ફુટ પહોળું ને ત્રીસ પાંત્રીસ ફુટ લાંબુ ભોંયરૂં રાખવાનો મારો વિચાર હતો. છેડાના ભાગમાં થોડાક ભાગ વધુ કાપી કાઢી, ઉપલો થર એક ફુટ જેટલો જ રાખવો અને જ્યારે પેલું બારણું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતું અટકી પડે ત્યારે એ પાતળા થરને વીંધીને બહાર જવાનો માર્ગ કરી લેવો એવી ગણત્રી હતી. રોજના એકાદ ફુટથી વધુ કામ કરવા જેટલી મારામાં શક્તિ નહોતી. એ દિવસોની મારી રોજનીશી બોલે છે કે "એક ફુટ જેટલું કામ પણ સખત લાગે છે...કેમ કે ડાબો હાથ જ વાપરી શકું છું. બરફના ટૂકડા કાપી કાઢવાના, પછી એને ઉપર ઊંચકી જવાના અને ત્યાંથી રેંકડીમાં મૂકી દૂર નાખી આવવાના."

એ પ્રદેશના બરફનો ખ્યાલ ન હોય એને ટૂકડા કાપી કાઢવાની વાત આશ્ચર્યકારક લાગશે. ત્યાંનો બરફ ગરમ પ્રદેશના પથ્થરની જેમ ગરમીથી નહિ પણ ઠંડીથી જામી ગયો હોય એટલો જ બે વચ્ચે ફેર; બાકી તો એ રેતીના બનેલ પથ્થર જેવો જ હોય છે. સામાન્ય બરફના જેવું લીસાપણું કે પારદર્શકતા યે એનામાં નથી હોતા. બે એક ફુટ લાંબી હાથકરવત વડે એને કાપી કાઢવાનું જ વધુ ફાવે તેવું હતું.

આ 'છટક બારી' તૈયાર કરવાનું કામ દૂરના ભવિષ્ય માટે નાહકની મહેનત જ નહોતી રહી. એમાંથી કપાતા બરફના ટૂકડા તો મને પાણી પૂરું પાડવા લાગ્યા. પણ એ બરફને ઓગાળીને પાણી કરવું એ તો ખરેખર ત્રાસજનક જ હતું. કેટલાય કલાક પ્રાઇમસ ઉપર રાખી મૂક્યા પછી, બશેર બરફમાંથી માંડ બે અધોળ પાણી મળતું. પાણીની ડોલ તો પ્રાઇમસ ઉપરથી નીચે ઉતરતી જ નહિ એટલે બીજા કોઈ કામમાં પ્રાઇમસનો ઉપયોગ કરી શકાતો નહિ. એ મશથી કાળી થઈ ગયેલી ડોલ તો થોડા વખતમાં એવી અળખામણી લાગવા લાગેલી કે સાંજના વાળુ માટે તૈયાર કરેલ પાણી એક વાર ઉંધું વળી ગયું ત્યારે તો મેં એ ડોલને ટેસથી ઠેબું મારી દૂર હડસેલી દીધેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ ઠ્ઠી એપ્રિલ:

રાત્રે ઠીક ઠીક સારી ઊંઘ આવે છે એ આશિર્વાદ સમું છે. પણ આઠ વાગ્યે કરવાના 'નિરીક્ષણ' માટે વેળાસર ઊઠાતું નથી. આજ પોણો કલાક મોડો ઊઠયો. મારી પેલી બક્ષીશ કેમ જતી રહી એ સમજાતું નથી. ગમે તેમ એ પાછી મેળવવી જોઇશે. પેલી અખંડ રાત આવશે ત્યારે તો મને ઉઠાડવા કોઇ પ્રકાશ નહિ આવે.

દિવસનો પ્રકાશ જે થોડો ઘણો માણી શકાય તે માટે ઉપલા જાળીઆ પરનો બરફ કાઢી નાખી એને સાફ રાખ્યા કરૂં છું પણ મોટે ભાગે તો એ ઝાકળથી ઢંકાયેલા જ રહે છે. ઝાકળ ઓગળે ત્યારે નીચે ટપ ટપ ટીપાં પડવા માંડે છે ને જમીનને ઠંડી બનાવી મૂકે છે. થર્મોમીટરથી માપીને મેં નક્કી કર્યું છે કે હું બેઠો હોઉં ત્યારે મારા પગ પાસેનું હવામાન માથા પાસેના હવામાન કરતાં ૧૦° થી ૩૦° જેટલું વધુ ઠંડું હોય છે!

૭ મી એપ્રિલ:

છ મહિનાનો અખંડ દિવસ ધીમે ધીમે મૃત્યુ તરફ વધી રહ્યો છે અને અંધારૂં ધીમે પગલે પથરાતું આવે છે. મધ્યાન્હ વખતે પણ સૂરજ ક્ષિતિજથી બહુ જ ઓછો ઉપર આવે છે. વાતાવરણ ઠંડુ ને તાજગી વગરનું બની ગયું છે. સૂર્ય વધુમાં વધુ પ્રકાશતો હોય છે ત્યારે પણ માંડ કોઈ ચીજનો પડછાયો પડી શકે છે. વાતાવરણ સ્મશાનના જેવું ઉદાસીન બની ગયું છે. સૂર્યના જીવન અને મરણ વચ્ચેનો કાળ છે. પૃથ્વી પરનો છેલ્લો માણસ મરવા પડશે ત્યારે એ પણ એના તરફ આવી નજરે જોઇ રહેશે.

૮ મી એપ્રીલ:

એક બાવડું આમ હેરાન કરતું ન હોત અને આ હવામાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માપક યંત્રોની આટલી મુશ્કેલીઓ ન હોત તો આવતા અંધારકાળ માટે હું બહુ સરસ રીતે તૈયાર થઇ જાત. નાની નાની ને છતાં હેરાન કરી મૂકે તેવી કેટલી ય વાતો એવી ઉભી થાય છે જેની આગળથી તૈયારી કરી રાખી ન શકાય અને પછી આડી આવી વખત બગાડયા કરે. દા. ત. હિમરજ ઢસડી લાવતો પવન ન હોય ત્યારે ય હવાની આવજા માટેનું સાડાત્રણ ઇંચ પહોળું ભૂંગળું ત્રણ ચાર દિવસે બરફથી ભરાઇ જાય છે, એનું બહુ ધ્યાન રાખવું પડે છે. કોઇ પણ ભોગે હવાની આવજા બરોબર રાખવી જ જોઈએ, એટલે દર ત્રીજે દિવસે એ ભૂંગળું બહાર કાઢો, કેબીનમાં લાવી, પ્રાઇમસ પર ગરમ કરવા મૂકવું પડે છે. અંદર જામેલ બરફને ધકેલી કાઢતો નથી, ગરમ કરીને ઓગાળવો જ પડે છે.

પ્રાઇમસનો ગૅસ બહાર કાઢનાર ભૂંગળામાં પણ એના જેવી જ હેરાનગતી છે. જ્યારે પ્રાઇમસ ચાલુ હોય ત્યારે એ ભૂંગળામાંનો બરફ ઓગળે છે ને પાણી નીચે રેલાય છે. સારું છે કે હવામાન માપક યંત્રનું રજીસ્ટર કાચથી ઢાંકેલું છે નહીં તો તો કયારનું એનું આવી બન્યું હોત. એ પાણી ઝીલવા ત્યાં મેં એક ડબ્બલું લટકાવ્યું છે, પણ ભૂંગળામાં આમ બરફ જામી જાય છે એથી ચિંતા થયા કરે છે. પ્રાઇમસનો ધુમાડો બહાર કાઢી નાખવાનું બરોબર નહીં ચાલે તો ભારે મુશ્કેલી ઊભી થવાની......

*

આમ એપ્રીલના શરૂઆતના દિવસો તો ઉતાવળના કામે નીકળેલ માણસની જેમ પસાર થવા લાગ્યા. ભાતભાતના નાનામોટા કામમાં હું રોકાયેલો રહેતો. 'છટકબારી'વાળું ભોંયરું ખોદવા ઉપરાંત પેલા બે ભોંયરાઓને ગોઠવવાનું કામ રહેતું. એ બન્ને ભોંયરા ધોલકા જેવાં અંધારીઆ હતાં એટલે બત્તીની મદદ વિના ત્યાં કામ કરાતું જ નહિ. બળતણવાળા ભોંયરામાં જે જાતના ડબ્બા અને ઢોલ–પીપ હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જોતાં તો મને કોઇ ફ્રેંચ દારૂનું પીઠું જ સાંભરી આવતું. ભોંયરામાં બધું એવું જેમ તેમ પડયું હતું કે દહાડે દિવસે વધતી જતી મારી વ્યવસ્થિતતાની લાગણી એથી છેડાઇ પડતી ને જ્યારે વખત મળતો ત્યારે હું તે બધું ગોઠવવા લાગી જતો.

પણ બધું ઝડપથી પતાવવાની વૃત્તિથી હું કામ નહોતો કરતો. ધ્રુવ પ્રદેશોના અનુભવે મને નિરાંત ને ધીરજ ધરતા શીખવી દીધેલું. એક કામ પાછળ એકાદ કલાકથી વધુ રોકાતો નહિ. કલાકેક થાય એટલે બીજું કામ ઉપાડતો. આમ કરવાથી બધા અગત્યના કામો રોજ થોડા થોડા આગળ વધતા ને મને કંટાળો યે ન આવતો. અત્યંત એકધારા ને નિરસ જીવનમાં વૈવિધ્ય લાવવાનો આ ઉકેલ હતો.

શહેરી જીવનની સંસ્કૃતિને ભૂલી જવાનું જેને માટે શક્ય હોય એવા મનને માટે તો ત્યાં વૈવિધ્યની ખામી નહોતી. હિમપ્રદેશનું આકરૂં જીવન જ એને પૂરતું વૈવિધ્ય આપી રહેતું. કેટલીક વાર તો મને લાગતું કે બરફ યુગનો હું જ છેલ્લો અવશેષ છું ને સમશિતોષ્ણ યુગની દુનિયાના અવશેષરૂપ નજીવા સાધનો વડે જીવન ટકાવવા મથામણ કરી રહ્યો છું. ઠંડી તો ચિત્રવિચિત્ર અસરો ઉપજાવે છે. હવામાન શૂન્ય નીચે ૫૦° એ પહોંચે એટલે હાથની ચાંપબત્તી નકામી થઈ પડે. –૫૫° થાય એટલે કેરોસીન થીજી જાય. –૬૬° થાય એટલે રબર બટકણું બની જાય. (એક દિવસ રેડીઓનો તાર જરા વાળવા જતાં મારા હાથમાં બટકી ગયેલો એ મને સાંભરે છે) –૬૦° નીચેની ઠંડીને કારણે જરાક પણ તેલ જે યંત્રમાં હોય તે થીજી જઈ બંધ પડવાનું. જરાકે ય પવનની લહર આવતી હોય તો તમારા ઉચ્છ્વાસને પણ ચીની બનાવટના તડતડીઆની જેમ અવાજ કરી થીજી જતો તમે સાંભળી શકો. સવારના ઝાકળની જેમ દિવસ દરમ્યાનનો ઠાર પણ બધી ચીજ વસ્તુઓને ઢાંકી દે અને વધુ પડતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેનતનું કામ કરો ને ઊંડા શ્વાસ લ્યો તો તમારા ફેફસામાં આગ લાગી હોય એવું થવા લાગે.

ઠંડીને કારણે—એપ્રિલની પ્રમાણમાં ઓછી ઠંડીમાં પણ—મને ઘણું નવું જાણવા મળ્યું. મારા દવાદારૂના સામાનમાંનું નોવોકેઇન થીજી ગયું ને એથી કાચની નળીઓ ભાંગી ગઇ. ટમાટાના રસના બે બાટલા એવી જ રીતે ભાંગી ગયા. આગીઆ બોમ્બની અંદરના રસાયનો પણ થીજી ગયા. ડબ્બામાં પેક કરી રાખેલ ખોરાક વાપરતા પહેલાં ડબ્બાઓને આખો દિવસ પ્રાઇમસ પાસે રાખવા પડતા. બહુ ઠંડા દિવસોમાં તો ગ્યાસતેલ અને ઠંડી માટે ખાસ બનાવેલું સ્ટોડાર્ડ તેલ પણ ઘટ બની જતું. પવનચક્કીમાં અને એની સાથેની પ્યાલીઓમાં બરફ જામી જતો. હવામાન-માપક યંત્રના બાર ફુટ ઊંચા વાંસડા ઉપરથી કેટલીક વાર તો દિવસમાં બે ત્રણ વાર બરફ સાફ કરવો પડતો. એ પાતળા વાંસડા પર પગ વીંટાળી એક હાથે બેટ્રી ઝાલી રાખી બીજે હાથે ચપ્પુવડે બરફ ઉખાડવાનું કામ ભારે કપરૂં હતું. ભાગ્યે જ કોઇવાર એ વાંસડા ઉપરથી નાક, ગાલ, આંગળી કે એવું કંઇક ઠીંગરાયેલું લીધા વિના ઉતર્યો હઇશ.

રોજ સવારે તંબુની અંદર થીજી જવાય એવું ઠંડુ વાતાવરણ રહેતું. ઊઠું ત્યારે ત્યાંનું હવામાન-૧૦° થી-૪૦° ની વચ્ચે ક્યાંક હોય; સૂવાના કોથળા ઉપર ઉચ્છવાસ થીજી જવાથી પડ બની ગયું હોય ને મોજા તથા જોડા થીજી ગયેલ પરસેવાથી છવાયેલા હોય તેને હાથેથી ઘસી કાઢવા પડે. ઊઠતા વેંત પહેરી લેવા માટે જ રેશમી મોજા ટીંગાડી રાખતો પણ એ પહેર્યા હોય છતાં બત્તી અને પ્રાઇમસ સળગાવવા જતાં આંગળાને બહુ આકરૂં લાગતું. ટેરવા પરની જૂની ચામડી તો ઉતરી ગઇ હતી. ને નવી ચામડી હજી અત્યંત કુમળી હતી એટલે આમ હેરાન થવું પડતું હતું. કેટલીક હેરાનગતિ તો મારી અનાવડતને કારણે ઊભી થતી. કોઇવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતા, તો કોઇ વાર કીધા કારવ્યા વગર યંત્ર અટકી પડતું. પણ જેમ તેમ કરી હું ઉકેલ કાઢી લેતો ને નવા નવા નુસખા અજમાવી ગાડું હંકાર્યે જતો.

સવારના નાસ્તામાં માત્ર ચા ને બિસ્કીટ જ લેતો. બપોરના ભોજન માટે તો ડબ્બલામાંથી જ માલ કાઢવાની ટેવ પડી ગઇ હતી. ટમાટાનો રસ, એસ્કીમો બિસ્કીટ અને માંસ કે મચ્છી. આ બધું તો હું આબાદ રીતે તૈયાર કરતો પણ ત્યાંના ઠંડા વાતાવરણમાં જે ગરમ વાળુ માટે કોઇ પણ માણસ ઝંખે તે તૈયાર કરવામાં તો શરૂઆતના દિવસોમાં હું તદ્દન 'બાફતો' જ.

રસોઇ સંબંધમાં થયેલ એ 'બાફણાંઓ'ની પરંપરા યાદ કરવા માટે તો મારે આજે ય માત્ર જરાક આંખ જ મીચવી પડે છે ને તુરત એ દૃષ્યો તાજા થઇ આવે છે. એક પ્રસંગને મારી રોજનીશીમાં મેં 'મીઠું ચડાવેલ માંસ ભોજનનો પ્રસંગ' એવા મથાળા સાથે નોંધ્યો છે તે જોઈએ. મને સામાન્ય પ્રમાણનો લાગ્યો એવો એક ટૂકડો તપેલીમાં મૂકી અંદર થોડુંક પાણી ઉમેરી મેં પ્રાઇમસ પર ચડાવ્યો. એ ટૂકડો તો ઉપસી ઉપસીને પાછો કોરો થઈ જાય...કંઇ જ શંકા કર્યા વગર હું તો નિર્દોષ ભાવે પાણી રેડયે જાઉં. વધુ ને વધુ પાણી ઉમેરૂં. અચાનક, ઉકળવા મૂકેલી એ તપેલીમાંથી વીસુવીઅસની જેમ રસ ઊભરાવા માંડયો. પાસે પડેલા તપેલા કે ડબ્બલાઓમાં તે સમાય તેમ નહોતો. પ્રાઇમસ આખો છવાઇ ગયો. ઠેઠ છાપરા સુધી છાંટા ઊડ્યા. હું યે માથાથી પગ સુધી ભરાઇ રહ્યો અને જો મેં જરા ઉતાવળે કામ ન લીધું હોત તો હું એના પ્રવાહમાં તણાઇ જ જાત! એકદમ ચામડાના મોજા પહેરેલ હાથે એને ઉપાડીને ભોંયરામાં દૂર હડસેલી મૂકયું. ત્યાં પડયા પડયા પણ એમાંથી સોનેરી લાવારસ વહેતો હતો પણ આખરે ઠંડીને કારણે એ વહેતાનું અટકયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ જાતના બીજા પ્રસંગો પણ બનેલા. જ્યારે કંઈ અખતરો કરવા પ્રયત્ન કરૂં ત્યારે અણગમતી વાસથી કેબીન ભરાઇ જાય ને પ્રાઇમસ પર ચડાવેલ તપેલીમાં અંદરની વસ્તુ ગુંદર જેમ નીચે ચોંટી જાય. પણ પાકશાસ્ત્રની ચોપડી નહોતી તો યે કેવળ નિષ્ફળતા જ મળતી એવું તો સાવ નહોતું.

આમ એપ્રિલ પસાર થવા લાગ્યો. રોજ રાત પડે એટલે તારીખિયામાં લીટો મારી દેતો ને સવારે ઊઠી લીટો મારવાનું ભૂલી તો નથી ગયોને એની તપાસીને ખાત્રી કરી લેતો. દિવસ મરણ પથારીએ પડયો હતો ને એનું સ્થાન રાત લઇ રહી હતી. હવે તો અખંડ રાત પથરાઇ જવાને પખવાડીઉં પણ બાકી નહોતું રહ્યું. સૂરજ તો માંડ ક્ષિતિજ બહાર થોડોક નીકળી શકતો હતો. ધુમ્મસથી ઘેરાયેલો એ થોડીક વાર ક્ષિતિજ પર ઢસડાતો દેખાતો ને બપોર થાય તે પહેલાં તો નજર બહાર ચાલ્યો જતો. કોઇ વિદાય લેતા પ્રેમીજનને જોતાં હોઇએ તેમ હું એને નિહાળી રહેતો.

૯ મી એપ્રિલ:

...હમણાં (રાતના નવ) એક વિચિત્ર દૃષ્ય જોયું. સૂરજથી કંઇક નાના એવા આગના ગોળા જેવું પહેલાં તો લાગ્યું. શું છે એ ખબર નહોતી પડતી. નીચે આવી દુર્બીન લઇ ગયો ને એનું નિરીક્ષણ કર્યા કર્યું. ઘેરા લાલ રંગમાંથી એ ઘડીક રૂપેરી થઇ જતો ને અવારનવાર દેખાતો બંધ થઇ જતો. એટલો મોટો લાગતો કે આશ્ચર્ય થાય પણ લાંબો વખત ધ્યાન દઇ નિરીક્ષણ કર્યા પછી એમ લાગ્યું કે એક જ લીટીમાં ચાર તેજસ્વી તારા છે. કદાચ ચાર તારા ન હોય પણ હવામાંના હિમકરણને કારણે એક જ તારાના ચાર પ્રતિબિંબ થતા હોય...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ મી એપ્રિલ:

આજે સવારે સાડા નવ વાગ્યે સૂર્યોદય થયો. પણ બહાર આવીને સૂર્ય ક્ષિતિજથી ઉપર તો ચડયો જ નહિ. રંગે લાલચોળ ને કદમાં મહાકાય એવા પૈડાની જેમ એ ક્ષિતિજની કોર ઉપર અઢી કલાક સુધી ફરતો રહ્યો ને એમ કરતાં કરતાં મધ્યાન્હ વેળાએ સૂર્યોદય સૂર્યાસ્ત ને જઇ મળ્યો. પછી ધીમે ધીમે તે અંદર ઉતરવા લાગ્યો ને છેવટ આખા હિમપ્રદેશ ઉપર ઘેરૂં વાતાવરણ પથરાઇ ગયું.

ઘેર હતો ત્યારે તો સૂર્યને બરોબર પૂર્વમાંથી ઉગતો ને સીધો ઊંચે ચડી માથા પરથી પસાર થઇ પશ્ચિમ ક્ષિતિજ તરફ સીધો ઉતરી જતો જોવાને હું ટેવાયેલો હતો. પણ અહીં તો એ જૂદાજ નિયમને અનુસરે છે. વસંત ઋતુમાં પહેલી વાર એ ઉગે છે ત્યારે મધ્યાન્હ હોય છે ને છેલ્લીવારની વિદાય લે ત્યારે મધરાત હોય છે. પાનખર દરમ્યાન એક મહિના સુધી એ રોજ ઉગે ને રોજ આથમે છે. પછી સાડાચાર મહિના સુધી એ કદી આથમતો જ નથી, કદી માથા પરથી પસાર થતો નથી પણ ક્ષિતિજને સમાંતર રહી પૈડાની જેમ દડયા કરે છે. ૩૧½° થી ઊંચે આવતો જ નથી. પાનખર દરમ્યાન પહેલી વાર આથમે છે એ વખતે મધરાત હોય છે ને છેલ્લીવારની વિદાગ લે છે ત્યારે મધ્યાન હોય છે. પછી સાડાચાર મહિના સુધી એ ઉગતો જ નથી ને ઉલ્ટો ક્ષિતિજની નીચે ને નીચે ઉતરતો જાય છે; બસ, એ કાળ અત્યારે આવી રહ્યો છે, જાણે કે દિવસનો શ્વાસ રૂંધાવા લાગ્યો છે.

ધ્રુવ પ્રદેશની છ માસિક અખંડ રાત એકાએક આવી પડતી નથી. દિવસ એકાએક ગૂમ થઈ જાય છે ને રાત ટપકી પડે એવું થતું નથી. ધીમે ધીમે ચડતી ભરતીના જેવી એની ક્રિયા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારાને ભરતી ગણીએ તો રોજ એ થોડુંક આગળ વધે છે ને થોડોક વધુ વખત રોકાય છે. દિવસને જો સમુદ્રનો કાંઠો ગણીએ તો રોજ એ થોડુંક આગળ વધે છે ને થોડોક વધુ વખત રોકાય છે. દિવસને જો સમુદ્રનો કાંઠો ગણીએ તો દર વખતે એને થોડાક વધુ સંકોચાવું પડે છે ને એમ કરતાં કરતાં અંતે એ આખો ઢંકાઈ જાય છે. દ્રષ્ય જોનારને કાંઈ ઉતાવળ નજરે પડતી નથી. ઉલટું કંઇક ભારે અગત્યની ક્રિયા અનંત ધીરજપૂર્વક થઇ રહી હોય એવું એને ભાન થાય છે. સૂરજને પોતાની અંદર ઉતારી લીધા પછી પણ ક્ષિતિજ પાછળથી ઝાંખો પ્રકાશ લાંબા વખત સુધી આવ્યા કરે છે. બહાર આવતા એ પ્રકાશ પરથી પણ ક્ષિતિજ નીચેના એના આંટા તમે કળી શકો.

૧૪ મી એપ્રિલઃ

સાંજે ચાર વાગે રોજના નિયમ મુજબ આસપાસ આંટા માર્યા;–સૂરજ ક્ષિતિજ નીચે ઉતરી ગયો હતો ને આખું આકાશ ચિત્તાકર્ષક નીલા રંગે રંગાઈ ગયું હતું–આવો સુંદર રંગ–ઉઠાવ મેં આજ પહેલા કોઈવાર જોયો નથી.

પશ્ચિમ બાજુ ક્ષિતિજથી ઠીકઠીક ઊંચે શુક્ર તેજસ્વી -હીરાની જેમ ઝળકી રહ્યો હતો–એની બરોબર સામે પૂર્વમાં એક સુંદર તારો નીલરંગી સાગરમાં ઝબક ઝબક થતો હતો. ઉત્તર તરફ સર્પાકારની રૂપેરી આભા પથરાએલી હતી. હિમપ્રદેશ રૂપાની પાટ જેવો લાગતો હતો. આખુ દષ્ય ભારે મનોરમ હતું. બહુ વધારે રંગો નહોતા, આકાશમાં થોડાક જ હીરા–માણેક હતાં. બહુ સાદું ચિત્ર હતું પણ એવો સુમેળ જામ્યો હતો કે કોઇ કાબેલ કલાવિદ્દના હાથની ખુબી એમાંથી નીતરતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવાર પછી લહરની ગતિ તદ્દન મંદ પડી અને હવામાન માપક યંત્રની પ્યાલીઓ ખડખડતી અટકી. દિવસ જાણે મૃત્યુ તરફ જઇ રહ્યો હોય ને રાત્રિની પ્રસવક્રિયા થતી હોય એવું દૃષ્ય બની ગયું. કોઇ જાતના શોર બકોર વગર, સંગીતની તાલબદ્ધતા પૂર્વક બધું ચાલતું હતું. શાન્ત વાતાવરણમાંથી જાણે મૃદુ સંગીત વહેતું હતું.

ઘડીભર એ વિશ્વસંગીત સાથે તન્મયતા અનુભવી રહ્યો. આંધળા અકસ્માતને પરિણામે આવું તાલબદ્ધ, આવું સર્વાંગસંપૂર્ણ ને આવું વ્યવસ્થિત સંગીત ન જામે...આ સમગ્ર વિશ્વ પાછળ કંઇક યોજના, કંઇક હેતુ હોવા જ જોઇએ...માનવી આ સમગ્રતાનો એક અંશ છે, એમાંથી અકસ્માત ફુટી નીકળેલ કણગો જ નથી એવી શ્રદ્ધા મનમાં જાગી ઊઠી. એ શ્રદ્ધા બુદ્ધિની દલીલોથી પર હતી—સીધી હૃદયમાં સ્થાન જમાવી લઇ ત્યાંનાં ગ્લાનિ-નિરાશાને દૂર કરી નાખનારી હતી. વિશ્વ તાલબદ્ધ સંગીતવાળું છે—જે તે ચીજનો ખીચડો નથી અને એ તાલમાં રાત્રિ દિવસનું જેવું સ્થાન છે એવું જ નિશ્ચિત માનવીનું યે સ્થાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

૧૫ મી એપ્રિલ:

છેલ્લા બે કલાકથી ઉકળતા ગરમ પાણીમાં મૂકાવેલા લાઈમા બીનને (વટાણાનો એક પ્રકાર) બાફવા બેઠો છું. રાતના નવ વાગવા આવ્યા છે પણ હજી તો એ પથ્થર જેવા કઠણ છે. આખી રાત ભલે જાય પણ આજ તો એનો અંત લેવો જ છે.

...આજ સવારે લીટલ અમેરિકા સાથે રેડીઓ સંપર્ક સાધ્યો...મોર્સ લીપિ બરોબર નથી આવડતી એટલે કામ અત્યંત ત્રાસદાયક થઈ પડે છે. પાસે જ કક્કો લખેલો કાગળ રાખું છું પણ એ કડકટના ટપકા અને લીટાની ભાષામાં વાત કરવાનું જ ફાવતું નથી. એટલે યંત્ર પ્રાઇમસ પર ગરમ થતું હોય તે દરમ્યાન મારે જે કહેવાનું હોય તે એક કાગળ ઉપર લખી કાઢું છું ને પછી એ શબ્દોના અક્ષરો ચીની લખાણની જેમ ઊભા ગોઠવી લઇ એની સામે કડકટના સમાન અક્ષરો મૂકી દઉં છું આમ તો સીધું સરળ કામ છે. પણ પેલો ચાર્લી જ્યારે વાર્તાલાપ કરવાના રંગમાં આવી જાય છે અથવા કંઇક કામ અંગે ચર્ચા કરવા માગે છે ત્યારે મુશ્કેલી ઉભી થાય છે ત્યારે હાથ બાંધીને ઇશારાથી સમજાવવાની શકયતા ન રહેવા દીધી હોય એવા મુંગા માણસના જેવી મારી દશા થઇ પડે છે. તેમ છતાં કાયમ જેમતેમ કરીને પણ મને [illegible] કે [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાની સાથોસાથ એ માણસના મનના વિચારો પામી જવાની વિદ્યા શીખ્યો હશે.

આજે પહેલો જ પ્રશ્ન મેં કેન રૉસનની તબીયત વિષે પૂછ્યો. હજી એનું ગળું દુઃખે છે, એ સિવાય બાકી બધા કુશળ છે. ત્યાંનું હવામાન અહીં કરતાં ૧૫ થી ૨૦° વધુ ગરમ રહે છે.

લીટલ અમેરિકા સાથે વાર્તાલાપ કરવામાં ખરેખર એક પ્રકારની હુંફ લાગે છે તેમ છતાં મનમાં એમ થયા કરે છે કે રેડીઓ ન હોત તો સારું થાત. જ્યાં લોકો એક બીજા સાથે વાતો કરી શકે છે એવી દુનિયા સાથે એ રેડીઓ મને સાંકળે છે. સારું છે કે હું આ રેડિયો મારફત મારો અવાજ બહારની દુનિયાને સંભળાવી શકું તેમ નથી અને કડકટના લાંબા સંદેશા મોકલી શકું એટલો વખત યંત્ર ચલાવવા જેટલું મારી પાસે તેલ–બળતણ નથી. બહારના મિત્રો મારી સ્થિતિને ખરેખર સમજી શકે એની કાળજી ચાર્લીને રાખવાની છે. પણ કોઇક દિવસ કેવળ કુતુહલવશ થઇને શેર બજારના કે વોશિંગ્ટનના સમાચાર પૂછી લેવાનું મન થઇ જવાનું. અને પછી મારી નાણાકીય સ્થિતિ ઉપર એની અસર જોતાં એ સમાચાર કદાચ મને અસ્વસ્થ બનાવી મૂકશે.

રેડિયો સંપર્કનું પતાવ્યા પછી ખબર પડી કે ગરમ ગૅસ થીજી જવાથી ભુંગળું અડધું બરફથી ભરાઇ ગયું છે. આ બરફ એવી ચીડ ચડાવે છે; પણ એનો કંઇ ઉકેલ સૂઝતો નથી. હવામાન આજે–૫૦° ને –૬૦° વચ્ચે હતું.

૧૭ મી એપ્રિલઃ

પાકશાસ્ત્રની ચોપડી આજે જડી! જે તે ચીજો ભરેલા એક કોથળામાંથી કંઇક કાઢવા જતો હતો ત્યાં અચાનક આ અત્યંત કિંમતી ચોપડી મળી આવી. આનંદનો ઉદ્ગાર એકદમ મોઢેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળી પડયો કે મને પોતાને જ વિચિત્ર લાગ્યો. છેલ્લા વીસ દિવસમાં મારા હોઠ બહાર આ પહેલો જ અવાજ નીકળ્યો.

ક્યાંય દૂર ફેંકાઇ પડેલ કોઈ પ્રવાસીએ પણ અચાનક કોઇ પુસ્તક મળી જતાં તેનો આટલા ધ્યાનપૂર્વક અભ્યાસ નહિ કર્યો હોય. પણ મારી રસોઇના બધા ગહન પ્રશ્નોનો એમાંથી ઉકેલ નથી જડતો એમ મારે દુઃખપૂર્વક કબુલવું પડે છે. પૂરીને તવામાં ચોંટી જતી કેમ અટકાવવી એ વિષે એમાં કંઇ કહ્યું નથી. એટલે આજે રેડીઓ ઉપર ચાર્લીને કહ્યું કે ત્યાં છાવણીમાં આ પ્રશ્ન પર કોઇ પ્રકાશ પાડી શકે તો તપાસ કરી જણાવ. તવા ઉપર તેલ લગાડવાથી કંઈ ફેર નથી પડતો એમ પણ મેં એને જણાવ્યું. ચાર્લીએ તો તુરત જવાબ વાળ્યો કે “ એ બાબતમાં આપણે નાપાસ. મારી જીંદગીમાં કંઇ રાંધ્યું નથી. એમ જ કર, તારો ખોરાક બદલી નાખ.” ભારે મહેનત કરીને મેં વળતો સંદેશ પાઠવ્યો કે ‘ રસોયાને પૂછી જો; ’ તો એનો પણ એણે તરત જ જવાબ આપી દીધોઃ “દોસ્ત, તું મરવા પડયો હો ને, તો યે એ રસોયાનો તો હું ભરોસો ન કરૂં.” તે પછી કોઇક બીજાને પૂછવાનો મેં આગ્રહ કર્યો એટલે આવી બાબતમાં જેના તેના પર વિશ્વાસ રાખવા કરતાં ઘેર તપાસ કરાવીને મને જણાવશે એવો જવાબ આવ્યો. (ચૌદ દિવસ પછી આનો જવાબ આવેલો–તવા ઉપર માખણ લગાવવું. એ જવાબ સાંભળીને મેં પુરી બનાવવાનું માંડી વાળેલું.)

એક બીજો પણ મહત્વનો બનાવ આજે બન્યો. સૂરજે છેવટની વિદાય લીધી. બરોબર મધ્યાન્હ વખતે એણે ક્ષિતિજ બહાર ડોકીઉં કાઢ્યું ને તુરત ઉતાવળે અદ્રશ્ય થઇ ગયો. સૂરજ જતો રહેવાથી મને ખાસ કાંઇ અસર થઇ નથી—લીટલ અમેરિકાના સાથીઓને મારા કરતાં ટૂંકી શિયાળુ રાત રહેશે એની ખબર પણ નથી આવતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે ધીમે કરીને રાત લંબાતી ગઇ એટલે મન એને માટે તૈયાર થઇ ગયું હતું. જો આમ સૂરજ જતો ન રહ્યો હોત તો ઉલટી ચિંતા થાત કે આ સૂર્યમાળામાં કંઇ ગોટાળો થયો કે શું.

૧૮ મી એપ્રિલ :

બહાર ઉપલા ભાગમાં આજે કેટલાય કલાક કામ કર્યું—છાપરા આસપાસની બરફની સપાટી સરખી કરવામાં અને પેલા 'છટકબારી' વાળા ભોંયરામાંથી બરફના કટકા કાપી બહાર નાખી આવવામાં રોકાયેલો રહ્યો. એકવાર તો પગ લપસ્યો અને દુ:ખતા બાવડાભર જોરથી પછડાટ ખાધી. કામ કરતી વખતે શ્વાસ ઝડપભેર લેવો પડતો હતો એથી ફેફસાને ઠંડી લાગી ગઇ લાગે છે. અત્યારે રાતને વખતે શ્વાસ લેતાં ફેફસામાં બળતરા જેવું થાય છે. સાંજે છેલ્લા નિરીક્ષણ માટે ઉપર ગયો ત્યારે દીવો ઠીંગરાઇ ગયો એટલી ઠંડી હતી. —૬૦° હવામાન હતું...આજ સવારે પ્રાઇમસના ભુંગળામાં ઘણો બરફ જામી ગયો હતો. એનું કંઇક કરવું પડશે. જામેલો બરફ ભારે સખત હતો અને એને કાઢતા ઘણો વખત લાગ્યો.

*

બે એક દિવસમાં હવા આવવા જવાના ભુંગળા વિષે મેં ગંભીરપણે વિચાર કરી લીધો ને એ ભુંગળાનું સ્થાન ફેરવવાનું ઠરાવ્યું. એક મહિનાના અનુભવે એમ કર્યા વિના છૂટકો નથી એમ લાગી ગયું હતું. ચાલુ રચના બરોબર કામ જ નહોતી આપતી. સવારમાં તો ઓરડામાં ઠંડુગાર હવામાન લાગતું. બપોર વચ્ચે જ્યારે પ્રાઇમસ ગરમાગરમ ધગતો હોય ત્યારે મારા માથા આસપાસનું વાતાવરણ હુંફાળું લાગતું પણ નીચેની જમીન અને ખુણાઓનો ભાગ તો બરફ જેવો ઠંડો જ રહેતો. ઓરડામાં બે ડગલાં આમથી તેમ ચાલતો ત્યાં ઉષ્ણકટિબંધમાંથી ધ્રુવ પ્રદેશમાં જવા જેટલો ફેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતો. હવામાન પ્રમાણમાં એકધારૂં રહે અને અંદર પુષ્કળ હવા આવજા કરી શકે એવું કંઈક ગોઠવ્યા વિના ચાલે તેમ જ નહોતું.

એ ભુંગળાઓ વચ્ચે સાંધો મૂકવાના નાના ટૂકડાઓ મારી પાસે નહોતા તેમ જ હથોડી, કરવત ને પેચીઆ સિવાય બીજું એકે ય સાધન નહોતું એટલે શરૂઆતમાં તો શું કરવું એ મને સૂઝયું જ નહિ ને હું મુંઝાયો. પણ પછી તો કામચલાઉ હાથ બનાવટની રચના ગોઠવવા લાગી ગયો ને મોડી રાત્રે ત્રણ વાગ્યા સુધી જાગીને કામ પતાવ્યું. હવામાન સમ રાખવાના શાસ્ત્રમાં કોઇ નવી શોધખોળ મેં ભલે નહોતી કરી કાઢી પણ મારી કેબીનમાં હવા આવવા જવાની સ્થિતિમાં તો સારો એવો ફેર થઇ ગયો. બીજી સવારે હું ઊઠયો ત્યારે હવામાન માત્ર–૩૦° જ હતું–નવી રચના કામ આપી રહી હતી.

*

દિવસ તો લાંબા વખત માટે વિદાય લઇ ગયો હતો પણ હજી સંધ્યા પાછળ રહી ગઇ હતી. બપોર વચાળે હજી બત્તી વગર ઉપર આંટા મારી શકાય એવા થોડાક કલાક રહેતા. પણ સવાર ને સાંજ તો રાત જેવા જ અંધારીઆ લાગતા અને પહેલા જેમ રોજીંદું કામકાજ અજવાળા સાથે ગોઠવવાનું રહેતું તેમ અંધારા સાથે ગોઠવાવા લાગ્યું. હવામાનના નિરીક્ષણ ઉપરાંત હવે વધારામાં રોજ પાંચ વખત સંધ્યાના તેજ રંગોનું નિરીક્ષણ કરવાનું વધ્યું.–સવારે દસ વાગે, પછી એક વાગે, ચાર વાગે, સાત વાગે અને છેલ્લે દસ વાગે. ધ્રુવબિંદુમાંથી વિવિધ આકારના તેજ પ્રતિબિંબો આકાશ ઉપર પથરાય છે–કોઇવાર સીધાં કિરણો કે કમાનના આકારમાં તો કોઇ વાર પટ્ટા કે પરદાના આકારમાં. મારા છાપરા પાસે ઊભા રહી એ આકાર ને એનાં કેન્દ્ર બિન્દુ તથા અંત્યસ્થાનની ઊંચાઇ વગેરે નોંધી લેતો ને નીચે જઇ એક ખાસ [illegible] તે બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટપકાવી લેવાનું રહેતું. હવામાન-સંબંધના નિરીક્ષણની જેમ આ તેજ પ્રકાશના નિરીક્ષણ પણ લીટલ અમેરિકાની સાથે નક્કી કરેલ સમયે જ લેવાના હતા ને એ બન્નેનો પછી તુલનાત્મક અભ્યાસ કરવાનો હતો. આમ મારા દિવસના અનેક ટુકડા પડી જતા એટલે મોકળાશ નહોતી લાગતી. એ બધાંથી ટેવાઇ ન ગયો ત્યાં સુધી જીવન કામથી ભરપૂર છૂટાછવાયા ટૂકડાઓ જેવું લાગતું અને એ ટૂકડાઓને એકમેક સાથે સાંકળી લેવામાં હું સફળ થતો નહિ.

મારા સ્વભાવમાં સળંગ એકતાનતા નહોતી. અવારનવાર આવતી ધૂનો અને ઊભી થતી જરૂરીઆતો એને જેમ ધકેલે તેમ એ ચાલતું. કોઇપણ ઢંગધડા વગરની મારી ટેવો મારી સાથે જેમને રહેવું પડતું તેમને તો ખરેખર હાનીકારક જ થઇ પડતી. મારી જેમ શોધખોળના પ્રવાસ કર્યા કરનાર માણસનું મકાન એ જ એની ઓફિસ હોય, નવા સાથીઓ નોંધવાનું થાણું હોય, રહેવાનું ઘર હોય ને મુખ્ય ગોદામ પણ હોય. પ્રવાસો માટે સાથીઓને એકત્રીત થવાનું ને ત્યાંથી વિખેરાવાનું ઠેકાણું મારું ઘર જ હતું. રાત કે દિવસના કશા અપવાદ વિના ટેલીફોનની ઘંટડી વાગ્યા જ કરતી. જાણે કોઇ જાહેર સ્થળ હોય તેમ લોકો આવતા ને જતા. ઘરમાં બેસવા ઊઠવાના ઓરડાથી માંડીને સૂવાના ઓરડા કોઠાર વગેરે બધામાં, જ્યાં કંઇક જગ્યા ભાળતો ત્યાં પ્રવાસ અંગેનો સામાન— બરફમાં પહેરવાના જોડા, સૂવાના કોથળા ને એવું બધું—હું ખડકયે રાખતો. ભોજન તો કોઇ દિ વખતસર લેવાનું હોય જ નહિ કેમ કે બાપુજી કાં તો (૧) દૂરના શહેરના કોઈ માણસ સાથે ટેલીફોન ઉપર વાતો કરી રહ્યા હોય (૨) કોઇ જૂના સંગાથી સાથે ગપ્પાં હાંકતા હોય (૩) કોઇ વાર્તાલાપની તૈયારી કરી રહ્યા હોય અથવા તો (૪) ક્યાંક જવા ઉપડવાની તૈયારીમાં પડ્યા હોય. એ બધું યાદ કરતાં અને નવાઇ લાગે છે કે એવી સ્થિતિમાં પણ મારી ઘરની આરોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોનો આટલો સરસ—દરેક પોતાની રીતે હોશિયાર અને પિતાજી કદી નહોતા એટલા વ્યવસ્થિત—ઉછેર કેમ કરી શકો હશેઃ ખરેખર એ બધું ૯, બીમર સ્ટ્રીટમાં આવજા કરતો પેલો ઢંગધડાવાળો માણસ હોવા છતાં થયું છે. મારા બાળકોને તો મેં અનેકવાર તેઓ કેટલા સદ્‌ભાગી છે તે સમજાવ્યું છે—તેઓ એવા માતાપિતા ધરાવતા હતા કે એમાંનું એક કેમ જીવવું જોઇએ એના સંપૂર્ણ નમુના રૂપ હતું અને બીજું કેમ ન જીવવું જોઇએ એના સંપૂર્ણ નમુના રૂપ હતું.

ત્યાં દૂર થાણામાં પડ્યા પડ્યા મેં મારી રીતરસમો સુધારવા તનતોડ પ્રયત્નો કરવા માંડેલા. એમ કરવામાં કોઇ અંતરની લગની નહોતી લાગી ગઇ પણ પરિસ્થિતિને કારણે તેમ કરવાની જરૂર ઉભી થયેલી. શરૂઆતથી જ હું સમજતો હતો કે વ્યવસ્થિત અને સુસંગત એવી એકધારી રસમ પાડી દઇશ તો જ અહીંના વિશિષ્ઠ સંજોગોમાં હું ટકી શકવાનો. એકાંતવાસમાં જે માથું ફેરવી નાખનારું એકલાપણું લાગે છે તે યોગ્ય રીતે જીવન ગોઠવાઈ જતું નથી એ કારણે જ. દિવસનો આખો વખત કામથી ભરચક રાખવાના, અને સાથોસાથ અત્યંત અવ્યવસ્થિત સ્વભાવની ટેવોને કાઢી વ્યવસ્થિત બનવાના પ્રયત્નો મેં કરવા માંડ્યા. રોજ રાત્રે સૂતી વખતે બત્તી બુઝાવ્યા પહેલા બીજા દિવસનો કાર્યક્રમ ઘડી કાઢવાની ટેવ પાડી દીધી. ભોંયરાઓની સાફસુફી તથા કેબીનની અંદરની ગોઠવણીનું કામકાજ એકવાર પતી ગયું એટલે પછી કંઇક આરામથી રહેવાનું પોષાવા લાગ્યું. દિવસ માટેનો કાર્યક્રમ ઘડતી વખતે હું ચોક્કસ કામ નહોતો નક્કી કરી નાખતો-એક કલાક 'છટક બારી'વાળા ભોંયરા પાછળ, અડધો કલાક ઉપરના ભાગમાં સપાટી સરખી કરવા પાછળ, એક કલાક બળતણના તેલવાળા પીપ ગોઠવવા પાછળ, બે કલાક ટેંકડીનાં સમારકામ પાછળ...એવી રીતે કલાકો જ નિયત કરી લેતો. એટલો વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતો ન થાય તો તે પછીને દિવસે એ કામ આગળ ધપાવવાનું રહેતું. આમ કલાકો ફાળવી આપવામાં એક ખાસ પ્રકારની લાગણી હું અનુભવતો-મારી જાત ઉપર એથી હું અસાધારણ કાબુ ધરાવતો થયો ને સાદામાં સાદા કામનું પણ મહત્વ લાગવા લાગ્યું. આવું કંઇક ન થાત તો દિવસો અર્થશૂન્ય લાગત અને એમ થયું હોત તો પરિણામે મારું મન ભાંગી જાત.

૨૧ મી એપ્રીલ:

સવારનો સમય સૌથી વધારે આકરો લાગે છે. દિવસના કામકાજનો અંધારામાં જ આરંભ કરવો એ અમસ્થું ય કપરૂં લાગે—હું જે સ્થળે છું ત્યાં તો એ બમણું કપરૂં લાગે છે. જો કે માણસને એનું લાંબે વખતે જ ભાન થાય છે પણ ઠંડી ને અંધારાને કારણે શરીર ધીમે ધીમે ઘસાવા માંડે છે, મનની સ્ફુર્તિ ઘટી જાય છે અને જ્ઞાનતંતુઓની ક્રિયાશક્તિ પણ મંદ પડી જાય છે. તદ્દન એકલાપણાનો ભાર વસમો લાગે છે એમ આજ સવારે મારા મનને સ્વીકારવું પડયું. ગમે તેટલો પ્રયત્ન કરૂં તો પણ આ એકલાપણાને હળવે મને સ્વીકારી શકતો જ નથી...પણ એ વાતમાં મન રોકવું બરોબર નથી; નહિ તો મારું આવી બનશે.

ઘેર હોઉં છું ત્યારે હું સવારે એકદમ ઊઠી જાઉં છું, મારી જાત પર પૂરતા કાબુ સાથે જ જાગું છું; ત્યારે અહીં તો પૂરતો કાબુ આવતા પહેલાં થોડીક મિનિટ વીતે છે ને તે દરમ્યાન જાણે હું ખાલી અવકાશના કોઇ ઠંડા વિભાગમાં ભૂલો પડીને ગોથા ખાતો હોઉં એમ લાગે છે...કેબીનનો ઓરડો જાણે લંબાઇ પહોળાઇ વિનાના અંધારપટ જેવો લાગે છે...એમાં નથી હોતા શેનાય પડછાયા કે નથી હોતી કશી વસ્તુ; આટલા બધા દિવસો વીતી ગયા પછી પણ કોઇકોઈ વાર મને પ્રશ્ન થઇ આવે છે: હું ક્યાં છું? અહીં શું કરું છું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે કંઇક મથામણ પછી મારી જાતને હું પકડી પાડું છું—જ્યાં કોઇ પ્રકારનો અવાજ હસ્તી ધરાવી શકે એવું જ ન હોય એવા સ્થળમાં કંઇક સાંભળવા જાણે હું પ્રયત્ન કરૂં છું ને...કંઇક સંભળાવા લાગે છે...ટીક, ટીક, ટીક, પોતાના કામમાં રત, પેલા યંત્રોનો સ્પષ્ટ તાલબદ્ધ અવાજ સંભળાય છે ને અગાધ સાગરના ગહન ઊંડાણમાંથી ઉપર આવતો ખલાસી કાંઠા પાસે આંટા મારતી હોડીને જેમ પારખી લે છે તેમ હું પણ એને પારખી લઉં છું.

ઊઠવાનું ગમતું નથી હોતું એટલે પથારીમાં પડયો પડયો આ ચોખ્ખા સ્પષ્ટ અવાજ હું સાંભળ્યા કરૂં છું ને એમાંથી કંઇક ટૂંકા ટૂંકા વાર્તાલાપ, ગીત-કડીઓ ને કોઇ કોઇ વાર તો ટૂંકી વાર્તાઓ ગોઠવવામાં મારું મન ગુંથાઇ જાય છે. એ કટકારાની જરા ગમી જાય એવી, ઘેન ચડાવનારી અસર થાય છે. સૂવાના કોથળામાં વ્યાપેલ હવામાનની સરસ સમતા સહેજ હલવા ચાલવાથી પણ નાશ પામે છે ને ઠંડી હવાનું મોજું અંદર પીઠ કે પેટના ભાગ સુધી પહોંચી જાય છે. નીચે જમીનને પગ અડાડવાના વિચાર માત્રથી ચામડી જાણે ખેંચાવા લાગે છે...પણ આઠ વાગ્યે કરવાના નિરીક્ષણ માટે ઊઠયા વિના છૂટકો નથી હોતો એટલે એકદમ કૂદકો મારવા પૂરતું નિશ્ચયબળ એકઠું કરવા પડયો પડયો પ્રયત્ન કરૂં છું. ઊઠીને તરત જ પાસેના ઘોડા પર હાથ ફેરવી, બત્તી અને પ્રાઇમસની ઠંડી ધાતુને અડતી વખતે આંગળાનું રક્ષણ કરવા માટે પહેરવાના રેશમી મોજા હાથ કરી લઉં છું. એ મોજા ચડાવીને પછી સૂવાની પાટ ઉપર જ ખીલે લટકતું ફાનસ પેટાવું છું. ઠારને કારણે વાટ એવી કડક થઇ ગઈ હોય છે કે ભાગ્યે જ તુરત સળગે છે...સળગી સળગીને બુઝાઈ જાય છે. ધીમેધીમે જ્યોત સ્થિર થાય છે, પ્રકાશ પથરાવા લાગે છે ને મારી બધી વસ્તુઓ એક પછી એક એના ધ્રૂજતા પીળા પ્રદેશમાં પ્રવેશવા માંડે છે. એનો પ્રકાશ બહુ ઝાંખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, સામી દિવાલ પરની વસ્તુઓને તો એ માંડ કંઇક સ્પર્શી શકે છે. પણ એ આછો ઝાંખો પ્રકાશ પણ મને રોજ જાદુ જેવો લાગે છે. પ્રકાશ થવા સાથે દિવસનો આરંભ થાય છે, મન અંધારપટમાંથી છૂટે છે ને શરીરની જડતા દૂર થાય છે. નીચે પહેરવાના કપડા સાથે જ હું સૂઉં છું;–ખમીસ પાટલુનને મોજા વગેરે બધું તો પાસેના ટેબલ પરજ મૂકી રાખું છું. આગ બુઝાવવા દોડવાનું કામ કરનારા કરતાં પણ વધુ ઝડપે હું એ કપડા પહેરી લઉં છું એ વાત કહેવાની જરૂર રહે છે ખરી?

*

થાણામાં મારા દિવસની શરૂઆત આમ થતી. લીટલ અમેરિકાથી ઊપડ્યા પછી બરોબર એક મહિનો પૂરો થયો તે પછીના દિવસે, દિવસ દરમ્યાન અવારનવાર બેસીને, સવારે ઊઠયો ત્યારથી રાત્રે સૂતા સુધીમાં શું શું કર્યું તે મેં નોંધી લીધેલું. તે આખી નોંધ લગભગ ૩૫૦૦ શબ્દો જેટલી થયેલી. તે દિવસે રવિવાર હતો પણ ત્યાં તો બીજા દિવસ અને રવિવાર વચ્ચે કોઇ ભેદ નહોતો. એ વખતે મારા દિવસો કેમ વીતતા એના નમુના રૂપ એક દિવસની એ નોંધ છે એટલે પુનરાવર્તન થતું અટકાવવા માટે જે થોડો ફેરફાર કરવો પડે તે કરીને બાકીનો ભાગ નીચે આપું છું.

૨૨ મી એપ્રિલ:

......ઊઠીને કપડા પહેરી લીધા પછી તુરત જ પ્રાઇમસ સ્ટવ પેટાવવાનું હાથ ધરૂં છું. તેલ સામાન્ય રીતે થીજી ગયું જ હોય છે ને એને વહેતું થતા દસેક મિનિટ તો લાગે જ છે. સવારમાં ગરમ ચાની તલપ અનુભવું છું;—પ્રાઇમસ ગરમ થાય ત્યાં સુધી રાહ જોવા કરતાં બરફને મોટા ટીકડીઓ સાથે એક તપેલીમાં મૂકી દીવાની ઝાળ ઉપર ગરમ કરી લેવાનું હું પસંદ કરૂં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસના આરંભકાળની આ થોડીક પળોની શાન્તિ ગ્લાનિજનક હોય છે—જાણે કે કોઇ સોગીઓ ટીકાકાર અંધારામાં બેઠો બેઠો કંઇક અણગમતું કહેવાનું મનમાં ગોઠવી રહ્યો હોય એવું લાગે છે. સવારની કસરતનો કાર્યક્રમ મને એ વાતાવરણમાંથી છોડાવે છે. સૂવાની પાટ ઉપર શરીર લંબાવી પંદરેક મિનિટ સુધી સ્નાયુઓ અંગેની જુદી જુદી કસરત કરૂં છું. એ પૂરી થવા આવે ત્યાં સુધીમાં પેલું પાણી ગરમ થઇ ગયું હોય છે. એમાંથી કાચનો એક મોટો કપ ભરી લઇ અંદર ખાંડ, ચાની ભૂકી ને દૂધ નાખી તુરત એકાદ ઘુંટડો પી લઉં છું. અને તે પછી ફરી એને ઝાળ ઉપર ધરી રાખી મોઢું ને ગળું દાઝે એટલી હદ સુધી ગરમ કરી લઉં છું. એ ચાનો પ્યાલો પેટમાં રેડીને સુરક્ષિત બન્યા પછી હું ઉપર નિરીક્ષણ કરવા જવા તૈયાર હોઉં છું.

આઠ વાગ્યા પહેલા થોડીક મિનિટે હવાનું દબાણ નોંધ્યું. (૨૮-૭૯ ઇંચ હતું) પવન સામે ઝીક ઝીલે એવો કોટ ચડાવતા ચડાવતા થર્મોગ્રાફ જોઇ લીધું—ઉપર હવામાન -૪૦° જેટલું હશે. ચાંપબત્તીની અંદરની બેટ્રીઓ થીજી ન જાય એ માટે એને એક બે મિનિટ પ્રાઇમસ પર ગરમ કરી લીધી. બત્તીનું અજવાળું ફેંકયા વિના જ ઘોર અંધારી પરશાળમાં થઇને નિસરણી પર ચડી ગયો. એ નાનકડો રસ્તો તો અંધારે પણ હું વટાવી શકું છું—કેબીનના બારણા બહાર એક પગલું ભર્યા પછી બે પગલા ડાબી તરફ ચાલવાનું ને પછી છ પગથીઆ નિસરણીના ચડવાના.

ઉપલું બારણું સહેજ ચોંટી ગયેલું હતું. બીજીવાર જોરથી ધક્કો માર્યો એટલે હિમકણોનો વરસાદ મારા ગળા ઉપર પડયો ને શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઇ. હજી તદ્દન અંધારૂં જ હતું પણ ધુમ્મસ ઠેઠ જમીન સુધી પથરાયેલું હતું તેથી દિવસ ભુખરો લાગતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમરજની આછી વાછટ મોઢા ઉપર પડયા કરતી હતી. 'દિવસ' ને 'રાત' શબ્દો વાપરવાનું હું હજી ચાલુ રાખું છું કેમકે એ સિવાય બીજા કોઇ શબ્દો જડતા નથી બાકી તો આજ સવારે આખા હિમપ્રદેશ ઉપર જે ઘેરો પડદો બીછાયેલો પડયો હતો એના વર્ણન માટે 'દિવસ' શબ્દ તદ્દન અર્થહીન જ લાગે છે.

હવામાન રાત દરમ્યાન -૪૬° થી ઉપર નહોતું ચઢ્યું અને ઉતરીને -૪૮-૫° સુધી જ ગયેલું. એ માપવાના યંત્રની સળી બરોબર ગોઠવી લીધી અને એના ઉપર જામેલા બરફનું પડ ખીસામાં રાખેલ નાના બ્રશથી ખેરવી નાખ્યું. આકાશ વાદળથી કેવુંક ઘેરાયેલું છે, ધુમ્મસ અને પવન સાથે આવેલ હિમરજનું પ્રમાણ કેટલું છે વગેરેની નોંધ કરી લીધી. કૂલ પાંચ મિનીટથી વધારે ઉપર નહિ રહ્યો હોઉં પણ ભારે વાવાઝોડાની તૈયારી થઇ રહી છે એમ નક્કી કરી લેવા માટે એટલો વખત પૂરતો હતો.

પ્રાઇમસની ગરમી કેબીનમાંની ઠંડીને હજી નસાડી મૂકી શકી નહોતી પણ તો યે પ્રમાણમાં વાતાવરણ કંઇક હુંફાળુ ને ગમે એવું બન્યું હતું. આવીને તુરત જ એક મીણબત્તી સળગાવી ઓરડાના મધ્યભાગને અજવાળવા ટેબલ ઉપર મૂકી. ઉપર જવા માટે પહેરેલ કોટ ઉતાર્યા વિના જ, ઊભા ઊભા, એકઠી કરેલી માહિતી એક કાગળ ઉપર ટપકાવી લીધી–બેસવાનો પ્રયત્ન કરવાનું મન થાય એટલી યે ગરમી હજી આવી નહોતી. બીજો એક પ્યાલો ચા તૈયાર કરીને ચડાવી. ચાનો પ્યાલો ને પત્થર જેવું કડક એકાદ બીસ્કીટ એ જ મારો સવારનો નાસ્તો હોય છે.

સવારના સાડાઆઠ. ડોલમાં થોડોક બરફ ઓગાળ્યો હતો એનું પાણી હાથ ધોવા માટેના વાસણમાં કાઢી લીધું અને બરફનો

૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો ટૂકડો અંદર મૂકયો. વાળુ વખતે શું ખાવું છે તે નક્કી કરી એને અંગેની ચીજો પ્રાઇમસ પાસે રાખી ગરમ કરવાનો વખત થઇ ગયો ગણાય. વટાણાનો સૂપ, સીલનું માંસ અને ધાનની રાબ–આ ત્રણ વસ્તુ ઉપર પસંદગી ઉતરી. માંસની પેટીમાંથી સીલના માંસનો પાંચ ઇંચનો એક કાળો એવો કટકો કાઢી એને પ્રાઇમસ પાસે એક ખીલી સાથે લટકાવ્યો. ધાનના ડબ્બાને ઠંડાગાર ખૂણામાંથી ઉપાડી પ્રાઇમસ પાસેના ઘોડામાં મૂકયો. પ્રાઇમસની ટાંકીને દર ત્રીજે દિવસે ભરવી પડે છે. આજે એનો વારો છે. ઝાળ ઉપર ઢાંકણું ચડાવી દઇ ટાંકીને ભોંયરાના દૂરને છેડે લઈ ગયો–ભીંતમાં ખોસેલ એક લાકડીનો બત્તી ટાંગવા માટે ઉપયોગ કરી આછા અજવાળામાં પીપની નળી શોધી કાઢીને ગોઠવી દીધી. ટાંકી ભરાય એની રાહ જોતાં ઉપરનું છાપરું તપાસી લઇ, ફરીથી નીચે બેસવા તો નથી માંડયું ને એની ખાત્રી કરી લીધી. બધું બરોબર હતું.

લગભગ નવ વાગ્યે રેડીયો સંપર્ક સાધવા માટેની કડાકૂટ શરૂ કરી. દસ વાગ્યાના 'નિરીક્ષણ' માટે એમાંથી વખતસર માંડ પરવારી શકયો. 'નિરીક્ષણ'માં કંઇ નવું ન નીકળ્યું: આકાશ વાદળાંઓથી એવું ને એવું ઘેરાયેલું પડયું છે. એ પછી રેડીયોની ચાવી ફેરવી તો ડાયરનો અવાજ સંભળાયો. આજે બહુ રસિક વાર્તાલાપ થયો. અહીં આવવા લીટલ અમેરિકા છોડયું તે પહેલાં જ વસંત ઋતુના કાર્યક્રમની સામાન્ય રૂપરેખા તો અમે નક્કી કરી નાખી હતી પણ ઝીણવટભર્યા અભ્યાસ ને અંતે કેટલાક ફેરફારો જરૂરી લાગવાથી, વિજ્ઞાન વિભાગના સાથીઓ સાથે ચર્ચા કરી લીધા પછી આજે ચાર્લીએ એ વાત છેડી. એમણે સૂચવેલા ફેરફાર મને બરોબર લાગ્યા. રેડીઓ વાર્તાલાપ બંધ કરતાં પહેલાં ડાયરે મારા ઘડીઆળનો સમય બરોબર મૂકાવરાવ્યો. એણે યુનાઇટેડ સ્ટેટસની નિરીક્ષણ શાળા સાથે પોતાનું ઘડીઆળ મેળવી લીધેલું. મારું એક ક્રોનોમીટર બે મિનીટ ને દસ સેકન્ડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ હતું, બીજું ૩૧ સેકન્ડ આગળ હતું ને ત્રીજું એક મિનીટ ને વીસ સેકન્ડ પાછળ હતું. મારા રજીસ્ટરમાં મેં આ નોંધી લીધું. મારા નિરીક્ષણોને લીટલ અમેરિકાના નિરીક્ષણ સાથે સરખાવવા માટે ચોક્કસ સમય જાણવો જરૂરી હતો. ત્રણે ક્રોનોમીટરને બરોબર ચાવી દીધી.

રેડીઓ સંપર્કનું પત્યા પછી એક કલાક પેલા 'છટક્બારી' વાળા ભોંયરાને આપવાનો હતો. ત્રીજા ભાગનું કામ થયું છે-ચોક્કસ કહું તો તેર ફૂટ. રોજના એક ફૂટની ગણત્રી હતી એ જોતાં તો હું બહુ પાછળ રહી ગયો છું પણ એમાં દુઃખતા બાવડાનો દોષ ઠીકઠીક છે. વધારાની ચોપડીઓ માટે ટાંકુ કાપી કાઢવાનું કામ આજે પૂરું થયું. બીજા સામાન માટે પણ એવા ટાંકા ભોંયરામાં તૈયાર કરવાની ઇચ્છા છે. કેબીનમાં તો એક ઈંચ જેટલી પણ ખાલી જગ્યા નથી-કારણ કે ભોંયરામાંની પેટીઓમાંથી હું ઘણી બધી ચીજો લાવીલાવીને અહીં ખડકું છું. માત્ર એક માણસને અને એના વૈજ્ઞાનિક થાણાને નભાવવા કેટકેટલી ચીજો—કપડા, ખોરાક, હથીઆરો સાધન-સામગ્રી વગેરે જોઇએ છે! આસપાસ નજર ફેરવી જોતાં હું તો દિંગ જ થઇ ગયો. આમાંનો ઘણો સામાન કેબીન બહાર પરશાળ કે ભોંયરામાં રાખી શકાય તેવો છે પણ જરાક કંઇક જોઇએ ત્યારે ભોંયરા સુધી જવું આવવું પડે એ કંટાળાજનક લાગે છે...

બાર ને એકની વચ્ચે રોજ મુજબ આજે પણ કામની ભીંસ હતી. બપોરે બાર વાગે રજીસ્ટરની કલમમાં શાહી પૂરી, કાગળ બદલ્યા ને યંત્રને ચાવી દીધી. કલમનું કામ અનિયમિત થઇ ગયું હતું-ક્યાંક સાંધ ઢીલી પડી ગઇ હશે. ગળામાં નાખેલ વાળા સાથે ભરાવેલી ચાંપબત્તી તેમજ બ્રશ અને છરીથી સજ્જ થઇ ઉપર ગયો. ને વાંસડા ઉપર ચડી જઇ પવનચક્રી આસપાસનો બરફ સાફ કર્યો. બધી સાંધો સાફ કરી પ્યાલીઓ બરોબર ગોઠવી દીધી.. એ બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં કરતાં આંગળાને મોઢા ઉપર ત્રાસ વરસાવતી ઠંડીને ગાળો દેવાઇ જતી હતી.

એક વાગે તેજ રંગોનું નિરીક્ષણ કરવાની જરૂર ન પડી; આકાશ એવું ને એવું ઘેરાયેલું પડયું હતું. પણ અંદરના થર્મોગ્રાફને ચાવી દેવાનો ને એનો કાગળ બદલવાનો વખત થયો હતો એટલે એ પતાવીને પછી જ બપોરનો રોંઢો કરવા બેઠો. સમરસેટ મોઘામનું Of Human Bondage અડધું વંચાઇ ગયું છે. જમતા જમતા એનું એક પ્રકરણ વાંચ્યું. એકલા મુંગા મુંગા જમી લેવામાં કંઇ આનંદ નથી પડતો એટલે જમતી વખતે વાંચવાની ટેવ પાડી દીધી છે. એમ કરવાથી થોડોક વખત મારી જાતને તદ્દન ભૂલી જઇ શકું છું. જે દિવસે વાંચતો નથી તે દિવસે જાણે કોઇ જંગલ આદમી માંસનો ટૂકડો ચાવી રહ્યો હોય એવું લાગે છે.

જમવાનું પત્યા પછી થોડીક વારે જ એક જબરદસ્ત ધડાકો થયો–જાણે કેટલાય ટન દારૂગોળો ફૂટયો હોયને. અહીંની નિરવ શાન્તિને ભેદી ને ઊઠેલો એ અવાજ અમંગળસૂચક જ હતો છતાં મારે કબુલવું જોઇએ કે એકધારા વાતારણમાં ફેર પાડનારી કોઇ પણ વસ્તુ મને તો આવકારપાત્ર જ લાગે છે. જાણે કે નીચલી ધરતી સહેજ હલતી હોય એવું મને લાગ્યું. ફાનસનું કકું જરાક ખખડયું. ઉપર ખીલીએ લટકાવેલી ચાંપબત્તી જરાક ડગી એવું પણ લાગ્યું. હિમપ્રદેશના ભૂકંપ તરીકે ઓળખાતો આ કંપ હતો—ઠંડીને કારણે સંકોચાઇને કેટલોય પ્રદેશ ઊંડો ઉતરી જાય છે એથી આમ બને છે.

ઉપર જામેલી હિમરજ પાવડેથી દૂર કરવાનો અડધો કલાકનો કાર્યક્રમ હતો. ઉપર જતાં ડોલ હાથમાં લઇ લીધી. અંદરનું પાણી થીજી ગયું હતું. દૂર જઈને એ નાખી આવ્યો–પવન સાથે આવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમરજ એની આસપાસ જમા ન થાય એ માટે પવન જતો હોય એ જ દિશા એને નાખવા માટે પસંદ કરવાનું ભૂલ્યો નહોતો. સપાટી સરખી કરવાનું અડધા કલાકનું એ કામ પતાવીને નીચે આવતી વખતે હવા આવવા જવાનું ભૂંગળું બહાર ખેંચી કાઢી લેતો આવ્યો. પ્રાઇમસ ઉપર એને ગરમ કરી અંદરનો બરફ જરાક ઢીલો પડયો એટલે લાકડી વતી ખેરવી કાઢયો.

એ પૂરું થયું એટલે એક કલાકની નવરાશ મળી. એ નવરાશના વખત દરમ્યાન કાચી નોંધોને પાકા ફોર્મ ઉપર નોંધી કાઢી. ચાર વાગવા આવ્યા એટલે પવનમાં પહેરવાના કોટ પાટલુન ચડાવી તેજ રંગોના નિરીક્ષણ માટે ઉપર ગયો. આકાશને ઘેરીને પડેલા વાદળા સહેજ આછા થયા હતા, બરફ વરસતો અટકયો હતો પણ સહેજ પીળાશભર્યા આછા પ્રકાશ સિવાય બહુ ફેર પડયો નહોતો. તેજ રંગ-નિરીક્ષણ ખાતા માટે નીરાંતનો દિવસ છે એમ મનને કહીને મેં રોજ મુજબ આંટા મારવાનું શરૂ કરી દીધું.

ધુમ્મસ હતું અને વાવાઝોડું આવશે એવી બીક લાગતી હતી એટલે બહુ દૂર ન જવું એમ નક્કી કર્યું. નવરાશ હોય ત્યારે એકથી બે કલાક આંટા મારવાનો મેં રિવાજ રાખ્યો છે. એથી કાર્યક્રમમાં કંઇક નવીનતા લાગે છે ને એક રીતે કસરત પણ મળી રહે છે. ચાલતા ચાલતા થોડા થોડા અંતરે હું ઘુંટણ વાળું છું અથવા નીચે નમું છું અથવા તો એવી જ કાંઇક મન પસંદ અંગ—કસરત કરૂં છું, પણ આજે મેં મારી જાત પ્રત્યે ઉદારતા દાખવીને એવું કંઇ ન કર્યું. શ્વાસ લઉં છું ત્યારે ફેફસામાં થોડીક પીડા થાય છે,— ૧૮ મી એ મને બરોબર ખ્યાલ ન આવ્યો પણ મેં ફેફસાને જરા વધારે પડતા ઠીંગરાવી નાખેલા.

આંટા મારવાના કાર્યક્રમનો પાછલો અડધો વખત આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસમાં મારે મન સૌથી વધુ સરસ હોય છે—એ વખતે મારું મન તદ્દન શાન્તિ અનુભવે છે. જીવન અને કુદરત વિષેના વિચારો એટલી સરળતાથી મનમાં વહેતા હોય છે કે જાણે આપણે વિશ્વસાગરના વિશાળ પ્રવાહ સાથે તન્મય બની એમાં તરી રહ્યા હોઇએ એવો આભાસ થાય છે. એ સમયે હું એક પ્રકારની માનસિક ઉર્ધ્વતા અનુભવું છું-જો કે મારા વિચારો તો સામાન્યતઃ વ્યવહારુ અને ઐહિક બાબતો વિષેના જ હોય છે. ગઇ કાલે રાત્રે સૂતા પહેલાં સંતાયનાનું Soliloquies of England (મૈત્રી વિષેનો એક નિબંધ) વાંચ્યું. એ પુસ્તક વિષે તથા સામાજિક સંબંધોની રચના તેમ જ મૈત્રીનું ઘડતર મારા જીવનમાં કેવી રીતનું થયું છે એ વિષે આજે આંટા મારતી વખતે વિચારો કર્યા. વિશ્વાસભંગ, નિરાશા, કડવાશ વગેરેથી ખરડાયેલી ઘેરી બાજુના વિચારો કરવાનું પ્રયત્નપૂર્વક બંધ રાખેલું.

નીચે જવાનું નક્કી કરતા પહેલાં આમથી તેમ ઘણાં આંટા માર્યા. બહુ અંધારૂં થઈ ગયું હતું, તદ્દન નજીક ન આવ્યો ત્યાં સુધી કેબીનની ઉપરના ભુંગળા કે વાંસડામાંનું કંઈ કળાતું નહોતું; એટલે ચાંપબત્તીને અજવાળે જ ચાલવાનું પૂરું કર્યું. નીસરણી ઉતરતા એક પગથીઉં ડગમગતું જણાયું એટલે આવતી કાલે એને સમું કરવાનું મનમાં ઠરાવી લીધું. વજનદાર કપડા ઉતારીને પછી રોજ મુજબ ગેસોલીનનો દીવો પેટાવવાનું હાથ ધર્યું. પેલા તોફાન-દીવા કરતાં આનો પ્રકાશ બમણો તેજસ્વી હોય છે ને ઓરડાના એકેએક ખૂણામાં એ પથરાય છે. પણ એમાં ઘણું બધું ગેસોલીન ખપી જાય છે ને એક પ્રકારની અણગમતી વાસ આવે છે એટલે બને એટલી કરકસર-પૂર્વક એનો ઉપયોગ કરવાનું ઠરાવવું પડ્યું છે. પણ તરસ્યો માણસ પાણી માટે તલપે એવી જ તલપ હું પ્રકાશ માટે અનુભવું છું અને રાતના અંધારા વખતે આ દીવો ઝગતો હોય છે એથી મારું મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ભારે મોટો ફેર અનુભવે છે. જાણે હું કોઈ માલદાર શેઠીઓ હોઉં એવું લાગે છે.

પાણીની ડોલમાં આંગળી બોળી જોઈ તો એ વાળુના કામ માટે બરોબર તૈયાર લાગ્યું. વાસણોનો ભારે ખડખડાટ મચાવી મૂકી મેં વાળુ તૈયાર કરવા માંડ્યું: વટાણાનો સૂપ, શેકેલું કુણું સીલ–માંસ અને વધારામાં ધાન, ચા, ભૂકીમાંથી તૈયાર કરેલું દૂધ અને એ પછી ડબ્બામાં પેક કરીને સાચવેલા ચીકુનો ફળાહાર. વાળુ પતાવી લઈને ફળાહાર શરૂ કરતાં પહેલાં સાત વાગ્યાના 'નિરીક્ષણ' માટે ઉપર જઈ આવ્યો. આકાશ થોડાક ભાગમાં સાફ થયું હતું. આકાશના નૈરૂત્ય ને ઇશાન ખૂણા તરફ આછો એવો પ્રકાશનો પટ્ટો પથરાયો હતો, પણ એમાં રંગ કે જીવન બહુ ઓછાં હતાં. નીચે આવી એ માહિતી રજીસ્ટરમાં બરોબર નોંધી લીધી.

ફળાહાર પતાવી લીધો એટલે રકાબીઓ અને પુસ્તકને એક કોર હડસેલી દઈ પાને રમવાનું ટેબલ પાસે લીધું. બે ત્રણ બાજી રમ્યો પણ એકેયમાં ફાવ્યો નહિ. એક માર્કનો એક ડોલર ગણીએ તો મેં મારા કલ્પિત હરીફ પાસે પંદર ડોલરની હાર ખાધી. પાને રમવાનું પૂરું કર્યા પછી અહીંની મારી દુનિયામાં મોજમજાહના એક માત્ર સાધનરૂપ સંગીત તરફ વળ્યો. ગ્રામોફોન ઉપર રેકર્ડ ચડાવી, ચાવી દીધી ને તુરત પેલી રકાબીઓ વગેરે સાફ કરવાનું હાથ ધર્યું—ગ્રામોફોનની ચાવી પૂરી થઈ જાય તે પહેલાં એ કામ પતાવી નાખવાનો મેં રિવાજ રાખેલો આજે ગ્રામોફોન ચાવી દેવા છતાં ચાલ્યુ નહિ; અંદરનું તેલ થીજી ગયેલું એટલે એને પ્રાઇમસ પાસે રાખી ગરમ કરવું પડ્યું—ધીમે ધીમે એ ચાલતું થયું ને બરોબર કાંટે આવ્યું એટલે તુરત એને ટેબલ પર મૂકી હું પેલી રકાબીઓ તરફ વળ્યો. આજે એ રકાબીઓનું કામકાજ ગ્રામોફોનની ચાવી પૂરી થયા પછી પણ પંદર સેકન્ડ ચાલ્યું;—ગરમ થતાં થતાં જે થોડુંક એ ચાલવા લાગેલું એનો એને લાભ મળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજનીશીમાં આટલું લખવા જતાં આઠ વાગ્યે કરવાના નિરીક્ષણને તો હું લગભગ ભૂલી જ ગયો હતો. એકદમ યાદ આવી ગયું એટલે ઝડપથી કોટ, કાનટોપી ને હાથ-મોજા ચડાવી લઇ ઉપર પહોંચી ગયો. આકાશ તો એવું જ ઘેરાયેલું હતું, હવામાન –૫૦° હતું, પવન ધીમો અને વાયવ્ય તરફથી જ આવતો હતો. છતાં મને તો હજુયે વાવાઝોડાની ગંધ આવતી હતી. નિરીક્ષણનું પતાવીને કેબીનની હુંફમાં આવી જતાં મને ખરેખર આનંદ થયો.

દિવસનું બધું કામ હવે પૂરું થઇ ગયું ગણાય—બાકી માત્ર દસ વાગ્યે કરવાનું નિરીક્ષણ રહ્યું છે. બાકી રહેલા થોડાક કલાક ગ્રામોફોન વગાડવામાં ને આ રોજનીશી પૂરી કરવામાં જશે...હમણાં જ મારું રાત્રિ-સ્નાન પતાવ્યું—આખા શરીરનું નહિ પણ ત્રીજા ભાગનું જ. રોજ રાત્રે હું શરીરનો ત્રીજો ભાગ સાફ કરૂં છું-દરેક ભાગનો વારો ત્રીજે દિવસે આવે એવી રીતે મેં શરીરના ભાગ પાડી નાખ્યા છે. એ મનસ્વી ભાગલા હું કેમ નક્કી કરી શક્યો એની મને ખબર નથી પણ મારું મન સ્નાનક્રિયા આમ હપ્તે હપ્તે થાય એમાં વાંધો નહિ લે એમ સમજી ગયા પછી જ એ રીત મેં સ્વીકારી હશે. પહેલી વાર લીટલ અમેરિકાની સફરે આવ્યો ત્યારથી જ મેં આ રીત અખત્યાર કરેલી ને મને તે સંતોષકારક લાગી છે. મારું શરીર ખરેખર જરાય ગંદુ નથી રહેતું. આ હિમપ્રદેશ ગૌરીશંકર શિખર જેટલો જ સ્વચ્છ હોય છે તેમ છતાં પડી ગયેલી ટેવોને સંતોષવી જ પડે છે, અને સાચી વાત તો એ છે કે સ્નાન કરવામાં કંઇક જરા નવો કાર્યક્રમ મળી રહે છે ને ન્હાયા પછી શરીર તાજગી અનુભવે છે.

અત્યારે લગભગ મધરાત થવા આવી છે. બસ થોડી વાર પછી હું પથારીમાં પડવાનો. હવે હું શું શું કરવાનો એનો મને બરોબર ખ્યાલ છે. તારીખિયામાંથી આજના દિવસને લીધો મારી એકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખીશ, સવારની ચા માટે બરફ ને આલ્કોહલની ટીકડીઓ ટેબલ ઉપર મૂકી દઈશ અને બધા યંત્રો બરાબર ચાલે છે કે કેમ એ જરા જોઇ લઇશ. આટલું પતી જાય એટલે બહાર આકાશના તેજ-રંગોમાં કંઇ અસાધારણ ફેરફાર તો નથી થયોને એ તરફ અંદર રહ્યા રહ્યા જ એક નજર નાખી લઇશ ને પછી ઉપલું બારણું બરાબર વાસી દઇશ...પછી કપડા બદલી નાખીશ, મોટો દીવો બુઝાવી નાખીશ પ્રાઇમસ બંધ પાડી દઈશ, કેબીનવાળું બારણું ખુલ્લું મૂકી દઇશ ને ઝડપથી કૂદકો મારી સૂવાના કોથળામાં પેસી જઇશ. તોફાન દીવો માથા ઉપરના ખીલેથી આછો પ્રકાશ આપતો હશે. ઓરડામાં ગરમી રહેશે ત્યાં સુધી પડયો પડયો વાંચીશ;–આજ રાત્રે Life of Alexander (એલેકઝાન્ડરનું જીવન) નો બીજો ભાગ વાંચવાનો છે. એ લગભગ પૂરો થવા આવ્યો છે. ગરમી ઓછી થવા લાગશે ને હાથ ઠરવા માંડશે એટલે પેલો તોફાન દીવો પણ બુઝવી નાખીશ–પણ બુઝવી નાખતાં પહેલા ખાત્રી કરી લઇશ કે ચાંપ બત્તીને સૂવાના કોથળામાં લઇ લેતા ભૂલી તો નથી ગયોને. એ બત્તી ત્યાં મારા શરીરની હુંફને લીધે ઠીંગરાઇ જતી બચશે.

ઘેર જેમ કોઇ કોઇ વાર પરાણે ઊંઘવાનો પ્રયત્ન કરું છું તેવું અહીં નથી કરતો. અહીંનું મારું જીવન એક રીતે પ્રયોગ રૂપે ગાળું છું એટલે શરીરને એની કુદરતી સમતા આપોઆપ સાધી લેવા દઉં છું. સામાન્ય રીતે ઉંઘ આવી જતાં બહુ વાર નથી લાગતી. પણ પથારીમાં પડયા પછી ઉંઘ આવે ત્યાં સુધીની અર્ધ સ્વપ્નાવસ્થાની એ થોડીક પળોમાં તો માણસ આખી જીંદગી જેટલું જીવી કાઢે છે–મનની સતત બદલાતી રહેતી વિવિધ ઇચ્છાઓને સંતોષવા જીવનની મનફાવતી પુનઃગોઠવણી કરીને એ વખતે જીવી લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્યું હતું તેમ ૨૩ મી ને સોમવારે બરફનું વાવાઝોડું આવ્યું જ. ઉપરની પેલી પ્યાલીઓના ખખડાટથી હું જાગી ઊઠયો. ઉપર જવાનું બારણું ઊંચું કર્યું તો પવન અંદર ધસી આવ્યો ને હિમરજનું ઝાપટું વર્ષ્યું. કેબીનની અંદરની ગરમીને તો એ પવન ઓહિયાં કરી ગયો એટલે શરીર હુંફાળું રહી ન શક્યું; પવનને કારણે પ્રાઇમસની ઝાળ પણ ધ્રુજવા લાગી. કેબીનને ઉપલી સપાટીથી નીચે ખાડામાં ઉતારીને ગોઠવી હતી અને ભોંયરાઓમાં તો ઉપર બે ફુટ જેટલો થર હતો છતાં પવનની અસર ધીમે ધીમે ભોંયરામાં પણ પેસવા લાગી.

એપ્રિલના બાકીના દિવસો કાંઠે પહોંચવા આવેલ વહાણની ઝડપે પસાર થઈ ગયા. ૨૩ મી થી ૨૯ મી સુધી પવન ઠીક ઠીક ફુંકાતો રહ્યો;–કલાકના ૨૭ માઇલ કરતાં તો એનો વેગ ક્યારે ય વધ્યો જ નહોતો પણ ૧૫ માઇલની ઝડપ થાય ત્યારથી જ એ હિમરજ ઉડાડવા લાગે છે ને ૨૦ માઇલ જેટલી ઝડપ થાય ત્યારે તો એ હિમરજથી સારી રીતે ભરાઇ જાય છે એટલે એ દિવસોમાં ઉપર જવું જરાય ગમે તેવું નહોતું રહ્યું. આંટા મારવાનું બંધ રાખવું પડેલું. પવન ઠીક ઠીક મંદ હોય એ દિવસોમાં પણ ભુખરા રૂ જેવું ધુમ્મસ સવાર સાંજના વાતાવરણને ઘેરીને પડયું રહેતું ને મધ્યાન્હ વખતે પણ ઉત્તર ક્ષિતિજ તદ્દન આછી રતાશ પામતું. આ દિવસો દરમ્યાન પેલા છટકબારીવાળા ભોંયરાનું કામકાજ કર્યે રાખ્યું. જમણો હાથ લગભગ સાજો થઈ જવા આવ્યો હતો. રેડીઓ મારફત જાણ્યું કે લીટલ અમેરિકામાં તો વાવાઝોડાનો ઝપાટો ભારે જોરદાર છે ને તેથી બહાર નીકળી કંઇ કામકાજ કરી શકાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦ મી એપ્રિલ :

આજે સરસ મજાનો ઉઘાડ નીકળ્યો છે. સાંજે ફરવા (આંટા મારવા) નીકળ્યો ત્યારે ચંદ્ર એટલો બધો પ્રકાશી રહ્યો હતો કે કાંડા ઘડીયાળનો સેકંડ કાંટો પણ બરોબર જોઇ શકાતો હતો. આખું આકાશ પ્રકાશથી ન્હાઇ રહ્યું હતું અને આસપાસનો હિમપ્રદેશ પણ જાણે પોતાનો જ આછો પ્રકાશ પાથરી રહ્યો હોય એવો લાગતો હતો. શરૂઆતમાં તો કયાંય એકે વાદળું નહોતું દેખાતું ને તારાઓ તો અકુદરતી લાગે એટલા બધા પ્રકાશતા હતા. બરોબર માથા ઉપર વિશાળ ઈંડાકારે તેજઆભા પથરાઇ હતી. ઉત્તરથી દક્ષિણ સુધીનો આકાશનો આખો પટ એણે રોકી લીધો હતો. ધ્રુવબિંદુ તરફથી મંદ મંદ પવન વાઇ રહ્યો હતો ને હવામાન –૪૦° થી –૫૦° વચ્ચે હતું. આ તરફના પ્રદેશમાં કુદરત જ્યારે પોતાનું બધું સૌંદર્ય સજે છે ત્યારે પવનને જાણે શાન્ત રહેવાનું કહી દે છે. આકાશમાંની ઈંડાકાર તેજ આભાએ પોતાનો આકાર ફેરવી નાખી એક લાંબા મહાકાય અને ચકચકીત સર્પનું રૂપ ધારણ કર્યું. દક્ષિણ દિશામાં ધ્રુવને આવરી લેતો એક તેજસ્વી પડદો પથરાઇ ગયો. એક પછી એક તારાઓ અદૃષ્ય થવા લાગ્યા—જાણે પેલો સર્પ એ બધાંને ગળી ગયો. ભારે મોટું કરૂણ નાટક ભજવાઇ રહ્યું હોય ને આસુરી બળોના પ્રતિનિધિરૂપ સર્પ સૌંદર્યનો નાશ કરી રહ્યો હોય એવું લાગતું હતું.

એકાએક એ સર્પ અદૃષ્ય થઇ ગયો. ક્ષણેક પહેલાં જ જ્યાં એ સામ્રાજ્ય જમાવીને પડયો હતો ત્યાં સ્વચ્છ આકાશ ઉઘડી આવ્યું, તારાઓ કદી ઝાંખા જ ન થયા હોય એમ પ્રકાશવા લાગ્યા. પૂર્વાકાશનો પેલો પટ્ટો પણ ખસી ગયો ને જાણે આડો આવતો પડદો ખસી ગયો હોય તેમ ધ્રુવ તરફથી આવતા મંદ પવનની ગતિ વધવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. અન્ય માનવીઓ માટે દુર્લભ-અપ્રાપ્ય એવું અનેરૂં દૃષ્ય જોવા પામ્યો હોઉં એવી લાગણી હું અનુભવી રહ્યો.

*

પણ આવી તન્મયતા તો થોડોક વખત જ ટકતી. ભારેમાં ભારે મસ્ત અવસ્થામાં પણ હું એ લાગણીથી તદ્દન મુક્ત નહોતો રહી શકતો કે મારા પગ નીચે પોલાણ હોવાનો સંભવ છે-જેમ પર્વતની ટોચે પહોંચવા પ્રયત્ન કરનાર માણસ ક્ષણેક સૂર્યાસ્તનું સૌંદર્ય જોવા તરફ નજર ફેરવે ત્યારે પણ પગની સ્થિરતા જાળવવામાં એનું મન રોકાયેલું હોય છે જ એના જેવી મારા મનની સ્થિતી હતી. એપ્રિલ મહિનામાં પણ એવો ભાગ્યેજ કોઇ દિવસ ગયો હશે કે જ્યારે એકાંત જીવનના જોખમોનો ભાર મારા મન પરથી હળવો થયો હોય. પ્રાઇમસના, હવા આવવા-જવાના અને રેડીઓના ભુંગળાઓમાં બરફ હંમેશ જામી જતો ને તેથી ઓરડામાં ગુંગળામણ વધતી. સાંજે બહાર આંટા મારવા એ જ ત્યાંના જીવનમાં મુખ્ય આનંદનો વિષય હતો છતાં એ વખતે પણ કેબીન નજર બહાર જતી રહેશે તો આ હિમપ્રદેશ પર આથડી આથડીને મરી જવાનો એ ભય સતત રહ્યા કરતો. આસપાસના ભાગમાં કોઇ નિશાની નહોતી અને અચાનક પવન ફુંકાવા લાગે કે ધુમ્મસ ઉતરી પડે તો તો મારે ભૂલા પડવાનો સંભવ ઘણો વધી પડે તેમ હતું-અને એમ ભૂલા પડવાનું કોઇ કોઇ વાર બનેલું પણ ખરૂં.

આવા જોખમોથી ભરપૂર જીવનને સહ્ય બનાવે તેવો મનુષ્યમાં એક ગુણ છે-માણસનો સ્વભાવ જ એવો છે કે કોઇ પણ વાતનો ભાર એના મન ઉપર કાયમ નથી ટકતો. વખત જાય તેમ એની માત્રા ઘટતી જ જાય છે. અચાનક મૃત્યુ આવી પડવાનો ભય માણસ ને થોડોક વખત ત્રાસ આપી શકે છે પણ પછી તો એ ભયને પણ તે વિસારી મૂકી શકે છે...હું ને બેનેટ ઉત્તર ધ્રુવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ જઇ રહ્યા હતા ત્યારે અડધે રસ્તે જ અમારા વિમાનના એંનજીનો નાનકડો વિભાગ તૂટી પડયો ને અંદરથી તેલ બહાર ટપકવા લાગ્યું. એનેટનું મોઢું ધોળું પૂણી જેવું થઇ ગયું ને મારા ગળામાં ડૂમો ભરાઇ આવ્યો. પણ થોડીક વારમાં જ એ લાગણી દૂર થઇ ગઇ. પરસ્પર વાતચીત કરવા રાખેલ કાગળ ઉપર લખીને મેં એને સૂચવ્યું કે "તું તારે સ્થિરપણે ચલાવ્યે રાખ" એનેટે પણ ઠેઠ ૨૦૦૦ ફુટ નીચે જઇ પડેલ પેલા ટૂકડા પ્રત્યે મ્હોં મચકોડીને દાંતીઆ કરવા જેટલી સ્થિરતા મેળવી લીધી. કાં તો અમે નીચે જમીન ઉપર મુકામ કરીએ તે પહેલાં બધું તેલ ટપકી ખલાસ થઇ જશે અથવા તો નહિ થાય; એમાંથી જે થવાનું હશે તે થશે, બાજી અમારા હાથમાં નથી રહી...એકાએક પવનનું મોજું આવ્યું ને એનેટનું મન એના સૂકાનમાં પરોવાઇ ગયું ને હું મારા કામમાં ગુંથાઇ ગયો...અને પછી તો ભાગ્યે જ પેલા ટપકતા તેલ તરફ અમારું લક્ષ્ય ગયું હશે.

ભય અને દુઃખ એ બહુ જ ચંચળ લાગણીઓ છે, એ એટલી જલ્દી વિસારે પડી જાય છે કે હું તો મારી સાથે કામ કરનારાઓના મગજમાં સતત સાવચેત રહેવાની પરમ આવશ્યકતા ઠસાવવા થાય તેટલું કરતો આવ્યો છું. જરાક બેદરકાર બનાય તો પછી વાત વિસારે પડી જાય ને અચાનક જ જોખમમાં મૂકાઇ જવાય એ વાત હું પોતે તો સતત ધ્યાનમાં રાખ્યા કરતો.

ત્યાંના મારા જીવનમાં ત્રણ જોખમો સૌથી વધુ મહત્વના લાગતા હતા—એક આગનું, બીજું ફરવા જતાં ભૂલા પડી જવાનું અને ત્રીજું ઘાયલ થઇ કે માંદા પડી જઇ અશક્ત બનવાનું. આમાંના ત્રીજા જોખમ માટે કોઇ પ્રકારની પૂર્વ તૈયારી કરી શકાય તેમ નહોતું—એના આવવાની આગળથી ખબર પડે તેમ પણ નહોતું. આ ત્રણે જોખમો વિષે મેં બને તેટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરી જોયેલો. મારી તબીઅત આમ તો બહુ સારી હતી. ન્યુઝીલાંડ છોડ્યું તે પહેલાં દાક્તરી તપાસ કરાવી એ વાતની પાકી ખાત્રી કરી લીધી હતી. કોઇ જાતનો રોગ થવાનો ભય તો નહોતો. રોગની દૃષ્ટિએ જોતાં તો ધ્રુવપ્રદેશ સ્વર્ગ સમાન ગણાય. મોટે ભાગે બરફથી જામેલા વિશાળ સાગરો આડા પથરાયેલા હોવાથી ઉત્તર તરફની જંતુથી ભરેલી સંસ્કૃતિથી તો એ પ્રદેશ મુક્ત જ રહે છે. ભય માત્ર આપણે સાથે લઇ જઇએ તે જંતુઓનો જ રહે. સખતમાં સખત ઠંડીમાં પણ ઉષ્ણ પ્રદેશોમાંથી સાથે લાવેલ મેલેરીઆની ધ્રુજારી અનુભવનારાઓને મેં જોયા છે. એક વખત તો લીટલ અમેરિકાની અમારી અડધી છાવણી ઇન્ફલુએન્ઝાથી પટકાઇ પડેલી અને ડૉક્ટરનો અભિપ્રાય એવો પડેલો કે જૂના કપડાની એક પેટી ઉઘાડવાને પરિણામે એની અંદરની હવાના જંતુ ત્યાં ફેલાયેલા. મારા એ થાણામાં કોઇ જંતુ રહી ગયા હશે તો પણ એ જંતુઓ ક્રિયાશીલ બની શકે એટલું હુંફાળું ત્યાંનું (મારી કેબીનનું પણ) હવામાન કદી થતું જ નહિ.

એક દાક્તર મિત્રની સહાય લઇ મેં સાથે એક વૈદકીય પુસ્તકાલય રાખેલું—એમાં વૈદકીય શબ્દકોષ પણ હતો, ગ્રેનું 'શરીરવિજ્ઞાન' પણ હતું ને સ્ટુમ્પેલનું 'વ્યવહારુ વૈદક' પણ હતું. ટૂંકમાં મહેનત લઉં તો એકેએક રોગના ચિન્હો-લક્ષણોથી માંડી ઉપાયો સુધી બધું જાણી શકું તેમ હતું. ઘેન આપવાની અને બેશુદ્ધ બનાવવાની દવાઓ પણ સાથે રાખેલી. વાઢકાપના સાધનો પણ પૂરતા પ્રમાણમાં હતા—જરૂર પડયે નાના એવા ઓપરેશનથી માંડીને આખો પગ કાપી કાઢવો હોય તો પણ સાધનો પૂરતા હતા. એ સાધનો કદી વાપરવાની તો મારી ઇચ્છા નહોતી જ પણ એ કેમ વપરાય એનો પણ મને બહુ ઓછો ખ્યાલ માત્ર હતો અને છતાં એ બધાને બરોબર સાચવીને મેં રાખેલા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કંઇ ગંભીર અકસ્માત થશે એમ મને નહોતું લાગતું. માણસનો સ્વભાવ જ એવો છે. વિમાનની સફરોને પરિણામે એક પ્રકારની સંપૂર્ણ તૈયારીઓ કરી રાખવાની ટેવ પડી જાય છે એ ટેવને કારણે જ મેં આ બધું સાથે રાખેલું ને એ ટેવને કારણે જ હું અકસ્માત આવવાનો છે એમ સમજીને વર્તતો. દા. ત. પ્રાઇમસ માટે તેલ કાઢતી વખતે હું ભોંયરાના આગળના ભાગના પીપમાંથી તેલ ન લેતાં દૂરના પીપોમાંથી જ લેતો–કદાચ શરીર એટલું અશક્ત થઈ જાય કે દૂરના ભાગ સુધી પહોંચી ન શકું તો એ વખતે નજીકના પીપ ભરેલા હોય તો સરળતા રહે...

આગ લાગવાનો ભય ખરેખર ગંભીર હતો ને એનો ભાર મારા મનમાંથી ખસતો નહિ. ' આગીઆ બોંબ ' (આગ બુઝવવા માટેના) મારી પાસે પુષ્કળ હતા; પણ ઠંડીને કારણે એમાંના ઘણાં ખરા તૂટી ગયા હતા, એટલે મને બીક રહ્યા કરતી કે જો આગ લાગશે તો તે કેમે ય ઠારી નહિ શકાય. આવો અકસ્માત થાય તો કામ આવે એ માટે બળતણ–તેલના ભોંયરાને છેક છેડે મેં પૂરતી સામગ્રી તૈયાર રાખી હતી—તંબુ, સૂવાનો કોથળો, રસોઇ કરવાનો સંચો, પ્રાઇમસ અને નિશાની કરી ખબર પહોંચાડવા માટેની પતંગ વગેરે...કદાચ કેબીન ગુમાવી બેસું તો ભોંયરાને થોડુંક ખોદી કાઢી એમાં તંબુ લગાવી દિવસો ખેંચી કાઢી શકાય એવી ગણત્રી પણ કરી રાખેલી. પણ આવી જરૂર ઉભી ન થાય એની હું પૂરતી તકેદારી રાખતો. કેબીન છોડી ઉપર આંટા મારવા જતી વખતે પ્રાઇમસ બંધ કરી દેવાની કાળજી રાખતો; રાત્રે સૂતી વખતે કોથળામાં પડ્યા પડ્યા વાંચવા લંબાવતી વખતે પણ પહેલેથી પ્રાઇમસ બંધ પાડી દેતો, કેમ કે વાંચવામાંથી ઊંઘ આવવા માંડે ને એ વખતે ઊઠવાની આળસ થાય અથવા સવાર સુધી પ્રાઇમસની ગરમીની હુંફ માણવાનો લોભ થઇ આવે તો જોખમમાં મૂકાઇ જવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ઝીણી ઝીણી સાવચેતી રાખતાં ને સતત તકેદારીનો ભાર વેંઢારતા ઘણીવાર નાનપણમાં ખોટા રમત–યુધ્ધો ખેલતી વખતે પોતાના કિલ્લા બચાવવા સાચા દિલથી જે મહેનત ઉઠાવતા તેનું સ્મરણ થઇ આવતું. મારું થાણું પણ એવા એક કિલ્લા જેવું જ હતું. અહીં હું એકલો બચાવ કરનાર હતો, જ્યારે એ રમત–યુધ્ધોમાં મારા બીજા ભાઇઓ સાથે રહેતા. એ કિલ્લાઓને અદૃશ્ય દુશ્મનોથી બચાવવા અમે મથતા અને અહીં પણ મારે અદૃશ્ય દુશ્મનો સામેજ લડવાનું હતું. અને એ કિલ્લાઓના દુશ્મનો જેટલા જ મારા દુશ્મનો પણ કપોલ–કલ્પિત જ હતા એમ કહું તો બહુ ખોટું નથી. બધું બરોબર સલામત છે કે નહિ એનું રોજ નિરીક્ષણ કરી લેવાની, હવાની આવ–જાના ભૂંગળામાં લાંબી લાકડી નાખી બરફ ખેરવી નાખવાની અને હવામાન વગેરેના અભ્યાસના કાગળીઆ સાચવીને ભોંયરાના સલામત ખુણામાં મૂકી દેવાની રોજીંદી ક્રિયાઓ કેટલીક વાર તો હાસ્યાસ્પદ રમત જેવી જ લાગતી. અને તેમ છતાં અત્યંત ગંભીરભાવે એ રમત હું રમ્યે જતો—રોજ સાંજે આંટા મારવા જેવી સાદી સીધી બાબતોમાં પણ સલામતીની રમત રમવી પડતી. કેબીનની ઉત્તર અને દક્ષિણ તરફ સોએક વાર જેટલા અંતર સુધી મેં નિશાનીઓ કરીને કેડી પાડી રાખેલી. દરેક ત્રીજા પગલા જેટલે અંતરે જમીનમાં બે–ફુટ ઊંચી લાકડી ખોસી હતી અને એ લાકડીઓ સાથે દોરી બાંધી મૂકેલી. ગમે તેવું ખરાબ હવામાન હોય તો પણ આ દોરીને અડતા અડતા ચાલવાથી સીધા કેબીન પાસે જ આંખ મીંચીને આવી પહોંચાય એવી એથી સગવડ રહેતી.

સ્વચ્છ ઉઘાડવાળો દિવસ હોય ત્યારે હું ગમે તે દિશા તરફ જતો ખરો, પણ ત્યારે સાથે લાકડીઓની ભારી બગલમાં લેતો જતો અને દર ત્રીસેક વારને અંતરે એક લાકડી જમીનમાં ખોડી મૂકતો. ભારી ખલાસ થઇ જાય એટલે હું પાછો વળતો ને વળતાં પેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાકડીઓ ઉપાડતો આવતો. લાકડીઓની ભારીનું વજન બહુ ઓછું થતું ને લગભગ ૦। માઇલ જેટલે દૂર એ રીતે હું જઇ શકતો. આમ આંટા મારવા હું અવારનવાર જૂદી જૂદી દિશામાં જતો ખરો પણ ગમે તે તરફ જતો તો પણ એ જ એકધારૂં દૃષ્ય જોવા પામતો. નૈરૃત્ય તરફ છેક રોકફેલર પર્વતમાળ સુધી ૧૭૫ માઇલ ચાલ્યો જાઉં, કે દક્ષિણ તરફ ૩૦૦ માઇલને અંતરે આવેલ ક્વીનમૉડ સુધી જાઉં કે પછી પશ્ચિમ તરફ ૪૦૦ માઇલ છેટે આવેલ 'દક્ષિણ વિક્ટોરીઆ ભૂમિ' સુધી ચાલું તો ક્યાંય કંઇ ફેર પડે તેમ નહોતું.

અને છતાં કલ્પનાને થોડોક સતેજ કરીને હું આંટા મારવાના દરેક પ્રસંગમાં વિવિધતાનો આભાસ ઊભો કરી શકતો. એક દિવસ હું એમ કલ્પતો કે બોસ્ટનની પેલી બાજુ આવેલ બેકન હિલવાળા એસ્પેલેનેડ ઉપર હું ફરી રહ્યો છું ને જાણે મારી પત્ની મારી પડખે ચાલી આવે છે. મારી કલ્પનાની આંખે હું અનેક પરિચિત ચહેરાઓને જોતો ને આસપાસનો પ્રદેશ પણ જાણે વસંતમાં ખીલી ઊઠેલ બોસ્ટનના બગીચાઓ જેવો જ લાગતો. ચાલવાનો માર્ગ કંટાળા-જનક શું કરવા બની જાય ? એ માર્ગે કદિક જેમ હું બોસ્ટન પહોંચી જતો તેમ કદિક એ માર્ગને ભૂતકાળ તરફ પણ લંબાવી મૂકતો અને માર્કો પોલોનું પ્રવાસ વર્ણન વાંચતો એ દિવસોમાં તો આંટા મારવાના એ નાનાશા કેડાં ઉપર જ મેં વેનીસથી ચીનની મુસાફરી કરેલી. કોઇવાર કલ્પ-નાની પાંખે ઉડીને હું સેંકડો વર્ષ પહેલાના ઉત્તર-ધ્રુવ પ્રદેશમાં જઇ પહોંચતો ને બરફના મોજાઓની દુનિયા નજરે નિહાળતો. સૈકાઓ સુધી કેવળ બરફ સિવાય કંઇ નજરે ન પડતું, પવનના સુસવાટા સિવાય કંઈ સાંભળવા ન મળતું અને ચોમેર મૃત્યુની ઠંડી જડતાનું જ સામ્રાજ્ય પથરાયેલું લાગતું...પણ છેવટ એ સૈકાઓનો કાળ વહી જતો ને બરફ ઓગળી જઇ ત્યાં પાણીથી ઉછળતા સાગર

૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથરાતા, જમીન નજરે પડતી, સૂર્યના દર્શન થતાં અને ધીમે ધીમે જાણે એ યુરોપ ને એશિઆ ખંડો હોય, માનવીઓ પ્રાથમિક દશાના સાધનો વડે ઇતિહાસનો પાયો નાખી રહ્યા હોય એવું દૃષ્ય આવી પહોંચતું. હું મારા મનને કહેતો કે ઉત્તર પ્રદેશમાં એકવાર આવું બધું થયેલું; આજે ભલે દક્ષિણ પ્રદેશમાં બરફનું સાર્વભૌમત્વ હોય પણ અહીં પણ એક દિ ઉત્તરના જેવું જ થશે...

મન આમ મોજ માણતું રહેતું પણ જો સાવધાન ન રહું તો એ મોજ ભારે પડી જવાનો સંભવ પૂરેપૂરો રહેતો. એક દિવસ બહુ લહેરમાં હતો એટલે રોજ કરતાં લાંબે સુધી આંટા મારવાનું મેં ગોઠવેલું. પવન સાથે થોડી થોડી હિમરજ આવતી હતી ને આસપાસ અંધારૂં પથરાયું હતું છતાં એની મેં ચિંતા નહોતી રાખી. અડધો એક કલાક આંટા માર્યા પછી કેબીને આવવા પાછો વળ્યો. પણ... પેલી લાકડીઓની હાર તો કયાંય નજરે પડે નહિ! કલ્પનાના પ્રદેશમાં મસ્ત થઇને હું તો એ હારથી દૂર નીકળી ગયેલો. કેટલોક દૂર નીકળી ગયો હઇશ. કઇ દિશામાં જવું વગેરે સવાલો મનને ઘેરી વળ્યા. મારા પગલાની નિશાનીઓ શોધવા ચાંપબત્તીથી પ્રયત્ન કરી જોયો પણ મારા જોડાઓની કંઇ નિશાની એ કઠણ બરફ પર પડી નહોતી. મન ભયભીત થઈ ગયું ને દોટ મૂકવાની વૃત્તિ થઇ આવી. એ વૃતિને દાબી દઇ જરા નીરાંતે વિચાર કરી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

ખીસામાંથી બેટ્રી કાઢી એના હાથા વડે હું જે દિશામાંથી આવેલો તે દિશા દેખાડતી નિશાની જમીનમાં ખોતરી કાઢી. હું ફરવા નીકળ્યો ત્યારે પવનચક્રી તરફ મારી નજર ગયેલી. તે વખતે પવન દક્ષિણ તરફ વાતો હતો તે યાદ આવ્યું. એ વખતે પવન મારા ડાબા ગાલ પર વાગતો હતો એ પણ યાદ આવ્યું; હજી પણ પવન ડાબો ગાલ પર જ અથડાતો હતો પણ એટલા પરથી કાંઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્કી કરી શકાય તેમ નહોતું...પવનની દિશા ફરી હોય અને અજાગ્રતભાવે એની સાથોસાથ મેં વળાંક લીધો હોય એવો સંભવ પણ ગણવો જોઇએ. ભૂલો પડી ગયો છું એ ભાને મન ભારે થઇ ગયું હતું પણ સ્વસ્થતા જાળવવા મથી રહ્યો હતો.

જે સ્થળે હતો ત્યાંથી પણ દૂર નીકળી ન જાઉં એની સાવચેતી ખાતર જોડાના ઠેખા મારી થોડોક બરફ ખોતરી કાઢયો ને પેલી દિશાસૂચક નિશાનીની પાસે એની ઢગલી કરી. આમ કરવામાં પણ ઠીક વખત લાગ્યો. ઢગલી કરીને ઊભા થઇ જોયું તો આકાશમાં બે તારા નજરે પડયા. મેં કરેલી નિશાનીની દિશા સાથે તારાઓની દિશા બંધ બેસતી હતી. એ તારાઓની દિશા પકડીને બરાબર સો ડગલા ચાલ્યો ને પછી ત્યાંથી આસપાસ બેટ્રીનો પ્રકાશ ફેંકી જોયો. સો ડગલાથી દૂર જઇશ તો કદાચ પેલી ઢગલી ખોઇ બેસીશ એવો ભય લાગવાથી હું પાછો વળ્યો. તારાઓ પર જ મીટ માંડી સો ડગલા ચાલીને અટકયો તો આસપાસ પેલી ઢગલી કળાઇ નહિ... પળેકવાર તો હું ખરેખર ભયભીત બની ગયો. બેટ્રીનો પ્રકાશ ફેંકી તપાસ કરી ત્યારે ડાબી તરફ વીસેક પગલા દૂર એ ઢગલી નજરે પડી. એ નકામા બરફની ઢગલીને જોઇને આનંદ પામવા જેવું તો કંઇ નહોતું પણ હું તદ્દન આંધળો પાડો રમતો નથી એટલા પૂરતી મનને નીરાંત થઇ. જે માર્ગે ગયો હતો એથી ૩૦° ડાબી તરફ જવા ફરીવાર ઉપડયો ને સો ડગલા ચાલ્યા પછી બત્તીનો પ્રકાશ ફેંકી જોવા છતાં કંઈ નજરે પડયું નહિ.

બસ, હવે તો ખરેખર ખોવાઇ ગયો એમ મેં મારા મનને કહી દીધું. હું હતાશ થઇ ગયો હતો. પેલી ઢગલીથી સો ડગલા નહિ પણ વધુ આગળ ચાલવાનો પ્રયત્ન કરવા જતાં કદાચ કેબીનથી દૂર નીકળી જવાય એવો ભય રહેતો હતો પણ એવો અખતરો કર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય બીજો ઉકેલ નહોતો. બહાર થીજીને મરીજ જવાનું હોય તો કેબીનથી ૫૦૦ ડગલા દૂર મરી જવાય કે ૧૦૦૦ ડગલા દૂર એ વચ્ચે કંઈ ફેર નહોતો. એટલે એ જ દિશામાં સો ઉપરાંત બીજા ત્રીસ ડગલા ચાલવાનું મેં નક્કી કર્યું—એ સ્થળે બીજી એક ઢગલી કરીને હું આગળ વધ્યો. બરોબર ઓગણત્રીસ ડગલા ચાલ્યો ત્યાં મારી નિશાનીની લાકડી ત્રીસેક ફુટ દૂર દેખાઇ. એ જોઇને મને જેવો આનંદ થયો તેવો આનંદ મધદરિયે વહાણ ભાંગી બેઠેલ કોઇ ખલાસીને બીજું વહાણ નજરે પડતાં પણ નહિ થયો હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

મે ૧

મે માસની આખરના દિવસોમાં મારે માથે જે આફત ઉતરી આવી તેની આછી યે ઝાંખી મહિનાની શરૂઆતમાં મને થયેલી નહિ. ઉલટું એ શરૂઆતના દિવસો તો અત્યંત સરસ રીતે પસાર થયા હતા. બરફના વાવાઝોડા શમી ગયા હતા, પવન ભાગ્યેજ ફુંકાતો હતો અને હવામાન સરેરાશ –૪૫° જેટલું રહેતું હતું. આખા પ્રદેશ ઉપર મેં બીજે ક્યાંય નથી અનુભવી એવી નિઃશબ્દ શાંતિ પથરાયેલી રહેતી હતી. એ નિરવતા કોઇ વાર, ધીમા એકધારા પરિચિત અવાજે વહેતા જલપ્રવાહ જેવી તંદ્રાજનક અસર નિપજાવતી તો કોઇવાર એકાએક થઇ આવેલા ધડાકાની જેમ ફડફડાટ પેદા કરનારી નીવડતી. કેટલીય વાર એ નિરવ શાન્તિને કારણે મન ખૂબ અસ્વસ્થતા અનુભવતું અને એ શાન્તિનો ભંગ કરનારા અવાજને પકડવા મન આતુર થઇ રહેતું. નીચે કેબીનમાં તો એ નિરવતાની અસર અત્યંત ઘેરી રહેતી અને કેટલીકવાર તો વાંચતા વાંચતા કે કંઇ કામ કરતાં વચ્ચે હું એકદમ સ્થિર થઇ જઇ કાન માંડી અવાજ પકડવા પ્રયત્ન કરતો—ઘરમાં કોઇ ચોર પેઠો છે એવી શંકા જતાં માલીક જે ભાવ–મનોદશા પૂર્વક કાન માંડે તેવા ભાવપૂર્વક... ...કેટલીકવાર તો વાવાઝોડું ગાજતું હોય તે દરમ્યાન ઊંઘ આવી ગઇ હોય તો વાવાઝોડું અટકી જઇ શાન્તિ પથરાય ત્યારે પણ ઝબકીને જાગી જવાતું...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરેખર વિચિત્ર અનુભવો થતા હતા. જાણે કે કોઈ બીજા ગ્રહમાં મૂકાઈ ગયો હોઉં એવું લાગતું હતું; અને છતાં આ અનુભવોને હું આવકારદાયક લેખતો હતો—તત્વવિદો લાંબા કાળથી જે વાત પર ભાર મૂકી રહ્યા છે તે હું પ્રત્યક્ષ જીવનદ્વારા શીખી રહ્યો હતો: સાધન સામગ્રીના ઢગલા વિના પણ માણસને જીવન સભર લાગી શકે એનો મને બરોબર અનુભવ થતો હતો. મારા વાસ્તવવાદી અને અમુક અંશે અશ્રધ્ધાળુ સ્વભાવ છતાં બહારની અગમ્ય દુનિયા સાથે અદ્વૈત અનુભવ્યા વિના રહી શકતો નહોતો. જીંદગીમાં કદી નથી અનુભવ્યું એવું સતેજ જીવન મારી અંદર ધબકતું અનુભવી રહું એવી કેટલીક પળો આવી જતી. મનને આમતેમ દોરી જનાર પાર્થીવ ખેંચાણો હતા નહિ એટલે મારી ઇન્દ્રિયો નવી દિશાઓમાં પ્રવૃત થવા લાગી હતી–આકાશ ને જમીન પરના જે વિવિધ પરિવર્તનો તરફ અમસ્થા ધ્યાન પણ ન જાત તે મનને રોકી લેતા હતા! તે વખતની મારી રોજનીશીમાંથી જ થોડુંક ઉતારું—

૧લી મે :

આજ સાંજે ઉપરના ભાગમાં આંટા મારતાં એક જગ્યાએ થોડાક ઊંચાણની ઓથે બરફનો એક અસામાન્ય પ્રકાર એકત્રિત થયેલો નજરે પડયો. ધૂળના રજકણોની જેમ ઢગલો થઇ પડેલા અને તેની જેમ જ એકમેકથી છૂટા બરફના કણનો એ ઢગલો હતો. એ કણ એટલા બધા હળવા હતા કે હું પાસે બેસી જોતો હતો તે દરમ્યાન મારા શ્વાસની અસરને કારણે પણ તે કણ આમતેમ દડવા લાગતા હતા. અને ઘન સ્વરૂપ ધરાવતા મોટા ટૂકડાઓ પણ માત્ર ફુંક મારવાથી કણ કણ થઇ જતા હતા. આજે સવારે પશ્ચિમ તરફથી આવતા પવન સાથે એ અહીં આવ્યા હશે. એક નાના એવા ખોબામાં એ બરફને ભરી લીધો. મારા હાથના સામાન્ય હલન ચલનને કારણે પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કણો આમ તેમ દડવા લાગતા હતા. ૬૦૦ ઘન ઈંચ જેવડું આખું ખોખું ભરી લીધું હતું પણ ડોલમાં મૂકી એ બધા બરફને ઓગાળ્યો તો માંડ અડધી પ્યાલી પાણી થયું...

અહીં આવ્યા પછી આજે પહેલી જ વાર ચંદ્રની આસપાસ તેજ-વર્તુળ પથરાયેલું જોયું. આંટા મારતાં મારતાં મને એમ લાગ્યા કરતું હતું કે આજે ચંદ્રનો પ્રકાશ અસાધારણ છે પણ એ તરફ મેં બહુ ધ્યાન નહિ આપેલું...અચાનક જ નજર આકાશ તરફ જતાં ચંદ્રની આસપાસ સુંદર મનોરમ તેજ-વર્તુળો પથરાયેલા જોયા. ચંદ્રને મધ્યમાં રાખીને વિવિધ રંગી પટ્ટાઓ એની ફરતા વીંટળાઇ વળ્યા હતા-જાણે રૂપેરી ગોળાની આસપાસ મેઘધનુષ ફરી વળ્યું હોય એવું દૃષ્ય લાગતું હતું. સૌથી બહારના ભાગનો પહોળો પટ્ટો સફરજનના જેવા લીલા રંગનો હતો અને ચંદ્રના વ્યાસ કરતાં એ બહારના વર્તુળનો વ્યાસ લગભગ વીસ ગણો હશે. પાંચેક: મિનિટ આ પ્રમાણેનું દૃષ્ય રહ્યું ને પછી ધીમે ધીમે વિવિધ પલટાઓમાંથી પસાર થઇ છેવટ અદૃષ્ય થઇ ગયું.

૩૭ મે:

આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે એટલો બધો પ્રકાશમાન પેલો તારો આજે ફરી નજરે પડયો. થોડાક અઠવાડીઆ પહેલાં પહેલી જ વાર એ જોયેલો ત્યારે તો ઘડીક એવો ભ્રમ થઇ આવ્યો હતો કે જાણે કોઇ પતંગ-દીવા વડે નિશાની કરી મને સંદેશો પાઠવી રહ્યું છે- એ જ વિચાર આજે પણ ઘડીક આવી ગયો. આંખ-મોચકારા કરતા પ્રકાશની જેમ આ વિચિત્ર તારો પણ ઘડીક દેખાય છે અને ઘડીક ગૂમ થઇ જાય છે.

પવનચક્કી હમણાં હમણાં બહુ હેરાન કરે છે. એની સાંધમાં બરફ જામી જાય છે તે ખેરવી નાખવા રોજ• એક બે વાર એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંસડા ઉપર ચડવું પડે છે. હવામાન–૫૦° થી–૬૦° ની વચ્ચે રહે છે તેથી વાંસડા ઉપર ચડવાનું કામ બહુ કપરૂં થઈ પડે છે. વાંસડા ઉપર ચડતાં હાથ નાક ને ગાલમાંથી એકાદ અથવા તો ત્રણેય ઠીંગરાઇ જવાની વાત તો હવે બહુ જૂની થઇ ગઇ છે...આજે નવીનતા ખાતર હડપચી ઠીંગરાઇ ગઇ!

૫મી મે:

આજે દિવસ સુંદર હતો. આકાશ લગભગ વાદળાં વિનાનું સ્વચ્છ હતું પણ હિમકણોને લીધે વાતાવરણમાં તદ્દન ઉઘાડ નહોતો. બપોર પછી એ પણ સાફ થઇ ગયું ને ઉત્તર તરફનો પ્રદેશ દુર્લભ એવા પીરોજી પ્રકાશ વડે ખીલી ઊઠયો. ક્ષિતિજ પર રક્તવર્ણો લાલ રંગનો પટ્ટો પથરાઇ ગયો હતો ને બાકીનું આખું આકાશ સાગર જેવું નીલવર્ણું લાગતું હતું. લાંબા વખત સુધી હું એ દૃષ્ય જોતો રહ્યો ને અંતે મેં મનમાં નક્કી કર્યું કે આવું સૌંદર્ય દૂર સુદૂરના જોખમ ભરેલા એકાંત સ્થળો માટે જ અનામત રાખી, એ ભોગવવા ઇચ્છનાર પાસેથી ખાસ પ્રકારનું બલિદાન માગવાનો કુદરતને પૂરતો અધિકાર છે...ક્ષિતિજની પેલી પાર જઇ પોતાના તેજ ને ગરમી પાથરી રહેલા સૂર્યને ગૂમાવ્યાનું મને વળતર મળી રહ્યું છે એવો મનમાં સંતોષ થયો.

સાંજે ફરવા જવાની દિશા આજે બદલાવી. રેડીઓના વાંસડાની પેલી બાજુ પૂર્વ દિશા તરફ આંટા મારવા ગયો હતો. રેડીઓના તાર ઉપર જામી ગયેલ બરફનું પ્રમાણ જોઈ હું તો સ્તબ્ધ જ થઇ ગયો: એના મૂળ કદ કરતાં બરફના પડને લીધે એ કેટલાય ગણો જાડો લાગતો હતો.

ત્યાં ઊભા રહી આસપાસ નજર ફેરવતો હતો ત્યાં, કેબીનની અંદર પ્રાઇમસ ચાલુ રહી ગયેલો એનું એકાએક સ્મરણ થઇ આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝડપથી પાછો ફર્યો. માથે પવન સામે રક્ષા કરનાર ટોપલો ચડાવ્યો હતો અને ઉતાવળમાં હતો એટલે પગલું ક્યાં માંડું છું એની કાળજી નહોતી રહેતી. અચાનક હું પછડાયો અને જાણે પડખા ભર ફેંકાયો હોઉં એવી લાગણી અનુભવી. એથી વધુ ખબર ન પડી. ફરી જ્યારે ભાન આવ્યું ત્યારે જોયું તો મારો એક પગ બરફની ચિરાડની અંદર ઉતરી ગયો હતો.

જોરથી પ્રયત્ન કરવા જઇશ તો જેને આધારે ટકી રહ્યો છું એ થર પણ નીચે ઉતરી જશે એ બીકે ધીમે ધીમે તસુ તસુ ખસતો એ એક વાર દૂર ગયો ને પછી આસ્તેથી ઊભો થયો—જરાક માત્રથી જ બચી ગયો હતો એ ભાનને લીધે શરીર ધ્રૂજતું હતું.

ઉપર નક્કર લાગે એવી રીતે ઢંકાયેલા અને છતાં અંદર પોલાણ-વાળા ભાગ ઉપર મારો પગ આવી ગયેલો. ચાંપબત્તી કરી એનું નિરીક્ષણ કરી જોયું તો એ ફુટ પહોળો ખાડો પડયો હતો—ઉપલું પડ એકાદ ફુટ જેટલું જ જાડું હતું. લાકડીથી બરફને થોડોક ઠપકારી જોઇ, બત્તીનો પ્રકાશ અંદર નાખ્યો તો સેંકડો ફુટ ઊંડું પોલાણ નજરે પડયું. ઉપલા ભાગમાં પોલાણ ત્રણેક ફુટ જેટલું જ પહોળું હતું, પણ અંદર જતાં તો એ મોટા ભોંયરા જેવું પહોળું થઈ જતું હતું. મારા સદ્‌ભાગ્ય કે હું એ ચિરાડની લંબાઇવાળી દિશામાંથી નહોતો ચાલ્યો નહીં તો તો એને તળીએ જ ઉતરી ગયો હોત.

ફરીથી એનો ભોગ ન થઇ પડું એટલા માટે એ ઊંચા વાંસડા લઇ જઈ ત્યાં ખોડી મૂકયા.

૬ઠ્ઠી મે:

કેબીનની અંદરની ઉષ્ણતા માપવાનું ઉષ્ણતામાપકયંત્ર આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંગી ગયું. ખાસ અફસોસ કરવા જેવું નથી, કેમ કે હવામાનશાસ્ત્રના અભ્યાસમાં અંદરના ભાગની ઉષ્ણતાનું કામ નથી પડતું. પણ રાત્રે પ્રાઇમસ ઠારી નાખ્યા પછી ઠંડી કેટલી વધે છે એ જાણવામાં મને જે રસ પડતો હતો તે હવે નહીં મળે.

આજે કુતુહલવશ થઇને રેડીઓ ઉપર લીટલ અમેરિકાવાળાને શેરબજારના સમાચાર પૂછ્યા. બહુ ખરાબ ભૂલ કરી ગણાય. ગમે તેવી પરિસ્થિતિ ત્યાં હોય તો પણ હું કશું જ કરી શકું તેમ નથી. ચિંતા કરવાનો અર્થ નથી. ઘેરથી નીકળ્યો ત્યારે શક્ય તેટલી કાળજીપૂર્વક મૂડીનું સારું વળતર આવે તેવું રોકાણ કરતો આવ્યો હતો—સફરનું દેવું એથી કંઇક ઓછું થશે એવી ગણત્રી હતી પણ આ ખોટને કારણે તો દેવાના સતત વધતા રહેતા ઢગમાં ભારે વધારો થવાનો...પણ અહીં તો પૈસાની જરૂર નથી પડતી. ડહાપણભર્યો માર્ગ તો એ જ છે કે એ બહારની દુનિયાની ચિંતાજનક વાતોને મગજમાં પ્રવેશવા જ ન દેવી.

મગજને ડહાપણભર્યા માર્ગની સલાહ આપવી એ એક વાત છે ને મગજ એ સલાહને અનુસરે તે જૂદી વાત છે. લગભગ એ ગાળા દરમ્યાનના એક દિવસની મારી રોજનીશી પરથી જણાશે કે આ બે વચ્ચેનો ભેદ મારે મન ત્યાં કેટલો મહત્વનો થઇ પડયો હતો. નોંધ બોલે છે કે "કોણ જાણે કશુંક મારા મનને ઉદ્વિગ્ન બનાવી રહ્યુ છે...આજે આખો દિવસ મન ઘડી ઘડીમાં છેડાઇ પડતું હતું અને સાંજના વાળુ પછી તો તદ્દન ઉદ્વિગ્ન થઇ પડ્યું છે...આમ થવાનું કારણ શું છે એ ખબર પડતી હોત તો આટલી ચિંતા ન થાત પણ કંઈ એક વસ્તુ આને માટે કારણભૂત છે એની ખબર પડતી નથી ને છતાં મન આખો દિવસ આવું રહ્યા કર્યું છે...અહીં આવ્યા પછી આજે પહેલી જ વાર મનની સમતા જાળવવાનો પ્રશ્ન કઠીન થઈ પડ્યો..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસની એ લાંબી નોંધ અત્યારે મારી પાસે જ પડી છે ને એ લખેલી તે વખતનું આખું દૃષ્ય મગજમાં તાજું કરી શકું છું...સાંજનું ભોજન પૂરું કરી લીધું હતું, રકાબી પ્યાલા સાફ કરી નાખ્યા હતા, આઠ વાગ્યે કરવાનું 'નિરીક્ષણ' પણ પતી ગયું હતું ને હું પથારીમાં પડયો પડયો વાંચતો હતો. વેબ્લેન કૃત " એશઆરામી લોકો માટેનું શાસ્ત્ર " હાથમાં લીધું હતું; અડધું પુસ્તક તો વંચાઇ ગયું હતું પણ તે દિવસે એમાં મજા ન આવી. ત્યાંના એકધારા કંટાળાજનક જીવન સાથે એ એશારામ સંબંધી વાતોનો મેળ જામતો ન લાગ્યો એટલે એને પડતું મૂકીને મને પ્રિય એવી એક નવલકથા ઉપાડી, પણ થોડીકવાર પછી જાણે એ પુસ્તકના અક્ષરો એકબીજામાં મળી જતા હોય એવું લાગવા માંડ્યું; આંખો બળવા માંડી ને માથું પણ સહેજ દુ:ખવા લાગ્યું.

પ્રકાશ ઓછો પડતો હશે એમ માનીને બત્તી જરા સતેજ કરી તેમ જ બોરિકથી આંખો ધોઇ કાઢી છતાં મન ચોંટયું નહિ. કંઇક ન સમજાય એવો ગોટાળો લાગતો હતો. ચોપડીઓને પડતી મૂકી ઓરડીમાં આંટા મારવા માંડયા પણ કેમેય કરીને મનની સમતા આવતી જ નહોતી. સમગ્ર જીવન નિરસ અને અર્થહીન લાગતું હતું.

રજીસ્ટરનો અભ્યાસ કરતો હોઉં એવી તટસ્થતાપૂર્વક મનની સ્થિતિનો અભ્યાસ કરવા પ્રયત્ન કરી જોયો—આખા દિવસમાં કંઇ અણગમતો બનાવ બન્યો હતો ? ના, દિવસ તો બહુ સરસ રીતે પસાર થયો હતો. હવામાન-૫૦° જેટલું હતું છતાં ભોંયરૂં ખોદવાનું કામ બરોબર કર્યું હતું. ભોજન પણ સરસ મજાનું તૈયાર થયું હતું. છેલ્લા રેડિયો સમાચાર પણ સારા જ આવ્યા હતા; ઘેર કુટુંબીજનો અને લીટલ અમેરિકામાં સાથીઓ સૌ સાજા સારા હતા. દેવાનો પ્રશ્ન હતો ખરો, પણ એનાથી તો હું ટેવાઇ ગયો હતો, આજ પહેલા અનેકવાર દેવા પતાવ્યા હતા તેમ આ પણ પતાવી શકાય તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું....મારી શારીરિક સ્થિતિમાં પણ કંઇ વાંધો નહોતો આવ્યો; આંખો બળવાનું ને માથું દુઃખવાનું તો મોડેથી રાત પડવા આવી ત્યારે જ શરૂ થયું હતું ને બહુ લાંબો વખત ટકેલ પણ નહિ... ત્યારે? પ્રાઇમસના ધુમાડાની અસર થતી હશે? પ્રાઇમસ ચાલુ હોય ત્યારે બારણું સહેજ ઉઘાડું રાખવું ને બને તેટલો વધુ વખત બહાર ગાળવાનો પ્રયત્ન કરવો એવો મન સાથે નિર્ણય કરી લીધો. ખોરાકમાં કંઇ ઉણપ રહેતી હશે? એમ થવાનો સંભવ તો નહિ, કેમ કે પૂરતા વિટામીન મળી રહે એની હું બરોબર કાળજી રાખતો હતો...

તે રાત્રે છેવટ હું એવા નિર્ણય પર આવેલો કે "સૌથી વધુ સાચું કારણ તો એ જ કે મારી અંદર જ કંઇક ગોટાળો છે. અંદર પડેલી અનેકાનેક વૃતિઓનો સુમેળ કરવા જેટલી અને અહીંના સંજોગો સાથે બંધ બેસતા થઇ જવા જેટલી સમતા કેળવી શકીશ તો જ અહીં શાન્તિપૂર્વક રહી શકાશે. એકધારું વૈવિધ્યહીન જીવન, પ્રકાશ વગરનું અંધારીઉં વાતાવરણ અને આસપાસ જીવંત વસ્તુઓનો અભાવ એ ત્રણેય વાત એકી સાથે જીરવવી બહુ કઠીન છે પણ અહીં આવ્યાને હજી તો માત્ર ત્રેતાળીસ દિવસ થયા છે ને ઘણાં મહિના કાઢવાના બાકી છે. એટલે જો જીવતા રહેવું હોય–વધુ કંઇ નહિ તો મનની સમતુલા ગૂમાવી ગાંડા થઇ બેસતા અટકવું હોય–તો મારે મારા વિચારો ઉપર પૂરતો કાબુ મેળવી લેવો જોઇશે. એ કામ બહુ કઠીન ન ગણાય. કોઇ પણ વિચારશીલ માણસને પોતાની આંતર–દુનિયામાંથી એટલું ભાથું મળી રહેવું જોઇએ કે તે એકલો હોવા છતાં મસ્ત રહી શકે..."

આજે આટલો વખત વીત્યા પછી પણ તે રાત્રે ગ્રહણ કરેલું આ માનસિક વલણ મને વ્યાજબી ને સમજણપૂર્વકનું જ લાગે છે. બહારની દુનિયાના વિચારોએ અંદર પેસી જઇ મને અસ્વસ્થ બનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો મૂકયો એ વાત સાવ સાચી જ હતી—૭ સાત અઠવાડીઆ તદ્દન શાન્તિપૂર્વક ગયા હતા એ જ તેનો સબળ પૂરાવો છે. બહારની દુનિયાના વિચારો આવી અસ્વસ્થ બનાવી ન મૂકે એ માટે એવા વિચારોને આવતા અટકાવવા મગજ પર ચોકીપહેરો ને નિયમન બેસાડવાનો તે રાત્રે કરેલો નિર્ણય પણ આજે યોગ્ય જ લાગે છે. પણ એ બધાથી પર એવું એક સત્ય તે રાત્રે મને નહિ સૂઝેલું—જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓની રચનાના બનેલા મારા આખા શરીરતંત્રને પોતાની ચિરપરિચિત જૂની દુનિયાના સંબંધોની ઊણપ સાલ્યા જ કરતી હશે ને એ સંબંધોથી પોતાને કેમ વંચિત રાખવામાં આવ્યું છે તે પણ એને સમજાતું નહિ હોય.

પોતાની ચિરપરિચિત ટેવો ને સગવડોથી માણસ મારી જેમ જાણી બુઝીને વંચિત રહે કે પછી મધદરિયે હોડી ભાંગી જતાં ખલાસીની જેમ અકસ્માતવશાત વંચિત થઇ પડે ત્યારે એ જૂની ટેવો તેમ જ સગવડોને ભૂલી જવાની મનને તો એ ફરજ પાડી શકે છે પણ શરીર એટલી સરળતાથી નવે પાટે ચડી જઇ શકતું નથી. એને તો એ બધું સતત સાંભર્યા કરે છે. લાંબા વખતની ટેવોને પરિણામે શરીરની અંદર એક પ્રકારની શારીરિક-રાસાયનિક ક્રિયા-પ્રક્રિયા ગોઠવાઇ ગઇ હોય છે ને તે એકદમ લુપ્ત થઇ જતી નથી. માણસના શરીરને જેમ ફોસ્ફરસ ને કેલસિયમ વિના નથી ચાલી શકાતું તેમ મને તો લાગે છે કે જૂના પરિચિત અવાજો, ગંધ-સુગંધો, સ્વરો ને સ્પર્શો વિના યે નથી ચાલતું.

એ વિશાળ હિમ વિસ્તાર વચ્ચે ઊભા રહી આકાશને નિહાળ્યા કરવામાં ને એના સૌંદર્યમાં નહાવામાં ઓર મજા આવતી હતી... એવા સૌંદર્યની સમીપમાં હોઇએ ત્યારે આપણી સ્વાભાવિક જડ-તામાંથી ઊંચા ઊઠાય છે...મન જાણે શરીરને છોડીને દૂર દૂરના પ્રદેશોમાં વિહાર કરવા સરી જતું હોય એવો આભાસ અનુભવવાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમતું હતું,—જાણે શરીર સ્થિર ઊભું રહેતું ને મન તો સ્થળ-સમયના બંધનથી મુક્તપણે વિહારવા નીકળી જતું.

શરીરની ઇન્દ્રીયોને નિરવ અંધકારમાં એકલા પડ્યું રહેવું પડતું એ ઇન્દ્રિયોના પગ બંધાયેલા રહેતા ને મન તો કલ્પનાની પાંખે ઉડયા કરતું. મનની આવી મુક્તાવસ્થાને કારણે ઇન્દ્રીયોની બંધનાવસ્થા વધુ ઘેરી બનતી...ને કેટલીય વાર અંતરના ઉંડાણમાંથી એ મનની પાછળ સદેહે જઇ પહોંચવાનો તલસાટ જાગતો. એ તલસાટ કોઇ નિશ્ચિત વસ્તુ માટે નહોતો થતો—ભોજન ટેબલ પર ગોઠવાયેલા કુટુંબીજનો વચ્ચે જઇ બેસવાની કોઇવાર ઝંખના થતી તો કોઇવાર ઝરમર ઝરમર ઝરતા વરસાદવાળા વાતાવરણની ટાઢક માણવાનું મન થઇ આવતું...એ બધી વાસનાઓ બહુ નાની નજીવી હતી,—પણ એવી વાતોના સ્મરણો રાત્રે આવીને ઘેરી વળતા,—સંઘરવા ગમે એવી સુમધુરતાપૂર્વક એ નહોતા આવતા પણ કડવાશ ને ચીડ ઉતારવા આવતા; કાયમ માટે ગૂમાવી દીધેલ અને પૂરા ઓળખી પણ ન શકાય એવા કશાકના ત્રુટક ત્રુટક ટુકડા સ્વરૂપે તે આવતાં અને મને ઘેરી વળતા.

મે મહિનાની તે રાતની મારી મનોદશા પાછળ આવું બધું પડયું હતું. પથારીમાં પડયા પડયા આંગળીઓ જાણે ચિરવિદાય લઇ ગયેલ સાથીને સ્પર્ષવા આમતેમ ફ્ફુસ્યા કરતી હોય તેવી રીતે મારા વિચારો પણ વીતેલા દિવસોની દુનિયામાં આમતેમ આથડયા કરતા અને એ રીતના મનોવિહારમાંથી મેળવેલી પ્રસન્નતા થોડીવાર ટકી ને પાછી રાત પડવા આવે ત્યાં સુધીમાં વિલીન થઇ જતી.

તેમ છતાં મનને નિયંત્રણમાં રાખવાના પ્રયત્નો હું કર્યે રાખતો હતો. એને માટે નિયંત્રણ શબ્દ કદાચ યોગ્ય ન ગણાય. હું તો વિચારોને નિરોગી અને રચનાત્મક વાતોમાં મગ્ન રાખીને રોગીષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલોથી વંચિત કરવાનો પ્રયત્ન કરતો હતો—આસપાસની પરિસ્થિતિમાંથી બને તેટલું વૈવિધ્ય ને સર્જન-તત્વ નીતારી કાઢવામાં ગુંથાઈ જઇ, ભૂતકાળ આડી દિવાલ ચણી લેવાનો પ્રયત્ન કરતો હતો. આખો દિવસ કામકાજથી ભરચક રહે એટલા માટે રોજ નવી-નવી યોજનાઓ અજમાવી જોતો; આસપાસના વાતાવરણને બને તેટલું વધુ મનગમતું બનાવવા મથતો, રસોઇની ઝડપ વધારવા, હવામાન અને તેજ રંગોનું નિરીક્ષણ વધુ કુશળતાપૂર્વક કરવા અને રોજીંદી ક્રિયાઓમાં પણ વ્યવસ્થિતતા લાવવા વિવિધ પ્રયત્નો કર્યા કરતો. સાંજે આંટા મારવાના સમયમાં વધારો કર્યો, વાચનમાં વધુ સમય ગાળવા લાગ્યો ને વિચારોમાં બને તેટલી બહિરમુખતા કેળવવાની કાળજી રાખતો થયો. ટૂંકામાં, મનને રોકાયેલું રાખવા થાય તે બધું કરી જોવા લાગ્યો.

ઠંડી હવામાં કયા પ્રકારના કપડા સૌથી વધુ અનુકુળ થઇ પડે તેમ છે તેના અખતરા હું કર્યા કરતો હતો. નીચે કેબીનમાં હોઉં ત્યારે તો મારા પોષાકમાં ઊનનું જાડું ખમીસ, સુરવાળ ને અંદર પહેરવાના અંગરખા ઉપરાંત બે જોડી મોજા ને એક જોડ હાથ બનાવટના કેનવાસના જોડા એટલું રહેતું. કેનવાસના જોડાને તળીએ સીલનું ચામડું જડી લીધું હતું ને ઘુંટી આગળ પટ્ટાથી એ જોડાને બાંધી લેતો હતો. પગને ઠંડી લાગવાનો બહુ ભય રહેતો કેમ કે લોહીનું હલનચલન એ ભાગમાં બરોબર થતું નથી હોતું અને જમીન પરના બરફના સૌથી નજીક શરીરનો એ ભાગ જ રહેતો. જોડાને પગ કરતાં બે એક ઇંચ લાંબા ને જરૂર કરતાં દોઢા પહોળા રાખીને લોહીના હલન ચલનની મુશ્કેલી ઠીક ઠીક ટાળી શકાઇ હતી—જો કે એથી જોડા કોથળા જેવા દેખાવના લાગતા હતા. જ્યારે જ્યારે બહાર ઠંડીમાં બરફ ઉપર લાંબો વખત રહેવું પડતું ત્યારે નીચે આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોજા બદલી નાખતો ને કાઢી નાખેલ મોજાને પ્રાઇમસ પર ગરમ કરી લેતો.

થાણામાં થોડાક દિવસ રહ્યા પછી થર્મોગ્રાફ ઉપર સહેજ જ નજર નાખીને પણ બહાર જવા માટે કઇ જાતના કપડા અનુકુળ પડશે તે હું નક્કી કરી શકતો. ઉપર જઇ ઝડપથી નિરીક્ષણનું કામ પતાવી આવતા રહેવાનું હોય તો કેનવાસનો કોટ, હાથના મોજા અને ઊનની કાનટોપી ચડાવી લેતો; ઉપર જઇને પાવડાથી આસપાસનો બરફ ખસેડવાનું કામ કરવાનું હોય તો કાનટોપીને બદલે ટોપલો ચડાવી લેતો અને પવન સામે રક્ષણ કરે તેવા મોજા પાટલુન ને કોટનો પણ ઉમેરો કરી લેતો. ઉપર જઇ આંટા મારવાના હોય ત્યારે પવન-રક્ષક કોટની નીચે ગરમ કોટ પણ પહેરતો. પવનરક્ષક કાપડ સીધું સાદું ઝીણું સૂતર બ્લીચીંગ પાવડરમાં નાખ્યા વિના વણી કાઢીને બનાવેલું હતું અને સામાન્ય કપડા કરતાં જરાય વધુ વજનદાર પણ નહોતું છતાં બહુ સરસ કામ આપતું. અડધો ઇંચ જાડા ઊનના કપડામાંથી પવન સોંસરવો ઉતરી જાય, પણ કાગળ જેવા પાતળા એ પવન-રક્ષક કાપડના કપડા પહેરી ઘુંટીએથી, ગળેથી ને કેડેથી બરોબર બાંધી લીધા હોય તો પવન જરાય અસર ન કરી શકે. હવામાન-૬૫° જેટલું નીચે ઉતરી ગયું હોય ત્યારે હું મોઢા ઉપર વાળાનો બનેલો ને પવન-રક્ષક કાપડથી મઢેલો બુરખો ચડાવી બહાર નીકળતો. નાકેથી શ્વાસ લેવાની એક અને મોઢેથી ઉચ્છવાસ કાઢવાની બીજી એમ બે ગરણીઓ એ બુરખામાં હતી ને આંખ આડા કાચ હતા. બહુ ઠંડી હોય ને ઉપર જઇ બેએક કલાક રોકાવું પડે તેમ હોય ત્યારે રેઇન્ડઅરના રૂંવાટીવાળા ચામડાનો પોષાક ચડાવતો.

એપ્રિલની જેમ જ મે મહિનામાં પણ હું આમ કંઇકને કંઇક કામમાં રોકાયેલો રહેતો. એ લાંબી શિયાળુ રાત ભલે અત્યંત શાન્ત એકધારી અને ધીમી ગતિએ વહેતી હતી પણ મારું જીવન તદ્દન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિરનિષ્ક્રીય નહોતું જ. બરફના વાવાઝોડા ને આકાશના તેજરંગોનો હું નિરીક્ષક હતો, રાત્રિનો ચોકીદાર હતો ને રોજના જીવનમાં મેં પોતે કરેલી ઝીણીમોટી ભૂલો વગેરેની કબુલાત સાંભળનાર પાદરી પણ હતો. સતત કંઇક ને કંઇક ચાલ્યા કરતું. ગેસોલીન બચાવવા મંગળવારનો રેડિયો–સંપર્ક કાઢી નાખ્યો હતો તો બીજા બે દિવસના સંપર્કો વખતે વધારે કામ રહેતું. દર વખતે ઘેરથી કુટુંબનો સંદેશો અમારી સંકેતલીપીમાં આવ્યો જ હોય: 'એ'ની સ્થિતિ આર્થરમાંના એ જેવી. 'એલ'ની લાફ્ટરના 'એલ' જેવી ને 'સી'ની સીલીંગના સી જેવી......" એવી જાતના સંકેત–સંદેશા પઢી જતા ડાયરને જાણે આજે પણ હું સાંભળી શકું છું. અવારનવાર મિત્રોના સંદેશા પણ આવતા. એકવાર મારા જૂના મિત્ર ફ્રેંકલીન ડી. રૂઝવેલ્ટનો પણ સંદેશો આવેલો..."આશા રાખું છું કે અવારનવાર અંધારામાં ટહેલવા બહાર ન નીકળી શકાય એટલું બધું ઠંડુ રાતનું વાતાવરણ નહિ રહેતું હોય ને પવન પણ વધારે પડતો સખત ફુંકાતો નહિ હોય." અવારનવાર લીટલ અમેરિકાવાળા સીપલ, રૉસન, પાઉલ્ટર વગેરે પણ કોઇ કામની ચર્ચા કરવા અથવા વખત વીતાડવા રેડીઓ પર હાજર થઇ જતા.

કોઇક એક પ્રકારનું કામ સરળ થઇ જતું ત્યારે જાણે એનું વળતર વાળવા બીજા કામની કઠીનતા વધી જતી. હવામાન નિરીક્ષણના કામમાં કાબેલ થઇ ગયો છું એમ અનુભવી હું ફુલાવા લાગ્યો હતો ત્યાં એક દિવસ થર્મોગ્રાફની સાંધોમાં બરફ જામી ગયો ને એને સુધારવા નીચે કેબીનમાં લઇ આવ્યો તો હવામાનના ફેરફારને કારણે તે અટકી પડયું. ન છૂટકે ભોંયરાના ઠંડા વાતાવરણમાં લઇ જઇ એને સમું કરવા બેસવું પડયું. ખરબચડા ચામડાના મોજા તો એને સ્પર્ષવામાં ચાલે તેમ નહોતાં જ પણ પાતળા રેશમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોજા પણ કેટલાક ભાગને અડવામાં ચાલતા નહોતા—કેમ જાણે એ ભાગ મારા જેવાને ત્રાસ આપવા જ શોધાયા હોય ને !

આમ એ રૉસ હિમપ્રદેશના અંદરના ભાગમાં યે એકલા માણસને માટે પણ રોકાઇ રહેવા જેવું ઘણું કામ રહેતું. રોજ-નીશીનું એક પાનું વાંચીએ—"આજે તો કેન્ફિલ્ડની (પાનાની એક રમત) એ બાજી રમ્યો...'સરહદ પરનું ઘર' વાળી રેકર્ડ મને બહુ ગમે છે. આજ સુધી એક જ ગીત ગાતા આવડતું. આ બીજું શીખ્યો. (એ પહેલું ગીત પણ હું કોઇ સાંભળી જાય એવું ન હોય ત્યારે જ એકલો ગાતો) આજે રાત્રે રકાબી પ્યાલા ધોતા ધોતા હું ગાતો હતો. એકાન્તને કારણે મારા કંઠમાં કંઇ મધુરતા નથી રેડાઇ પણ બહુ મજા તો આવી. ખરેખર આજની સાંજ તો ઉત્સવ જેવી વીતી." રોજનીશી બનાવોની નોંધપોથી જ નહોતી રહી, એ તો વિચાર કરવાનું સાધન થઇ પડેલી. દિવસના છેલ્લા કલાકને સભર રાખવાની એ સરસ તરકીબ હતી અને જીવન વિષેના મારા તત્વ-જ્ઞાનને નિશ્ચિત કરવામાં પણ એથી મદદ મળતી. જેમકે :

૯મી મે :

...વાળુ વખત પછી આવતા વિષાદના મોજાને ટાળવા હું સતત પ્રયત્ન કર્યા કરું છું. આજ સુધી એમાં પ્રગતિ થતી રહેતી હતી પણ આજે ફરી નિરાશ થઇ જવાયું છે. ઉદ્વિગ્નતા લાવનારા અસ્પષ્ટ તત્વોને ટાળવાની દિશામાં મેં ધાર્યા કરતાં સારી પ્રગતિ સાધી છે. મારા વિચારો અને લાગણીઓની સમતા કેમ જાળવવી એની ફાવટ આવતી જાય છે કેમ કે વધારે પડતી ચિંતા હમણાં અનુભવતો નથી. તો પછી આ મનને ઘેરી વળતી ઉદ્વિગ્નતા શરીર પર અસર કરતા કશાકમાંથી નીપજતી હશે ?—સંભવ છે કે પ્રાઇમસના કે ગેસોલીન દીવાના ધુમાડાની એવી અસર થતી હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી પરિસ્થિતિનો ચીવટપૂર્વક કયાસ કાઢવાની જરૂર છે કેમ કે શત્રુ અતિ સૂક્ષ્મ લાગે છે. હું બહુ આંતરમુખ થઇ ગયો છું કે બહુ ગંભીરપણે ચિંતા કરૂં છું એમ નથી. બને તેટલી તટસ્થતા જાળવું છું. પણ ખરેખર જો કશીક ઝેરી અસર શરીર પર થતી હશે તો એની મારા મનની શાન્તિ–સમતા પર કેવી અસર નીપજશે? એવી ઝેરી અસર પ્રત્યે બેદરકાર રહેવાથી અથવા એવું કશું છે જ નહિ એવું વલણ લેવાથી કેટલો ફાયદો થાય? ધારો કે બગાડ શરીરમાં ઊંડો ઉતર્યો છે; ધારો કે ખરાબ ખોરાકની કે જંતુઓની કે પ્રાઇમસના ધુમાડાની એ અસર છે. તો મનને સુયોગ્ય વલણ આપવા માત્રથી શરીર સામે કેટલી ટક્કર ઝીલી શકાશે?

કદાચ શરીર ઉપર જ કશાક બગાડની અસર થતી હશે ને હું અમસ્થો મનને દોષ દીધા કરતો હઇશ. તો તો શરીરને મનની પરસ્પર ઉપર માઠી અસર થયા કરશે. શું શરીર ને મન બન્નેને એકમેકથી સ્વતંત્ર અસ્તિત્વ હશે? શરીર કેટલે અંશે મનના કાબુ નીચે ગણાય? મન શરીરમાં વસેલું છે ખરૂં પણ મનના જ કાબુમાં શરીર રહે એ કુદરતી નથી લાગતું? મગજ એ શરીરનો એક ભાગ છે ખરો પણ મગજના હાથમાં બધું હોય તેમ નથી લાગતું. મન એ જ ખરેખર સ્વામી લાગે છે...

ત્યારે શું હશે? બગાડ મનમાં છે કે શરીરમાં! આ વાતનું આખરી સત્ય શોધી કાઢવું અત્યંત મહત્વનું છે. આંખો સહેજ સાજ દુઃખે છે ને ફેફસાંઓ ઉપર પણ હજી ઠંડીની અસર થાય છે ખરી પણ એ સિવાય શરીરમાં બીજો કશો બગાડ નથી લાગતો. વિષાદનું આ મોજું ખોરાકની કશી ખામીને કારણે તો નથી જ આવતું એની મને ખાત્રી છે. માત્ર ધુમાડા વિષે જ શંકા જાય છે. આખો દિવસ પ્રાઇમસ ચાલુ રહ્યા પછી સાંજને વખતે જ આંખો અને માથાનો દુઃખાવો શરૂ થાય છે. પણ ધુમાડા જ ખરેખર હાની કરતા હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ માનવું મુશ્કેલ લાગે છે કેમ કે હવાની આવજા બરાબર થાય છે—જાળીઆમાંથી બરફ ખેરવી નાખવાની બરાબર કાળજી રાખું છું...

મને યાદ છે કે રોજનીશીની આ નોંધ લખ્યા પછી ઊભા થઇ મેં પ્રાઇમસને બરાબર તપાસી જોયો હતો. કોઇ દોસ્તના હેતુઓ વિષે શંકા જતાં જે સાવધાનીપૂર્વક આપણે એનું નિરીક્ષણ કરીએ તેવી સાવધાનીપૂર્વક એ પ્રાઇમસના સીધાસાદા યંત્રની આસપાસ ફરીને નિરીક્ષણ કરી જોયેલું, એ બીચારો પ્રાઇમસ તો મારા કપડાને બાફવા ઊના મૂકેલ પાણીને ઉકાળવાની નમ્ર સેવા બજાવી રહ્યો હતો. બરાબર તપાસ કરવા છતાં એક બે સામાન્ય દોષો સિવાય કશું નજરે પડયું નહિ.

કેબીનમાં પુષ્કળ હવા રહેતી હતી. દિવસ દરમ્યાન અવારનવાર હું બારણું સહેજ ઉઘાડું મૂકી દેતો પણ ઠંડી વધી જતી ને નાક ફરીઆદ કરવા લાગતું એટલે એને ફરી વાસી દેવું પડતું બારણું ઉઘાડું હોય ત્યારે રૂંવાટીવાળા ચામડાના કોટ પાટલુન સિવાય તો જરાય ફાવતું નહિ, રેડીયોને ચાલુ કરતી વખતે પીવાનું પાણી પાસે પ્યાલામાં ભરી મૂકતો એ પણ પીવા ઊપાડું તે પહેલા થીજીને હિમ થઇ જતું.

રોજનીશી કહે છે કે ખોરાકમાં પૂરતા વિટામીન મળી રહેવા વિષે મારા મનને સંતોષ હતો. હા, પેટ ઉપરનો પટ્ટો બે કાણા–વા ખેંચવો પડેલો ને મહિનો પૂરો થતાં સુધીમાં ત્રીજું કાણું પણ નીકળી જશે એમ લાગતું હતું. સફર દરમ્યાનના ખોરાકની જોગવાઇ કરતાં પહેલાં ખોરાકશાસ્ત્રનો–ખાસ કરીને વિટામીન સંબંધી–પૂરતો અભ્યાસ કરી લીધો હતો છતાં સલામતીની ખાતર મારા મિત્ર કેલોગે ભેટ આપેલ 'નૂતન ખોરાકશાસ્ત્ર' નામનું પુસ્તક જોઈ ગયો. એ પુસ્તક વાંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો તેથી હું જે જાણતો હતો તે વાતને જ ટેકો મળ્યો – મારો ખોરાક બરોબર યોગ્ય જ હતો. આમ છતાં વધુ ખાત્રી કરી લેવા લીટલ અમેરિકાવાળા મારફત ન્યુયોર્કની રોસ્ટર પ્રયોગશાળાવાળાનો પણ અભિપ્રાય મગાવી જોયો તો એમનો અભિપ્રાય પણ એ જ આવ્યો.

૧૧મી મે:

મધરાતના સવા બાર વાગ્યા છે. બહુ મોડું થયું છે છતાં હમણાં જ થયેલો એક અનુભવ નોંધવાનું મન થાય છે. બાર વાગ્યાની રાહ જોઇને બીથોવનનું એક ગીત વાદિંત્ર પર વગાડતો કેબીનમાં બેઠો હતો. સ્વચ્છ ને શાન્ત વાતાવરણ હતું એટલે બારણાં ઉઘાડાં મૂકીને ઉપર ગયો. તેજ રંગોનું નિરીક્ષણ કરવા જેવું ખાસ કંઇ હતું નહિ. ઉત્તર ક્ષિતિજ પાસે ઉજાશના આછા ટપકા માત્ર દેખાતા હતા ને કેટલાક પ્રિય નક્ષત્રો અત્યંત તેજપૂર્વક ચળકતા હતા.

એકાએક મને આભાસ થવા લાગ્યો કે જાણે હું જે જોઇ રહ્યો છું તે જ સાંભળી રહ્યો છું—સંગીત જાણે આકાશના દૃષ્ય સાથે બરોબર સુમેળમાં ચાલતું હતું. સંગીતના સૂરો ચડવા લાગ્યા તેમ માલ વિનાના લાગતા ઉત્તર ક્ષિતિજ પરના તેજરંગો સળવળવા લાગ્યા ને આકાશ આખું વિવિધરંગી કમાનોથી ભરાઇ ગયું–સંગીત અને રાત્રી એકાકાર બની ગયા; સઘળું સૌંદર્ય એકરૂપ જ હશે ને એક જ તત્વમાંથી ફુટતું હશે એમ મને લાગવા માંડયું. આકાશના તેજરંગોના તેમ જ એ સંગીતના તત્વ સાથે સુમેળ લેતું એક નિસ્વાર્થ સેવાકૃત્ય પણ મને સાંભરી આવ્યું.

રીતભાતો ને ટેવો ઉપર બીજાની કેટલી અસર હોય છે તે સમજવા માટે એકાંત એ સરસ પ્રયોગશાળા ગણાય. ભોજન–ટેબલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરની અહીંની મારી રીતભાત ભારે વિચિત્ર થઇ ગઈ છે–સો એક વર્ષ પાછળ હઠી ગયો હોઉં, અરે રીતભાત જેવું કશું હોય જ નહિ એમ વર્તું છું. કોઈવાર ચમચા કાંટા એક કોર મૂકી હાથેથી જ ખાવા માંડું છું, રકાબીમાં કાઢવાની તકલીફ લીધા વગર સીધો ડબ્બામાંથી જ કોઇવાર ખાઉં છું, નીચે બેઠા વગર ઊભા ઊભા પણ ખાવા લાગું છું, ટૂંકમાં જેમ મન ફાવે તેમ હંકારું છું.... ખાધા પછી વધે એને સીધું પાસે પડેલી એઠવાડની ડોલમાં ઠાલવી દઉં છું...એપિક્યુરિયસના લખાણમાં ક્યાંક વાંચેલું કે એકલો રહે-તો માણસ વરૂની જેમ વર્તે છે.

એકલવાયા જીવનમાં બાહ્ય દેખાવની જરૂર રહેતી નથી. કંટાળી જાઉં કે ચીડ ચડે ત્યારે આકરા વેણ બોલીને ખીજ કાઢવાની મને ટેવ હતી પણ હવે એ ટેવ જતી રહી છે. ઉપર પેલા વાંસડા પર ચડી બરફ ખેરવી નાખવાનું કામ શરૂઆતમાં લાગતું એટલું જ કપરૂં હજી પણ લાગે છે; પણ મારી ખીજ હવે શબ્દરૂપે વ્યક્ત થતી નથી—મન સમજી ગયું લાગે છે કે આસપાસ મારી ખીજ સમજી શકે એવું કોઇ નથી.

મારા સ્વભાવની રમુજીવૃતિ નાશ નથી પામી ગઇ પણ હવે રમુજ પુસ્તક વાંચવામાંથી અથવા મારી જાતમાંથી નીપજાવવાની રહે છે. આજ સવારે બહારથી આવીને મેં દીવો પ્રાઇમસ પર મૂકી દીધો ને ડોલને ખોલીએ ટીંગાડી મૂકી. તરત ભૂલ સમજાઇ ને હું હસી પડયો પણ મોટેથી હસવાની ટેવ હવે રહી નથી—મનમાં જ હસું છું. મને લાગે છે કે મોટેથી હસવાની ટેવ બીજાઓને આનં-દમાં ભાગીદાર બનાવવાની ઇચ્છામાંથી જન્મતી હશે.

કોઇ સાથે વાતો કરવાનું રહ્યું નથી એટલે મગજમાં ઊઠતા વિચારો શબ્દબદ્ધ રૂપે નથી આવતા. કેટલીકવાર સાંજે ફરતાં ફરતાં હું મારી જાત સાથે વાતો કરું છું પણ એ શબ્દો અપરિચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખાલીખાલી લાગે છે. દાખલા તરીકે આજે વૈવિધ્યના અભાવની મારા જીવન પર કેવી અસાધારણ અસર થઇ રહી છે તે વિષે વિચાર કરતો હતો; પણ એ વિચારોને વર્ણવવાનું મારી શક્તિ બહાર લાગે છે. અહીંના જીવન અને અગાઉના સામાન્ય જીવન વચ્ચેનો ભેદ હું અનુભવી શકું છું: એ ભેદને મારા મનની આંખે જોઇ શકું છું પણ એ ભેદની સુક્ષ્મ વિગતો શબ્દોમાં બરોબર રજૂ કરી શકું તેમ નથી...

મહિનાઓ થયાં વાળ કાપ્યા નથી. લાંબા વાળ ગળા ઉપર પથરાઇ જઇ ત્યાં હુંફ આપે છે એટલે એને વધવા દીધા છે. અઠવાડિએ એકવાર દાઢી કરી લઉં છું—અમસ્થો તો એને ય વધવા દેત પણ ઠંડીને કારણે ઉચ્છવાસ એના ઉપર થીજી જઇ મોઢાને ઠારી મૂકે એ ત્રાસમાંથી છૂટવા માટે એને સાફ કરી નાખું છું. આજ સવારે અરીસામાં મારું મ્હોં જોયા પછી હું એવા નિર્ણય પર આવ્યો છું કે જેની આસપાસ સ્ત્રીઓ ન હોય તે માણસમાં આડંબર રહેતો નથી; મારા હોઠ ફાટી ગયા છે તેમ જ નાક ઉપર ઠંડીને કારણે કંઇક ફરફોલા ઊડી આવ્યા છે ને તેથી રાતુંચોળ થઇ ગયું છે. હું કેવો દેખાઉં છું એ વાતનું જાણે હવે મહત્વ જ નથી રહ્યું—મને પોતાને શું ફાવે છે ને શું નથી ફાવતું એ સવાલ જ મહત્વના થઇ પડ્યા છે. પણ હું બરોબર સ્વચ્છ રહું છું—ઘેર રહેતો એટલો જ સ્વચ્છ. સ્વચ્છતાને રીતભાત કે બાહ્યાડંબર સાથે લાગતું વળગતું નથી. એ તો શારીરિક સુખચેનની વાત છે. સાંજના સ્નાનથી મારા શરીરને મજા પડે છે અને ગંદા અંગરખાના સ્પર્શથી એ બેચેની અનુભવે છે.

એકાંતજીવનની માણસ ઉપર કેવી કેવી અસર થાય છે એનું પૃથક્કરણ કરવાનો હું પ્રયત્ન કરું છું. આગળ કહ્યું તેમ એ પૃથક્કરણને શબ્દોદ્વારા વ્યક્ત કરવાનું કઠીન થઇ પડ્યું છે. કશુંક તત્વ ખૂટે છે કે કશુંક તત્વ વધારે પડતું છે એટલું જ કેવળ અનુભવી શકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. અહીં આવ્યા પહેલા ઘેર હતો ત્યારે મારે અનિવાર્યપણે લોકોથી ઘેરાયેલા રહેવું પડતું અને વિવિધતાની ખામી એ જીવનમાં કદી રહેતી જ નહિ એટલે વૈવિધ્ય ને ફેરફારનું જીવનમાં કેટલું મહત્વ ગણાય તેનો મને ખ્યાલ નહોતો. એકાએક એની ખામી ઊભી થતાં આટલું બધું સાલશે એમ મેં ધાર્યું નહોતું. મને માઠું લાગે એવા કડવા વેણ પણ કોઇ સંભળાવતું નથી એની યે અહીં તો ખોટ લાગે છે !

૧૨મી મે:

...ઠંડી, અંધકાર, અટકયા વગર સતત સંભળાયા કરતો ઘડીયાળનો ટકટક અવાજ વગેરેની જેમ નિરવતા એ પણ અહીંના સમગ્ર વાતાવરણની સાથે એકરૂપ થઇ ગયેલ તત્વ છે. એ બધાનું બનેલું આ વાતાવરણ એકધારું જ રહ્યા કરે છે; ભોજન કરવા ટેબલ ઉપર બેસું ત્યારે ય મારી સામે એ જ વાતાવરણ સ્થાન જમાવે છે ને રાત્રે પથારીમાં સૂવા જાઉં ત્યારે પણ એમાં કંઇ ફેરફાર નથી થયો હોતો. કલ્પના પ્રદેશમાં ગમે ત્યાં આથડવા ઉપડી જાઉં તો પણ ફરીફરીને ત્યાં જ આવવું પડે છે. અહીંના એકધારા વાતાવરણથી કોઇકવાર પર થઇ જાઉં છું પણ એ સ્થિતિ લાંબો વખત ટકતી નથી ને આ એકધારાપણામાંથી છૂટવા મન ઝંખવા લાગે છે—કોઇ ઝાડપાન કે ટેકરી જોવા મળે, ખોબો ધુળ હાથમાં આવે, શંખનાદ સાંભળવા મળે—અરે હલનચલનવાળી જીવતી દુનિયાનું ગમે તે મળી આવે; એવી ઝંખના થવા લાગે છે.

ભારે અનુભવમાંથી પસાર થઇ રહ્યો છું. સાંજે વાળુ વખત પછી (કદાચ એ સમયે પ્રિયજનો સાથે બેસવાને ટેવાયેલા હોઇએ છીએ એ કારણે) જે વિષાદનું મોજું ઘેરી વળતું તે હમણાં અદૃષ્ય થઇ ગયું છે. સવારમાં ધાર્યા સમયે ઊઠવાની પેલી બક્ષીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાએક જેમ ગૂમ થઇ ગઇ હતી તેમ એકાએક પાછી આવી ગઇ છે. છેલ્લા પખવાડીઆથી તો બરાબર નક્કી કરેલ સમયે જ જાગવામાં સફળ થાઉં છું.

હમણાં હમણાં મારામાં બેધ્યાનપણું વધતું જાય છે. ગઈ કાલે રાત્રે સૂપમાં ખાંડ નખાઇ ગઇ; આજે જમવા બેઠો ત્યારે રકાબી મૂકવાની જગ્યાએ ચમચો ભરીને શાક નખાઇ ગયું !

જૂના માસિકોમાંથી વાર્તાઓ વાંચું છું. એક ડીટેક્ટીવ વાર્તા શરૂ કરી ને રસ જામ્યો ત્યાં એક હપ્તાવાળો અંક જ ખૂટતો જણાયો એટલે ન છૂટકે એને પડતી મૂકી પ્રેમકથાઓ તરફ વળ્યો છું—દૂર, ક્ષિતિજની પેલી મેર, જીવનની એ આનંદ ઉલ્લાસવાળી બાજુ એમને એમ ચાલ્યા કરતી હશે...એનો વિચાર કરવાની મજા પડે છે. આ જ એક એવો ખંડ (એંટાર્કટિક ખંડ) છે કે જ્યાં કદી કોઇ સ્ત્રીએ પગ માંડયો નથી; પણ એમ હોવાને કારણે આ પ્રદેશ કંઇ વધુ સારો છે એમ હું નથી કહી શકતો. અમારી પહેલી સફર પછી એ દેવીને ચરણે નૈવેદ ધરવા જે દોડાદોડી થઇ ગઇ હતી એથી મારી વાતને ટેકો મળે તેમ છે. લીટલ અમેરિકાની પહેલી સફરે આવેલા એકાતાળીસમાંથી ત્રીસ અપરિણિત હતા. પાછા વળતા એમાંના કેટલાયે તો ન્યુઝીલાંડમાં જ જે પહેલી છોકરી જોડે ઓળખાણ થઇ તેની સાથે લગ્ન કરી લીધેલા અને બાકી રહેલા લગભગ બધાં જ ઘેર પહોંચીને તુરત પરણ્યા હતા. અપરિણિતોમાંના બે તો લગભગ પચ્ચાસ વર્ષની ઉમરના હતા પણ ઘેર પહોંચ્યા પછી ટૂંક વખતમાં જ એ બન્નેએ લગ્ન કરી લીધેલા...

૧૯મી મે:

વાળુ વખત પછીનું વિષાદનું મોજું આવતું અટકયાને અઠવાડીઉં થઇ ગયું છે. વધારે પડતા ફુલાઇ જવાની મારી ઇચ્છા નથી પણ એને નિર્મૂળ કરી શકયો છું એમ અત્યારે તો લાગે છે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭મી એ:

અત્યારના જેવી નવરાશ કદાચ ફરી વાર નહીં મળે. રોજીંદા કામોને એવી સરસ રીતે ગોઠવી નાખ્યા છે કે બૌદ્ધિક વિહાર માટેની અનુકુળતા જોઈએ તેટલી રહે છે. ઇચ્છા થાય તો ચોપડીના એક પાના પાછળ પણ કલાકો ગાળી શકું તેમ છું. આજ રાત્રે મનને થયું કે કેવું સભર અને સાદું જીવન જીવું છું...

વિચારોની સંવાદિતતા વિષે ચિંતન કરી રહ્યો હતો–એમ કરવામાં આનંદ મળે છે. હું માનું છું કે મનુષ્ય વિશ્વરચનાનો જ એક અંશ છે અને એ વિશ્વરચનામાંની સઘળી ચીજોનો પ્રવાહ લાલિત્ય ભર્યો ને સરળ હોય છે માટે મનુષ્યના મનનું કામકાજ પણ એવી જ સરળ સંવાદિતતાપૂર્વક ચાલવું જોઇએ.

એ સાચું હોય કે નહિ પણ મારા મગજમાં આવતા વિચારો તો અગાઉ કરતાં ઘણા વધુ સરળ પ્રવાહમાં વહે છે....

આ ગાળો ઘણો સુંદર વીતેલો; મન અત્યંત શાન્તિ અનુભવતું હતું,—જાણે અલૌકિક કલ્પનાની ભરતી ઉપર નાવ સરતું જતું હોય ને. મનુષ્યના જીવનમાં થોડી જ પળો ખરેખરી શાન્તિની આવે છે પણ એ થોડીક પળોનું ભાથું એને જીવે ત્યાં સુધી ટેકો આપ્યા કરે છે. એ દિવસોમાં મને પણ શાન્તિનું મારું ભાથું મળી ગયેલું, અને એની અસર તો ત્યાર પછી લાંબા કાળ સુધી ટકેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

મે—૨

કાંઠે પડેલા ગોળાકાર ખડકને જેમ ભરતીનું પાણી ધીમે ધીમે, કળાય નહિ તેમ ગળી જતું હોય છે તેમ મે મહિનાના દિવસોનું પણ થતું હતું. સમયનું વહેણ અત્યંત મંદ પ્રવાહે વહેતું હતું; એક દિવસ ગયો ને બીજો આવ્યો એવો ભેદ કળી શકાતો નહિ—ધીમેથી એક દિવસ બીજા દિવસમાં સરી પડતો.

રેડીઆ ઉપર આવીને ડાયર જે થોડાક સમાચાર સંભળાવી જતો તે મંગળવાસીને જેટલા અર્થશૂન્ય લાગે તેટલા જ અર્થશૂન્ય મને પણ લાગતા. મારી દુનિયા ને એની દુનિયા જૂદી હતી. સવારે ઊઠીને હું મનને કહેતો કે આજે એરોગ્રાફનો કાગળ બદલવાનો દિવસ છે અથવા આજે પ્રાઇમસની ટાંકી ભરવાનો દિવસ છે! શિયાળુ રાત ધીમે ધીમે જામતી જતી હતી. સૂરજે છેલ્લીવારની વિદાય લીધા પછી મહિનો વીત્યો હશે ત્યાં તો આખા દિવસ દરમ્યાન માત્ર બપોર વચ્ચે થોડીકવાર થોડોક ઉજાશ દેખાતો. કેટલીક વાર તો આખા પ્રદેશ પર અંધકારનો ઘેરો પડછાયો પથરાઈ જતો; આકાશ વાદળાઓના થર ઉપર થરથી ભરાઇ જતું. ધ્રુવપ્રદેશની અંધારી રાત ઘેરાતી હતી જાણે બરફ યુગ પુનઃ પાછો આવતો હતો. કશું હલતું ચલતું નહોતું, કશું દેખાતું નહોતું—જાણે મૂર્તિમંત નિશ્ચેતનતા પથરાતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધકારની સાથેસાથે ઠંડી પણ વધવા લાગી. ૧૯ મી મેને દિવસે સાંજે ફરવા નીકળ્યો ત્યારે હવામાન—૬૫° હતું. અહીં આવ્યા પછી પહેલી જ વાર કેનવાસના જોડા ઠંડી સામે પગનું રક્ષણ કરવા અસમર્થ નીવડ્યા. કેબીનમાં આવીને એની જગ્યાએ રેઈન્ડીઅરના ચામડાના જોડા પહેરી જવાની ફરજ પડી. તે દિવસે શારીરની દશા બહુ ખરાબ રહી, વેદનાના અસહ્ય આંચકાથી શરીર તૂટતું હતું—જાણે ઝેરી ગૅસ શરીરમાં પેસી ગયો હોય ને. સંભવ છે કે એમ જ થયું હશે, કેમ કે તે પછીને દિવસે હવા આવવા જવાના ભુંગળા તપાસતાં ખબર પડેલી કે એક ભુંગળું બરફથી પૂરેપૂરું ભરાઈ ગયું હતું ને બીજું પોણું ભરાઈ ગયું હતું ૨૦ મી ને રવિવારે તો કદી નહોતી એટલી ઠંડી પડી. હવામાન—૭૨° એ પહોંચી ગયું હતું. નીચે કેબીનમાં રાખેલ યંત્ર જ ચાલતું હતું; ઉપર છાપરામાં રાખેલ યંત્ર તો થીજી ગયું હતું. પ્રાઈમસ પેટાવ્યો એથી ભોંયરાની હવા એટલી ફુલાઇ કે ટાંકીમાંનું તેલ ઉછળી ઉછળીને આસપાસ છંટકોરાવા લાગ્યું. મોટા પીપમાંનું તેલ પણ થીજી ગયું હતું એટલે એ પીપને પ્રાઇમસ પાસે લઇ આવવું પડ્યું. તે દિવસે રેડીઓ-સંપર્કનો વારો હતો એથી મારી દશા તો ખરેખર કફોડી થઇ. આંગળા એવા ઠીંગરાઇ ગયા હતા કે રેડીઓ યંત્રની ચાવી ફેરવવી પણ મુશ્કેલ લાગતી હતી. લીટલ અમેરિકાનું હવામાન માત્ર-૬૦° જ હતું. હેઇન્સને રેડીઓ ઉપર બોલાવીને થરમોગ્રાફ થીજી ગયાની વાત કહી તો જવાબ આવ્યો કે "અમારે ત્યાં ય એ જ મોકાણ છે;" યંત્રને નીચે કેબીનમાં લઇ જઇ ગેસોલીનમાં ઝબોળી જૂઓ...શાહી ઠરી જતી હોય તો ગ્લિસરિન ઉમેરો...વગેરે સૂચનો આપ્યા પછી જરા રંગમાં હશે એટલે એણે ઉમેર્યું "જૂઓ, મારે તો કદી યંત્રોની મુશ્કેલી ઊભી થતી જ નથી. મેં એક નુસ્કો શોધી કાઢયો છે. આગળ વધવાની ધગશવાળો ને કહ્યાગરો સાથીદાર શોધી કાઢું છું."......મને ખબર હતી;..

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ નીચે કામ કરનાર નવા સાથીઓના પાસેથી કામ કઢાવવાની એની કુશળતાથી હું પરિચિત હતો. એ રવિવારે તો મને પણ થઇ આવ્યું કે મારી પાસે પણ એમ કામ કરનાર સાથીદાર હોય તો કેવું સારું. કંઈ નહિ તો પેલા વાંસડા ઉપર ચડવાના વારા તો ગોઠવી શકાય !

તે રાત જેવા તેજરંગો તો આકાશમાં અગાઉ ભાગ્યે જ ખીલ્યા હશે. રાત્રિરાણીએ પૂરા સાજ સજીને કલાકો સુધી નૃત્ય કર્યા કર્યું. રાત દરમ્યાન હિમકંપનો અવાજ જાણે તોપ ફૂટતી હોય એવા ધડાકા સાથે અનેકવાર સંભળાયો. ભારે મોટું વાવાઝોડું આવશે એમ લાગવાથી કેટલીય ડોલ પાણી ઉપર છાપરા આસપાસ છાંટી આવ્યો. પાણી રેડતા વેંત જ થીજીને બરફ થઇ જતું હતું.

મધરાતે છેલ્લીવાર તેજરંગોનું નિરીક્ષણ કરવા, ઉપર જવાનું બારણું ખોલી જરાક ડોકું બહાર કાઢ્યું તે સાથે જ સખત ગુંગળામણ થવા લાગી. ફેફસા શ્વાસ માટે ઝાંવા નાખવા લાગ્યા પણ શ્વાસ લઇ શકાતો જ નહોતો. બહાવરા જેવો થઇને એકદમ નીચે ઉતરી આવ્યો. નીચેની હુંફાળી હવામાં આવતાં વેંત પેલી ગુંગળામણની લાગણી, આવી હતી એટલી જ ત્વરાથી ગૂમ થઇ ગઇ. કુતુહલથી પ્રેરાઇને છતાં સાવચેત મને મેં ફરી ઉપર જવા પ્રયત્ન કર્યો.. ફરી એ જ દશા થઇ, શ્વાસ રૂંધાઈ ગયો; પણ આ વખતે એનું કારણ હું કળી શકયો, પૂર્વ તરફથી જે ધીમો પવન આવતો હતો એની તરફ મોઢું રહેતું એટલે એનો આકરો સ્પર્શ શ્વાસનળીને રૂંધી નાખતો હતો. પછી એથી વિરૂધ્ધ દિશામાં મ્હોં ફેરવી અને નાક આડા ચામડાના હાથ–મોજા ધરી રાખી 'નિરક્ષણ'નું કામ પતાવી લીધું. નીચે જતાં પહેલાં મેં એક સરસ પ્રયોગ કરી જોયો: બરફ ઉપર થર્મોમીટરને થોડીવાર રાખી જોયું તો ચાર જ ફુટ ઊંચા એના સ્થાન કરતાં ત્યાં જમીન ઉપર હવામનન ૫° વધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડુ હતું, કેબીનમાં જઇ પથારીમાં પડયો પડયો વાંચવા લાગ્યો તો કોથળા બહાર ચોપડી પકડવા રાખેલા હાથની એક આંગળી ઠીંગરાઇ ગઇ—અવારનવાર હાથ બદલ્યા કરી ખાલી હાથને કોથળાની હુંફમાં સેરવી મૂકતો હતો તો પણ આમ થયું.

ઠંડીને પવન વધતા જતાં હતાં. ૨૧મી ની રાત્રે બેરોમીટરનો પારો ઉતરવા લાગ્યો. ઉપર ઘોર અંધારું જામતું જતું હતું, પવન પણ જોશ પકડતો જતો હતો, ભારે મોટા વાવાઝોડાના પૂર્વચિન્હો કળાતા હતા. બીજે દિવસે સવારે ઉપર જવાનું ટાળવા ખાતર 'છટકબારી'વાળા ભોંયરાનું ખોદકામ હાથ ધર્યું ને ૨૨ ફુટ સુધી કામ પહોંચાડી દીધુ. ખોદકામ કરીને થાક ખાતો બેઠો હતો ત્યાં ઉપરની પેલી પ્યાલીઓનો ખડખડાટ વધુ પડતો સંભળાવા લાગ્યો. પવન વધતો જતો હશે એમ સમજી જઇ બધું ઠીકઠાક છે કે નહિ તે જોઇ આવવા ઉપર ગયો. બરફના વાવાઝોડાને વધતું જોવાનો અનુભવ ભારે વિચિત્ર હોય છે. શરૂઆતમાં કોણ જાણે કયાંથી પવન વાવાનું શરૂ થાય છે, ધીમેધીમે એ વધવા લાગે છે; આખો પ્રદેશ પોતાની શાન્ત-સ્થિરતા ત્યજીને ખળભળવા માંડે છે ને ઘડીક પહેલાં જે જમીન ધાતુ જેવી નક્કર ને સપાટ લાગતી હોય તે એકાએક ભરતીએ ચડેલા દરિયા જેવું રૂપ ધારણ કરી લે છે. કેટલીક વાર પવનનો ઝપાટો બહુ ભારે હોય ત્યારે તો હિમરજના ગોટા એવું રૂપ ધારણ કરે છે કે જાણે સેંકડો ફુટ ઊંચે સુધી :પથરાયેલું કોઇ શ્વેતરંગી વાદળ હવામાં વેગભેર ધસી રહ્યું હોય; તો કોઇકવાર ધીમેધીમે હલચલ શરૂ થાય છે; જમીન પરના નાના હિમકણો ઉડવા લાગે છે ને વાતાવરણમાં ધીમેધીમે ફેર પડતો દેખાય છે...થોડી જ વારમાં એ હિમકણોનું પ્રમાણ વધવા લાગે છે ને શરૂઆતમાં પગ આગળ જ સળવળાટ કરતી હિમરજ, ચડતી ભરતીની જેમ ધીમે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે કેડ અને છાતી પર થઇ માથાને ઘેરી વળે છે. એક ફુટ જેટલે અંતરે પણ જોઇ ન શકાય એવો હિમરજનો ગોટો આસપાસ પથરાયો હોય અને છતાં માથા ઉપર થોડેક ઊંચે હવા તદ્દન સાફ હોય, તેમ જ આકાશમાં ચળકતા તારા સ્વચ્છ દેખાતા હોય એવું વાતાવરણ પણ મેં અનુભવ્યું છે.

ઉપર બધું ઠીકઠાક છે એવી ખાત્રી કરી લીધી. બારણું બરોબર ભીડી દીધું ને પોતાનું વહાણ સલામત છે એવી ખાત્રી કરીને ખલાસી જેમ વાવાઝોડું પસાર થવાની રાહ જોતો નીરાંતે કેબીનમાં જઇ બેસે તેમ હું પણ બેસી ગયો. વાવાઝોડું ત્યાં મને સ્પર્શી શકે તેમ નહોતું, પણ સુસવાટાનો અવાજ આવ્યા કરતો હતો, અને પ્રાઇમસના ભુંગળાને તો જાણે પવન ઉખેડી નાખશે એમ લાગતું હતું. કેબીનમાં ને ભોંયરામાં પણ પવન થોડો થોડો પેસી જતો હતો એટલે મીણબત્તીઓ ઓલવાઇ જતી હતી—તોફાન-દીવાના આછા અજવાળેથી જ ચલાવવું પડે એવું હતું.

પણ વાવાઝોડાના ખરેખરા સ્વરૂપનો ખ્યાલ તો 'નિરીક્ષણ' માટે ઉપર ગયો ત્યારે જ આવ્યો. ઉપરનું બારણું ઉઘાડ્યું કે તુરત જ હિમરજનો થર જાણે વહેતી દિવાલની જેમ મારી ઉપર ધસી આવ્યો. એ બારણાથી યંત્રો રાખવાનું છાપરૂં તો થોડાક પગલા જ દૂર હતું પણ જાણે માઇલેક દૂર હોય એવું લાગ્યું. બરફથી ભરેલા પવનના ઝાપટા છાતીમાં વાગતા હતા. એના જેટલી ઘોર અંધારી રાત કદી જોઇ નહોતી. ચાંપબત્તીનો પ્રકાશ જરાય પથરાતો નહોતો ને મોઢા આગળ ધરી રાખેલ હાથ પણ જોઇ ન શકાય એવું ઘોર અંધારૂં હતું.

કામ પતાવીને નીચે ગયો તે પહેલાં તો મારા પવન-રક્ષક કપડા પર હિમરજનો થર જામી ગયો હતો. નીચે પહોંચ્યો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેબીનનું વાતાવરણ ઘણું વધારે ઠંડુ થઇ ગયેલું લાગ્યું. પ્રાઇમસનું ઢાંકણું ઊંચું કરી જોયું તો અડધી ટાંકી ભરેલી હતી છતાં પ્રાઇમસ બંધ પડી ગયેલો જણાયો...મને એમ થયું કે કદાચ ભૂલથી મેં ચાવી ઉઘાડી નાખી હશે; પણ ફરી પેટાવવા પ્રયત્ન કર્યો તો પણ ભુંગળામાંના પવનને કારણે ઝાળ ઓલવાઇ જવા લાગી એટલે નક્કી થયું કે પવનને કારણે જ પ્રાઇમસ બંધ પડી ગયો હશે. જેમ તેમ કરી એને ચાલુ કર્યો.

વાવાઝોડાનું જોર વધતું જતું હતું. પવનની દિશા નોંધવાનું આપોઆપ કામ કરતી પેલી કલમનો લીટો ખરડાવા લાગ્યો હતો. ઉપરના ભાગમાં તારની સાંધ પર બરફ જામી ગયો હોવો જોઇએ એમ લાગ્યું, પણ ઉપર જઈ એને સમું કરવાનો પ્રયત્ન નકામો જવાનો છે એમ સમજી પવનની દિશા જાણવા મેં નવી તરકીબ વિચારી કાઢી...એક વાંસડા સાથે રૂમાલ બાંધી એને હવા આવવાના ભુંગળા સોંસરવો ઉપર કાઢ્યો અને કલાકે કલાકે ચાંપ–બત્તીના પ્રકાશથી એ રૂમાલ કઇ દિશામાં ઉડતો હતો તે તપાસી નોંધ કરવાનું રાખ્યું, રાતના બે સુધી તો આ રીત ચાલી, પણ પછી થયું કે જો પવનની દિશાની નોંધનું કામ અટકે નહિ અને છતાં ઊંઘી શકાય એવું કરવું હોય તો ઉપર જઇ પેલી સાંધોમાંથી બરફ ખેરવી આવ્યા વિના છૂટકો નથી.

પવન જોશભેર ફુંકાતો હતો. આખો હિમપ્રદેશ જાણે ધ્રુજી રહ્યો હતો ને પૃથ્વી કકડે કકડા થઇ રહી હોય એવો ઘોર અવાજ થતો હતો. માંડ માંડ ઉપલું બારણું ઉઘાડી શકાયું; બહાર નીકળ્યો તો આંધળા બનાવી મૂકે એવો હિમરજનો ગોટો ઘેરી વળ્યો. સાસપાસ કંઇ કળાતું નહોતું હાથેથી ફંફોસીને બારણાનો હાથો શોધી કાઢ્યો ને અંદર હિમરજ પેસી ન જાય એની સાવચેતી ખાતર બારણું વાસી દીધું. લાખો કણાં આંખમાં પેસી જઇ ખૂંચતા હતા, શ્વાસ લેવો પણ મુશ્કેલ હતો, નાક ને મોઢું હિમરજથી ભરાઇ જતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંખોડીઆ ભર થઇને એનેમોમીટરના વાંસડા તરફ વધ્યો—ઊભા ઊભા ચાલવા જતાં તો પછડાઇ પડાશે ને એકવાર પડ્યા પછી ઊભું થવું મુશ્કેલ થઇ જવાનું એમ લાગતું હતું.

વાંસડો હાથ લગ્યો. હિમકણો આંખમાં ખૂંચતા હતા છતાં જેમ તેમ કરી વાંસડા ઉપર ચડ્યો, પણ તુરત સમજાઇ ગયું કે નકામું વૈતરું કરવા જેવું થશે—આટલી બધી હિમરજ પવન સાથે આવે છે એટલે હું એક સાંધ સાફ કરીને બીજી તરફ વળીશ એટલી વારમાં જ પાછી પહેલી સાંધ ભરાઈ જવાની. વાંસડા ઉપરથી નીચે ઉતર્યો તો પવનના ઝપાટામાં આમ તેમ ફંગોળાવા લાગ્યો ને પગ પરનો કાબુ જતો રહેવા લાગ્યો. માંડ માંડ બારણું શોધી કાઢ્યું... હાથો પકડીને પહેલાં એક હાથે ને પછી બેય હાથે જોર કર્યું પણ બારણું જરાય ચસક્યું નહિ. આખા બારણા ઉપર થર જામી ગયો હતો. થાય એટલું બળ કરી જોયું પણ કંઈ ફેર ન પડ્યો.

ભયથી હું ઘેરાઇ ગયો. મગજનું સમતોલપણું જાણે જતું રહ્યું ને ગાંડા માણસની જેમ એ લાકડાના પાટીઆ ઉપર જોર પછાડવા લાગ્યો. ઉપર જામેલા થરને ઢીલો પાડવા કોરે કોરે મુક્કા મારી જોયા, એથી પણ કારી ફાવી નહિ એટલે જમીન પર પેટભર સુઇ જઇ થાય એટલું જોર કરી જોયું. થાક ને ઠંડીથી હાથ ઢીલા થઇ ગયા ત્યાં સુધી જોર કર્યે રાખ્યું; પછી ન સહેવાયું એટલે હાથ ઉપર મ્હોં ટેકવીને મારી જાતને ભાંડવા લાગ્યો: અક્કલ વગરના... મૂરખ...! નીચે કેબીનમાં દટાઇ ન મરું એટલા ખાતર કેટલાય અઠવાડીઆથી મથી રહ્યો હતો એને બદલે આ તો બહાર પડી રહેવાનું આવ્યું અને તે પણ પવન-રક્ષક કોટની નીચે માત્ર ઊનના કપડાની એક જોડ જ પહેરી હતી એવી દશામાં. ફક્ત બે ફુટ નીચે જ સ્વર્ગ પડ્યું હતું—ગરમી, ખોરાક, સાધનસામગ્રી, જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકાવવા જે કંઇ જોઇએ તે બધું જ. માત્ર હાથ લંબાવું એટલે અંતરે એ બધું પડયું હતું ને છતાં એ લઇ શકાય એવી સ્થિતિ રહી નહોતી.

એંટાર્કટિક પ્રદેશના વાવાઝોડા ગાંડાતૂર થઇ ફુંકાતા હોય છે. હવામાનમાપકયંત્રની નોંધ પરથી એના ગાંડપણનો સાચો ખ્યાલ ન આવી શકે. એ વાવાઝોડું માત્ર પવનનું નથી હોતું,—બરફની દિવાલ ઝોડની જેમ ધસી આવી મોજાની માફક આપણી ઉપર અફળાતી હોય છે. આંખને આંધળી કરી મૂકે, શ્વાસ રૂંધી નાખે એવું એ વાવાઝોડું સામાન્ય વેગથી ફુંકાતું હોય તો પણ બીજા પ્રદેશોમાંના તોફાની વાવાઝોડા કરતાં પણ વધારે આકરૂં થઇ પડે છે. આસપાસ કંઇ જોઇ શકાય નહિ, કંઇ સંભળાય નહિ, માંડ હલીચલી શકાય, ફેફસા શ્વાસ લઇ શકે નહિ ને માથું ભમવા લાગે એવી અસર થાય.

અડધા થીજી ગયેલા શરીરે હું બારણાથી થોડેક છેટે આવેલા હવા આવવા જવાના ભુંગળા તરફ ગયો, આમતેમ ફફુસી જોતાં ભૂંગળું હાથ આવ્યું. એને બે હાથે ઝાલીને ધુંટણીએ ઊભો થયો ને એ ભુંગળાની અંદર મ્હોં નાખી જોવા લાગ્યો—શું કરવા એમ કર્યું તે મને સમજાતું નથી, બસ મારાથી એમ થઇ ગયું. અંદર આછું પ્રકાશનું ધાબું દેખાયું ને અંદરથી આવતી ગરમ હવાએ મને જરા હુંફ આપી.

શું કરવું એનો વિચાર મનમાં ચાલવા લાગ્યો...છાપરામાંના જાળીઆ તોડી અંદર ઉતરવાનો વિચાર આવ્યો પણ એ જરાય ચસ્કી શકે એવા નહોતા—કંઇક ધોકા જેવું સાધન હોય તો જ એ જાળીઆ ખેડવી નાખી શકાય તેમ હતું. હાથમાં આવેલ પેલા ભુંગળાને ખેંચી કાઢવા જોર કરી જોયું પણ ફાવ્યો નહિ—હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલ્ટા વધુ દુખવા લાગ્યા. શું થશે એની મુંઝવણ વધવા લાગી ને હતાશા પણ ઘેરો વળી. થોડાક દિવસ પહેલાં બરફ ખસેડવાનું કામ કરી લીધા પછી પાવડો ઉપર જ પડતો મૂકી રાખ્યો હતો તે સાંભરી આવ્યો. પણ આવા વાવાઝોડામાં એ પાવડાને ક્યાં શોધવો એ સવાલ હતો.

ભૂંગળાને પકડી રાખી જમીન ઉપર શરીર લંબાવ્યું ને આસપાસ પગ ફેરવવા લાગ્યો પણ કંઇ અથડાયું નહિ. ભૂંગળું છોડી દઇ દૂર જવાની હિમ્મત નહોતી રહી. ધીમે રહીને બારણા પાસે પાછો આવ્યો ને એના હાથાને ઝાલી એવી જ રીતે આસપાસ પગ ફેરવી જોયો તો પગ એક બીજા ભુંગળા સાથે અથડાયો. એ ભુંગળાને આધારે એની આસપાસ એ જ ક્રિયા કરી જોઇ તો પગ સાથે કંઇક અફળાયું. હાથમાં લઇ તપાસતાં એ પાવડાનો હાથો જ છે એમ જણાયું ત્યારે તો એને ભેટી પડવાની લાગણી થઇ આવી.

મહા આશિર્વાદ રૂપ એ પાવડાને લઇ બારણાની તડમાં ભરાવ્યો ને એ હાથે એના છેડા પર જોર કરવા લાગ્યો. હાથ દુ:ખવા આવ્યા એટલે લાંબા સૂઇ જઇ ખભાથી જોર દેવા પ્રયત્ન કર્યો. બારણું ઉઘડ્યું ને હું અંદર ઉતર્યો. કેબીનના પ્રકાશ અને ગરમીમાં પ્રવેશતાં મનમાં હું બબડતો હતો...અદભુત ! અદભુત !

કાંડા ઘડીઆળ તો બંધ પડી ગયું હતું પણ ક્રોનોમીટર કહેતા હતા કે મને ઉપર ગયા ને કલાક થવા આવ્યો હતો. પ્રાઇમસ ફરી વાર ઓલવાઇ ગયો હતો પણ એને પેટાવવાની લપ કરવાનું મન ન થયું. થાકીને લોથ થઇ ગયો હતો, કેવળ પથારીમાં પડી લંબાવવા જેટલા જ હોશ રહ્યા હતા. ઉપર વાવાઝોડું એમને એમ ગાજ્યા કરતું હતું; પાવડો ન મળ્યો હોત તો હજી હું શું કરતો હોત એનો વિચાર મનમાંથી ખસતો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ હજી ધમપછાડ મારતો હોત. કે કદાચ 'બધું' અટકી ગયું હોત....

સવારે સાત વાગ્યે જ્યારે ઊંઘમાંથી જાગ્યો ત્યારે પવન હજી ફુંકાતો હતો પણ જોશ ઘટયું લાગતું હતું. તોફાન-દીવાના આછે અજવાળે કપડા પહેરતાં પહેરતાં મારા શરીરનું એકે એક હાડકું ધ્રુજી રહ્યું હતું: નીસરણી ચડતા ચડતા મનમાં ખાત્રી હતી કે ઉપલું બારણું ફરી જામ થઇ ગયું હશે ને ખરેખર એમ જ હતું. કરવત, કોદાળી, ફાનસ વગેરેથી સજ્જ થઇને હું છટકબારીવાળા ભોંયરા તરફ વળ્યો. એમાં બાકોરૂં પાડતા બહુ વાર ન લાગી—માત્ર બે ફુટ જાડો થર કાપી કાઢવાનો હતો. ભોંયરાની અંદરના એક થાંભલા સાથે દોરડું બાંધી એનો બીજો છેડો મારા કમર-પટ્ટા સાથે વીંટાળી લઇ હું બહાર નીકળ્યો. વાતાવરણમાં હિમરજ હજી ઘણી હતી. ચાંપબત્તીના પ્રકાશ વડે પણ બે એક વારથી છેટે નજર પહોંચતી નહોતી. એનેમોમીટરના વાંસડાને ખોળી કાઢી એની ઉપરના તારની સાંધો સાફ કરી; ચાલીઓમાં તો સીમેંટની જેમ બરફ જામી ગયો હતો ને એ બધું સાફ કરવાનું કામ બહુ કપરૂં લાગતું હતું પણ છૂટકો નહોતો. એ બરફ જામી જવાથી તો યંત્ર બરોબર ચાલતું નહિ અને પરિણામે પવનનો વેગ નોંધવામાં ગરબડ રહેતી...પણ આગલી રાત્રે જે વીત્યું હતું તે જોતાં આ વખતે ફરીઆદ કરવા જેવું નહોતું.

ફરવાનો કાર્યક્રમ પડતો મૂકવો પડયો. બને તેટલો વધુ વખત ઉપરના ભાગમાંથી હિમરજનો થર દૂર કરવામાં ગાળ્યો. સદ્ભાગ્યે થર બહુ કઠણ નહોતો થઇ ગયો એટલું સારું હતું. એ કામ પતી ગયું એટલે છટકબારી આડી બે ત્રણ પેટીઓ ગોઠવી એને બંધ કરી દીધી. પવન પડી ગયો હતો. ઠંડી પણ ઓછી થઇ ગઇ હતી. હવામાન −૧૦° જેટલું થઇ ગયું હતું. સેંકડો વર્ષથી કામ કરી કરીને થાક ખાવા સૂતો હોઉં એવી ઊંઘ તે રાત્રે ખેંચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪મી ની સવારે ઊઠયો ત્યારે વાતાવરણ ન માની શકાય એટલું હુંફાળું હતું. આઠ વાગ્યે ઉપર નિરીક્ષણ કરવા ગયો ત્યારે હવામાન +૨° હતું. પવનને કારણે રેડીઓના થાંભલા ખડી પડ્યા હતા એ ગોઠવવાની મહેનત કરવી પડી અને દસને બદલે અગ્યાર વાગે સંપર્ક સાધવા તૈયાર થઇ શકયો. કલાક મોડું થયું હતું છતાં ડાયર ધીરજપૂર્વક રાહ જોઇ રહ્યો હતો...મારા સંદેશા સમજાતા તો હતા પણ અવાજ સ્પષ્ટ ઊઠતો નહોતો એમ એણે કહ્યું. ચીકાગો સાથે ખાસ ગોઠવેલ વાયુ-સંદેશામાં મારે ભાગ લેવાનો હતો એ વિષેની વિચારણા કરવા સિવાય અમારે કંઇ વાતચીત કરવાની નહોતી. લીટલ અમેરિકાનું હવામાન + ૨૫° હતું ને વાયુશાસ્ત્રી હેઇન્સે તો 'ગરમીના મોજા'ની જાહેરાત કરી દીધી હતી.

શનિવારે એ લોકો ચીકાગોમાં મળનારા 'આંતરરાષ્ટ્રીય મેળા'ને ખાસ વાયુસંદેશ પાઠવવાના હતા અને મારી તરફથી એમાં કંઇક ઉમેરવાનું હતુ, "ધરતીને તળીએથી સલામ" એટલા શબ્દો મારે મોકલવા એમ અમે નક્કી કર્યું. કટ કટની લીપીમાં એ અક્ષરો બેસારી પાકા કરી લેવા મેં ખંતપૂર્વક બનતો પ્રયત્ન કર્યો પણ શનિવારે સંદેશ પાઠવવાના વખત પહેલા થોડીવારે ચાર્લીએ મને જણાવ્યું કે તમારે "એંટાર્કટિક (દક્ષિણ ધ્રુવપ્રદેશ)માંથી સલામ" શબ્દો પાઠવવા એવો ન્યુયોર્કવાળાનો આગ્રહ છે...ને તે લોકો એ સંદેશાને ઝળહળતા આગીઆ અક્ષરોમાં ચીકાગોના આકાશમાં બતાવવાનો ઇરાદો રાખે છે."

"ભલે એના માથા પર આગ લગાડતા" એવો જવાબ વાળી હું લીટલ અમેરિકાવાળાનો વાયુ સંદેશ સાંભળવામાં ગુંથાયો. સાંભળતા સાંભળતાં "હવે આપણે એડમીરલ બાયર્ડનો સંદેશ સાંભળવા પ્રયત્ન કરીશું" એવા શબ્દો કાને પડ્યા એટલે એકદમ મારા રેડીઓની ચાવી ફેરવવા પ્રયત્ન કરવા લાગ્યો પણ એણે દાદ દીધી નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીકવાર પછી ડાયરે જણાવ્યું કે "અહીં તો તમારો સંદેશો બરોબર સંભળાયો હતો પણ ચિકાગોમાં કંઇ સંભળાયું નહિ..."!

'ગરમીના મોજા' વિષેનો હેઇનનો વરતારો સાચો નીવડયો. તે દિવસે બપોરે થર્મોમીટરમાં પારો + ૧૮° સુધી ચડયો. તે દિવસથી માંડીને મે મહિનાના અંત સુધીમાં પારો વધુમાં વધુ –૨૩° સુધી જ ઉતર્યો અને મોટા ભાગના દિવસો તો એ શૂન્યથી ઉપર અથવા શૂન્ય આસપાસ જ રહેલો.

૨૫મી મે:

અહીં આવ્યાને ચોસઠ દિવસ થયા. આજે કંઇક નવરાશનો દિવસ છે એટલે પાછલા દિવસો ઉપર નજર ફેરવી જવા બેઠો છું.

ત્રણ વાત માટે પ્રભુનો ખાસ પાડ માનવાનો છે—એક તો એ માટે કે હવામાન વગેરેની મારી નોંધો બરોબર રાખી શકયો છું (જો કે કયાંક કયાંક એમાં ખામી રહી ગઇ છે ખરી); બીજું મારી જાતને સલામત રાખવા પૂરતા સંરક્ષણો બરોબર ગોઠવાઇ ચૂકયા છે ને ત્રીજું અહીંની પરિસ્થિતિમાં મને ઠીક ઠીક ફાવી ગયું છે—ખાસ કરીને માનસિક દ્રષ્ટિએ. આગળ ધપતી જતી શિયાળુ રાત જે કંઇ હલ્લાઓ લાવે તેની સામે ઝીક ઝીલવાની તૈયારી અનુભવું છું—અહીં હજી જેટલો સમય રહેવાનું છે તેના વિષે ઉત્સાહ અને પ્રસન્નતાપૂર્વક વિચારી શકું છું.

અહીં આવ્યો ત્યારે હતું તેટલું વજન નથી રહ્યું છતાં શરીર તદ્દન બરોબર લાગે છે. કદાચ પહેલાં મારું વજન થોડુંક વધારે પડતું હતું. પ્રાઇમસ વગેરેના ધુમાડાને કારણે કદાચ આટલા રતલ વજન ગુમાવવું પડયું હશે પણ હવે પૂરતી કાળજી રાખું છું તેથી ધુમાડાની અસર ઘટી હોય એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંનું જીવન મુખ્યત્વે માનસિક જ છે. કશીજ ઉતાવળ નહીં; ચિંતન કર્યા કરવામાં જ વખત વીતાવવાનો. એકાંત મેં ધાર્યું હતું તે કરતા વધારે છે. મારા મુલ્યાંકનોમાં ફેર પડતો અનુભવું છું. કેટલીય વાતો જે અગાઉ મનમાં ઘોળાયા કરતી તે હવે સ્પષ્ટ આકાર લેવા લાગી છે. જીવનમાં મારે માટે કઇ વસ્તુ ઉપયોગી છે ને કઇ નકામી તે હવે હું વધારે સારી રીતે નક્કી કરી શકું છું. સફળતા–સિદ્ધિ વિષેની મારી વ્યાખ્યા જ બદલાવા લાગી છે. હમણાં હમણાં મનુષ્ય અને વિશ્વરચનામાં એના સ્થાન વિષે આવો વિચાર-પ્રવાહ મારા મનમાં ચાલવા લાગ્યો છે.

કદી ઘડીઆળ જોઈ ન હોય ને પહેલી વાર જોઉં તો એના કાંટા જરૂર કોઇક યોજનાપૂર્વક ચાલતા હશે—મન ફાવે તેમ ચાલતા નહિ હોય એમ મને લાગે. એવી જ રીતે આ વિશ્વતંત્ર જે ચોક્કસાઇ ને વ્યવસ્થિતતાપૂર્વક ચાલી રહ્યું છે તેને કેવળ આંધળી આ અકસ્માતના પરિણામરૂપ માનવું એ પણ બુદ્ધિગમ્ય નથી લાગતું...

મારું અંતર કહે છે કે માનવજાત આ વિશ્વરચનાથી બહાર નથી તેમ અકસ્માતવશાત જન્મી નથી. ઝાડપાન, પર્વતો, આકાશના તેજરંગો ને તારાઓ જેટલાં એ વિશ્વરચનાના અંગરૂપ છે એટલી જ માનવજાત પણ એ વિશ્વરચનાના અંગરૂપ છે. મારા અંતરની આ વાત મારી બુદ્ધિને માન્ય લાગે છે ને વિજ્ઞાનને હું જે રીતે સમજ્યો છું તે રીતે જોતાં વિજ્ઞાન પણ એ જ દિશા દર્શાવી રહ્યું છે. મનુષ્ય એ વિશ્વરચનાનો અંશ છે ને એના જ નિયમોને આધીન છે—ભૌતિક ને આધિભૌતિક જગતમાં એ જ નિયમો પ્રવર્તે છે ને મનના વ્યાપારમાં પણ એ જ પ્રગટ થાય છે...

૩૧મી ને ગુરુવારે સવારનું વાતાવરણ તાજગી વીનાનું લાગતું હતું. હવામાન +૫° જેટલું હતું. 'રેડિયો સંપર્ક' નો વાર છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારીખિયું કહી રહ્યું હતું. પધ્ધતિસર બધી તૈયારી કરીને વખતસર 'સંપર્ક' સાધ્યો. મુખ્ય વિમાની જૂન અને નાવિક રૅાસનને સૂચનાઓ મોકલી. ઘેર મારી પત્નીને સંદેશો કહેવરાવ્યો કે 'અમેરિકામાંના મારા પ્રતિનિધિઓની મદદ વડે તમે અને મારા મંત્રી પ્રવાસનું દેવું બને તેટલું ઓછું કરવાના પ્રયત્નો હાથ ધરો' ડાયરે એ સંદેશા ઉતારી લીધા ને બરોબર છે કે નહિ તે જાણવા વાંચી સંભળાવ્યા. પછી વાયુશાસ્ત્રી પાઉલ્ટરની સાથે લંબાણપૂર્વક ત્યાંના કાર્યક્રમ વિષે વાતો કરી. એ વાતો પણ પતી ગઇ ને ચાર્લી સાથે બાકી રહેલી થોડીક વાતો પતાવતો બેઠો હતો; નીચેના ભોંયરામાંથી એંજીનનો અવાજ ઉપર બેઠા બેઠા સાંભળી શકાતો હતો ને એકાએક એ અવાજ વધતો લાગ્યો એટલે ડાયરને થોભવાનું સૂચવી હું નીચે ભોંયરામાં ગયો. એંજીનના ધુમાડાથી ત્યાંની હવા ભરાઇ ગઇ હતી. શું થયું છે તે નીચે વળી તપાસવા પ્રયત્ન કર્યો. થોડોક ફેરફાર કરી જોયો પણ કંઇ અસર થઇ નહિ. મને સાંભરે છે કે નીચો વળ્યો હતો એ સ્થિતિ છોડી ટટાર થવા મેં પ્રયત્ન કરેલો. બસ એ પછી શું થયું તેની મને ખબર નથી. ત્યાર પછી ભાન આવ્યું ત્યારે હું ઠુંઠીઉં વાળી જમીન ઉપર પડયો હતો; અર્ધભાનમાં દૂર દૂરથી કંઇક આછો ખ્યાલ આવતો હતો કે કંઇક અત્યંત અગત્યનું કામ બાકી રહી ગયું છે...શું રહી ગયું છે એ સ્પષ્ટ સમજાતું નહોતુ....એ સ્થિતિમાં હું કેટલો વખત રહ્યો એની પણ ખબર નથી...સંભવ છે કે છેવટ ઠંડીને કારણે હું જાગ્રત થયો...ધીમે ધીમે ઘુંટણીએ ચાલીને કેબીનમાં આવ્યો... મગજ ઉપર ઘેરો પડદો ફરી વળ્યો હતો. એમાં થોડીકવાર પછી રેડીઓનો આકાર ઉઠયો અને મને સાંભરી આવ્યું કે ડાયરને રજા આપી દેવાની બાકી છે...મારી વિદાય-સલામનો એણે કંઇ ઉત્તર વાળ્યો હોય તો મને ખબર નથી ..કાનનું ભુંગળું મેં ચડાવ્યું જ નહોતું. (લીટલ અમેરિકામાં રખાયેલી રેડીઓ-નોંધ પરથી જાણી શકાય છે કે થોભવાનું કહીને હું ગયો અને "રવિવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળશું" એમ કહેવા પાછો આવ્યો એ વચ્ચે લગભગ વીસ મિનીટ પસાર થઇ હતી—ભોંયરામાં હું કેટલો વખત રહ્યો એનો એ પરથી કંઈક અંદાજ મળી શકે છે.

ત્યાર પછી મેં શું કર્યું એ વિષે ખાત્રીપૂર્વક કહી શકું તેમ નથી....કઇ ક્રિયાઓ મેં તંદ્રામાં અનુભવી ને કઇ સાચેસાચ કરી એનો ભેદ હું પાડી શકતો નહોતો. મને સાંભરે છે કે હું પથારીમાં પડ્યો પડ્યો એંજીનના અનિયમિત ધબકારા સાંભળતો હતો ને એનો ગૅસ મને ગુંગળાવી મારશે માટે એને બંધ કરી આવું એવો ખ્યાલ મનમાં ચાલી રહ્યો હતો. ગડથોલીઆ ખાતો ખાતો હું ઊભો થયો ને ભોંયરા પાસે પહોંચ્યો...માથું ખાલી ખાલી લાગવા માંડ્યું ને હૃદયમાં મુંઝારો અનુભવવા લાગ્યો પણ જાણે બહુ દૂર કાળા ધુમાડા ઊંચે ચડતા હોય એવું જોઇ શકતો હતો.

અર્ધજાગ્રત-અવસ્થામાં ઘુંટણીઆભર ચાલીને એંજીન સુધી પહોંચ્યો—ઊભા ઊભા ચાલવા કરતાં નીચે જમીન પાસે ઓછો ધુમાડો લાગશે એવા ખ્યાલથી હું વાંકો વળ્યો હઇશ એમ લાગે છે. એંજીનની ચાવી ખોલી નાખી. આસપાસ એકદમ અંધારૂં પથરાઈ ગયું. રેડીઓ એંજીન સાથેનો ઇલેકટ્રીક બત્તીનો ગોળો એંજીન બંધ પડવા સાથે પ્રકાશ આપતો અટકી જશે એ વાતનો મને ખ્યાલ રહેલ નહિ. સદ્ભાગ્યે ખુણામાં લટકતું ફાનસ આછું ઝગતું હતું એટલે એના પ્રકાશની મદદથી હું પથારી સુધી પહોંચી શક્યો.

મે મહિનાના આ છેલ્લા દિવસે બીજું શું શું થયું તેની મને બરોબર ખબર નથી—એટલી ખબર છે કે જે કંઇ અનુભવ્યું લાગતું હતું એમાંનું ઘણુંય તંદ્રામાં અનુભવેલ આભાસ માત્ર હતું. માથું જાણે ચક્કર ચક્કર ભમી રહ્યું છે, ઉલ્ટી થયા કરે છે ને હૃદય ધડક ધડક ધબકારા કરી રહ્યું છે વગેરે આભાસ સાચા હશે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ તે કોણ જાણે. હા, ઠંડી લાગતી હતી, પગ ને હાથ ઠરી જતા હતા અને ઠાર જાણે ધીમે ધીમે શરીરમાં પેસતો જતો હતો; એનાથી બચવા સૂવાના કોથળામાં પેસી જઇ લંબાવ્યું. વચ્ચમાં એકવાર અર્ધઘેનમાંથી ક્રોનોમીટરના કટકારાને કારણે હું જાગી ગયેલો...જાગીને મેં એને ચાવી દીધેલી કે નહિ એ મને બરોબર યાદ નથી પણ ટેવનું જોર એવું પ્રબળ હતું કે ચાવી દેવી જોઇએ ને થર્મોગ્રાફ ને રજીસ્ટરના કાગળીઆ બદલવા જોઇએ એવો વિચાર મારા મગજમાંથી ખસતો નહોતો, એ મને બરોબર યાદ છે. કદાચ મેં ઊઠીને એ બધું કર્યું હશે, કેમ કે બીજે દિવસે એ બધાં યંત્રો બરોબર ચાલુ હતા. એ વખતની એક વાત મને સ્પષ્ટ યાદ છે—જાગ્યો ત્યારે આંખો ઉઘાડી હતી અને છતાં મને કંઇ દેખાતું નહોતું: આંખો આંધળી થઇ ગઈ એમ લાગતું હતું. થોડીવાર પછી જ મને ખ્યાલ આવ્યો કે હું દિવાલ તરફ જોઇ રહ્યો હતો, દીવો ઓલવાઈ ગયો હતો (તેલ ખુટી જવાને કારણે) પણ પ્રાઇમસનો આછો ઉજાશ જોઇ શકાતો હતો.

આંખો આંધળી થાય એના જેવો ત્રાસ આપનારો બીજો કોઇ પ્રસંગ નથી હોતો. અમારું વિમાન એક વાર તૂટીને નીચે આવેલું ત્યારે ફ્લોઇડ બેનેટના અવાજમાં જે વેદના સાંભળી હતી તે હું કદી નહિ ભૂલું. એના મોઢામાંથી ધીમો અવાજ નીકળી પડેલો "મારું આવી બન્યું...હું કશું જોઈ શકતો નથી." એના મોઢા ઉપર તેલ છંટાઈ ગયું હતું. મેં એ સાફ કરી આપ્યું ને એની આંખ ઉઘડી શકી ત્યારે એના મોઢા ઉપર જે ભાવ ફેલાઇ ગયા તે ખરેખર સુંદર હતા.

તે દિવસ પછી શરીર ભાંગી પડયું. એ વિષે વધુ લખતાં હું વેદના અનુભવું છું. એ બધું ધીમે ધીમે ભૂતકાળમાં વિલીન થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યું છે. માણુસને પોતાના દર્દની વાત વ્યક્ત કરવી નથી ગમતી. કૌમારાવસ્થામાં હતો ત્યારથી જ મારો એવો ખ્યાલ બંધાઇ ગયો છે કે માંદગીની વાતમાં કંઇક નીચા જોવાપણું છે—કંઇક ન કહેવા જેવું છે, પણ આ પ્રસંગના પરિણામોની અસર હું થાણામાં રહ્યો ત્યાં સુધી ચાલુ રહેલી અને મોત સામે હું જે રીતે ઝુઝયો તે વાત થાણાના મારા વસવાટની વાતમાં એટલો મોટો ભાગ ભજવી ગયેલી કે એને પડતી મૂકીને આગળ ચાલી શકાય તેમ જ નથી.

ત્યાર પછી શું શું બન્યું એનો મને અત્યંત સ્પષ્ટ ખ્યાલ છે પણ હું કેવળ સ્મરણ–શક્તિને આધારે નહિ લખું. એ પછીના દિવસો દરમ્યાન મારાથી બની તેટલી વિગતો મેં યાદ કરી કરીને રોજનીશીમાં નોંધ લીધી હતી—સાંજનો આખો વખત આંખોની બળતરા ને લમણાનો દુઃખાવો ચાલુ રહ્યાં, પથારીમાં પડયો રહ્યો હતો એટલે હૃદયમાં થતા જોરદાર ધબકારા મંદ પડતા હતા—ધીમે ધીમે મગજ સાફ થવા લાગ્યું અને ભોંયરામાં બનેલા બનાવ પહેલાની વિગતો યાદ કરવાનો હું પ્રયત્ન કરવા લાગ્યો... એંજીનના ધુમાડાને બહાર કાઢનારું ભૂંગળું બરફથી ભરાઇ ગયું હશે અને તેથી ઝેરી ગેસ ભોંયરામાં ફેલાઇ ગયો હોવો જોઈએ એમ મેં ઠરાવ્યું. એ ગેસ કાર્બન મોનોકસાઇડ જ હોવો જોઇએ એમ પણ મેં નક્કી કરી લીધું—એના વિના આમ એકાએક અસર ન થાય, પંછડાઇ પડતા પહેલાં ગુંગળામણ નહોતી થઇ, પાછળથી લમણાંમાં અસહ્ય વેદના થતી હતી ને ઉબકા આવતા હતા, મગજ ખાલી ખાલી થઈ જતું હતું એ બધા કાર્બન મોનોકસાઇડના જ ચિન્હો ગણાય. મોનોકસાઇડ હંમેશા ઉપર જ ચડી જતો હોય છે એટલે જમીન પર પડયા પડયા મને ઓકસિજન મળ્યો હશે ને તેથીજ હું ભાનમાં આવ્યો હઇશ...

...ઓછામાં ઓછા થોડાક દિવસ પૂરતી તો મારી દશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાધાર રહેવાની. મારા માથા પાસે જ પડેલ મીણબત્તી સળગાવવા જેટલી પણ શક્તિ માંડ હતી. જો આટલી નાનીશી ક્રિયા કરવામાં પણ મારી રહી સહી શક્તિ ખલાસ થઇ જતી હતી તો પછી ભોંયરાઓમાંથી ખોરાક અને બળતણનું તેલ વગેરે લાવવાનું હું કેવી રીતે કરી શકીશ?--યંત્રોની સંભાળ લેવાની વાત તો બાજુએ જ ભલે રહી—ખોરાક વિના તો ઘણાં દિવસ ખેંચી શકાય, બરફના કકડા ચૂસીને તરશ પણ છીપાવી શકાય; પણ એ નબળાઇને માંદગીમાં ગરમી વિના ચલાવવું અશકય હતું...અને પ્રાઇમસના તેલની ટાંકીને તો દર ત્રણ દિવસે ભરવી જ પડે તેમ હતું. આવી અઘરી વાતો વિષે વિચાર કરવાનું એ નબળી હાલતમાં મારા મગજ માટે વધારે પડતા બોજારૂપ હતું...ફરીથી એ થાકીને ખાલી ખાલી થઇ ગયું...ફરી જાગ્યો ત્યારે કાંડા ઘડીઆળમાં સવારના સાત થયા હતા. શરીરમાં એટલી બધી નબળાઇ નહોતી લાગતી ને તરશ લાગી હતી.

સૂવાના કોથળામાંથી ચાંપ-બત્તી ખેંચી કાઢી પ્રાઇમસની દિશા તરફ પ્રકાશ ફેંકયો ને ધીમેથી પથારીમાંથી નીચે સર્યો. આખું શરીર ચેતનાહીન થઇ જતું હોય એમ લાગતું હતું. જેમ તેમ કરી પ્રાઇમસ સુધી પહોંચ્યો. એના ઉપર પડેલી ડોલમાં થોડુંક પાણી હતું. પાસે પડેલું ડબલું ભરી પીવાનો પ્રયત્ન કર્યો પણ શરૂઆતમાં તો પાણી પેટમાંથી પાછું ઉછળી આવવા લાગ્યું. જેમ તેમ કરી એકાદ વાટકી જેટલું પાણી અંદર જાળવી શકયો. પાણી પીતાં દાંત કડકડતા હતા. પ્રાઇમસને હાથ અડાડી જોયો તો એ ઠરી ગયો હતો. થોડીવાર પહેલા જ ઠર્યો હશે નહિ તો પાણીનો બરફ થઇ ગયો હોત...યાદ આવ્યું કે ગુરુવાર છે; ગુરુવાર એટલે ટાંકી ભરવાનો દિવસ ...દીવાની જેમ પ્રાઇમસની ટાંકી પણ સાવ ખાલી હતી. પ્રકાશ ને ગરમી જોતા હોય તો એ બેયને ભર્યા વિના ચાલે તેમ નહોતું.

એક હાથમાં ટાંકી ને બીજા હાથમાં ચાંપ-બત્તી રાખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોંયરા તરફ વળ્યો. બળતણના તેલનું નજીકમાં નજીકનું પીપ કેબી-નના બારણાથી માત્ર ચૌદ જ ફુટ દૂર હતું પણ એટલું ચાલવામાં પણ મારે એક હાથ ટેકવતા જવું પડે તેમ હતું એટલે ચાંપ-બત્તીને ગળામાં નાખેલ વાળા સાથે ભરાવી દીધી. વર્ષો પહેલાં ટાયફોઇડથી પટકાઇ પડેલો ત્યારે જેમ ધીમા ડગમગતા પગલે ચાલતો એવી સ્થિતિ હતી. પીપની ગરણી ટાંકી સાથે જોડી દઇ પાસેના એક ખોખા ઉપર થાક ખાવા બેઠો. આખી ભરાય ત્યારે એ ટાંકીનું વજન બાવીસ રતલ થતું. એ ભરેલી ટાંકી હું ઉપાડી શકયો પણ એને ઉપાડીને આગળ ચાલવું અશકય હતું. થોડાક ડગલા ચાલ્યો ત્યાં હૃદયમાં મુંઝારો થવા લાગ્યો ને શરીર ચેતનાહીન થવા લાગ્યું. ટાંકીને પડતી મૂકીને હું પાસેના ખોખા પર બેસી ગયો. કેટલો વખત એમ બેસી રહ્યો એની મને ખબર નથી રહી. પણ પછી ઠંડી લાગવા માંડી એટલે હું જાગ્રત થયો. ટાંકો ઉપડી નહીં શકે પણ એને ખેસવીને તો લઇ જવાશે એમ લાગ્યું. થોડા થોડા ફુટ ખેસવીને પોરો ખાતો ખાતો એને પ્રાઇમસ સુધી લઇ ગયો. કેબીનમાં આવી એ મહામૂલા તેલમાંથી અડધો ગેલન જેટલું એક ઘડામાં રેડયું—એટલું દીવા માટે વાપરવાનું હતું. એમ કરવા જતાં ઘણુંય જમીન ઉપર ઢળ્યું. જોર કરીને ટાંકીને ઉપાડી પ્રાઇમસની ઘોડી ઉપર ચડાવી મૂકી એટલે મનમાં એક પ્રકારની રાહતની લાગણી વ્યાપી ગઇ—આટલા તેલથી ઓછામાં ઓછા બે દિવસ તો ઠંડીને ખાળી રાખી શકાશે; કરકસર કરું તો કદાચ ત્રણ દિ પણ ચાલે. પ્રાઇમસને પેટાવવાનો પ્રયત્ન કર્યો નહિ,—એટલી મહેનત ઉઠાવવા હું તૈયાર નહોતો; પણ ઘણો વખત થયાં અંધારૂ હતું ને અજવાળા માટે મન ઝંખતું હતું એટલે દીવો તો પેટાવ્યો. એ અજવાળાથી હું એટલો બધો પ્રફુલ્લિત થઇ ગયો કે રાતના આઠ વાગ્યાનું 'નિરીક્ષણ' કરવા જવાનું મન થઇ આવ્યું.

નિસરણીના એકેક પગથીએ પોરો ખાતો ખાતો હું ઉપર સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પહોંચી ગયો. માથા વડે જોર કરી બારણું ઊચકીને બહાર નીકળ્યો. થોડીકવાર થાક ખાઇને, લથડીઆ ખાતો, યંત્રો રાખવાના છાપરા સુધી પહોંચ્યો. આંખે અંધારા આવવા લાગ્યા હતા, શુદ્ધિ સરી જતી હોય એવું લાગતું હતું. અનુમાનથી પવનનો વેગ નોંધવાનું પતાવ્યું, (યંત્ર-રજીસ્ટરમાં ને મારા અનુમાનમાં સારો એવો ફેર આવેલો). આકાશ તેજરંગો વગરનું હતું એ પણ નોંધી લીધું ને જેમ તેમ કરી પાછો ફર્યો. નીસરણી ઉતરીને નીચે પહોંચ્યો ત્યાં સુધીમાં તો અસાધારણ નબળાઇ આવી ગઈ હતી. અંદરથી જાણે કોઇક કહી રહ્યું હતું કે "હવે ઊંઘી જવું છે...ઊંઘી જવું છે." ભોંયરામાં જઇ આમ તેમ ફફુસીને છેવટ ઊંઘ લાવવાની ગોળીઓ શોધી કાઢી. લથડીઆ ખાતો કેબીનમાં આવ્યો....કપડા ઉતારતા પણ સાત પાંચ થતી હતી...ફાનસને ખીલીએ ટીંગાડી દીધું ને તદ્દન લોથપોથ થઇને પથારીમાં પડયો.

મીણબત્તી ઓલવાઇ ગઇ એટલે ઘોર અંધારું આવી પડયું. ઊંઘવાની ભારે જરૂર હતી પણ કેમે ય ઊંઘ આવતી નહોતી—માથું વાંસો ને પગ એવા દુઃખતા હતા કે ઊંઘ આવે નહિ. એ સ્થિતિમાં પથારીમાં પડયો હતો એ વખતે જાણે મનમાં વસી ગયું કે આમાંથી સાજો નહિ થાઉં. કારબન મોનોસાઇડનું ઝેર ભારે સૂક્ષ્મ અસર કરતું હોય છે. સારામાં સારી ઇસ્પિતાલની સારવાર હોય તો પણ સાજા થતાં કેટલાક અઠવાડીઆ લાગે ને કદાચ મહિનાઓ પણ થાય. મારે માટે તો હજી કપરી ઠંડી અને રાતનો સૌથી વધુ અંધારો કાળ હજી આવવાના હતા. સૂરજ દેખાવાને ત્રણ મહિના આડા હતા. એને જોવા પામીશ એમ મનને ગળે ઉતરાવી નહોતો શકતો. કેટલાક માણસોને માંદા પડે ત્યારે ખુણામાં પડયા રહેવાની વૃત્તિ થતી હોય છે. મારું પણ એવું જ હતું પણ તે રાત્રે તો કદી નહોતી સાલી એટલી એકલતા સાલવા લાગી પણ જે ઝીણવટ ભરી કાળજીથી મેં મારી આસપાસ કિલ્લો ચણી લીધેલો એમાં જ હું ભરાઇ પડયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. મારી જ મુર્ખાઇનો હું ભોગ બન્યો હતો, મારે સમજવું જોઇતું હતું...

એ અર્ધભાનવાળી સ્થિતિમાં મન કહેતું હતું કે માત્ર ગેસોલીનના એંજીનનો જ વાંક કાઢવા જેવું નથી. એ એંજીને છેલ્લો ઘા મારીને પછાડયો ભલે પણ એ ઘા આવ્યા પહેલા લાંબા વખતથી મારામાં નબળાઈ તો વધતી જ જતી હતી. કમર-પટ્ટાને વધુ તંગ કરવો પડેલો એ સાંભરી આવ્યું, મહિનાની શરૂઆતના દિવસોમાં આંખ ને માથું દુઃખતા હતા એ સાંભરી આવ્યું. ફેફસામાં ઠંડી પેસી ગઇ હતી એ પણ કદાચ કારણભૂત હોય એમ લાગ્યું. પણ એટલા માત્રથી જ મારી આ દશા થઇ હોત કે કેમ એ વિષે શંકા હતી. પ્રાઇમસનો ધુમાડો જ મુખ્ય જવાબદાર હોવો જોઇએ એમ મન કહેવા લાગ્યું. એના ભૂંગળાની સાંધોનો દોષ વધુને વધુ મનમાં વસવા લાગ્યો.

આ બધા વિચારો અસ્પષ્ટપણે મગજમાં ચાલ્યા કરતા હતા. મે મહિનાના એ છેલ્લા દિવસે હું ઘડીક મારી જાતને દોષ દેતો હતો તો ઘડીક આશાવાદી બની જતો હતો,—વેદના અને લાગણીહીન શૂન્યતા વચ્ચે ઝોલા ખાતો હતો...મારા કુટુંબપર, આખી પ્રવાસ-મંડળી અને એના કાર્યક્રમ ઉપર અને ભગવાન જાણે બીજા કોના કોના ઉપર આની ભયંકર અસર થવાની...પણ એ વિષે શું થઈ શકે તે કંઈ સૂઝતું નહોતું. કેટલાક સંદેશા લખી કાઢવાનો વિચાર આવ્યો એટલે મીણબત્તી સળગાવી પણ આસપાસ હાથ પહોંચી શકે એટલે નજીક કાગળ પેન્સીલ નહોતા. થોડીકવાર થોભીને મીણ-બત્તી ઓલવી નાખી. મારા હાથમાં ચેન લાવનારી ગોળીઓની ડબ્બી હતી. એ ગોળી લેવાનું મન થતું નહોતું—એ લેવાથી નબળાઇ વધશે એવી બીક લાગતી હતી. ચારેક વાગ્યા સુધી રાહ જોઉં અને પછી જરૂર લાગશે તો ગોળી લઇશ એમ વિચારી ડબ્બી એક કોર મૂકી દીધી. લગભગ ત્રણેક વાગ્યા હશે ત્યારે આંખ મીંચાઇ ને હું એક ભયંકર સ્વપ્નામાં સરી પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

જૂન—૧

જૂનનો પહેલો દિવસ મારે માટે તો બહુ ખરાબ નીવડયો. ભયંકર સ્વપ્નામાંથી એકાએક જાગી ઉઠયો; (સવારના નવેક વાગ્યા હશે) જાણે કે ઊંડા કૂવામાં પછડાયો હોઉં એવા ખ્યાલે ભડકી ઉઠયો હતો. ભયભીત મને કેબીનમાં આમ તેમ તાકી રહ્યો, હું કયાં છું એ હજી સમજાતું નહોતું. પછી એકાએક સાંભરી આવ્યું કે રાત્રે સૂતી વખતે બહુ નબળાઇ લાગતી હતી અને મેં કાંડા ઘડી-આળ જોવા ચાંપ–બત્તીનો પ્રકાશ કરી જોયો હતો...મોઢું સૂકાઇ ગયું હતું ને એમાંથી વાસ આવતી હતી. તરશ લાગી હતી પણ હલવા ચલવાની શક્તિ જરાય રહી નહોતી. હુંફ ને આરામના એક માત્ર સાધનરૂપ મારા સૂવાના કોથળાને વળગીને પડયો રહ્યો; શું કરવું એના વિચારો મનમાં ઘોળાવા લાગ્યા.

એ વાત તો તદ્દન સ્પષ્ટ જ હતી. એક તો એ કે સાજા થવાની શકયતા બહુ ઓછી હતી; અને બીજું નબળાઇ એટલી આવી ગઇ હતી કે મારી જાતની ભાળ–સંભાળ રાખી શકું તેવી શક્તિ રહી નહોતી. બેય વાતો નિરાશ કરી નાખનારી હતી પણ એ જ સાચી લાગતી હતી. બહુ બહુ તો અત્યંત કાળજીપૂર્વક વર્તું—શક્તિને સંઘરવા માટે અનિવાર્ય હોય એટલા જ કામ, અત્યંત ધીમે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારપૂર્વક કરું—તો કદાચ થોડાક દિવસ વધુ ખેંચી કાઢી શકું. ગમે તેવો માંદો માણસ પણ એટલું કરે ને અમુક પ્રકારનું યોગ્ય માનસિક વલણ ટકાવી શકે તો થોડાક વધુ દિવસ ટક્કર ઝીલી શકે એમ હું માનતો હતો. એ માન્યતા ઉપર જ મારી જીવવાની આશા નિરભર હતી.

ગરમી અને ખોરાકની સૌથી પહેલા જરૂર હતી. બારેક કલાકથી પ્રાઇમસ બંધ પડી ગયો હતો ને છેલ્લા છત્રીસેક કલાકથી કંઇ ખાધું નહોતું. એ જરૂરીઆતો પૂરી કરવા મારી આછી પાતળી શક્તિ એકઠી કરવાનો મેં પ્રયત્ન કર્યો. એકેએક હલનચલન અત્યંત મંદ ગતિએ થતું હતું. દીવો હાથમાં લીધો ને થોભ્યો. સૂવાની પાટમાંથી ઊઠીને પાસે પડેલી ખુરસી ઉપર પોરો ખાધો. પાટલુન હાથમાં લઇને ધીમે ધીમે ચડાવ્યું. પછી એવી જ રીતે ખમીસ પહેર્યું. પછી મોજા, પછી જોડા અને છેવટે ઓવરકોટ. એ બધું પતાવતા ઘણી વાર લાગી. શરીર ટાઢે ધ્રુજવા લાગ્યું હતું, એની સામે ઝીક ઝીલવાની તેવડ નહોતી રહી, એટલે પાછો આવી સૂવાના કોથળામાં ભરાયો. અડધોએક કલાક પછી વળી પ્રાઇમસ તરફ જવા પ્રેરાયો. પાટ ઉપરથી નીચે પગ મૂકયો પણ શરીરમાંથી ચેતન સરી જવા લાગ્યું. પાસે પડેલી ખુરસી સુધી પણ ન પહોંચાયું એટલે ત્યાં જ નીચે બેસી ગયો. થોડી વાર પછી ધીમે ધીમે ખસીને પ્રાઇમસ પાસે ગયો, એની ચાવી ઉઘાડીને વાટ ઉપર તેલ આવે એની રાહ જોતો બેઠો. અત્યંત તરશ લાગી હતી. પાણીની ડોલમાં થોડોક બરફ પડયો હતો. ડોલ ઉંધી વાળી બરફનો કકડો હાથમાં લીધો અને દાંત ઠરીને કકડવા લાગ્યા ત્યાં સુધી એને ચૂસ્યે રાખ્યો. પાસે દિવાસળીની પેટી પડી હતી એનાથી પ્રાઇમસ પેટાવ્યો. સુંદર મજાની લાલ ઝાળ પ્રગટી. ત્યાંને ત્યાં એને જોતો પંદર મિનીટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસી રહ્યો. ઝાળ વાદળી રંગની ને સાફ હોવી જોઇએ એને બદલે લાલરંગી ને ધુમાડાવાળી નીકળતી હતી—મારી અવદશાનું એક કારણ એ ઝાળ જ હતી. એ મારી શત્રુ હતી પણ એના વિના ચાલી શકે તેમ નહોતું.

એ આખા દિવસનું વર્ણન કરવા બેસું તો તો બહુ કંટાળો ચડે તેમ છે. ખરેખર તો ખાસ કંઇ બનાવ તે દિવસે બન્યો નહોતો અને છતાં મારી જીંદગીમાં એના જેવો ખાસ મહત્વનો દિવસ બીજો વીત્યો નથી. એક દિવસમાં જાણે હજાર વર્ષ જેટલું હું જીવી ગયો અને એ હજારે વર્ષ વેદનાથી ભરપૂર જ હતા. દિવસને અંતે હું જીવતો રહ્યો હતો—એ સ્થિતિમાં એથી વધુ આશા રાખી શકાય તેવું પણ નહોતું.

વેદનાથી ભરેલા જંગલમાં મારી તરશનું ઝાડ સૌથી ઊંચું હતું. છટકબારીવાળા ભોંયરામાંથી બરફ લાવવાનો હતો. એ ભોંયરૂં તો સેંકડો માઇલ દૂર હતું છતાં એક હાથમાં ફાનસ ને બીજામાં ડોલ લઇ હું ત્યાં જવા નીકળ્યો. રસ્તે મારગમાં ક્યાંક લપસ્યો ને પડયો. પેલું ભોંયરુ તો ઘણું દૂર હતું. ખોરાકની સામગ્રીવાળા ભોંયરા સુધી જ પહોંચ્યો હતો. ત્યાં જમીનમાં જોડાના ઘસારાથી થોડોક ખાડો પડેલો ને બરફની કટકીઓ છૂટી પડી ગઇ હતી. પડયા પડયા ધરાઇને મેં એ ચૂસ્યા કરી. એ બરફ સ્વચ્છ નહોતો છતાં ઢસડીને થાય તેટલો ભેગો કરી ડોલ ભરી લીધી અને ધીમે ધીમે કરી ડોલને પ્રાઇમસ સુધી ખેંચી લાવ્યો. એ બરફને ઓગળતા બહુ વાર લાગી એટલે મારી ધીરજ ટકી નહીં. એક તપેલીમાં આલ્કોલની ટીકડીઓ નાખી થોડોક બરફ ઓગાળવા પ્રયત્ન કર્યો. એ પૂરો ઓગળી ન રહ્યો ત્યાં પીવા પ્રયત્ન કર્યો પણ ઉલટી થઇ બધું પાણી બહાર નીકળી પડયું. પછી ધીમે ધીમે નાના ઘુંટડા ભરી તરશ છીપાવી ને પાછો પથારીમાં જઇ કયાંકથી શક્તિ પાછી આવશે એવી આશા કરતો પડ્યો રહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્થિતિ છતાં હું અનેક નાના નાના કામ કર્યા કરતો—પથારીમાંથી અવારનવાર સરીને કેટલાય કામ પતાવી આવતો. કેબીનની અંદરના થર્મોગ્રાફ ને રજીસ્ટરની ભાળ લઇ આવતો, રજીસ્ટરનો કાગળ બદલતો, ક્રોનોમીટર વગેરેને ચાવી દેતો ને રજીસ્ટરની કલમમાં શાહી પૂરતો. હવા બહાર જવાનું ભુંગળું લગભગ પોણા ભાગ જેટલું બરફથી ભરાઇ ગયું હતું. છેડે મોટા ખીલાવાળા વાંસડા વડે પથારીમાં પડયો પડયો હું એ ભુંગળાને સાફ કરવાનો પ્રયત્ન કર્યા કરતો. દરેક વખતે થાકી ને પોરો લેતો ત્યારે બાવડા પીઠ ને માથાનો દુઃખાવો અસહ્ય થઇ પડતો. એક થરમોસમાં ગરમ પાણી ભરી દુધની ભૂકી ને ખાંડ નાખી પથારી પાસે લઇ આવ્યો. પેટમાં કંઈ જતું તો ઉબકા આવતા હતા પણ ધીમે ધીમે ચમચી ચમચી કરીને લગભગ એક પ્યાલી જેટલું દુધ પેટમાં પહોંચાડી શકયો. થોડીક વાર થઈ એટલે નબળાઈ ઓછી થઇ ને ઉપર યંત્રોના છાપરા સુધી જવા જેટલી તાકાત લાગવા માંડી. ઉપલા બારણા સુધી તો પહોંચ્યો, બારણું ઉઘાડ્યું પણ પછી આગળ વધી ન શકયો. બહાર ઘેરૂં ધુમ્મસ પથરાયેલું હતું. પાછા વળતાં પીધેલું દુધ બહાર નીકળી પડયું ને બેશુદ્ધ થવાની અણી ઉપર આવી ગયો હતો એવી સ્થિતિમાં પથારીમાં જઇ પડયો.

એ અતિલાંબી સાંજ દરમ્યાન મારા મગજમાં કેવા વિષાદભર્યા વિચારો આવ્યા કર્યા તે યાદ કરવાનો પ્રયત્ન નહીં કરૂં. સ્વસ્થપણે બધું દુઃખ સહન કરી શકું એવી સ્થિતિ નહોતી રહી. શરીર ધીમે ધીમે ટાઢું પડતું જતું હતું—ચેતન સરી જતું હતું. મનમાં ભય વ્યાપી ગયો હતો, જીંદગીમાં કંઇ પહેલી વાર જ મોતનો ભેટો કરતો નહોતો. વિમાનમાં ઉડતા અનેક વખત એનો ભેટો કરવો પડયો હતો પણ એ પ્રસંગોએ તદ્દન જૂદો જ અનુભવ થયેલો. વિમાનમાં ઉડતી વખતે તો જે થાય તે એકદમ ત્વરિત ગતિએ થઇ જાય છે, કદી નહોતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ્યો એવો ભય મનને ઘેરી વળ્યો. પણ એ ભય વેદનાનો નહોતો, મોતનો પણ નહોતો. હું પાછો નહીં જઇ શકું તો ઘેર બધાનું શું થશે એની ચિંતા ભયાનક લાગતી હતી. થાણામાં વસવા આવ્યો એ અત્યંત ખરાબ કર્યું એમ મન કહેવા લાગ્યું. આખી જીંદગીના મુલ્યાંકનો જ ખોટા હતા ને સાદી સરળ ઘર—કુટુંબ સાથે સંબંધ રાખનારી બાજુ જ જીવનમાં અત્યંત મહત્વની ગણાય એમ લાગવા માંડયું.

વિજ્ઞાન ખાતર હું શહીદ થતો હોત તો મને ઘણું ગમત પણ એ વાત માનવા મારું મન તૈયાર નહોતું: મૂળ યોજના અનુસાર થાણામાં ત્રણ માણસોને મૂકી ન શકાયા એ સંજોગોનો દોષ પણ મનમાં ન વસ્યો. શાન્તિ ને પ્રકાશની શોધ કરવા—એ પામીને જીવનને વધુ સમૃદ્ધ ને ઉપયોગી બનાવવા—હું ત્યાં ગયો હતો! વૈજ્ઞાનિક સિદ્ધી પ્રાપ્ત કરવાનું પ્રયોજન લઇને ગયો હતો! એ બેય વાતની નિર્થકતા મને સમજાઈ ગઇ : પહેલી વાત ભ્રમભર્યા આભાસ-રૂપ હતી ને બીજી પેલી પાર ન નીકળી શકાય એવી બંધ ગલ્લી જેવી હતી. મનમાં કડવાશ વ્યાપી ગઇ. કુટુંબીજનો અને મિત્રો સિવાયની આખી દુનિયા અળખામણી લાગવા માંડી.

ભોંયરાના એક ખુણામાં સાચવીને રાખેલી હવામાન વગેરેના અભ્યાસની નોંધો મારી મહેનતની કિંમત અંકાવશે એવી એક આશા મનમાં રહી હતી. પણ એ નોંધોમાં પણ બહુ માલ નહીં હોય. માણસો પોતાની સિદ્ધિઓને વધારે પડતી મહત્વની લેખવા તરફ ઢળતા જ હોય છે. અમે વૈજ્ઞાનિકો તો અરીસાની અંદર પડતા પ્રતિબિંબ પાછળ જ મહેનત કરતા હોઈએ છીએ. ચોપડીઓની દુનિયામાં પડયા રહેનારા સિદ્ધાન્તજ્ઞો અમને ચીંધે એ કામ કરવાના હોય છે. એ કામ અઘરા હોય છે, એનું લક્ષ્ય બહુ દૂરનું હોય છે - પેલા ચોપડીઓમાંથી સિધ્ધાન્ત નક્કી કરનારા અમને માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીંધે છે; ક્યાં જવું, શું કરવું ને પરિણામે શું મળવાનું એ બધું એ લોકો નક્કી કરે છે; અમારી સિધ્ધિઓનું મુલ્ય પણ એમને જ આંકવાનું હોય છે—સાચી હકીકત અને એમણે તારવેલા સિધ્ધાન્તો વચ્ચે આથડનારા અમે તો વચલા માણસો માત્ર હોઇએ છીએ. એમણે ચીંધેલ વિગતો એકઠી કરવા હું મથ્યો હતો ખરો પણ એ વિગતો કેટલી મહત્વની હતી, એનો શો ઉપયોગ હતો એ વાતો હું કેટલી સમજતો હતો ? ભોંયરામાં ખડકી રાખેલ એ કાગળીઆમાં શું સાર-તત્વ હતું એની મને કશી ખબર નહોતી. એ બાબતમાં તો હું ગમાર હતો ને ગમારની જેમ અહીં ભૂલો પડયો હતો. મારું મુલ્ય પણ એ ઉપરથી જ અંકાવું જોઈએ...બધી વાતને અંતે માણસને માટે આટલી વાત અગત્યની ગણાય—એના કુટુંબીજનોનો એ પ્રેમ પામ્યો છે કે નહિ, એ સૌ એને સમજી શકયા છે કે નહિ; આ સિવાયનું જે સઘળું એ કરે કારવે એ નક્કર નથી હોતું—એ બધા કાર્યો વગેરેની દશા તો પૂર્વગ્રહોના પવન અને મોજાની દયા ઉપર નભતા વહાણ જેવી જ હોય છે. કુટુંબ એ જ માણસના વહાણનું આખરી લંગરસ્થાન છે, શાન્તિથી વિરામ લેવાનું બારું છે—એને માટે ગૌરવ ને વફાદારી અનુભવનારા ત્યાં જ હોય છે...

ધીમે ધીમે કેબીનમાંથી ઠંડી જતી રહી ને પ્રાઇમસની ગરમી ફેલાવા લાગી. સાંજના છએક વાગવા આવ્યા હશે એ વખતે થરમોસમાં વધેલું બાકીનું દુધ પી ગયો. શરીરને એથી વધુ પોષણની જરૂર હતી પણ ભોજન તૈયાર કરવાની તો જરાયે શક્તિ નહોતી. એક બિસ્કીટ ને ચોકલેટનો ટુકડો ચાવી ગયો પણ પેટમાં શાન્તિ થઇ નહિ. ન છૂટકે ફરી થરમોસમાં ગરમ પાણી ને દુધની ભૂકી ભરવા ઊભો થયો. એ શ્રમ મારા ગજા બહારનો હતો—માંડ માંડ પકતા બચી ગયો ને ટેબલને ટેકે સ્થિર રહી શકયો. ત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછીના ત્રણેક કલાકનો ગાળો કેમ પસાર થયો તેની મને ખબર નથી. કદાચ હું ઊંઘી ગયો હઇશ. જાગ્રતાવસ્થામાં આવ્યો ત્યારે કાંડા ઘડીઆળમાં સાડાનવ વાગ્યા હતા. પ્રાઇમસને બંધ પાડવો જોઇએ—એના ગૅસમાંથી થોડોક વખત વિશ્રાન્તિ મળવાની જરૂર ગણાય...પાછી ટાંકી ભરવાની શક્તિ કયારે આવશે એની તો ખબર નથી...એવા વિચાર મનમાં આવ્યા...મેં એની ચાવી ખોલી નાખી અને ઓરડામાં અંધારૂં પથરાઇ ગયું.. એ પછી ભાનમાં આવ્યો ત્યારે હું પ્રાઇમસ પાસે જમીન ઉપર પડયો હતો. પ્રાઇમસની નજીક સરકયો તો એ હજી ગરમ હતો એટલે લાગે છે કે હું લાંબો વખત ત્યાં જમીન ઉપર પડયો નહીં રહ્યો હોઉં.

હવે તો અંતકાળ બહુ દૂર નથી જ એવી મનમાં ખાત્રી સાથે પાસે પડેલી ખુરશીમાં પડયો. અત્યાર સુધી તો મારા કુટુંબને માટે જીવતા રહી ભૂતકાળની ભૂલો ભુંસી નાખવાના તેમ જ એમને કરેલા અન્યાયનું વળતર વાળી દેવાના ખ્યાલથી હું ટકી રહ્યો હતો. પણ હવે આશા રહી નહોતી. પાસે પડેલા ટેબલ ઉપર માથું ઢાળી, હાથ પહોળા કરી હું પડયો—હાથમાંનો પાણીનો પ્યાલો ઢોળાઇ ગયો. મારા મનમાં વ્યાપેલી કડવાશ ઉડી ગઇ હતી રહી સહી બધી કડવાશ મારી પોતાની ઉપર જ કેન્દ્રિત થઇ રહી હતી. એને એ દશામાં ઘણો વખત ડુસકા ભરતો પડયા રહ્યો: "અરર કેવી દશા ...કેવી ગજબ અવદશા..." એમ મન બોલતું હતું. મારું સ્વાભિમાન પણ જતું રહ્યું હતું. મજબુત મન રાખવું જોઇએ, ઢીલા પડી જવું એ તો શરમાવા જેવું ગણાય એવા ખ્યાલમાં ઉછર્યો હતો છતાં એ વખતે ડુસકા ભરતા મેં શરમ ન અનુભવી જો કે આજે હું એ વાત સંભારીને શરમ અનુભવું છું. એ વખતે ભય પણ નહોતો રહ્યો. આશા જાય એની સાથે જ અનિશ્ચિતતા પણ જતી રહે છે: અને નિશ્ચિત વાતનો માણસને ભય નથી લાગતો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં માત્ર એક જ કામ કરવાની ઇચ્છા બાકી રહી હતી—મારી પત્નીને કાગળ લખી નાખવાનો હતો. અતિ અંગત વાતો ઉપરાંત મારે એને એ પણ કહેવાનું હતું કે મેં થાણામાં એકલા જઇ રહેવાનો નિર્ણય શું કામ કર્યો અને પછી મારી અવદશા વિષે લીટલ અમેરિકાવાળાને જાણ શું કરવા ન કરી. પાસે જ ઘોડા ઉપર પેન્સીલ અને કાગળ પડયા હતા એ લેવા હાથ લંબાવ્યો પણ હાથ જકડાઇ ગયેલો લાગ્યો. ખમીસની બાંય પાણીમાં ભીની થવાથી ચોંટી ગઇ હતી. આંચકો મારીને હાથ છૂટો કરી લીધો—કાગળ લખવાની ધૂનમાંથી એટલું જોર આપોઆપ આવ્યું. થોડાક ફકરા લખ્યા પછી મનને શાન્તિ વળી પણ બેઠા બેઠા લખવા જેટલી શક્તિ નહોતી રહી...માથું ઘડી ઘડી આગળ ઢળી પડતું હતું; પ્રાઇમસ બંધ પાડી દીધો હતો એટલે વાતાવરણ અસહ્ય ઠંડુ થઇ ગયું હતું.

સૂવાની પાટ અને હું બેઠો હતો એ ખુરસી વચ્ચે તો આખો ખંડ પડયો હતો ને એ પસાર કર્યા વિના છૂટકો નહોતો. માંડ ત્યાં પહોંચ્યો ને સૂવાના કોથળામાં લંબાવ્યું. થોડીરવાર તો ધ્રુજતે શરીરે શ્વાસ લેવા ઝાંવા નાખતો નાખતો પડયો રહ્યો...પછી કાગળ લખવા માંડયો ને પૂરો કર્યો. એ લખતાં લખતાં મને સ્કૉટની રોજનીશીની છેલ્લી લીટીના વિચાર આવતા હતા: "ભગવાનને ખાતર, સૌ સ્વજનોને સાચવજો" એ નાનકડા વાકય ઉપર મેં અગાઉ અનેકવાર બુદ્ધિગમ્ય વિચારણા કરેલી પણ સ્કૉટના દિલના ભાવ તો હું તે રાત્રે જ બરાબર સમજી શકયો. એવી તદ્દન સાદી સીધી વાત પણ ભયંકર અનુભવમાંથી પસાર થયા પછી જ સમજાય એ દશા કરુણ લાગી.

દીવો ઝાંખો થવા લાગ્યો એટલે પાસે પડેલી બે મીણબત્તીઓ સળગાવી. થોડીક વાર પોરો ખાઇને મારી બાને એક કાગળ લખ્યો, બાળકોને એક લખ્યો ને [illegible] સંબંધે થોડીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચનાઓ વગેરેના ટૂંકા સંદેશા ડૉ. પાઉલ્ટર અને ચાર્લી મર્ફી ઉપર લખી કાઢ્યા—લીટલ અમેરિકાના સાથીઓ ઉપર છેવટનો પત્ર પણ લખી નાખ્યો. પાસેના ઘોડા ઉપર પડેલી અંગત કાગળોની પેટીમાં કુટુંબીઓ પરના કાગળ મૂકી દીધા...તે પછી શું થયું તે ખબર નથી—સંભવ છે કે હું બેશુદ્ધ થઇ ગયો હોઉં. એ પછી ભાન આવ્યું ત્યારે ઊઠીને એ કાગળોનું શું કરવાનું છે એ વિષે ચાર્લી ઉપર એક સંદેશો તૈયાર કરવા બેઠો થયો હતો એ મને સાંભરે છે. સંદેશો લખી કાઢી બધા કાગળોને પાસેના એક ખીલા સાથે દોરી બાંધી લટકાવી મૂકયા.

લખવાનું પૂરું થયું એટલે પાસે પડેલી મીણબત્તીઓ તરફ જોઇ રહ્યો...કેટલી સરસ છે, એ બળી જશે પછી એવું સરસ બીજું કશું જોવા પામીશ કે નહિ...એવા એવા વિચારો મનમાં ચાલવા લાગ્યા. થોડી વાર પછી મન બીજા વિચારે ચડી ગયું. ભૂતકાળનું એક ચિત્ર દેખાવા લાગ્યું...નૌકાશાળાની એક હરીફાઈમાં હું ઉતર્યો છું...સૌથી આગળ નીકળી જવા થાય તેટલું બળ કરૂં છું...શરીરમાં અસહ્ય વેદના થાય છે, જીતવાની જરાય આશા નથી રહી અને છતાં પ્રેક્ષકો વચ્ચે બેઠેલી મારી બાને શરમાવું ન પડે એટલા ખાતર ગાંડાતૂર થઇને મથી રહ્યો છું. બરોબર આબેહુબ એ ચિતાર નજર સામે દેખાતો હતો—કેમ કે હું લગભગ એવી જ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો: બે વચ્ચે ફેર એટલો હતો ખરો કે આમાં ઘણું વધારે જોખમ હતું ને જીતવાની શકયતા ઘણી ઓછી હતી. એ સ્મરણચિત્ર જોતાં જોતાં તે દિવસે જે ગાંડા નિશ્ચયપૂર્વક હું છેવટ સુધી મથતો રહેલો એવું નિશ્ચયબળ મારામાં ઉગી નીકળ્યું. મારી શક્તિ તદ્દન ધોવાઈ ગઇ છે એમ લાગે છે ખરૂં, પણ મારા ખ્યાલમાં ભૂલ હોવાનો સંભવ છે એમ મન માનવા લાગ્યું ને જીવતા રહેવા બનતો પ્રયત્ન કરવા હું ઉત્સાહિત થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે રાત્રે લગભગ ત્રણેક વાગે ફરી ઉત્સાહનું મોજું આવ્યું. ઊંઘવાનો પ્રયત્ન કરવા છતાં ઊંઘ નહોતી આવતી. ઘેનની ગોળી લેવાનો વિચાર કર્યો, ડબ્બી હાથમાં લીધી, પણ એમ વેદનાથી હારી જઇ ગોળીઓ લીધા કરવાનું બરોબર ન લાગ્યું. મીણબત્તી સળગાવીને એક કાગળ ઉપર થોડુંક લખવામાં મન પરોવ્યું—

વિશ્વ જડ નથી. એની પાછળ જ્ઞાનતત્વ પડેલું છે અને તે તત્વ સર્વવ્યાપી છે...મનુષ્ય જાત એ વિશ્વ સાથે સંકળાયેલા છે; એનાથી જૂદી નથી. હું પણ બીજા માનવીઓથી છૂટો પડી ગયો હોવા છતાં એકલો નથી. અનેક યુગો થયાં માનવી એ જ્ઞાનતત્વને પીછાનતો આવ્યો છે. બધાં ધર્મો એ મુદ્દા પર એકમત છે. અનેક નામોથી લોકો એને ઓળખે છે. કેટલાય એને ગૉડ કહે છે.

એપ્રિલ મહિનાના શાન્ત દિવસો દરમ્યાન હું આ ફિલસુફી પામ્યો હતો. મીણબત્તીને ઓલવી નાખી સૂવાના કોથળામાં ભરાઇ ગયો ને પડયા પડયા એ જ વિચારો મનમાં ફરી ફરી વાર ઘુંટવા લાગ્યો. થોડીકવાર પછી ઊંઘ આવી ગઇ...ને સ્વપ્નું શરૂ થયું: જાણે હું ઊંઘ છોડીને જાગ્રતાવસ્થામાં આવવા મથી રહ્યો છું. એક બાજુ અંધકાર છે ને બીજી તરફ સોનેરી પ્રકાશ વચ્ચે ઊંચી દિવાલ પડી છે, હું જોર કરીને પ્રકાશ તરફ જવા મથી રહ્યો છુ. હવે ઊંઘવું નથા...નથી ઊંઘવું એમ મન કહી રહ્યું; છે; વાળ ખેંચીને, પડખામાં ચોંટીઆ ભરીને, હું મારી જાતને જગાડવા મથી રહ્યો છું....પછી મથામણ શાન્ત પડે છે. હું દિવાલ પરથી એક તરફ પછડાઇ પડું છું...હું ફાળા પ્રકાશને બદલે અંધકારમાં જઇ પડયો છું; ઠંડીથી શરીર ધ્રુજે છે, પાણીની તરશ અત્યંત લાગી છે.

*

બીજી જૂનને દિવસે શનિવાર હતો. એ દિવસે પણ આગલા દિવસના જેવી જ સ્થિતિ ચાલુ રહી. અત્યંત અશક્તિ લાગતી હતી ને હવે અંત આવી પહોંચવાનો એ વિષે પણ શંકા રહી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર એનેમોમીટરની પ્યાલીઓ ખખડયા કરતી હતી ને હવા આવવાના ભુંગળામાં થઇને હિમરજ અંદર પેસી આવતી હતી. રજીસ્ટર ઉપરથી જાણી શકયો કે પવન નૈરૃત્ય તરફનો છે ને એનો વેગ કલાકના લગભગ વીસેક માઇલનો છે. એને એ જ દિશામાં પવન રહે એવી મેં પ્રાર્થના કરી કેમ કે એથી હુંફાળુ હવામાન ચાલુ રહે તેમ હતું. હવામાન સાંજે −૧૯° સુધી નીચે ઉતરી ગયું હતું ખરૂં પણ દિવસનો મોટો ભાગ તો એ શૂન્યની ઉપર જ રહેલું. ઠંડીનું મોજું થોડોક વખત આવતું અટકે તો પ્રાઇમસની ગરમી વગર દિવસનો ઘણો ભાગ પસાર કરી શકાય અને ગૅસની અસર કાઢી નાખવાની શરીરને તક મળે, તે દિવસે કૂલ મળી બે ત્રણ કલાકથી વધુ સમય પથારી બહાર નહીં રહ્યો હોઉં.

જે કંઇ કરવું પડતું તે કટકે કટકે કરતો, ઊભા ઊભા ચાલવાને બદલે બેઠા બેઠા ખસીને ચાલતો અને પ્રત્યેક નાનકડા કામ પછી પણ પોરો ખાઇ લેતો. 'બપોર' વખતે કેટલીય વાર ભોંયરામાં આંટા મારી આવ્યો — એક વાર બરફ લેવા ને ત્રણ વખત બળતણનું તેલ લેવા — પ્રાઇમસની ટાંકી ઊપાડી શકું તેમ નહોતું એટલે એક નાનો ડબ્બો ભરીને કટકે કટકે લઇ આવ્યો. બરફનું પાણી તૈયાર કરીને થરમોસમાં દુધ ભરી મૂકયું. એ દુધ કરતાં વધુ નક્કર બીજો ખોરાક જીરવવા જેટલી મારા શરીરમાં શક્તિ નહોતી, જો કે એક પ્યાલો ચા પહોંચાડી દીધી હતી ખરી.

એક વાર બહાર કેવુંક છે એ જોવા નીસરણી પર ચડયો હતો એવી આછી સ્મૃતિ છે. બપોર પછીના ભાગમાં કેબીનનું વાતાવરણ ઠીકઠીક હુંફાળું થઇ ગયું હતું એટલે પ્રાઇમસ બંધ પાડી દીધો હતો. તે દિવસે પારો—૨૨° થી નીચો ગયો નહોતો.

મારો અંદાજ સાચો હોય તો તે રાત્રે લગભગ સાત આઠ કલાક ઊંઘ્યો હતો. બીજે દિવસે (રવિવારે) સવારે ઊઠવા માટે બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથામણ કરવી પડી. રેડિયો-સંપર્કનો વાર હતો—એટલે કે લીટલ અમેરિકાવાળા સાથે વાર્તાલાપ કરવાનો અને મારી તબીયત વિષે જૂઠું બોલવાનું. રેડીઓ એંજીનને પ્રાઇમસ સુધી લાવી, ગરમ કરીને પાછું ભોંયરામાં મૂકી આવવાનું—એટલે કૂલ પિસ્તાળીસ ફુટ ફેરવવાનું—બળ ક્યાંથી આવ્યું એ તો ભગવાન જાણે. રેડીઓની ટાંકી અડધી ગેસોલીનથી ભરેલી હતી એટલા મારા સદ્ભાગ્ય હતા. ખીલો ભરાવેલ લાકડી વડે એના ભુંગળામાંથી બરફ ખેરવી કાઢયો. એ ભુંગળું લગભગ જામ થઇ ગયું હતું. આગલે વખતે ભોંયરામાં ધુમાડો ભરાઇ ગયો હતો એ એને કારણે જ હશે.

હું તૈયાર થયો ત્યારે ડાયર રાહ જોતો હતો. લીટલ અમેરિકાની રેડીઓ નોંધ કહે છે કે હું વીસ મિનિટ મોડો પડયો હતો. થાણાના હવામાન વિષે ચાર્લીએ થોડીક હકીકતો માગેલી તે ઘણાં દિવસથી મારી પાસે તૈયાર પડી હતી. એ મોકલી આપી. પછી કેટલાક સાથીઓએ વસંતઋતુના કાર્યક્રમની વાત છેડી. એમણે જે કહ્યું તે હું બરોબર સમજ્યો કે નહિ એની મને ખાત્રી નથી—માંદગી ફરી ઘેરી રહી હતી. ટૂંકા 'હા' 'ના' જેવા અથવા તો 'વિચારી જોઇશ' જેવા જવાબોથી પતાવતો હતો. છેવટ એ પૂરું થયું. "ગૂરુવારે ફરી મળશું...સલામ" કહીને ડાયરે વિદાય લીધી એટલે મેં પણ એંજીનને બંધ પાડયું. એ વખતે અત્યંત થાકી ગયો હતો.

ઘણીવાર મને પૂછવામાં આવ્યું છે કે મેં લીટલ અમેરિકાવાળાને મારી સ્થિતિ વિષે શું કરવા કંઇ જણાવ્યું નહિ. એ લોકો મને બચાવવા આવે એમાં ભારે મોટું જોખમ હતું, એવી મારી પ્રબળ માન્યતા હતી: એમાં બીજું વિચારવા જેવું જ મને લાગતું નહોતું. તેમ છતાં હું કંઇ જડયંત્ર નહોતો. તે રવિવારે શરૂઆત કરતાં ડાયરે મને સહજભાવે જ્યારે પૂછ્યું કે "તમારી તબીયત તો સાવ સાજી છે ને?" ત્યારે "તદ્દન સારી" એટલો સીધો જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાનું મારે માટે કઠીન થઇ પડેલું, પણ એ સિવાય બીજો જવાબ આપવાનું તો એથીયે વધુ કઠીન હતું. અમારી વચ્ચે પથરાયેલું અંધારૂં, ઠંડી, હિમપ્રદેશની ઊંડી ચિરાડો, વાવાઝોડા વગેરે ભૂલી શકાય તેમ નહોતું. થાણામાં રહેવા ગયો એની જવાબદારી મારી હતી. લીટલ અમેરિકાના સાથીઓ મને મદદ કરવા રાજી ખુશીથી આવે તેમ હતાં છતાં એમને ત્યાં આવવાનો વિચાર હું કરી શકું તેમ નહોતો.

તે દિવસે સાંજે મારા મગજ પરનો કાબુ હું ગૂમાવી બેઠો, રેડીઓ સંપર્કની તૈયારીમાં હું લગભગ અધમૂઆ જેવો થઇ ગયો હતો એટલે મગજમાં ભયાનક ઘોડા દોડવા લાગ્યા હતા...હું મરવા પડયો છું એ વિચાર ખસતો નહોતો. સાંજ વેળાએ મગજ કંઇક શાન્ત પડયું...ભૂખ ને તરશ લાગ્યા હતા એટલે દુધ સાથે થોડાક કડક બિસ્કીટ ગળા હેઠે ઉતાર્યા—ગુરુવાર સવાર પછી એ પહેલી જ વાર કંઇક નક્કર ખોરાક પેટમાં ગયો. એ રાત્રે કંઇક વધારે ઊંઘ આવી પણ રાત આખી વર્ણવી ન શકાય એવા ભયંકર સ્વપ્નાઓ ચાલ્યા કરતા હતા. સોમવારે લગભગ આખો વખત પથારીમાં પડયો રહ્યો. કદાચ આખી બપોર પ્રાઇમસ વિના ચલાવ્યું તેથી અને આરામ લેવાને લીધે શરીરમાં સુધારો થતો લાગ્યો—રાત્રે ઊઠી દૂધ, કડક બિસ્કીટ, બદામ ને ગરમ પાણીમાં પલાળેલા સૂકા સફરજનનું વાળું કર્યું. આ વિવિધ વાનીઓનો મેળ કેમ જામ્યો એ તો હું પણ નથી સમજી શકતો—મારી હોજરી જીરવી શકે એવી એ સિવાય બીજી કોઇ ખાદ્ય-વસ્તુ ત્યાં હાજર નહોતી એવો કંઇક આછો ખ્યાલ આવે છે.

હજી પણ આંખ, માથા ને વાંસામાં અવારનવાર વેદના ઉપડી આવતી હતી ને શરીર ટાઢું ટાઢું રહેતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે રાત્રે મહામહેનતે ઊંઘ આવી તે પહેલા તો જાણે આખું નરક ઘુમી વળ્યો. બીજે દિવસે સવારે ઊંઘમાંથી ઊઠતા બહુ આકરૂં ન લાગ્યું એથી દિલમાં કંઈક ઉત્સાહ વધ્યો. બપોરે ગ્રામોફોન ચાલુ કરવા જેટલી શક્તિ લાગી. "આડોડીઆના જીવન" વિષેની રેકર્ડ વગાડી....બીજી બે ત્રણ પણ વગાડી. કેબીનનો ખુણે ખુણો કોઇના કંઠના અવાજથી ભરાઇ જતાં બહુ આનંદ અનુભવ્યો—અંદરથી જાણે કોઇ કહેવા લાગ્યું કે "હવે તું સુધારા તરફ છે ..ખરેખર બચી જવાનો સંભવ છે—કદાચ સોમાં એક ટકો સંભવ, પણ સંભવ તો ખરો જ."

પથારીમાં પડયો પડયો હું એ સંભવિતતા વિષે વિચાર કરી રહ્યો હતો....પાંચ દિવસ વીતી ગયા હતા...પાંચ અતિ લાંબા અનંત દિવસો—દુઃખ દર્દના વિશાળ જંગલમાં હું અટવાઇ પડયો હતો... વેદના અનુભવતો હતો અને એની સામે ઝૂઝતો હતો, આશા અનુભવતો હતો ને આશા છોડી દેતો હતો. છતાં આશા સાવ છોડી દેવાનો મનુષ્યનો સ્વભાવ નથી. હૈયામાંથી આશા-દીપ બુઝાઇ જાય પછી પણ લાંબા વખત સુધી કોણ જાણે કશીક સહજ વૃતિને જોરે એ મથ્યા કરે છે. હું મારી જાતને પૂછતો હતો: જીવતા રહેવાને પક્ષે શી શી વસ્તુઓ છે? હજી નથી અજમાવ્યું એવું શું અજમાવી શકું તેમ છું?...બહારથી તો કશી સહાય આવે તેમ નથી. બીજું, કેબીનમાં હવા આવવા જવાની રચનામાં કંઈ સુધારો કરી શકાય તેમ નથી. એવો કંઇ ફેરફાર કરવા માટે પૂરતા સાધન હોત તો પણ શરીરમાં એટલી શક્તિ જ નથી રહી. હવામાન થોડા દિવસથી કંઇક હુંફાળું રહેતું હતું એ અણધારી મદદ હતી;—એને લીધે પ્રાઇમસના ધુમાડામાંથી ઠીકઠીક રાહત મળતી હતી. પણ એ તો માત્ર આકસ્મિક સ્થિતિ હતી. ભારે ઠંડી તો હજી આવવાની હતી ને એ કયારે આવી પડશે તે કંઇ કહેવાય તેમ નહોતુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...માણસનો પુરુષાર્થ એના ભાગ્ય કરતા બળવાન હોય છે એ દ્રષ્ટિએ તો હું પણ આ સંજોગો પર વિજય મેળવી શકું. કોઇક જ માણસો પોતાની સઘળી શક્તિને નીચોવી કાઢવા જેટલો પુરુષાર્થ કરી છૂટતા હોય છે. શક્તિના અતિ ઊંડા ઝરણા તો વણવાપર્યા પડયા જ રહેતા હોય છે, મારી અંદર પડેલી એ સઘળી શક્તિનો ઉપયોગ કરી શકું એવો કોઇ માર્ગ જડી શકે તેમ છે ? ધારો કે કદાચ એવું કંઇક કરી શકું. તો પણ કંઇ ગાડુ બહુ આગળ નહીં ચાલે. મારી શારીરિક શક્તિ હવે બહુ બાકી રહી હોય એવો સંભવ નથી એ વાત તો સ્પષ્ટ છે, હવે તો એમાં ઉમેરો કરવાનો કંઇક માર્ગ શોધી કાઢવો જોઇએ...આવા સંજોગોમાં માણસ જ્યારે ભરાઇ પડે છે ત્યારે ભગવાન તરફ વળે છે—મેં પણ મારી ઢબે એ જ કર્યું.

ઇશ્વર તત્વમાંની મારી શ્રદ્ધાના પ્રકાર વિષે તો શુક્રવારની નોંધમાં લખ્યું જ છે. કાયમ હું એવી જ શ્રદ્ધા ધરાવતો હતો, ફેર એટલો જ કે એપ્રિલ ને મે દરમ્યાનની શાન્ત મનઃસ્થિતિને કારણે એ શ્રદ્ધાએ વધુ સ્પષ્ટ આકાર ધારણ કર્યો હતો. ત્યાર પછી તુરતમાં જ એ શ્રધ્ધા ચકાસી જોવાનો આ પ્રસંગ આવ્યો.

જીવન ટકાવવા માટે મારે મારી શક્તિ સંઘરવાની જરૂર હતી —જે કંઇ કરવું અનિવાર્ય થઇ પડે તે સરળમાં સરળ રીતે ને ઓછામાં ઓછો શ્રમ પડે એ રીતે કરવું જરૂરી હતું. મારે ખાવાની જરૂર હતી, ઊંઘવાની જરૂર હતી ને એ રીતે શક્તિ વધારવાની જરૂર હતી. ધુમાડાના ઝેરથી બચવા પ્રાઈમસનો ઉપયોગ બને તેટલો ઘટાડવાની અને ગેસોલીનનો દીવો તો મુદ્દલ ન વપરાય એ ધ્યાનમાં રાખવાની જરૂર હતી. એ દીવો જતો કરવો એટલે તો ત્યાંના મારા શુષ્ક, કંટાળાજનક જીવનના એક મહામૂલા વિલાસને જતો કરવા જેવું હતું પણ એ વિલાસ વિના હું જીવી શકું તેમ હતું—પ્રાઇમસ વિષે તો બે અનિષ્ટો વચ્ચે પસંદગી કરવા જેવી સ્થિતિ હતી,—કાં તો ઠંડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે થીજીને મરવું ને કાં તો ધુમાડાના ઝેરથી મરવું—ઠંડીની તો ખબર પડતી હતી; કાર્બન મોનોકસાઇડ એ તો અદૃષ્ય શત્રુ હતો. એટલે મેં ઠંડીને જ પસંદ કરી—સૂવાના કોથળાની સહાયથી એની સામે ટકી શકાય તેમ હતું. રોજ બપોર વચ્ચે બે ત્રણ કલાક પ્રાઇમસ વિના ચલાવવાનું મેં નક્કી કર્યું.

આટલા વ્યવહારુ નિયમો ઉપર જ આધાર રાખ્યે ચાલે તેમ નહોતું. આ બધી મુશ્કેલીઓ સહી લેવા માટે મનોબળ અને ઇચ્છાશક્તિની જરૂર હતી. એ તો મારા અંતરના ઉંડાણમાંથી જ કાઢવાના હતા. પણ કેવી રીતે કાઢવા? વિચારો ઉપર નિયમન રાખવું. અયોગ્ય વિચારો આવે એટલે તુરત દૂર કરવા અને શાન્તિ તેમ જ પ્રસન્નતા આપનારા વિચારો પર મન કેન્દ્રિત કરવું. આવું નિયમન સહેલું નથી હોતું. એપ્રિલ ને મેના સારા દિવસો દરમ્યાન પણ એવો કાબુ બરોબર આવ્યો નહોતો.

તે સાંજે આ નિયમોનો અમલ કરવા થાય તેટલો પ્રયત્ન કર્યો. હોજરી વિરોધ કરતી હતી છતાં એક મોટો વાટકો ભરીને સૂપ તથા શાકભાજી ને દુધ અંદર નાખ્યા. પ્રાઇમસ ઓલવી નાખી સૂવાના કોથળામાં પડયા પડયા પાને રમવા પ્રયત્ન કર્યો પણ બધી બાજી હું હારવા લાગ્યો એટલે ચીડ ચડતી હતી. બેન એઇમ્સ વિલિઅમ્સનું All The Brothers are Valient વાંચવાનો પ્રયત્ન કર્યો પણ એક બે પાના વાંચ્યા પછી અક્ષરો અસ્પષ્ટ થવા લાગ્યા ને આંખો દુઃખવા લાગી—ખરેખર તો એ સતત દુઃખતી જ હતી. પાનાની બીજી હાર્યો ને આ આંખો દુઃખવા લાગી એ મારા દુર્ભાગ્યની સૂચક ચિન્હો છે એમ મન કહેવા લાગ્યું. ખરી વાત તો એ હતી કે ઝાંખો દીવો હેરાન કરતો હતો ગેસોલીનનો દીવો ન વાપરવાનો નિર્ણય કર્યો હતો છતાં હું એને ચાલુ કરી બેસત પણ એમાં હવા ભરવા જેટલી શક્તિ જ નહોતી. એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિમાંથી પસાર થયા હો તો જ પ્રકાશ કેટલો બધો કિંમતી લાગે એનો તમને ખ્યાલ આવી શકે.

ઘોડા પાસેની ખીલીએ લટકતો અરીસો ઉતારી લીધો. એમાં દેખાતું મોઢું વૃદ્ધ અને નબળા માણસનું લાગતું હતું—ગાલ બેસી ગયા હતા ને લાલચોળ આંખો કોઇ વ્યભિચારીની આંખો જેવી લાગતી હતી. એકાએક મનમાં કંઇક થઇ આવ્યું—જીવતા રહેવા આમ ઝુઝવાથી શો લાભ? કદાચ હું જીવતો રહીશ તો પણ આ ભાંગલ શરીર મારા કુટુંબ ઉપર બોજારૂપ જ થઇ પડવાનું;—બપોર પછીના વખતે સેવેલા બધા સુંદર સરસ વિચારો ઓસરી ગયા ને નિરાશા ઘેરી વળી.

માણસના મનની ઘેરી બાજુ બધી દિશામાંથી નિરાશાજનક વિચારોને પકડીને એકઠી કરતી હોય છે. તે રાત બહુ ખરાબ વીતી. વિષાદની અત્યંત ઊંડી ગર્તામાં ઉતરી ગયો. એની વાત કરવી નિરર્થક લાગે છે—એની વાત કરતાં પણ કંટાળો આવે તેમ છે... એટલું જ કહેવું બસ થશે કે છેવટ એ વિષાદનો અંત આવ્યો, ફરી મારી અંદરની શ્રદ્ધા જોર પકડવા લાગી ને જે સુંદર મજાના ખ્યાલો તદ્દન ગુમાવી બેઠા જેવું લાગતું હતું તે ફરી મનમાં ઉભરાવા લાગ્યા. આસપાસ સ્વજનો અને પ્રિયજનોનું જુથ જામી ગયું, સૂર્યપ્રકાશ ને લીલુંછમ વાતાવરણ આસપાસ પથરાઇ ગયાં. ઘેર જઇને શું શું કરવાનો એનો વિચાર કરવા લાગ્યો, કેટલીય તદ્દન સામાન્ય લાગતી વાતો અત્યંત આકર્ષક ને મહત્ત્વની થઇ પડી. પણ અવારનવાર નિરાશામાં લપટી પડતો હતો. મનને સારા ખ્યાલોમાં જ કેન્દ્રિત કરી રાખવું કઠીન હતું અને અત્યંત શ્રમપૂર્વકના પ્રયત્ન પછી જ નિરાશામાંથી બહાર નીકળી શકાતું હતું. પણ છેવટ જ્યારે મીણબતી બુઝાવીને ઊંઘવાની તૈયારી કરી ત્યારે હું મારી કલ્પનાની સરળ સીધી ગુંચવાડા વિનાની દુનિયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસન્ન મને ફરતો હતો. દુઃખાવોને વેદના શમ્યા નહોતા એટલે ઊંઘ બહુ મોડી આવી પણ ૩૧મી મે પછી તે રાત્રે જ પહેલીવાર સરસ ઊંઘ આવી અને સવારે ઊઠયો ત્યારે પણ મનની ને શરીરની સ્થિતિ ઘણી સારી હતી.

વિષાદ ઓછો થવા લાગ્યો હતો ને હું કંઈક વધુ શક્તિ અનુભવતો થયો હતો—બુધવારે (૬ઠ્ઠી જૂન) સ્થિતિ સારી હતી એટલે સવારે આઠ વાગ્યે કરવાના 'નિરીક્ષણ' માટે હું ઉપર પણ જઈ શકયો. વાતાવરણ ઠીકઠીક સ્વચ્છ હતું છતાં થોડી ઘણી હિમરજ હવા સાથે આવી મોઢા ઉપર છંટકોરાયા કરતી હતી. ચાંપ-બત્તીનો પ્રકાશ ફેંકી પવનચક્રી તરફ જોયું તો પવન અગ્નિકોણમાંથી આવતો હતો—ઠંડી વધવાની એ નિશાની હતી. બધા યંત્રો ઉપર થોડો ઘણો બરફ છવાઇ ગયો હતો, પણ એ ખેરવી નાખવા જેટલી સ્ફુર્તિ શરીરમાં નહોતી એટલે થર્મોમીટર પરથી નોંધ કરી લઇ નીચે પહોંચી ગયો.

બપોર વખતે બળતણવાળા ભોંયરાને છેક છેડેના ભાગમાં જઇ એસબેસસ્ટોશ (બળે નહિં એવો એક પદાર્થ) નો ટૂકડો લઇ આવ્યો ને પ્રાઇમસના મોઢા આસપાસ વીંટાળી મૂકયો—એમ કરવાથી પ્રાઇમસનો ધુમાડો ફેલાતો ઓછો કરી શકાય તેમ હતું.

સાંજ વખતે લીટલ અમેરિકાવાળાનો યુનાઇટેડ સ્ટેઇટસ સાથેનો અઠવાડીક વાયુવાર્તાલાપ સાંભળવા પ્રયત્ન કર્યો. મુખ્ય રેડીઓ-યંત્ર ન વાપરી શકાય એવી સ્થિતિમાં ઉપયોગ કરવાની ગણત્રીથી સાથે રાખેલો બેટ્રી-રેડીઓ ચલાવવો ફાવે તેમ છે કે નહિ એની ખાત્રી કરી લેવી હતી એ એક કારણ તો હતું પણ મુખ્ય કારણ તો પરિચિત અવાજો સાંભળવાની ઝંખનાનું જ હતું. કેટલીય વાતો પકડી ન શકાઇ પણ ઠીકઠીક મજા તો પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

જૂન—૨

સાતમીને ગુરુવારે રેડીઓ સંપર્ક સાધ્યા પછી મને બરાબર સમજાઇ ગયું કે મારો સ્થિતિમાં સુધારો લાગતો હતો તે શારીરિક કરતાં ખાસ તો માનસિક જ હતો. નબળાઇ કંઇક ઓછી હતી ખરી પણ રેડીઓ-એંજીનને તેલ પૂરવા અને ગરમ કરવા માટે કેબીનમાં લાવ્યો ને એ પતાવી પાછું મૂકી આવ્યો એટલામાં અઢી ત્રણ કલાક થયા. અતિ વૃદ્ધ ડોસાની જેમ માંડ માંડ હલીચલી શકતો હતો. એકવાર તો અત્યંત નબળાઇ આવી ગઇ ત્યારે ભોંયરાની દિવાલને ટેકે પોરો ખાતા ખાતા સ્પષ્ટ સમજાઇ ગયું કે આ ગાંડપણ છોડી પથારીમાં પડયા રહેવામાં જ સાર છે.

અત્યંત આકરી ઠંડી હતી. હવામાન –૪૮° સુધી પહોંચ્યું હતું. "ગરમીનું મોજું" જતું રહ્યું હતું ને લોહી ઠરીને જાણે બરફ જેવું ઠંડું થઇ જતું હતું. વખતસર રેડીઓ સંધાણ સાધવાના બધા પ્રયત્નો કર્યા છતાં મોડું તો થયું જ. ડાયર રેડીઓ ઉપર રેકર્ડ વગાડતો મારી રાહ જોઇ રહ્યો હતો. રેકર્ડના સૂર સાંભળવામાં મજા પડી એટલે મેં જરા વધુ મોડું કર્યું. રેકર્ડ પૂરી થઇ એટલે ડાયરનો અવાજ સંભળાયો ને મને હાજર જાણીને એણે સવાલ કર્યો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ શું બહુ ઊંઘ આવી ગઇ હતી ? ” “ ના ના બહુ કામમાં હતો.” એવો ખોટો જવાબ વાળી પતાવ્યું. પેસીફીક વિભાગના વણ-શોધાયેલા કિનારાઓ તરફ વસંતઋતુ દરમ્યાન મારે સફર લઇ જવાની એક લાંબી યોજના સીપલે રજૂ કરી. ખરેખર સરસ યોજના હતી ને સીપલે મહેનત પણ ઠીક લીધી લાગતી હતી. મને મનમાં થયું કે અહીં માંડમાંડ ટેબલને ટેકવીને બેસી શકું એવી સ્થિતિ છે ને ત્યાં એ લોકો મારે માટે એક ન જોયેલા પ્રદેશમાં આથડવા જવાની યોજના ઘડે છે—એ પ્રદેશ જોયો પણ નથી ને કદાચ જોઈશ પણ નહીં...પણ સીપલને તો મેં જણાવ્યું કે “ યોજના સરસ છે; વિજ્ઞાન વિભાગવાળાઓનો અભિપ્રાય મેળવી જૂઓ.” વિદાય લેતાં પહેલાં મારે કંઇ કહેવા-પૂછવાનું બાકી રહે છે કે કેમ એમ ડાયરે પૂછ્યું એટલે મેં જાણે સહેજ સામાન્ય વાત સૂચવતો હોઉં એમ કહ્યું કે રેડીઓ સંપર્કનો વખત સવારને બદલે બપોરનો રાખી શકાય તો ઠીક. એ સૂચના ઉપર ત્યાં અંદર અંદર કંઇક વાતો ચાલી પણ તે હું બરોબર પકડી ન શક્યો. પછી ડાયરે જવાબ વાળ્યો કે “ તમારો આગ્રહ જ હોય તો તેમ કરવા અમે પૂરેપૂરા ખુશી છીએ પણ એમ કરવાથી લાંબી મહેનત પછી ગોઠવાયેલા અમેરિકા સાથેના સંપર્કમાં ફેરફાર કરવો પડે તેમ છે.” એમને શંકાનું કંઇ કારણ ન મળે એટલા ખાતર મેં “ કાંઇ નહિ ” કહી વાત પડતી મૂકી ને વિદાય લીધી. એ કામ પતી ગયું એટલે થાકીને લોથ થઇ ગયેલે શરીરે પથારીમાં જઇ લંબાવ્યું ને તે પછી આખા દિવસ દરમ્યાન ભાગ્યે જ કંઈ હલનચલન કર્યું. દુ:ખાવો ફરી શરૂ થઇ ગયો હતો ને એની સાથેજ નિરાશાને કડવાશની લાગણી પણ જોર પકડવા લાગી . જીવન ટકાવવા ઝુઝવું શું કરવા ? જેમ થતું હોય તેમ થવા દેવું.. ને એમ કરતાં કરતાં જ અનંત શાન્તિ આવી જશે... એવા એવા વિચારો આવવા લાગ્યા હતા.

તે દિવસ પછી રેડીઓ સંપર્કનો મને ભય લાગવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડ જે થોડી ઘણી શક્તિ એકઠી થઇ હોય, સુધારો થયો હોય, તે એંજીન તૈયાર કરવામાં ને વાર્તાલાપ દરમ્યાન સતત ચાલુ રહેતા ધુમાડાને કારણે ધોવાઇ જાય, રેડીઓ-સંપર્ક તદ્દન બંધ કરી દેવા માટે લીટલ અમેરિકાવાળાને ગળે ઉતરાવી શકાય એવા બહાના શોધવા મેં પ્રયત્ન કર્યો પણ એકેય ચાલી શકે તેવું ન લાગ્યું. ત્યાંના કાર્યક્રમ વિષે મેં છેવટ સુધી અનેક ઝીણી મોટી સૂચનાઓ આપ્યા કરી હતી, છતાં રેડીઓ સંપર્ક બંધ પડયા પછી એ લોકો કંઇક જોખમી અખતરો કરી ન બેસે એવી મને ખાત્રી લાગતી નહોતી .. સંપર્ક ચાલુ રાખું તો શક્તિનો ઘસારો થયા કરે, રેડીઓ એંજીનના ધુમાડાનું નુકશાન વેઠવું પડે...અને એને પરિણામે હું સાફ થઇ જાઉં....સંપર્ક તોડી નાખું તો એ લોકો કંઈક જોખમી અખતરો કરી બેસે ને એને પરિણામે મારું આવી બને...પરિસ્થિતિનું આવું દર્શન હું કરી રહ્યો હતો...મને લાગે છે કે મારે સ્થાને મંડળીમાંથી બીજું કોઇ પણ હોત તો એને પણ એવું જ દર્શન થાત...મને બચાવવા આવવાનું જોખમ ખેડતાં તેમને અટકાવવાના મારા નિરધાર વિષે પણ મને એમ જ લાગે છે કે મારે સ્થાને બીજું કોઈ પણ હોત તો તે એવો જ નિર્ણય કરત. રેડીઓ -સંપર્કનો મને એક બીજી દૃષ્ટિએ પણ ભય લાગવા લાગ્યો હતો...મારી સ્થિતિનો એમને ખ્યાલ ન આવે એટલા ખાતર હું નુકસાન વેઠીને પણ સંપર્ક ચાલુ રાખતો હતો, પણ એ સંપર્કને પરિણામે જ એમને મારી સ્થિતિ વિષે ખ્યાલ આવી જવાનો સંભવ હતો. પેલો ચાર્લી મર્ફી મારો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતો હતો એ મારા ધ્યાનમાં હતું— તેથી એને થાપ આપવા હું સંદેશા ચલાવતી વખતે બને તેટલો વિનોદી દેખાવા પ્રયત્ન કર્યા કરતો.

એ ગુરુવારે મને મારી અવદશાનો બરોબર ખ્યાલ આવી ગયો હતો એમ રોજનીશી પરથી લાગે છે:—"...વહેલી સવારમાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેડીઓ--સંપર્ક સાધવો પડે છે એ તો મને મારી નાખશે. એની મહેનત પછી તો આખો દિવસ બગડે છે; થોડી ઊંઘ લેવી પણ મુશ્કેલ બની જાય એવો દુઃખાવો હાથ, પગ, છાતી વગેરેમાં ઉપડી આવે છે...વાંચવામાં મન પરોવી શકાતું હોત તો કલાકો આટલા લાંબા ન લાગત, અંધારું આટલું ત્રાસદાયી ન થઇ પડત ને નાની નાની મુશ્કેલીઓ આટલી ભારે ન લાગત..."

ચોપડીઓ તો ઘણી હતી, મોટી મોટી હતી, મહાપુરુષોના જીવન-દોહનથી ભરપૂર હતી, પણ આંખોનો દુઃખાવો નડતો હતો. ગ્રામાફોન હતું પણ એને ચાલુ કરવામાં શક્તિ વાપરી શકું એટલી મૂડી નહોતી. આસપાસ પડેલી એકેએક વસ્તુ મારી શારીરિક અશક્તિની યાદ આપતી હતી—ઝાંખો બળતો દીવો; ગોઠવ્યા વગરના એક તરફ ઢગલો થઇ પડેલા કપડા; ટેબલ ઉપર અસ્તવ્યસ્ત પડેલા રકાબી વાટકા; ઢોળાએલ તેલના ઘેરા ધાબા ને ઉલ્ટીના પીળાશ પડતા ધાબા; ઊંધી વળી ને પડેલી ખુરસી તથા એકકોર જમીન પર પડેલી ચોપડી......

૯મી જૂન

જીવન ટકાવી રાખવા થાય તેટલા પ્રયત્નો કરૂં છું. ખાવાનું જરાય ગમતું નથી છતાં પરાણે ગળે ઉતારું છું. એક કોળીઓ ગળે ઉતારતાં બેત્રણ મિનીટ લાગે છે. મોટે ભાગે પાણી કાઢી નાખેલા શાકપાન ખાઉં છું. સૂકવેલા વટાણા, ભાત, મૂળા, ટમાટા ને દુધ સિવાય બીજી કોઇ વસ્તુ લેતો નથી. કોઇક વાર ઇચ્છા થાય તો સીલનું માંસ રાંધું છું.

રાત્રે મીણબત્તી ઓલવી નાખ્યા પછી એમ થાય છે કે ઊંઘી ગયા પછી સવારે ઊઠાશે કે નહિ. શરીરમાં કંઇક વધુ સ્ફુર્તિ લાગે છે ત્યારે પ્રાઇમસમાં તેલ પૂરી લઉં છું. પહેલાની જેમ ટાંકી ભોંયરામાં નથી લઇ જતો. એક ગેલનનો ડબ્બો છે એ ભરી ભરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઇ આવું છું એ રીતે પ્રાઇમસ ને દીવાનું તેલ લાવવામાં ચાર આંટા થાય છે. થોડુંક આગળ ખસું છું ને વળી જરા પોરો ખાઉં છું એમ કરતાં કરતાં એક કલાકે કામ પતે છે. ધીમે ધીમે કરીને પથારી આસપાસના ઘોડાઓ ઉપર ખોરાકની ઠીકઠીક સામગ્રી લાવી મૂકી છે. ખાસ અશક્તિના સંજોગો માટે પૂર્વતૈયારી રૂપે એ બધું ભેગું કરૂં છું. રાત્રે સૂતી વખતે ખાત્રી કરી લઉં છું કે દીવામાં બરોબર તેલ છે કે નહિ.

ઉપર જવું હોય છે ત્યારે નીસરણીને એકેક પગથીએ વિસામો લેવો પડે છે, નબળાઇ બહુ લાગે છે, હવામાન –૪૦° હતું ને મેં રૂંછડાવાળા ચામડાના કોટ પાટલુન પહેર્યાં હતા છતાં જાણે ઠંડીથી એકેએક હાડકું ધ્રુજતું હતું. પવન અગ્નિકોણમાંથી જ આવે છે એટલે ઠંડી વધતી જાય છે, રાત્રે શરીરનો દુઃખાવો અસહ્ય થઇ પડે છે, ઊંઘની જરૂર સૌથી વધુ છે ને છતાં ભાગ્યે જ ઊંઘી શકું છું, અર્ધનિદ્રામાં પડયો રહું છું ને ભયંકર સ્વપ્ના ચાલ્યા કરતા હોય છે, સવારે સૂવાના કોથળામાંથી બહાર નીકળવું આકરૂં થઇ પડે છે, પણ મનને સતત કહ્યા કરૂં છું કે ઢીલો થઈ પડયો રહીશ તો કદી ઊભો થવાનો નહિ.

ધીમે ધીમે સુધારો થતો જતો હતો ને પરિસ્થિતિ પર કાબુ મળતો જતો હતો, પણ એ સુધારો એટલો ધીમો થતો હતો કે લાંબે ગાળે કંઇક ફેર દેખાતો, આકાશના તેજરંગોનું નિરિક્ષણ કરવાનું ફરી ચાલુ કરવા હું પ્રયત્ન તો કરતો હતો પણ ઉપર જઇ વધુ વાર થોભી શકતો નહોતો એટલે ઉપલું બારણું ખોલી ત્યાં ને ત્યાં ઊભો રહી 'નિરક્ષણ'નું કામ પતાવી લેતો, સોમવારે ઠંડી ઓછી હતી ને વાતાવરણ હુંફાળું હતું એટલે પ્રાઇમસ વિના ઘણાં કલાક રહી શકાયું ને ધુમાડામાંથી એટલી રાહત મળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ અને માથાનો દુઃખાવો કંઇક ઓછો થયો હતો એટલે કૅબીનની અંદરનું ઉદાસીન વાતાવરણ ખુંચવા લાગ્યું, વધુ પ્રકાશ માટેની ભૂખ તો સતત રહેતી જ પણ જૂન મહિનાના એ દિવસો દરમ્યાન તો એ ભૂખ અતિપ્રબળ થઇ ગઇ હતી, તોફાન-દીવો ને મીણબત્તીઓ તો અંધારી ગુફામાં આછા પીળા ધાબા જેવાં જ લાગતા હતા. ગેસોલીનનો દીવો પેટાવતા બીક લાગતી હતી. એની અંદર હવા પૂરવામાં જે શક્તિ ખર્ચવી પડતી તેટલી ખર્ચવાની મારી તૈયારી નહોતી. બીજું એને 'મેટા' ટીકડીઓથી તપાવવો પડતો ને એમાંથી જોઇ શકાય તેવો ધુમાડો નીકળતો. સાવચેતી ખાતર રેડીઓ ઉપર ડૉ. પાઉલ્ટરને વોશિંગ્ટનમાં ખબર કઢાવવા સૂચવ્યું કે ૧] વાટવાળા દીવામાંથી વધુ ધુમાડો નીકળે કે ગૅસોલીન-દીવામાંથી? ૨] ગ્યાસતેલના તેજમાંથી વધુ કાર્બન-મોનોક્સાઇડ નીકળે કે સ્ટેન્ડાર્ડ તેલમાંથી? અમસ્થો જાણવા માટે જ તપાસ કરાવતો હોઉં એવી ઢબે એ વાત રજૂ કરવાની પૂરતી કાળજી રાખી હતી ને મારા સદ્ભાગ્યે પેલો ચાર્લી તે વખતે હાજર નહોતો.

૧૦મી જૂન

જરાક શક્તિ લાગે ત્યારે ઇચ્છા ન થતી હોય તો પણ ભોંયરામાં આઘે પડેલા પીપમાંથી જ તેલ લઉં છું. છેવાડાના ભાગમાં છાપરૂં ફરી નીચું નમતું આવે છે પણ એની મરામત કરવા જેટલી તાકાત નથી. કદાચ થોડા વખતમાં જ દૂરના પીપ સુધી પહોંચવા જેટલી શક્તિ નહિ રહે. અત્યારે પણ ઘણી વાર નજીકના પીપ સુધી પહોંચવું યે મુશ્કેલ થઇ પડે છે. મારું અભિમાન તો તદ્દન ઓસરી ગયું છે; છતાં આજે ભોંયરામાં સાચવીને રાખેલા નિરીક્ષણ અભ્યાસના કાગળીઆ જોઇને અભિમાન સળવળી ઊઠયું.

આ બધા યંત્રો કેટલા લાગણીહીન મક્કમતા અને વફાદારીથી કામ આપી રહ્યા છે આ ધ્રુવપ્રદેશના અંધકાર ને ઠંડી વચ્ચે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું કામ સતત રાત દિ કર્યે રાખે છે...પણ એ લોકો મારી પાસેથી જે પોષણની આશા રાખે છે એમાં તો તદ્દન નિર્દય મક્કમતા હોય છે. મારું શરીર અસહ્ય વેદના અનુભવી રહ્યું હોય ત્યારે પણ એમને દયા નથી આવતી ને જાણે કહેતા હોય છે કે: "અમે અટકી પડશું તો તમે અટકી પડશો ને તમે અટકી પડશો તો અમે અટકી પડશું."

૧૧મી જૂન :

પ્રાઇમસનો ધુમાડો ઓછો કરવા રોજ પ્રયત્ન કર્યે રાખું છું. કૅબીનનું અંદરનું બારણું ઘણોખરો વખત ઉઘાડું જ રાખું છું એટલે પણ હવામાં ઘણો ફેર પડે છે, પણ એથી ઠંડી વધી જાય છે.

બપોરે પ્રાઇમસ ઠારીને સૂવાના કોથળામાં પડયો રહ્યો હતો. ખભા અત્યંત દુ:ખે છે એટલે કેટલીક વાર તો પીઠભર સૂવું પણ આકરૂં થઇ પડે છે. ઘેનની ગોળીઓ લેવાનું મન બહુ જ થયા કરે છે પણ એથી નબળાઇ વધે એટલે જોખમ ખેડતાં નથી.

હજી બરોબર ખોરાક લેવાતો નથી છતાં પરાણે ગળે ઉતારું છું. પેટના દુ:ખાવાને ભૂલવા ખાતર જમતી વખતે પણ પાના રમવામાં મન પરોવું છું. પાના ઉતરતાં પણ હાથ દુ:ખવા આવે છે. ત્રણ કોળીઆ ગળે ઉતારતા આજે એટલો વખત થયો કે એક આખી બાજી રમાઇ ગઇ, જમીને આઠ વાગ્યાનું 'નિરીક્ષણ' કરી આવ્યો; પછી આરામ લીધો ને આરામ પછી દસ વાગ્યા એટલે તેજરંગોનું 'નિરીક્ષણ' કરવા જઇ આવ્યો.

રાત દરમ્યાન બારણું બરફથી જામ થઇ ગયું હતું. સવારે ઉપર જવા ઉઘાડતી વખતે ખૂબ મહેનત કરી પણ ન ઉઘડયું. છેવટ પાછો નીચે આવ્યો ને હથોડી લઇ ગયો. એનાથી જોર કર્યું ત્યારે માંડ બરફ છૂટો પડયો. એ શ્રમને કારણે થોડો વખત સુધી લોથ થઇને પડયા રહેવું પડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩મી જૂન :

દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં આ વખતના જૂન મહિનાનું હવામાન ઘણું મોળું ગણાય. આ મહિનામાં એક જ વાર ઠંડી –૪૬° જેટલી નીચે પહોંચી છે. ગઈ કાલે હવામાન -૩૮° હતું, આજે –૩૪° છે. પવન પણ લગભગ શાન્ત જ રહે છે.

પણ પ્રાઇમસ એટલો બધો વખત બંધ રાખું છું કે દિવાલ ઉપર બરફનું પડ જામવા લાગ્યું છે ને દિવાલ આખી ભરાઈ જતી દેખાય છે. એ બધું છતાં મારી સ્થિતિ સુધરતી હોય એમ લાગે છે. સવારની ચા મૂકી દીધી છે. એ છોડવાનું કપરું લાગ્યું, કેમ કે જીંદગી આખી ચા પીવાની ટેવ રહી છે. છતાં એવા અત્યંત હળવા પણ ઉત્તેજક પીણાથી યે દૂર રહેવું જરૂરી લાગે છે.

*

ચૌદમીને ગુરુવારે ફરી રેડીઓ–સંપર્કનો વારો આવ્યો. ચાર્લી બહુ લહેરમાં હતો ને રમુજ કર્યા કરતો હતો. મેં આગલે વારે પૂછેલા પ્રશ્નોના જવાબ ડૉ. પાઉલ્ટરે વાંચી સંભળાવ્યા. મારી માન્યતા સાચી જ નીવડી કે તોફાન–દીવો ગેસોલીન–દીવા કરતાં વધુ સલામત ગણાય ત્યાંથી આવેલી સૂચનાઓમાં ખાસ કંઇ નવું નહોતું; એવું બધું તો હું પોતે પણ કરતો જ હતો—વધુ ચર્ચા લંબાવવાનું ઠીક ન લાગ્યું કેમ કે તેથી એમને શંકા જવાનો સંભવ હતો, એ વાત પતી ગઇ એટલે ડૉ. પાઉલ્ટરે ખરતા તારાઓના નિરીક્ષણનો એમનો પ્રિય વિષય હાથ ધર્યો. દુનિયાભરની પ્રયોગશાળાઓનો સહકાર લઇ એ અને એમના સાથીઓ ખરતા તારાઓની સંપૂર્ણ નોંધ રાખવા પ્રયત્ન કરી રહ્યા હતા મને એ વિષયમાં રસ હતો એટલે અવારનવાર એની વિગતો તેઓ મને જણાવતા રહેતા. ખરતા તારાઓને પરિણામે પૃથ્વીના કૂલ પદાર્થમાં કેટલો વધારો થતો રહે છે એ વિષે એમનો અભ્યાસ અસાધારણ ઉપયોગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ પડે તેમ હતું...એ અભ્યાસ આગળ વધારવાની એમની યોજના વિષે તે વાત કરવા લાગ્યા—

"ટ્રેકટરોનું સમારકામ પૂરું થઇ જવા આવ્યું છે. કેનવાસના છાપરાને બદલે લાકડાના છાપરા નાખ્યા છે. સૂવાની પાટો, રેડીઓ, પ્રાઇમિસ વગેરેથી બધા ટ્રેકટરો સુસજ્જિત થઇ જવાના. એ પછી એક ટ્રેકટરને લઇને અહીંથી તમારી દિશામાં ત્રીસેક માઇલને અંતરે આવી એક થાણું નાખવાનો વિચાર છે."

"એ થાણામાં કેટલોક વખત રહેવાના?" "બે એક દિવસ રહી કેટલોક તુલનાત્મક અભ્યાસ કરવો છે" "ટ્રેકટરો ક્યારે તૈયાર થઇ જવાના?" "બધા વિષે તો મને ચોક્કસ માહિતી નથી પણ પહેલા નંબરનું ટ્રેકટર તો થોડા જ દિવસમાં તૈયાર થઇ જશે" "લગભગ કેટલા વખત પછી નીકળવાનો વિચાર છે?" "હજી લગભગ એક મહિનો લાગશે."

કોણ જાણે આ વાત એવી સહજ રીતે થઇ ગઇ કે એ મને ખાસ મહત્વની ન લાગી. કદાચ હું થાકી ગયો હતો એટલે એમ થયું હશે. શિયાળુ રાત દરમ્યાન દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં આ પહેલાં એક જ વાર લાંબી મુસાફરીનો અખતરો થયેલો. ઠંડી એટલી સખત પડતી હોય કે કૂતરાઓ કામ ન આવે, એરોપ્લેનને પરાણે નીચે ઉતરવું પડે તો ભારે જોખમમાં આવી પડાય." એક મહિનો એ તો બહુ લાંબો ગાળો ગણાય—સારામાં સારી યોજનાને પણ ઉંધીચત્તી કરી નાખે એવા ફેરફાર એટલા વખતમાં થઇ જાય..."ઠીક જોશું" એમ મનમાં ગણગણતો હું નીચે જતો રહ્યો. આ વાતને ને મારા ભાગ્યને કંઇ સંબંધ હોઇ શકે એવો ખ્યાલ સરખો પણ મને આવ્યો નહિ.

અગાઉની જેમ જ આ રેડીઓ-સંપર્ક પણ મને થકવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યો; પણ ફેર એટલો પડયો હતો ખરો કે કેટલાક કલાક પથારીમાં પડયા રહ્યા પછી ઉપર જઇ લટાર મારવા જેટલી શક્તિ પાછી આવી ગઇ—પંદર દિવસ પછી પહેલી જ વાર લટાર મારવા નીકળ્યો. એને લટાર કહી ન શકાય કેમ કે વાંસની લાકડી ઉપર ટેકતો ટેકતો ચાલતો હતો અને દરેક પગલે શ્વાસ ખાતો હતો તેમ જ હૃદયના વધી પડેલા ધબકારાને શાન્ત પડવા દેતો હતો આવી રીતે કુલ વીસ વારથી વધુ ચાલ્યો નહીં હોઉં અને છતાં એટલાથી પણ મને ઘણો આનંદ થયો ને મન કહેવા લાગ્યું કે હવે સાજો થવા લાગ્યો છું.

આકાશ આખું તેજરંગોથી ઉભરાતું હતું. નિયમ મુજબના 'નિરીક્ષણો' કરવા ઉપરાંત પણ કેટલીય વાર એ દશ્યો જોવા ઉપર ગયો હઇશ. આખો દિવસ તો આકાશ ખાલી હતું પણ સાંજે કોણજાણે તેજરંગોને ખાતર જ વાદળા આવી એકઠા થઇ ગયા હતા. શરૂઆતમાં થોડાંક સોનેરી કિરણો જ પથરાયેલા હતા પણ પછી તો જાણે રૂપેરી નદી છવાઇ ગઇ, ને વચ્ચે વચ્ચે સોનેરી રંગના કિરણો ભાત પાડવા લાગ્યા. રાત્રે સાડાદસે છેલ્લીવાર નજર નાખી લેવા ઉપલું બારણું ઊંચું કર્યું ત્યારે તો આછા લીલા, લાલ ને પીળા રંગોથી આખું દશ્ય ભવ્ય બની ગયું હતું—જાણે અંધકારથી છવાયેલું આકાશ જીવંત થઇ ઊઠયું હોય એમ રંગરેખાઓનો મૃદુ સળવળાટ થતો હતો. મારી અશક્તિ વગેરેને ભૂલી જઇ હું એ બધું જોવા બેસી ગયો. રંગોની જમાવટ એવી સુંદર ને આકર્ષક થયા કરતી હતી કે મંગળ ને દક્ષિણ ક્ષિતિજના ત્રિશંકુ ને મૃગશિર્ષ તો ઓરડીમાં બળતી મીણબત્તી જેવા ઝાંખા લાગતા હતા.

*

૧૫મી ને શુક્રવારે સવારે હવામાન +૭° હતું પણ પછી એકદમ મ્હોંભર ડુબકી મારીને એ –૨૦° સુધી ઉતરી ગયું બરફને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે પવનચક્રી જામ થઇ ગઇ હતી એટલે બપોર વખતે એના વાંસડા ઉપર ચડયો ને સાંધ વગેરેમાંથી બરફ ખેરવી કાઢયો (તે દિવસની રાજનીશીમાં નોંધ કરેલી છે કે " આવું કામ કરવા જેટલી હજી શક્તિ નથી આવી એ વાંસડા ઉપર ચડયો એથી ઘણી શક્તિ નીચોવાઇ ગઇ ") શનિવારે હવાનું દબાણ માત્ર ૨૮ ઇંચ હતું અને ઘણાં દિવસ પછી પવન શરૂ થયો. બરફ પડયો ને હિમરજ પણ ઉડવા લાગી. ભુંગળાઓમાં થઇને હિમરજ નીચે કેબીનમાં પણ આવતી હતી. આંખનો દુઃખાવો નહોતો લાગતો એટલે વાંચવામાં મજા આવી.

ગ્રામાફોનને પણ લગભગ અઠવાડીઆ પછી હાથ ધર્યું ને મારી પ્રિય રેકર્ડો વગાડી. એમાંના કેટલાક શબ્દો સ્પષ્ટ ઊઠતા નહોતા એટલે મનમાં એમ થઇ આવ્યું કે જો સાજો સારો બહાર નીકળીશ તો રેકર્ડોના શબ્દો સ્પષ્ટ સમજાય એની કાળજી રાખવાનો આગ્રહ કરનારી ચળવળ ઊભી કરીશ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

જૂન—૩

જૂન મહિના દરમ્યાન તો મેં કેટલીયે વાર આગેકૂચ કરી ને કેટલીયે વાર પાછો પડયો—કેટલીયે વાર વિજય મેળવ્યો ને કેટલીયે વાર પીછેહઠ કરી. ૧૭મી જૂનને દિવસે રવિવાર હતો. રવિવાર એટલે રેડીઓ-સંપર્કનો દિવસ, મારી રોજનીશીમાં તે દિવસે કશી નોંધ કરાયેલી નથી, કેમકે તે દિવસે નોંધ કરવા જેટલા હોશ રહ્યા નહોતા. ૩૧મી મે પછીના પંદર સત્તર દિવસમાં માંડ ધીમે ધીમે જે શક્તિ સ્ફુર્તિ મેળવ્યાં હતાં, તે ૧૭મીની સવારના કાર્યક્રમમાં ધોવાઇ ગયાં.

૧૮મી જૂન

...ગઇ કાલે પેલા અદૃષ્ય શત્રુએ ફરી ઘા કર્યો, ગયે વખતે જ રેડીઓ સંપર્ક સાધતાં પાછલા ગાળામાં એંજીન બરોબર ચાલતું નહોતું, એટલે આ વખતે જરૂરી સુધારા કરી લેવા એંજીન અડધો કલાક વ્હેલું ચાલુ કર્યું: ૩૧મી મે પછી તો પહેલેથી જ એંજીન પરના હવા આવવા જવાના ભુંગળામાંથી બરફ ખેરવી નાખવાની કાળજી રાખું છુ—વીસેક મિનીટ એંજીન સાથે મથામણ કરી એટલે એ તો બરોબર ચાલતું થયું પણ મને અંધારા આવવા લાગ્યા ને નીચે ઢળી પડયો. ઘસડાતો ઘસડાતો ચાલીને કેબીનમાં આવતો રહ્યો ને રેડીઓ-સંપર્કના સમયની રાહ જોતો પથારીમાં આરામ લેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયો રહ્યો. મને લાગે છે કે હું જરા મોડો પડેલો ને વાર્તાલાપ દરમ્યાન ટકી રહેતાં બહુ શ્રમ પડતો હતો. ચાર્લીના પ્રશ્નોના જવાબો સંતોષકારક અપાયા હોય તો સારું. આ મહિનાની શરૂઆતમાં જેવી દશા હતી એવી પાછી થઈ ગઇ લાગે છે. વધુ લખવાનું મન તો છે પણ આજે લખતાં બહુ શ્રમ પડે છે. ચાર્લી, પાઉલ્ટર ને ઇનેસ વસંતઋતુના કાર્યક્રમની ચર્ચા કરવા આવ્યા હતા. ટ્રેકટરોનું સમારકામ થઇ જાય એટલે કાર્યક્રમ વિસ્તારવાની એ લોકો ગણત્રી કરી રહ્યા છે, ને ઓગસ્ટ પહેલાં તો આસપાસ થાણાઓ નાખી દેવા માગે છે.

*

રોજનીશીની આ નોંધ લખવા બેઠો ત્યારે જે લખવાનો ઇરાદો હતો તે એમાં નથી લખાયું. રોજનીશી બને તેટલી હળવી રાખવાનો હું એ દિવસો દરમ્યાન પ્રયત્ન કરતો હતો; એ સ્થિતિમાંથી બચું નહિ તો કુટુંબીજનોને મારા છેલ્લા દિવસોની દુઃખદ હકીકતોના ભારમાંથી બચાવી લેવાની મારી ઇચ્છા હતી. એ રાત્રે મને જરાય ઊંઘ નહોતી આવી ને આખી રાત પથારીમાં આમથી તેમ ઉથલા મારતો રહ્યો હતો. અસહ્ય વેદનાથી શરીર તૂટી રહ્યું હતું ને હૃદયમાં થતા ધબકારાથી આખું શરીર ખરેખર ખળભળી ઊઠયું હતું. આવું ને આવું ચાલશે તો મગજ ચસકી જશે એમ લાગતું હતું. થોડુંક દુધ પેટમાં નાખેલું એ પણ ઉલ્ટી થઇ બહાર નીકળી ગયું. ગુંચળું વળીને પથારીમાં પડયા પડયા માળા ફેરવતા સાધુની જેમ હું કંઇક બબડ્યા કરતો હતો. અસહ્ય વેદના ઉપડી આવ્યા પછી થોડીક વાર વચ્ચમાં જે જરાક વિસામો મળતો એમાં મન આશા ને ભય વચ્ચે ઝોલા ખાતું પડયું રહેતું.

સવારમાં પથારીમાંથી ઉઠવાનું આકરૂં થઇ પડેલું તે હવે અતિ આકરૂં બની ગયું. પ્રાઇમસ બારેક કલાકથી બંધ પડયો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કેબીન ઠંડીગાર થઇ ગઇ હોય ને રાતની ઠંડીમાં હોઠ દાંતેથી કરડયા હોય એટલે એમાંથી લોહી નીકળતું હોય. જીવતા રહેવા બરોબર ઝુઝવું છે એવો ગમે તેવો મક્કમ નિરધાર કર્યાં છતાં જો અડધોએક ડઝન પેલી ગરમી આપનારી ગાદીઓ (heat pads) ન મળી આવી હોત તો હું બચત કે કેમ એ વિષે હજી મને શંકા છે. ખોરાક-સામગ્રીવાળા ભોંયરાના એક ખોખામાંથી એ વખતસર જડી આવી એટલો ઇશ્વરનો ઉપકાર. (પરબીડીઆના જેવો આકાર હોય છે ને રેતી જેવો કંઇક રાસાયણીક પદાર્થ એમાં ભરેલો હોય છે. એમાં પાણી રેડવાથી એ ગરમી આપે છે.) રાત્રે સૂતી વખતે એ ગાદીઓ પથારીમાં રાખો મૂકતો ને પાણીથી ભરેલી થરમોસ પણ પાસે જ રાખતો. સવારમાં ઉઠીને એની મદદથી હું શરીરને ગરમી આપતો. પછી એક ગાદી આગલા ભાગમાં પેડુ ઉપર ને એક પાછલા ભાગમાં કમર આસપાસ બાંધી લઇને જ પથારીમાંથી બહાર નીકળતો. ફરીથી પાણી રેડયા વિના પણ એ કલાકેક સુધી ગરમી આપ્યા કરતી. એટલી વારમાં તો પ્રાઇમસ બરોબર ચાલુ થઇ જઇ કેબીનને હું ફાળી બનાવી મૂકતો. એ ગાદીઓનો હું કરકસર પૂર્વક ઉપયોગ કરતો હતો કેમકે એ કેટલો વખત કામ આપશે એની મને ખબર નહોતી. થાણા માટે સાધન-સામગ્રી એકઠી કરનારને આ ગાદીઓ ભેગી નાખવાનું કેમ સૂઝયું હશે એનીયે પણ મને ખબર નહોતી, પણ એ દિવસો દરમ્યાન તો હું એને આશિર્વાદ આપ્યા કરતો.

જેમ તેમ કરી 'નિરીક્ષણો'નું કામ ચાલુ રાખવા પ્રયત્ન કરતો હતો; યંત્રોને ચાવીઓ દેતો ને રજીસ્ટર પરના કાગળ બદલતો રહેતો. રાત્રે પથારીમાં પડયો પડયો, ઘુંટણ ઉપર પેટીનું ખોખું ગોઠવી એ ટેબલ ઉપર પાના રમતો. પાના રમતાં રમતાં પણ હાથ દુઃખતા ને બાજી હારી જતો ત્યારે બહુ ચીડ ચડતી. મંગળવારે રાત્રે બાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમવાથી કંટાળી જઇ લડવીગકૃત નેપોલીઅનનું જીવન-ચરિત્ર વાંચવા પ્રયત્ન કરી જોયો પણ એક બે પાના વાંચ્યા પછી આંખો દુઃખવા લાગી ને અક્ષરો અસ્પષ્ટ બનવા લાગ્યા. મન કહેવા માંડયું કે તારું ગાડું ચાલવાનું નથી...તું નથી ચાલતો, હવે તો ટેવ જ ચાલે છે. તું તો ખલાસ થઇ ગયો છે...

વીસમી જૂનને બુધવારે બપોર વખતે બે ગાદીઓ કમર આસ-પાસ બાંધી તેમ જ ફંછડાવાળા ચામડાના કપડા ચડાવી હું ઉપર ગયો—કેબીનના ગ્લાનિમય વાતાવરણથી કંટાળી ગયો હતો. પ્રાઇમસના ભૂંગળા પાસે એક કોર હિમરજનો ઢગલો જામ્યો હતો એના ઉપર આરામ કરવા બેઠો. થોડો થોડો બરફ પડતો હતો. પૂર્વ અને દક્ષિણ દિશાનું આકાશ તો આસપાસના પ્રદેશ જેવું જ કાળું ધબ હતું પણ ઉત્તર ક્ષિતિજ તરફ લાલ રંગની આછી છાયા પથરાયેલી હતી. તે દિવસ પછી જ સૂર્ય ઉત્તરાયણ પૂરું કરી દક્ષિણ ગોળાર્ધ તરફ વળવાનો હતો. મન વિચારે ચડી ગયું...

...દૂર દૂર મારા હિમવિસ્તારની પેલી પાર, લીટલ અમેરિકા ને રૉસ સાગરનીયે પાર, સૂરજ રોજ ઉગતો હશે ને રોજ આથમતો હશે...પણ એ તો અતિ દૂર. હું છું ત્યાં તો સૂર્યને આવતા કેટલાય દિવસ થશે—જેટલી ધીમી ગતિએ એ ગયો હતો એટલી જ ધીમી ગતિએ પાછો વળશે. ગણીતને હિસાબે ર૭મી ઓગસ્ટે એ ફરી દેખા દેશે. કદાચ એ વખતે એના આવવાની હું રાહ પણ નહિ જોતો હોઉં....

પણ ખરાબમાં ખરાબ દિવસો તો પસાર થઈ ગયા. હવે તો રોજ સૂરજ ઉપર આવતો જવાનો, બપોર વખતે ઉત્તર તરફનો પ્રકાશ રોજ વધુ પ્રબળ બનતો જવાનો. ને એના પ્રકાશમાં વાવટાની નિશાની કરી રાખેલી લીટલ અમેરિકાની કેડી સ્પષ્ટ દેખાતી થશે... ..પણ ના ના એ બધું જોવા હું નહીં રોકાઇ રહું...ના ના જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈશ, નિરાશ થવાની જરૂર નથી...આવી ગડમથલ મનમાં ચાલ્યા કરતી હતી, ત્યાં એકાએક પાઉલ્ટર સાથે થાણું નાખવાની વાત થઈ હતી તે સાંભરી આવી ને મનમાં થઈ આવ્યું કે તેઓ જરૂર આ તરફ આવશે...અહીં જ આવશે. થાણું નાખવાની વાતમાં તે પહેલાં મેં બહુ રસ લીધો નહોતો. એ થાણું કાં તો પૂર્વમાં 'મેરી બાયર્ડ ભૂમિ' તરફ અથવા તો દક્ષિણમાં 'ક્વીન મૉડ પર્વતો' તરફ નાખી શકાય તેમ હતું. ક્વીન મૉડ તરફ જાય તો એમને મારા દરવાજા પાસે થઈને જ પસાર થવાનું રહે. બસ મનમાં વસી ગયું કે મારા કુટુંબીજનો તેમ જ મારી જાત પ્રત્યે મારી ફરજ છે કે એ લોકોને આ તરફ લાવવા અને તેમાં પણ સલામતીની દૃષ્ટિએ વિચાર્યા પછી જેટલું વહેલું કરાવી શકાય તેટલું કરાવવું.

બીજે દિવસે રેડીઓનો વારો હતો. બરોબર કાળજીપૂર્વક શબ્દરચના કરી પાઉલ્ટરને ઉતાવળ કરવાની સૂચના આપી દેવાનું મનમાં નક્કી કર્યું—શબ્દરચના એવી કરવી કે મારે અંગત કંઈ ઉતાવળ છે એવું ન દેખાય એમ પણ મનમાં ઠરાવી લીધું.

આવો નિર્ણય કરીને નીચે કેબીનમાં ગયો ત્યારે છેલ્લા ચાર મહિનામાં જેટલાં આશા-ઉત્સાહ નહોતા અનુભવ્યા, તેટલા લાગવા લાગ્યા. તે રાત્રે રોજનીશીમાં લખ્યું કે "...૧૬મી પછી આજે પહેલી જ વાર લખવા બેસતાં કંટાળો નથી આવતો. સૂરજ પાછો આવવાને હજી તો ઘણી વાર છે અને ઓક્ટોબર તો કોણ જાણે કેટલાય કરોડ વર્ષ આઘો છે. પણ એ લોકો રેડીઓ-સંપર્કનો સમય જો ફેરવીને બપોરનો રાખે તો બસ..."

❦

સવારે રેડીઓ સંપર્ક સાધ્યો ત્યારે ડાયરે પહેલા જ વાક્યમાં વખતસર આવી પહોંચવા માટે અભિનંદન આપ્યા ને પછી પૂછ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે "ગયે વખતે એકદમ ટૂંકા ટૂંકા જવાબો આપી કેમ પતાવી નાખેલું ?" ઘડીક તો હું અચકાયો પણ પછી એમ થયું કે સાચી વાત કહેવામાં વાંધો નથી એટલે ટૂંકાણમાં જણાવ્યું કે "એંજીનમાંથી ધુમાડો નીકળી મારું મગજ ભમાવતો હતો, એટલે એની ખામી શોધી કાઢવા બંધ પાડી નાખેલું." "હવે તો તદ્દન સારું થઇ ગયું ને?" એમ ચાર્લીએ પૂછ્યું એટલે મેં હા પાડી દીધી ને એનો આભાર પણ માન્યો. પછી એની શંકાને તદ્દન દૂર કરવા મેં થોડીક આડી અવળી વાતો કરીને કંટાળો દૂર કરવા હું કેવા કેવા નુસખા અજમાવું છું એની કેટલીક વાતો કરી—ઘણાં વર્ષો જેટલો કાળ જેને વીતી ગયો હતો તે બે મહિના દરમ્યાનના નુસખાઓની વાત ત્યાં લગાવી દીધી.

એ પછી એણે સમાચાર આપ્યા કે "એક નંબરનું ટ્રેક્ટર આવતી કાલે ચાલુ કરવાના છીએ—પાઉલ્ટરને ડેમાસ થોડેક સુધી અખતરા ખાતર ફેરવવા લઇ જશે." એ સાંભળીને મારું હૈયું નાચી ઊઠયું ને પાઉલ્ટરને રેડીઓ ઉપર બોલાવ્યો. બહુજ ટૂંકામાં અને સીધી સાદી વાત કરતો હોઉં એ ઢબે, મેં એને જણાવ્યું કે આપણાં સાધન–સામગ્રી ઘણાં ઘસાઇ ગયા છે એટલે ન્યુઝીલેંડથી વહાણો આવી પહોંચે તે પછી બને તેટલી ઝડપે આપણું કામ સંકેલી લેવાનું જરૂરી ગણાય...મારી તો ઇચ્છા એવી છે કે આસપાસ છાવણીઓ નાખી જે કાર્યક્રમ પાર પાડવાનો છે તે વ્હેલો શરૂ કરી દેવો અને દક્ષિણ તરફ થાણું નાખવા જે ગાડીઓ જાય તેનો લાભ લઇ અગાઉ ગોઠવ્યું છે તે કરતા ત્યાં વ્હેલા પાછા ફરવાનું પણ હું વિચારું" ત્યાર પછી દર વખતની જેમ તૈયારીઓ કાળજીપૂર્વક કરવાની ને પૂરતું અજવાળું ઉઘડે ત્યાં સુધી રાહ જોવાની સૂચનાઓ આપી મેં વાત પૂરી કરી વિદાય લેતાં પહેલાં ડાયરે જણાવ્યું કે "તમે અગાઉ ઇચ્છા વ્યક્ત કરેલી તે અનુસાર હવેથી રેડીઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય બપોરના એનો રાખશું. બરોબર ફાવશેને ?" "સરસ" એમ કહી મેં બંધ કર્યું.

*

૨૨મી ને શુક્રવારે હવામાન –૫૦° સુધી નીચે ઉતર્યું—જૂન મહિનામાં એ પહેલી જ વાર એટલું નીચે ગયું. મન આખો દિવસ અહીંથી છૂટવાના વિચારોમાં રમ્યા કર્યું. પહેલાં તો ઠેઠ ઓકટોબર સુધી રાહ જોવાની વાત હતી પણ હવે તો ઓગસ્ટ આસપાસ આશા બંધાતી હતી. પણ મનમાં તદ્દન શાન્તિ નહોતી. લીટલ અમેરિકાવાળાને ઓગસ્ટમાં આવવાનું પણ કઠીન પડશે એમ થયા કરતું હતું. જોખમ ખેડવા જતાં આખી યોજના છેડે આવીને ભાંગી પડશે એવો ભય રહેતો હતો ને તેથી ઉતાવળ ન થાય એની કાળજી રાખવા મન કહ્યા કરતું હતું.

૨૩મી જૂન

શરીરમાંથી ઝેર કાઢી નાખી શક્તિ પાછી મેળવવા માટે છેલ્લા કેટલાય દિવસથી પ્રાઇમસ બંધ પાડી, આછા અજવાળામાં પથારીમાં પડ્યો રહું છું. ભૂખ નથી લાગતી તો પણ પરાણે ખાઉં છું.

૨૪મી જૂન

હજી સ્થિતિ એવી ને એવી છે. આજે રેડીઓ ઉપર બેઇલીએ બપોરનો સમય ફેરવી સવારનો જ ચાલુ રાખવાની માગણી કરી : એમના યુનાઇટેડ સ્ટેઈટસ સાથેના કાર્યક્રમમાં બપોરનો વખત નડે છે. ડાયરનો અભિપ્રાય મેં પૂછી જોયો તો એણે જણાવ્યું કે તમને ફાવે તેમ ગોઠવી આપવામાં મને વાંધો નથી...બપોરનો સમય ગોઠવવામાં બહુ અગવડ નહીં પડે. એટલે મેં બપોરનો જ રાખવા કહ્યું. બેઇલીની માગણી તો મને સ્વાર્થી ને નિર્દય લાગી, પણ પછી સમજાયું કે એને તો મારી માગણી માત્ર કારણ વિનાની ધૂન જ લાગી હશે ને એમ ઉપરીની ધૂન ખાતર પોતાના અધિકાર અમસ્થા જ જવા દે એવા એ લોકો ઢીલા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫મી જૂન

કાંઇજ નહિ...કાંઇજ નહિ...

૨૬મી જૂન

હું જે ખોરાક લઉં છું એમાંથી મને પૂરતી કેલરી ગરમી નથી મળતી. હિસાબ કરી જોયો તો સરવાળો બારસો કેલરી જ થતો હતો. એ પૂરતો ન ગણાય, પચ્ચીસસો કેલરી થવી જોઇએ. એટલે આજે માખણનો એક મોટો કકડો ગરમ દુધમાં ઓગાળીને ચડાવી ગયો. હમણાં ખાઉં છું વધારે, પણ ભૂખ તો જરાય હોતી જ નથી.

૨૮મી એ વખતસર રેડીઓ ઉપર હાજર થઈ ગયો. ઘણાં સમાચાર આવ્યા. પાઉલ્ટર એક નંબરના ટ્રેક્ટરને ચાલુ કરી આંટો મારી આવ્યો. "બધું સરસ રીતે ચાલ્યું. વાવટાવાળી કેડી પકડવામાં કંઇ મુશ્કેલી નહોતી આવી. વાવટા બરોબર ઊભા જ છે." એમ એણે ઉત્સાહપૂર્વક જણાવ્યું. એ વાત થઈ ગયા પછી એણે તુરત એક નવી યોજના રજૂ કરી—"અગાઉ આપણે ખરતા તારાના નિરિક્ષણ માટે જે થાણું નાખવાની વાત કરેલી તે થાણું નજીક ન નાખવું વધારે સારૂં એમ મને લાગે છે. ઓગસ્ટના પહેલા અઠવાડીઆ દરમ્યાન ખરતા તારાઓ મોટી સંખ્યામાં પડવાના છે, એનો અભ્યાસ કરવા માટે ત્યાં આવી રહેવાની અમારી ગણત્રી છે. અંતર લંબાવવાથી અભ્યાસની દ્રષ્ટિએ ઘણો લાભ થશે ને નિરીક્ષણ કરનારાઓને તમારી કેબીન હોવાથી સગવડ રહેશે. નક્કી નથી કર્યું પણ વિચાર એવો છે કે પાંચ માણસોએ આવવું; એમાંથી બે જણ મહિનો દિવસ ત્યાં રોકાઈ નિરીક્ષણ કરશે ને બીજા ત્રણ તુરત પાછા ફરશે. તમારી ઇચ્છા વ્હેલા પાછા ફરવાની હશે તો ક્વીન-મૉડ તરફ જનારી ટૂકડીની રાહ જોયા વિના, એ લોકો સાથે પાછા આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકશો, અત્યારે તો એવી ગણત્રી છે કે ર૯મી જુલાઇ પછી વ્હેલામાં વ્હેલા, અનુકુળ દિવસ મળ્યે અહીંથી નીકળી જવું. એથી મોડું થાય તો પરોઢીએ સૂર્યનો પ્રકાશ તારાઓના નિરીક્ષણમાં વિક્ષેપ કરવા આવી પહોંચે, એથી વ્હેલું કરવાનું તો અમને કોઇને ડહાપણ ભર્યું નથી લાગતું—અને ડેમાસ કહે છે કે બીજા બે ટ્રેક્ટરોને તૈયાર થતાં હજી ઓછામાં ઓછા ત્રણ અઠવાડીઆ તો થશે જ. એ વધારાના ટ્રેક્ટરો તૈયાર રાખ્યા વિના નીકળવાનું જોખમ ખેડવું પણ ડહાપણ ભર્યું નથી લાગતું."

હવામાન શાસ્ત્રની નોંધોનો સાર આપતો હોય એટલી સીધી સાદી ને સહજ રીતે એણે આખી વાત રજૂ કરી દીધી. સાંભળતી વખતે હું વાત માની નહોતો શકતો—૩૧મી મે પછીના દિવસો દરમ્યાન જે અનેક ભ્રમભર્યા આભાસો મેં અનુભવેલા એવું જ આ પણ લાગતું હતું. પણ વાતની વિચારસરણી અત્યંત દલીલયુક્ત ને પદ્ધતિસરની હતી—કલ્પનાના ઉશ્કેરાટમાં એવું ન હોય. એટલા સરસ સમાચાર એટલા બધા અચાનક આવી પડયા! અંતરમાંથી કોઇક કહેવા લાગ્યું કે " એ લોકો તો એમને કામે આવે છે. તારે ખાતર નહિ, તારે શરમાવવાની જરૂર નથી. ભલે આવે."

વાત પૂરી કરીને પાઉલ્ટરે મારો અભિપ્રાય માગ્યો. મારા મનમાં હજી નિર્ણય નહોતો થયો, થોડીક્વાર થોભવાનું સૂચવી હું વિચારે ચડયો. કદાચ જોખમમાં મૂકાઇ જશે તો પરિણામો મારે માથે જ આવી પડવાના એમ લાગતું હતું. નક્કી જવાબ ન સૂઝયો એટલે " હજી થોડાંક વધુ અખતરા કરી પાકી ખાત્રી કરી જૂઓ ને પછી મને પરિણામ જણાવો " એમ સૂચવ્યું. એ જવાબ આપતી વખતે પણ હું અંતરમાં તો સમજતો જ હતો કે મારાથી એને ના નથી પાડી શકાવાની...તણખલાને પણ વળગવાનું મન થાય એવી સ્થિતિમાં આવી પડયો હતો. વળી એમાં મારી જાતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કુટુંબનો જ પ્રશ્ન નહોતો સંડોવાતો. મારે માથે ભારે દેવું હતું ને વસંતઋતુના જબ્બર કાર્યક્રમનો આધાર પણ મારા ઉપર હતો. હું મરી જાઉં તો ભારે મુશ્કેલીઓ ઊભી થાય તેમ હતું - આ રિચર્ડ બાયર્ડ મરી જાય એથી નહિ પણ એના મરી જવા સાથોસાથ એકસો માણસો ને એક નેમ સાથે સાંકળી રાખનાર કેન્દ્ર નાશ પામે. વહાણો, ટ્રેકટરો, એરોપ્લેનો વગેરેને માટે જરૂરી પૈસા મેળવી શકે એવું નામ અદૃષ્ય થઇ જાય—એ નામ આસપાસ એવી આભા ઊભી થઇ છે કે એ નામથી ખેંચાઇ લોકો વ્યાખ્યાનો સાંભળવા, સિનેમા જોવા અને રેડીઓ પ્રવચન સાંભળવા પૈસા આપે. એ નામનું મહત્વ હતું—નહિ કે એ નામને ધારણ કરનાર, વેદનાથી પીડાતા, ભાંગલ, દેવાળીયા શરીરનું.

તે આખી બપોર પથારીમાં બેઠાબેઠા નવી યોજનાના લાભાલાભ વિચારતો રહ્યો. ખગોળશાસ્ત્રીનું પંચાગ, લોગેરીથમ ગણિતના ટીપણાં, પેન્સીલ કાગળ અને લીટલ અમેરિકાથી થાણા સુધીની કેડીનો નકશો વગેરે લઇ ગણત્રીઓ કરી જોઇ...જૂલાઇના બીજા પખવાડીઆમાં ચંદ્ર પાછો આવી પહોંચવાનો....સૂરજ વેગપૂર્વક દક્ષિણ તરફ આવતો હશે એટલે એ વખતે બપોરના ભાગમાં ઠીકઠીક અજવાળું રહેશે... આંકડાઓ માંડી જોયા...ખોરાકસામગ્રી આટલી જોશે....બળતણ આટલું જોશે...ટ્રેકટરો આટલું વજન ખેંચી શકશે...ઘણો ખરો આધાર તો માણસો ઉપર જ રહેવાનો...એ લોકો સાવધાનીપૂર્વક કામ લે ને મક્કમપણે વળગી રહે તો જોખમો એટલા બધાં વધારે ન ગણાય...હેરાનગતી પણ અસહ્ય ન ગણાય.. જૂલાઇના એ આછા પ્રકાશમાં કેડી ચૂકી જવાશે તો નહીં ને ?...રસ્તે ચીરાડો વગેરે આવે છે એટલે સીધેસીધા તો અવાય તેમ નથી...વાવટાની કેડી ચૂકાય તો ભારે જોખમમાં મૂકાઇ જવાય...માર્ચ મહિનામાં ટ્રેકટરો પાછા વળ્યા ત્યારે વાવટાઓની નિશાની બેવડી કરતા તો ગયા છે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સંભવ છે કે વાવાઝોડામાં એ ઉખડી ગઇ હોય....૧૨૩ માઇલનો લાંબો પંથ છે. એમાં કેટલા ભાગમાં નિશાનીઓ નહિ હોય એ કેમ કહેવાય?...પણ એ નક્કી કરવાનો એક જ ઉપાય છે--મુસાફરીનું જોખમ ખેડી જોવાનો. પાઉલ્ટરે અખતરા ખાતર આંટા મારી જોયા છે એનું પરિણામ ઉત્સાહપ્રેરક આવ્યું છે. આ તરફના પ્રદેશમાં પણ થોડા વખત અગાઉ ચંદ્રના પ્રકાશમાં એ નિશાનીઓ મેં જોયેલી. ખાસ વાંધો આવ્યો હોય એવું નહોતું દેખાતું...પણ વચલા ભાગમાં શું હશે?...

બને તેટલી તટસ્તાપૂર્વક આખી પરિસ્થિતિ વિષે વિચાર કરી જોયો...મુશ્કીલીઓ મોટે સ્વરૂપે દેખાવા લાગી. મોટી આશા બંધાઈ હતી તે ધીમે ધીમે ઓસરી ગઈ ને નિરાશા ઘેરી વળી. મીણબત્તી બુઝાવી નાખી ને હતાશ થઇ પડયો રહ્યો...

*

જૂનના છેલ્લા દિવસો દરમ્યાન ઠંડી વધવા લાગી. ૨૮મીએ હવામાન –૫૯° હતું ૨૯મીએ –૫૫° ને ૩૦મીએ –૫૬°. દિવાલ ઉપર બરફનું પડ ઊંચે ને ઊંચે ચડતું જતું હતું. તબીયતે છેલ્લીવાર ઉથલો માર્યો ત્યારથી ભય વધવા લાગ્યો હતો કે કદાચ ભોંયરામાંથી તેલ લાવવું અશકય થઇ પડે એવી નબળાઇ આવી પડશે. કંઇક શક્તિ લાગતી એ વખતે બને તેટલું તેલ લાવી કેબીનમાં એકઠું કરવા પ્રયત્ન કરતો હતો. ચોખા ને વટાણાના ડબ્બા ખાલી કરી એમાં તેલ ભરતો ને કેબીનમાં એક તરફ ખડકી મૂકતો. એમ ને એમ જૂન પૂરો થયો—એટલો લાંબો મહિનો મેં કદી નથી જાણ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

૨લી જૂલાઈ

ઠંડી વધતી જાય છે, આજે હવામાન −૬૫° સુધી ઉતરી ગયું હતું, જૂનનું સાટું વાળશે એમ લાગે છે, જૂન મહિનામાં કંઈક ઓછી ઠંડી પડી એ ભારે સદ્ભાગ્ય હતું, નહીં તો હું બચત નહીં. હવે પ્રાઈમસ ચાલુ હોય ત્યારે બારણું બને તેટલું વધુ ઉઘાડું રાખું છું—સાવ ઉઘાડું રાખવાથી તો ઠંડી બહુ વધી પડે છે. પ્રાઈમસ લાંબો વખત સુધી બંધ રહ્યો હોય ને કેબીનમાં ઠંડુ વાતાવરણ બની ગયું હોય ત્યારે હવા આવવાના ભૂંગળામાં જૂના કપડાના ડૂચા ભરી દઉં છું. લગભગ બારથી ચૌદ કલાક પ્રાઈમસ વિના ચલાવું છું—બહુ આકરું લાગે છે પણ છૂટકો નથી.

ઘણાં વખતથી છાપરા ઉપરના ભાગમાં હિમરજ જામતી જાય છે ને એને ખસેડવાનું બની શકતું નથી. રેડીઓનો સમય બપોરનો રાખ્યો છે એથી ઘણી રાહત રહે છે—તૈયારી કરવાનો પૂરતો વખત રહે છે એટલે બહુ ખેંચાવું નથી પડતું. આજે રેડીઓ-સંપર્કનો વારો હતો—થકવી તો નાખ્યો પણ અગાઉના જેટલો નહિ.

આજે કંઈ ખાસ સમાચાર ન આવ્યા. ચાર્લી ને ડાયર બહાર કામે ગયા હતા ને ડૉ. પાઉલ્ટર ખરતા તારાઓના નિરીક્ષણમાં રોકાયેલા હતા. હે પ્રભુ! એ લોકો કેટકેટલી વિવિધ પ્રવૃ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિઓ માણી શકે છે! મને એમની ઇર્ષા આવે છે પણ એ લોકોને ઘેર બેઠેલા લોકોની આવતી હશે ને!...

ખરતા તારાઓના નિરીક્ષણ માટેની નવી યોજના માન્ય રાખતો સંદેશો મોકલ્યો—સાથે પૂરતી સાવધાની રાખવાની સૂચના પણ આપી.

૨જી જુલાઇ

...વાંચવાનું ચાલુ કર્યું છે. The House of Exile (વનવાસીનું ઘર) ના બે પ્રકરણ વાંચ્યા. એમાં મન પરોવાય છે ત્યારે કલાક બે કલાક કેવા સરસ રીતે પસાર થઇ જાય છે! આજે વાળુ પછી ગ્રામોફોન પણ વગાડ્યું. એના ગીતો સાંભળીને મન ઉલ્લાસ અનુભવતું થયું—ફરી કંઇ ઉથલો નહિ આવે તો આ માંદગીમાંથી બેઠા થઇ જવાશે એમ લાગવા માંડ્યું. છેલ્લા થોડા દિવસ દરમ્યાન પ્રગતિ સારી થઇ છે ને એથી મન પણ ઉત્સાહ અનુભવે છે.

૩જી જુલાઈ

ઠંડીનું મોજું એમને એમ છે. આજે -૬૨° સુધી હતું. આજ સુધી બધો એઠવાડ–કચરો કેબીનના દરવાજા બહાર પરશાળમાં ઠાલવતો હતો. થીજીને એનો ઢગલો જામી ગયો હતો તે આજે ધીમે ધીમે કરી ઉપર નાખી આવ્યો. નીસરણી ચડવા ઉતરવાનું ઘણીવાર થયું. દરેક વારે થાક ખાતા ખાતા છેવટ કામ પૂરું કર્યું. હવે કંઇક સ્વચ્છતા લાગે છે. પેલા રોબીનસન ક્રુઝોની જેમ મારે પણ ફ્રાઇડે જેવો કામ કરનારો માણસ હોત તો કેવું સારું, એમ થતું હતું.

૪થી જુલાઇ

આજે ઉપર જઈ હિમરજના થર જામ્યા હતા તે પાવડાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાક દૂર કર્યાં, એટલું કરી શક્યો એથી ભારે ઉત્સાહ અનુભવ્યો. પહેલાં તો ઠંડીથી હું ડરતો જ નહિ, પણ હવે તો મારામાં જાણે ઘણો ફેર પડી ગયો લાગે છે. સહન શક્તિ ઘણી ઘટી ગઇ છે. આજે નાક ઠીંગરાઇ ગયું હતું, તેને ચોળવા મોજામાંથી હાથ બહાર કાઢયો તો પાંચેય આંગળી એક મિનીટમાં ઠીંગરાઇ ગઇ. આજે કટકે કટકે કરીને કૂલ બે કલાક ઉપર રહ્યો–બહુ સારુ લાગ્યું...આસપાસ અંધારૂં ઘોર હતું પણ ઉત્તર ક્ષિતિજ તરફ પ્રકાશરંગો દેખાતા હતા. સૂર્ય નજીક આવતો જાય છે...જીવન મારે મન કિમતી તો હતું જ પણ હમણાં હમણાં તો એની કિંમત બહુ વધી ગઇ છે. અહીંથી બહાર નીકળી શકીશ તો શું શું નવું કરવાનો, આજ સુધી કરતો એ બધું કેવી કેવી નવી રીતે કરવાનો વગેરે વિષે વિચારો આવ્યા કરે છે. પેલા વાંદરા જેવું ન થાય તો સારું–રાત્રે ટાઢથી ઝાડ ઉપર ઠુંઠવાય ત્યારે દિવસે જરૂર ઘર બાંધી લઇશ એવો નિર્ણય કરે ને દિવસે તો ટાઢ હોય નહિ એટલે બધું ભૂલી જઇ ઠેકાઠેક કર્યા કરે. વળી રાત પડે ત્યારે નિર્ણય કરે ને વળી દિવસે બેપરવા બની જાય...

*

પહેલાની જેમ લટાર મારવાનું શરૂ કરી દીધું હતું—જો કે બહુ દૂર નહોતું જવાતું તેમ લાંબો વખત પણ નહોતું ચાલતું.

હવામાન –૫૦°, –૬૦° આસપાસ હોય ત્યારે કેટલીકવાર પવનના ઝાપટા ફુંકાવા લાગતા. એવે વખતે પવનની ધાર તો એવી તીક્ષ્ણ લાગતી કે જાણે હમણાં ઉઘાડા મુખ-ભાગમાંથી કટકા કાપી કાઢશે. વાંકો વળું, શરીરને મરડું તો પણ એની અસરમાંથી છટકી ન શકાતું. પગના તળીઆ ઠરી જતા ને પછી તો જાણે એમાં જીવ જ ન રહેતો—એમાં લોહી વહેતું કરવા ઊંચો નીચો થતો હોઉં ત્યાં નાક ઠીંગરાઇ જતું ને નાક ચોળવા જતાં હાથ ઠીંગરાઇ જતો. હાથના કાંડા ને ગળાનો ભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઠારની અસરમાંથી મુક્ત રહેતા નહિ. ઘણીવાર શરીર તદ્દન જડ જેવું થઇ જતું—જાણે અફીણના ઘેનમાં કશી જ લાગણી ન અનુભવતા પડયા હોઇએ એવું થઈ જાય. તો કોઇ વાર ધીમે ધીમે આગ શરીર ઉપર ફરી વળતી હોય ને જેવી વેદના થાય તેવી દશા થતી.

આસપાસનો પ્રદેશ ઠંડીને કારણે સંકોચાયા કરતો ને તેથી ભૂકંપ-હિમકંપના આંચકા લાગતા ને ઊંઘમાંથી જાગી જવાય એવા ધડાકા સંભળાતા. આસપાસના પ્રદેશમાં નવી ચીરાડો પડતી હશે એ ખ્યાલે મન ઉપર ભાર વધી જતો. તબીઅત કંઇક સુધરતી હતી પણ આ કુદરત એકાદ ઘા કરી બેસશે તો એ સુધારો ધોવાઇ જશે; એવો ભય મનમાં લાગ્યા કરતો.

અને ખરેખર ૫મી ને ગુરુવારે ઘા પડયો. ગેસોલીનથી ચાલતું રેડીઓ-યંત્ર અટકી પડયું. સંપર્કની બધી તૈયારી કરી નાખી હતી, એંજીન ચાલુ થઈ ગયું હતું, ત્યાં એકાએક જનરેટર અટકી પડયું—આના કરતાં તો એક હાથ ભાંગ્યો હોત તો પણ ઓછું ખરાબ થાત એમ મન કહેવા લાગ્યું.

રેડીઓ-સંપર્ક સાધવાનો વિચાર માંડી વાળી એ સંચો સમો કરવા પાછળ લાગી ગયો. સાંજ સુધી મહેનત કર્યા કરી. સૂઝ્યા તેટલા નુસખા અજમાવી જોયા પણ કોઇ કારી ફાવી નહિ. વચ્ચમાં થોડો વખત જમવા અને આરામ કરવા રોકાયો; બાકી તો ઠેઠ અડધી રાત સુધી એની પાછળ રોકાઇ રહ્યો પણ કંઇ થઇ શકયું નહિ. નવા શેફ્ટ વિના ચાલે તેમ નહોતું ને નવું તો હું કયાંથી લાવું ?

થાકીને લોથ થઇ ગયો હતો, નિરાશ પણ થયો હતો. મન કહેતું હતું કે તારી દુનિયા ડુબવા બેઠી છે. હાથેથી ચલાવવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેટ્રી–રેડીઓ તો હતો પણ એ ચલાવવા જેટલી શક્તિ હતી કે કેમ એ વિષે શંકા હતી. સામાન્ય રીતે પણ એને માટે બે માણસ જોઇએ અને મારામાં તો અડધા માણસ જેટલી જ શક્તિ હતી. કમભાગ્ય તો એ હતું કે બરોબર ટ્રેકટર–ટુકડી નીકળવાનું વિચારતી હતી એ વખતે જ આ સ્થિતિ આવી પડેલી...પેલો ડાયર રેડીઓ ગોઠવીને રાહ જોતો હશે ને અનિષ્ટની શંકા એને આવી જવાની... જૂન મહિના દરમ્યાન રેડીઓ–સંપર્ક ચાલુ રાખવા, ડાયરને શંકાનું કારણ ન આપવા, કરેલી મહેનત બધી પાણીમાં જવા બેઠી હતી.

શુક્રવારે ભાંગેલ મને હું ઊઠયો ને બેટ્રી–રેડીઓ તૈયાર કરવા લાગ્યો. અગાઉ એકવાર એને ચલાવી બરોબર છે એવી ખાત્રી તો કરી લીધી હતી. ચાર કલાક સતત મહેનત કરીને એને ગોઠવ્યો ત્યારે બપોરનો એક વાગ્યો હતો. સવારે સાડા નવે ડાયરે રાહ જોઇ હશે પણ બપોરે બે વાગ્યે પાછો એ તપાસ તો કરવાનો એની મને ખાત્રી હતી. ગરમ દૂધ, સૂપ અને થોડાક બિસ્કીટ જેમ તેમ ખાઇ લઇ હું બે વાગ્યાના કાર્યક્રમ માટે તૈયાર થઇ ગયો. એક હાથે ચાવી દબાવીને બીજે હાથે પૈડું ફેરવવાનું મારે માટે શકય નહોતું. એટલે ચાવી ઉપર ચોપડીનો ભાર મૂકી એને દબાવી મૂકી ને પછી બેય હાથે પૈડું ફેરવવા લાગ્યો. ધાર્યાં કરતાં પણ ઘણો શ્રમ લાગતો હતો. મશીન બરોબર ચાલવા લાગ્યું એટલે એક હાથે ભુંગળું કાને ધરી સાંભળવા પ્રયત્ન કર્યો...પણ કંઇ સંભળાયું નહિ. બહુ પ્રયત્ન કર્યા છતાં પણ કંઇ અવાજ પકડી ન શકયો. કાં તો મારું યંત્ર બરોબર કામ નહોતું આપતું ને કાં તો લીટલ અમેરિકાવાળા હાજર નહોતા. હતાશ થઇને રડવા જેવી સ્થિતિમાં મૂકાઇ ગયો હતો. એવો થાકી ગયો હતો કે દસ મિનીટ પથારીમાં આરામ લઇ આવ્યો પાછા આવી ફરી ભુંગળું હાથ ધર્યું—ક્ષણેક અવાજ સંભળાયો ને ફરી પાછો ગૂમ થઇ ગયો. વળી મથામણ ચાલી ને અંતે બરોબર ગોઠવાયું. એંજીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગડી ગયું છે ને બેટ્રી–રેડીઓ હેરાન કરે છે એમ ટૂંકામાં ડાયરને સમજાવવા પ્રયત્ન કર્યો. હવે પછી રેડીઓ–સંપર્ક સાધી ન શકાય તો બહુ ચિંતા ન કરતા એમ પણ જણાવી દીધું.

ચાર્લીએ કહ્યું કે "ત્યાં થાણા સુધી આવવાનો પ્રવાસ જોખમભર્યો છે એ તો તમે સમજો છો. અમને પણ લાગે છે કે એમાં જોખમ ઠીકઠીક છે ને મુશ્કેલી પડવાની. મુશ્કેલીઓની શક્યા-શક્યતા વિચારીએ છીએ ને શક્ય તેટલી સાવધાનીપૂર્વક તૈયારી કરીએ છીએ. જુઓ, તમારી જગ્યાએ હું હોઉં તો જૂલાઇના અંત પહેલાં ટ્રેકટરો આવી શકશે એવી બહુ આશા ન રાખું. ઉલટો સંભવ એવો છે કે એથી પણ ઠીકઠીક મોડા આવે."

એ સાંભળીને ઘડીક તો હું સડક થઈ ગયો. પ્રવાસ જોખમી છે એમ સમજવા છતાં તે લોકો તૈયારી કરી રહ્યા છે એ વાત મારા મગજમાં પેસી ગઇ. મારાથી ભૂલમાં કંઇ ખ્યાલ અપાઇ ગયો હશે? એવી મુર્ખાઇ થઇ હોય તો તો ભારે થશે એવા વિચારે હૈયું બેસી ગયું. એકદમ મેં સખત વિરોધસૂચક સૂચના આપી દીધી કે જો જોખમ લાગતું હોય તો પ્રવાસ પડતો મૂકવો. એથી વધારે પણ કહેવું હતું, પણ મારાથી પૈડું ફેરવી ન શકાયું.

મારા વિરોધ છતાં જાણે કે બધું સમજતો હોય એમ ચાર્લીએ જવાબ વાળ્યો કે "ના ના, એ કહેવા પાછળ મારો ઉદ્દેશ તો એટલો જ હતો કે છેલ્લા સાડા ત્રણ મહિના બહુ લાંબા થઇ પડયા હશે એટલે આટલી વાત થાય- ને પછી ટ્રેકટરો કદાચ મોડા પડે તો સ્વાભાવિક રીતે જ જરા નિરાશ થવાય." એ પછી પણ એણે ઘણી વાતો કરી પણ કશી સાંભળી શકયો નહિ, કેમકે હૃદયના ધબ-કારા વધી ગયા હતા ને મગજ ખાલી ખાલી લાગતું હતું.

તે પછી પાઉલ્ટરે તૈયારીઓનો લાંબો અહેવાલ આપ્યો એ પણ જેવો તેવો જ સમજાઇ શકાયો. પૂરું કરીને એણે પ્રશ્ન કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે "કોણે કોણે આવવું એ વિષે તમારે કંઇ સૂચના કરવાની છે?" એના જવાબમાં મેં 'ના' કહીને તે પછી આગલે દિવસે જે સૂચનાઓ તૈયાર કરી રાખેલી તે મોકલી આપી બંધ કર્યું. હવામાન –૬૦° હતું છતાં મારી છાતી ઉપરથી પરસેવો રેલાતો હતો. પ્રાઇમસ બંધ પાડીને પથારીમાં પડતું મૂકયું. આ ત્રીજી વારનો ગંભીર ઉથલો હતો—પાંચ અઠવાડીઆની ગંભીર સ્થિતિ પછી આવેલા આ ઉથલાને લીધે તો હું સાવ નખાઇ ગયો. પાસે જ એક અઠવાડીઆ જેટલું તેલ ને ત્રણ અઠવાડીઆ પૂરતો ખોરાક એકઠા કરેલા પડયા ન હોત તો આ ઉથલામાંથી હું ઊભો થાત કે કેમ એની મને ખાત્રી નથી. શરીરનો દુ:ખાવો શરૂ થઇ ગયો; ઉલ્ટીઓ થવા લાગી ને ઊંઘ ઉડી ગઇ.

૭મી જૂન

એક મિનીટ પહેલા થર્મોમીટર ઉપર ચાંપ-બત્તીનો પ્રકાશ ફેંકી જોયું હતું ત્યારે પારો –૬૫° ઉપર હતો. ધુમાડાના જોખમે પણ હવે તો ગરમી મેળવવી જ પડશે.

ખરેખર કફોડી દશામાં પડયો છું. મગજ થાકી ગયું છે ને મુંઝાઉં છું. કાલ રાત્રે સખત વેદના થતી હતી. આજ સવારે તો હદબહારની હતી. અંધકાર, ઠંડી ને ગ્લાનિમય વાતાવરણને લીધે ત્રાસ અનુભવું છું. મનની સમતા અને શાન્તિ તો સાફ થઈ ગયાં છે. વર્ષો પહેલા ટાયફોઇડ થયો હતો એ સાંભરે છે, કેટલાય દિવસ સુધી સખત તાવ રહેલો, માંડ તાવ ગયો ને ખોરાક ઉપર ચડવાનું નક્કી કરાયું, ત્યાં ફરી તાવે ઉથલો માર્યો ને કેટલાય દિવસ સુધી હેરાન થતાં પડયા રહેવું પડ્યું. બરોબર એવી જ દશા ફરી થતી લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે અડધો કલાક મહેનત કરી છતાં રેડીઓ-સંપર્ક સાધી ન શકયો, એથી વધુ વખત પ્રયત્ન કરવાની શક્તિ નહોતી. નસીબ મારા! પછી તો એ લોકો સાંભળે તો ભલે નહીં તો કાંઇ નહીં એમ સમજી ભગવાન ભરોસે સંદેશો મોકલ્યો: "કંઇ સંભળાતું નથી. મારું કાન-ભુંગળું બગડી ગયું છે. હું મજામાં છું, મજામાં છું...મજામાં છું."

તે દિવસ પછી દસેક દિવસ સુધી ઠંડીનું મોજું સખત રહ્યું. ૧૭મી જુલાઇ સુધીમાં કદી હવામાન -૫૪° થી ઉપર ચઢ્યું નહીં; —મોટે ભાગે તો -૬૦° થી નીચે જ રહેતું અને ૧૪મી તારીખે તો -૭૧° સુધી પહોંચી ગયેલું. પંદર સોળ કલાક સુધી પ્રાઇમસ ચાલુ રાખવા છતાં કેબીનની દિવાલો ઉપરથી બરફનું પડ ઓગળતું નહીં. આગ લાગી જવાનું જોખમ ખેડીને પણ રજીસ્ટર-યંત્રની એદીઓ થીજી જતી અટકાવવા એની પાસે રાત્રે દીવો બળતો રાખી મૂકવો પડતો. ગમે તેવા ગરમ કપડા ચડાવતો ને ખવાય તેટલું વધારે ખાતો છતાં શરીરનું ઉષ્ણતાસર્જક યંત્ર ચાલુ થતું જ નહિ, એક રાત્રે (લગભગ અડવાડીઆના ગાળા પછી) જ્યારે ન્હાવા માટે શરીર ખુલ્લું કર્યું ત્યારે શરીરની દુર્બળતા જોઇ હું તો આભો જ થઇ ગયો-માંસ તો જાણે હતું જ નહિ. હાડકા પાંસળાનું માળખું જ છાતીના ભાગમાં દેખાતું હતું અને હાથ ઉપરની ચામડી કોથળા જેવી ઢીલી ઢીલી થઈ ગઇ હતી. ત્યાં થાણામાં રહેવા ગયો ત્યારે મારું વજન ૧૮૦ રતલ હતું મને લાગે છે કે જુલાઇમાં ૧૨૫ રતલથી વધારે નહિ રહ્યું હોય.

૯મી જુલાઇ

જેમાં કંઇ હાસ્ય નીપજાવવાની શક્તિ ન હોય એવી રમુજ જેવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા વધુ સરસ ઉપમા આપું તો પીઠભર પડેલા કાચબા જેવી મારી સ્થિતિ છે. હમણાં હમણાં તો વાંચવાનું અને ગ્રામોફોનને ચાવી દેવાનું પણ અશક્ય થઇ પડયું છે. ગમે તેમ કરી આમાંથી બહાર નીકળવું જ રહ્યું. વિશ્વના મંગળ-તત્વમાંની મારી શ્રદ્ધાને મદદે બોલાવીને ટકી રહેવું રહ્યું. ગયે મહિને જે આંતરિક શાન્તિ પ્રાપ્ત કરેલી તે તો જાણે તદ્દન ગૂમાવી બેઠો છું. એના બળે જ ગયો મહિનો ખેંચી કાઢી શકાયો હતો. ફરી એ ચીલે ચડી જવું છે—ચીલેથી કયાં ચાતરી ગયો છું તે શોધી કાઢવું જોઇએ.

૧૦મી જુલાઇ :

ઠંડીને કારણે પ્રાઇમસ લાંબો વખત ચાલુ રાખવો પડે છે; ધુમાડાનું વધુ પડતું પ્રમાણ શરીરમાં જતું હશે એની બીક લાગવા લાગી છે: માથું આંખ અને બરડો દુ:ખે છે તે એ જ કારણે હશે. ઠંડીનું જોખમ વધારે કે ધુમાડાનું તે નક્કી નથી કરી શકાતું. એ બે વચ્ચેનો મધ્યમ માર્ગ પણ નક્કી નથી થઇ શકતો.

ગઇ કાલે રાત્રે ઊંઘ આવતી જ નહોતી એટલે ન છૂટકે પહેલી જ વાર પેલી ઘેનની ગોળીઓ લીધી—પણ પહેલીવાર એ જ છેલ્લીવાર રહે તો સારું. આજે આખો દિવસ બહુ નબળાઇ લાગ્યા કરી છે: એ ગોળીને કારણે જ હશે.

૧૧મી જુલાઇ :

ગઇ કાલ રાત્રે તો મગજ સાવ થાકી ગયું હતું—મુંઝાઇ પણ ગયું હતું. પેલો ગેસોલીન-દીવો ન ઝગવવાનો નિર્ણય કરેલો છતાં કાલે રાત્રે ન રહેવાયું. પ્રકાશ માટે મન એવું ઝંખતું હતું કે છેવટ એ દીવો ઝગવ્યો ને અડધો કલાક સુધી એના પ્રકાશમાં ધરાઇને નાહ્યો. જાણે ફરીથી સૂર્ય પ્રકાશના દર્શન થયા હોય એવું લાગતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને સમજાઈ ગયું છે કે વિશ્વના મંગળ-તત્વ વિષે હું માત્ર શબ્દોની પરિભાષામાં વિચાર જ કરૂં છું એનો ભાવ અંતરમાં અનુભવતો નથી; એ માન્યતાઓનું બૌદ્ધિક પુનરાવર્તન કર્યે રાખું છું પણ અંતરમાં એનો ભાવ નથી ઉતરતો. બસ એ જ જગ્યાએ ચીલો ચાતર્યો છું. જેવું સત્ય સમજું છું તેવું સત્ય અનુભવું તો આંતરિક શાન્તિ તુરત આવે...

અવદશા ઓછી હોય તેમ લીટલ અમેરિકા સાથેનો રેડીઓ સંપર્ક તૂટી ગયો. નક્કી કરેલ દિવસે સંપર્ક ન સાધી શકાય તો પછી તે પછીના દિવસોએ રોજ એ જ વખતે ફરી પ્રયત્ન કરી જોવાનું ઠરાવેલું તે મુજબ સોમવારે મેં પ્રયત્ન કર્યો પણ કંઇ સંભળાયું નહિ. મંગળવારે પણ એમજ બન્યું. સંચો ચલાવવામાં શરીરને થકવી નાખતો છતાં પરિણામ કંઇ ન આવતું. પાંચ છ વખત આખું યંત્ર ખોલી તપાસી ને ફરીથી ગોઠવ્યું હશે પણ કંઇ ફેર નહોતો પડતો. ગુરુવારે ડાયરનો અવાજ સહેજ પકડાયો પણ આગળ ચાલ્યું નહિ. મારા યંત્રમાં જ કંઇક ગોટાળો થયો હોવો જોઇએ. એ તો બરોબર હાજર જ હતો. ત્યાર પછી મેં "મજામાં છું....મજામાં છું" એવો સંદેશો મોકલ્યો પણ કંઇ જવાબ ન આવ્યો...જાણે ડૂબતો માણસ કાંઠે ચાલ્યા જતા બેરા માણસને બૂમો પાડી રહ્યો હોય એવી કરૂણ દશા હતી.

૧૪મી જુલાઈ

ઇશ્વરકૃપાથી આજે રેડીઓનો દોષ જડી આવ્યો. આટલા દિવસ મહેનત કર્યે રાખી, એકેએક ભાગ ખોલી બરોબર સાફ કરીને સાવચેતીપૂર્વક ફરી ગોઠવ્યો ત્યારે માંડ આજે ભૂલ જડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડી ગજબ વધી ગઇ છે આજે પારો -૭૨° સુધી નીચે ઉતર્યો. બધા યંત્રોની શાહીમાં ગ્લીસરીન ઉમેરવું પડયું—થીજી જતી અટકાવવા.

૧૫મી જુલાઈ

આજે છેવટે રેડીઓ-સંપર્ક સાધી શકયો પણ યંત્ર ચલાવવાને કારણે થાકીને લોથ થઈ ગયો. આને તે લાભ ગણવો કે ગેરલાભ? પણ આ બધું થવા છતાં ત્યાંના લોકોને હજી કંઇ શંકા ગઇ નથી એમ લાગ્યું એટલે ઘણી રાહત અનુભવું છું. આટલા દિવસ રેડીઓ ઉપર હું ન પહોંચ્યો એથી એમણે શું કલ્પના કરી હતી એ પૂછવાનું મન તો ઘણું થતું હતું પણ એમ કરવું ડહાપણભર્યું ન લાગ્યું. એ વાત નીકળશે તો પેલો ચાર્લી ઉલટ તપાસ કરવા માંડશે એ બીકે મેં તો તુરત તૈયાર રાખેલી સૂચનાઓ મોકલવા માંડી: "કેડી ખરોબર ન મળે તો પાછા વળી જજો. પૂરતાં સાધન સામગ્રી વગેરે સાથે લેવાની કાળજી રાખજો...કેડી છોડીને ચાલતા નહિ. કેડી છોડવી પડે તો પાછા વળજો. ટ્રેકટરનું તેલ ન ખૂટે ને કેડી ન ચૂકો એની પાકી ખાત્રી કરીને જ આગળ વધજો..."

મારી સૂચનાઓ પૂરતી સંભળાતી નહોતી. પુનરાવર્તન કરી જવા ડાયરે કહ્યું પણ મારામાં શક્તિ નહોતી રહી એટલે "માણસોના જાન જોખમમાં પડે એવો અખતરો કરતા નહિ" એટલું જ કહી પતાવ્યું. ત્યાર પછી ચાર્લીએ રેડીઓ-સંપર્ક ફરી સંધાયો એથી સૌને થયેલ આનંદની લાગણી વ્યક્ત કરી અને જણાવ્યું કે "બીજી ઘણી વાતો કરવાની છે એટલે સંપર્ક કેમ તૂટી ગયો હતો એ વિષે પૂછવાનું એકકોર રાખું છું, ફરીથી સંપર્ક તૂટી જશે તો ૨૦મી જૂલાઇ પછી વ્હેલામાં વ્હેલા અનુકુળ દિવસે એ તરફ આવવા ઉપડી જશું. સંપર્ક તૂટી જશે ત્યારે હવે એમ માનશું કે સંદેશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલવાનું તમારું યંત્ર બગડી ગયું છે પણ અમારા સંદેશા તમે પકડી તો શકો જ છો, અને એ સમજણપૂર્વક અહીંથી સવારે સાડા નવે ને બપોરે બે વાગે સંદેશા મોકલતા રહેશું..." એ ઉપરાંત પણ એણે કંઇક કહ્યું પણ હું પકડી ન શકયો.

પાઉલ્ટરે રોજની શાન્ત એકધારી ઢબે તૈયારીની વિગતો જણાવી. એ પોતે, વેઇટ (રેડીઓ–નિષ્ણાત), સ્કીનર (ગાડી હાંકનાર) અને પીટરસન તથા ફ્લેમીંગ અહીં આવનારી ટૂકડીમાં હશે. પીટરસન ને ફ્લેમીંગ અહીં મહિનો રોકાઇ ખરતા તારાઓનું નિરીક્ષણ કરશે. "વાવટાઓવાળી કેડી ચૂકી જવાનો સંભવ તો નથી છતાં અમે અહીંથી નીકળીએ પછી રોજ બપોરે એક વાર ગેસોલીનનો ડબ્બો સળગાવી ભડકો કરજો એટલે દિવાદાંડી રૂપે કામ લાગશે" એવું એણે સૂચવ્યું.

ચાર્લી આખી વાત છેવટે ટૂંકામાં ફરી કહી ગયો ને અંતે એણે ઉમેર્યું કે "આ પહેલો પ્રવાસ તો પ્રાયોગિક જ ગણીએ છીએ. કશું જ જોખમ ખેડવું નહિ એ સૂચના બરોબર ધ્યાનમાં રાખીને જ ચાલશું. માર્ગમાં બહુ મુશ્કેલી લાગશે તો પાઉલ્ટર પાછો વળી જશે ને વધુ અનુકુળ સમયની રાહ જોશે...ચિંતા કરશો નહિ. ઠીક, ચાલો સલામ. નિયમ મુજબ ગુરુવારે મળીશું ને એ વખતે નહીં મળો તો પછી રોજ સવારે નવ વાગે ને બપોરે બે વાગે સંદેશા મોકલતા રહેશું."

*

આજે એ બધી વાતને ચાર વર્ષ વીતી ગયા છે. છતાં આખી વાત મારે વિચિત્ર લાગે છે. હું જુઠાણું હંકાર્યે રાખતો હતો કેમ કે મારે માટે બીજો માર્ગ નહોતો, પણ લીટલ અમેરિકા વાળા પણ જૂઠું હંકારતા હતા. હું જૂઠું બોલું છું એની એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા પડવા લાગી હતી,—તેમને ભ્રમમાં રાખવા હું બનાવટી વાતો જોડી કાઢું છું એમ તેમને લાગવા માંડ્યું હતું એટલે તેઓ પણ બનાવટી વાતો જોડી કાઢી મને ભ્રમમાં રાખવા પ્રયત્ન કરવા લાગ્યા હતા.

જૂનના છેલ્લા અઠવાડીઆના અરસામાં ચાર્લીને શંકા જવા લાગેલી કે મારા થાણામાં કંઇક ગોટાળો ઊભો થયો છે. શંકા કરવા માટે કશું નક્કર કારણ એને હાથ નહોતું આવ્યું; એણે પાછળથી વાપરેલા શબ્દોમાં કહું તો "કેવળ કલ્પના, અંતઃપ્રેરણા અને તમારા તરફથી ખાસ સમાચાર નહોતા આવતા એને આધારે જ" શંકાએ ઘર ઘાલ્યું હતું. ડાયર મારા સંદેશાઓ ઉતારતો એ વખતે તે દર્દીની નાડ હાથમાં ઝાલી રહેલા ડાકટર જેમ પાસે જ બેઠો રહેતો. જુલાઇ દરમ્યાન રેડીઓ-સંપર્ક તૂટી ગયો એથી એની શંકાઓને કંઇક નક્કર પાયો મળ્યો. બેટ્રી-રેડીઓથી સંદેશા પાઠવવામાં હું વચ્ચે વચ્ચે થોભ્યા કરતો હતો એ વાતનું કારણ શારીરિક નબળાઇ સિવાય બીજું ન હોઇ શકે એમ એણે નક્કી કર્યું : લીટલ અમેરિકાના બીજા સાથીઓને શરૂઆતમાં તો એની વાત બહુ ગળે નહોતી ઉતરી. એ લોકો ચાર્લીને માનસશાસ્ત્રી તરીકે લેખવા તૈયાર નહોતા અને મને રેડીઓ ચલાવતા બરાબર નહોતું આવડતું એ સૌ જાણતા જ હતા, પણ તેમ છતાં ચાર્લીના મનમાંથી શંકા દૂર નહોતી થતી.

ખરતા તારાઓનું નિરીક્ષણ કરવા મારા થાણા સુધી આવવાનો નિર્ણય કર્યો એમાં ચાર્લીની શંકની અસર નહોતી એવો ડૉ. પાઉલ્ટર હજી આગ્રહ રાખે છે છતાં મને લાગે છે કે મારી લાગણીઓનો વિચાર કરીને જ તેઓ એવી ખોટી રજુઆત કરે છે. તેમણે અને ચાર્લીએ ખરતા તારાવાળી યોજના શરૂ કરી તે સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીટલ અમેરિકામાં સખત વિરોધ થયેલો. તેઓ અધિકાર-પદે હતા, પણ એમના નિર્ણયોને પણ ફે બહુમતીથી ફેંકી દેવાનો સોળ જણની સમિતિને અધિકાર હતો. સમિતિમાં ભારે તંગ ચર્ચા જામેલી ને વાતાવરણ ગરમ પણ બની ગયેલું દિવસો સુધી ચર્ચા ચાલેલી ને અંદર અંદર તડા પડેલા. સામો પક્ષ કહેતો હતો કે એડમિરલે સૂર્યપ્રકાશ ન નીકળે ત્યાં સુધી એ તરફ જવાની સાફ ના પાડી છે. પણ ચાર્લીએ પોતાની અંતઃપ્રેરણાની વાત પડતી ન મૂકી ને સભા સમક્ષ એવી દલીલ રજૂ કરેલી કે "કોઇ પણ માણસની અંતઃપ્રેરણાના પાયા ઉપર જોખમ ખેડવાની વાતમાં બહુ વજુદ ભલે ન ગણાય પણ જો મારી વાત સાચી નીકળશે ને આપણે નહીં પહોંચીએ તો તમે કે હું કોઇ આપણી જીતને માફ નથી કરી શકવાના..." ડૉ. પાઉલ્ટરે તો ખરતા તારાઓના નિરીક્ષણના મહત્વ ઉપર જ પોતાની દલીલનું ચણતર કરેલું. પણ વિરોધ પક્ષને ગળે વાત ઉતરાવવી બહુ મુશ્કેલ હતી. તેઓ તો એવો જ આગ્રહ રાખતા હતા કે એડમીરલને બચાવવા જવું હોય તો પહેલેથી એમને જ સીધું પૂછી લેવું એ વ્યાજબી માર્ગ છે. પણ ચાર્લી એમ કરવા તૈયાર નહોતો અને જવાબ વાળતો કે "જો એવી રજૂઆત કરવામાં આવે તો તો એડમીરલ માટે પ્રવાસને નામંજૂર કર્યા સિવાય બીજો માર્ગ ન રહે. એક ઘાએ બે પક્ષી મારવાની આપણને અનુકુળતા છે. પાઉલ્ટરને ખરતા તારાઓનો અભ્યાસ કરવા થાણું નાખવું છે; થાણું નાખવા જશે, એડમીરલની સ્થિતિ સારી નહિ હોય તો મદદ રૂપ બનશે, નહિ તો એનું કામ તો છે જ." છેવટ એ રીતે સૌએ વાત મંજૂર કરી અને અગાઉ જણાવી ગયો છું તેમ મારી મંજૂરી પણ મેળવાઇ.

આ બધી વાતોની તો મને અત્યારે ખબર છે. એ વખતે, જુલાઇ ૧૯૩૪ માં, મને કશી ખબર નહોતી—મને જરાય શંકા ન જાય એની ચાર્લી પૂરતી કાળજી રાખતો, આ છેલ્લા ચાર વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમ્યાન કટકે કટકે વાત મારી પાસે આવી છે; હજી યે આખી વાત હું જાણું છું કે કેમ એ શંકાસ્પદ છે. આ આખી વાત સાથે નજીકથી સંકળાયેલા મુખ્ય માણસોએ તો એ વાત પોતાની અંદર જ સંઘરી રાખવાનું પસંદ કર્યું છે; બીજાઓ પાસેથી સાંભળેલી છૂટી છવાઇ વાતો પરથી જ હું આટલું પામી શકયો છું. પણ આ બધી વાતો પણ મારા ત્યાંના વસવાટ સાથે અત્યંત સંકળાયેલી છે એટલે અહીં રજૂ કરવાની ફરજ સમજું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

જુલાઇ–૨

ધીમે ધીમે સૂરજ ઉપર આવતો જતો હતો. ઉત્તર ક્ષિતિજ તરફ અડધો એક કલાક સુધી વિવિધ રંગો પથરાઈ રહેતા ને બપોર વખતે આછું અજવાળું પણ લાગતું. એક દિવસ ઉપર બેઠાબેઠા એ અજવાળા સામું જોતો હતો ત્યારે મનમાં થઈ આવેલું કે થોડા દિવસમાં જ એ દિશામાંથી ટ્રેકટરની બત્તીનો પ્રકાશ દોડતો આવશે. પણ એ વિચાર લાંબો વખત ગમ્યો નહિ: મારે માથે ઘણું વીત્યું હતું; વળી પાછી આશા બાંધીને નિરાશ થવાનું જોખમ ઊભું કરવું મારે માટે હિતાવહ નહોતું. મનને કહેવા લાગ્યો કે તેઓ આવે તો ઘણું સરસ, પણ ન આવે તોયે મને ખાસ વાંધો નથી આવવાનો.

૧૬મી જુલાઇ

કોણ જાણે કંઇ કારણ નથી છતાં, આજે મનમાં કેમ આશા બંધાઇ ગઈ છે: મન કહ્યા કરે છે કે ટ્રેકટરો જરૂર આવશે...પાઉલ્ટર અટકે એવો માણસ નથી...ગમે તેવી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢે એવો એ કાબેલ છે. તબીયત હવે ખરેખર સુધરતી જાય છે—કદાચ આશા બંધાઇ છે એટલે હમણાં અતિશય ઠંડી રહે છે. આજે –૫૦° ને –૬૦° વચ્ચે હતી, તે પહેલાંને દિવસે –૭૧° ને તે પહેલાંને દિવસે પણ –૭૧° હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭મો જુલાઇ

આજે ઠંડી –૬૧° સુધી નીચે ગઇ હતી, પણ હવે પારો ઉપર ચડવા લાગ્યો છે –૫૦°ની પણ ઉપર પહોંચ્યો છે. હવે તો આ ઠંડીનું મોજું પૂરું થતું હશે એવી આશા રાખું છું ને એ માટે પ્રાથના પણ કરું છું.

૧૮મી ને બુધવારે ઠંડી ઓછી હતી. દક્ષિણ તરફથી આવતો પવન બદલાયો ને પશ્ચિમમાં થઇ ઉત્તર તરફ વળ્યો, હવામાન –૨૮° સુધી ચડી ગયું. ગુરુવારે એથી પણ ઉપર જઈ –૨૩° સુધી પહોંચ્યું. ઠંડીનું મોજું બંધ પડયું એથી હું રાજી થયો. ફેરફાર થોડો વખત ટકશે, એમ તો હું સમજતો હતો, પણ ટ્રેકટરવાળાને માર્ગમાં ઓછા હેરાન થવું પડશે એ લાભને કારણે મને ખાસ આનંદ થતો હતો. પણ એ લાભની સાથે જ ગેરલાભ પણ સેળભેળ હતો. વાતાવરણને હુંફાળું બનાવનાર પવન પોતાની સાથે હિમરજ પણ લાવતો હતો. ગુરુવારે બપોરે રેડીઓ ઉપર લીટલ અમેરિકાથી ચાર્લીએ જણાવ્યું કે "છાવણી આસપાસ વંટોળીઓ જામ્યો છે ને આસ-પાસ કંઇ જ જોઇ શકાતું નથી. પણ વાયુશાસ્ત્રીઓનો અભિપ્રાય એવો છે કે બહુ લાંબો વખત નહિ ટકે. હવામાન રજા આપશે તો ટ્રેકટર સવારે છ વાગે રવાના થશે. એ વખતે હવામાનનો અહેવાલ જણાવવા રેડીઓ-સંપર્ક સાધજો."

"આલારામ વિના એટલા વહેલા તૈયાર થઇ શકશો ને?"
"વાંધો નહિ આવે"

"ટ્રેકટર ટુકડી તમારે માટે કંઇ સાથે લેતી આવે?"
"હા, સોડીઅમ બ્રોમાઇડ, કોડલીવર ઓઇલ ને ગ્લુકોઝ."

અગાઉની જેમ જ શબ્દો પકડવામાં મુશ્કેલી પડતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારમાંથી માંડ બે શબ્દો સાંભળી શકતો. સંદેશાઓ ફરી બોલી જવા માટે એમને વારંવાર વિનતી કરવી પડતી. મારા સંદેશાઓનું પણ એવું જ થતું. એ લોકો પણ પુનરાવર્તન કરાવ્યા કરતા. એથી થાક ઘણો વધારે લાગતો. માંડ એક સાથે એક બે શબ્દો મોકલી શકતો ને થોડી થોડી વારે થોભવાનું કહી આરામ લઇ લેતો.

"તમને લાંબો વખત મહેનત કરાવવા બદલ માફ કરજો" એમ એક વાર ચાર્લી બોલ્યો એટલે મારે કંઇક કારણ શોધવાની મથામણ થઇ પડી. માર્ચ મહિનામાં મારો હાથ દુઃખતો હતો તેની એને ખબર હતી એટલે મેં લગાવ્યું કે "હાથ દુઃખે છે એટલે મહેનત બહુ પડે છે" "બહુ દુઃખે છે?" "ના ના ખાસ નહિ. પણ મહેનત ઠીક પડે છે"

પૂરું કરતાં પહેલાં એમણે જણાવ્યું કે "આવતી કાલથી દર ચાર કલાકે અહીંથી ટ્રેક્ટર-ટુકડીના સમાચાર જણાવતા રહેશું. તમારે માત્ર સાંભળવાનું, જવાબની આશા નહિ રાખીએ. તમારે સૂચનાઓ મોકલવાની હોય ત્યારે જ તકલીફ લેશો."

આખરે ટ્રેક્ટર-ટુકડીઓ રવાના થવાની. એ સમાચાર એટલા બધા અસાધારણ હતા કે મન હલમલી ઉઠ્યું હતું ને ઊંઘ ઉડી ગઇ હતી. થોડા જ કલાકમાં એ લોકો લીટલ અમેરિકાથી મારી તરફ આવવા નીકળશે એ ખ્યાલના નશામાં શરીરની વેદના ભૂલાઇ ગઇ હતી. તે દિવસની રોજનીશીને જ બોલવા દઉં: "...એટલા બધા અદ્ભુત સમાચાર છે કે મન એને સાચા માનતું નથી. શું, ખરેખર, ફરી માણસોને જોઇ શકવાનો? આજ પહેલાં તો ઘણીવાર એમ લાગતું હતું કે ફરી કોઇ માણસનો ચહેરો જોવાનું મારે માટે શક્ય નથી જ...હવાની ઠંડક ઓછી થઇ છે એ ચિન્હ પણ મંગળ-સૂચક છે અને ઉમેરો કરે છે. પારો ઊંચે જતો જાય છે. -૩૦°

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી ચડી ગયો છે....સવારે ૭ વાગ્યે ઊઠવાની તૈયારીરૂપે ગરમ પાણીથી ભરેલી થરમોસ અને ગરમી આપનારી બે ગાદીઓ પથારી પાસે સાચવીને મૂકી દીધાં ને સાડા પાંચે ઊઠવાનો નિર્ણય કરી સૂવાનો પ્રયત્ન કર્યો; પણ માંડ આછી પાતળી ઊંઘ આવી હશે. સવારે આંખ ઉઘડી ત્યારે કાંડા ઘડીઆળમાં સાડા પાંચ થયા હતા–ઊઠવાની ઇચ્છા થતી નહોતી, શરીરમાં અશક્તિ પણ લાગતી હતી છતાં જેમતેમ કરી મન મનાવ્યું; ઊઠયો, કપડા પહેર્યા ને ઉપર ગયો. ઉત્તર તરફથી ઠારી મૂકે એવો પવન આવતો હતો પણ આકાશ તદ્દન સાફ હતું—એક વધુ મંગળસૂચક ચિન્હ...બેરામીટરનો ઊંચે ચડતો પારો પણ અનુકુળ હવામાનની આશા આપતો હતો. પણ થર્મોગ્રાફ તરફ નજર જતાં મારું હૈયું બેસી ગયું—એનો પારો –૨૪° પરથી ઉતરતો ઉતરતો –૪૬° સુધી આવી પહોંચ્યો હતો ને હજી નીચે જતો હતો: ઠંડી વધતી જતી હતી.

બરોબર ૭ વાગ્યા ને ડાયરનો અવાજ સંભળાયો. હવામાનનો અહેવાલ જાણવાની એ લોકોને ઉતાવળ હતી. એ મોકલવાનું પત્યું પછી થોડીવારમાં જ સમાચાર આવ્યા કે વાયુશાસ્ત્રીની સલાહ બપોર સુધી ઉપડવાનું મોકુફ રાખવાની છે. લીટલ અમેરિકા આસપાસ આગલે દિવસે જામેલ વાવાઝોડું તો શમી ગયું હતું પણ વાયુશાસ્ત્રી નિ:શંક મને " આલબેલ " પોકારી શકે એવું સાવ નહોતું.

સવારના પહોરમાં ખોરાક કે પ્રાઇમસની ગરમીની હુંફ શરીરને આપ્યા પહેલા જ એટલો શ્રમ લેવો પડયો એની સારી પેઠે અસર થઇ. રેડીઓ ચાલુ હતો તે દરમ્યાન પણ ઘડી ઘડી ડાયરને થોભ-વાનું કહી આરામ લેવો પડતો હતો. માંડ માંડ બધું પતાવી નીચે આવ્યો ને બપોર સુધી પથારીમાં પડયો રહ્યો. વખત પસાર થતો નહોતો. ઘડી ઘડી થર્મોગ્રાફ તરફ નજર જતી હતી ને નીચે ઉતરતા પારાને જોઇ મન ઉપર ભાર વધતો જતો હતો. બપોરે રેડીઓ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપર્ક માટે ઉપર ગયો ત્યારે એ પારો -૬૨° સુધી ઉતરી ગયો હતો, પણ પવન પડી ગયો હતો. હવાનું દબાણ ઘટતું જતું હતું. આકાશ સ્વચ્છ હતું ને ઉત્તર તરફ ગુલાબી આભા પથરાતી હતી... એ બધો અહેવાલ મોકલ્યો...જવાબ આવ્યો કે "અહેવાલથી વાયુ-શાસ્ત્રીને સંતોષ થયો છે. અહીં પણ ઠંડી વધતી જાય છે, પણ પાઉલ્ટર કહે છે કે ઠંડીની ચિંતા નથી. પવન મંદ હોય ને ઉઘાડ હોય એટલું જ જોઇએ છે. કલાકેક પછી ઉપડી જવાની એ તૈયારી કરે છે."

"એને કહો કે બહુ સાવધાની રાખે"

"જરૂર. ઠીક ચાલો, સલામ. હવે પાછા ચાર વાગે મળશું."

તે પછીના બનાવોનું વર્ણન કરતાં દિલ થડકે છે. ફાંસીની સજામાંથી છેલ્લી ઘડીએ છૂટકારો મળવાની આશામાં ઓરડીની અંદર આંટા મારતા કોઇ દુર્ભાગી માણસે પણ કદાચ મારા જેટલી કફોડી દશા નહિ અનુભવી હોય. મારી પોતાની ચિંતા ઉપરાંત મન ઉપર પાંચ સાથીઓના જીવન-મરણનો ભાર ખડકાયો હતો. થોડી વાર પહેલાં જે ઉત્સાહપૂર્વક એમના ઉપડવાની રાહ જોતો હતો તે ઉત્સાહ હવે ઓસરી ગયો હતો ને એની જગ્યા આવો જોખમી પ્રવાસ ખેડવાની મંજૂરી આપ્યા માટેના વિષાદે ને પરિણામો માટેના ભયે લીધી હતી. શાન્તિપૂર્વક પડયા રહી નહોતું શકાતું. એક વખત તો કશા જ કારણ વગર ઉપર જઇ નજર નાખી આવ્યો, પણ ત્યાં તો હિમકણોથી ઢંકાયેલ ટાઢાબોળ ચંદ્રના આછા પ્રકાશ સિવાય કંઇ નહોતું.

ઠંડી વધતી જ જતી હતી. પારો -૬૨° ઉપર ગયો હતો. મેં દિશાસૂચક દોવાદાંડી માટેની તૈયારી કરવા માંડી. ભોંયરામાંથી એને અંગેના સાધન વગેરે કાઢી-કાઢીને ગોઠવતો હતો તે દરમ્યાન ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગ્યા એટલે રેડીઓ સમાચાર લીધા. ડાયર બહુ કામમાં હતો એટલે ટૂંકે જ પત્યું. એણે સમાચાર આપ્યા કે પાઉલ્ટર વગેરે અઢી વાગે નીકળી ચૂકયા છે ને ચારેક માઇલ પહોંચ્યાના ખબર આવી ગયા છે. એ પતાવીને ફરી દીવાદાંડીના કામમાં ગુંથાઇ ગયો. રાત્રે આઠ વાગ્યે ફરી ટૂંકા સમાચાર આવ્યા: "તે લોકો બાર માઇલ છેટે પહોંચ્યા છે...વાવટાની નિશાનીઓ પકડતાં થોડોક મુશ્કેલીઓ નડતી લાગે છે...બાર વાગે વધુ સમાચાર આપશું..."

ઠંડી કહેતી હતી કે મારું કામ. પારો ઉતરતો જતો હતો. "ભગવાન...વર્ષની સખતમાં સખત ઠંડીમાં જ એમને આમ બહાર ખુલ્લામાં આથડવાનું?" એમ મન બબડયા કરતું ને નિશ્વાસ નાખતું હતું. કલાકે કલાકે કયા મીટર ઉપર પોતે ટ્રેકટરવાળા સાથે સંદેશા ચલાવતો હશે તે ડાયરે મને જણાવેલું, પણ ખૂબ પ્રયત્ન કરવા છતાં હું સંદેશા પકડી નહોતો શકતો. બાર વાગવા આવ્યા હતા. હવાનું દબાણ માપનારો પારો તો ઊંચે ચડતો જતો હતો પણ ઠંડી માપનારો પારો નીચે ને નીચે જ ઉતરતો હતો – છેલ્લા કલાક દરમ્યાન –૫° વધુ ઉતરીને –૭૫° સુધી પહોંચી ગયેલો. હું સમજતો હતો કે આટલી ઠંડી ત્યાં એમને નહીં સહન કરવી પડતી હોય, છતાં આવા અસામાન્ય ઠંડા હવામાનમાં પાંચ માણસો પોતાના શરીરયંત્ર ઉપરાંત ટ્રેકટરયંત્રને જીવતું રાખવા મથી રહ્યા હશે એ ખ્યાલ જ અસહ્ય લાગતો હતો.

મધરાતે બાર વાગ્યે રેડીઓ ઉપર મળ્યા ત્યારે ચાર્લી નિરાશાની અસર નીચે હોય એમ લાગ્યું. "હમણાં જ પાઉલ્ટરનો સંદેશો આવ્યો, સત્તર માઇલ છેટે પહોંચ્યા છે, ધીમે ધીમે માર્ગ કપાય છે."

"બધા સાજા સારા છે ને?"

જવાબ બહુ જ ધીમા અવાજે દૂરથી આવતો હોય એમ લાગ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કદાચ નહીં હોય. અહીં તો વાતાવરણ સ્વચ્છ છે પણ એ લોકો છે ત્યાં આસપાસ બરફ પડે છે ને થોડેક છેટે પણ નજર પહોંચતી નથી. વાવટાની નિશાનીઓ પણ બરફ આડે કળાતી નહીં હોય એટલે દિશાસૂચકયંત્રની મદદ વડે વાવટા શોધી શોધીને તે આગળ વધવા મથતા લાગે છે. એમ વાવટો ન મળે ત્યારે, એ જ્યાં હોવો જોઇએ એટલા ભાગમાં ગોળ ગોળ ફર્યા કરી છેવટ હાથ આવે ત્યારે જ આગળ વધે છે—પણ કેટલાક વાવટાઓ તો ખરેખર ઉડી ગયા હોય છે એટલે શોધતા ને આગળ વધતા બહુ વાર લાગે છે."

બરોબર શબ્દો પકડી નહોતા શકતા એટલે ચાર્લી પાસે બે ત્રણ વાર ફરીથી આખી વાત કહેવરાવી, પણ ટૂંકમાં આટલો એનો સાર હતો. એ સ્થિતિ જોતાં આશા રાખવા જેવું રહ્યું નહિ, કેમ કે એમની શી દશા હશે એ બરોબર કલ્પી શકું એટલો તો મને એ પ્રદેશનો અનુભવ હતો જ. ટ્રેકટરના બારણા ઉપર બેસી, શોધક-બત્તીના આધારે ત્રણસો ત્રણસો ફુટને અંતરે આવેલા માંડ એક હાથ લાંબા લુગડાના કકડાને શોધવા મથતા પાઉલ્ટરનું ચિત્ર હું મારી નજર સમક્ષ ખડું કરી શકતો હતો.

"તમે નાહક આખી રાતનો ઉજાગરો કરવો રહેવા દ્યો. સવારે આઠ વાગે આપણે મળશું" એવી લીટલ અમેરિકાથી સલાહ આવી એટલે પાઉલ્ટર માટે એક સંદેશો તૈયાર કરી મોકલવા પ્રયત્ન કર્યો— "એ તરફના ભાગમાંથી જેમ તેમ કરી માર્ગ કાઢી આગળ આવી પહોંચશો તો આ તરફ તો વાવટાઓ શોધવા કંઇક વધુ સરળ રહેશે એમ લાગે છે..." એટલો સંદેશો મોકલી શકાયો તે પછી હાથે આગળ કામ કરવાની ના પાડી એટલે ન છૂટકે બાકીનો સંદેશો રહી ગયો.

તે રાત્રે પથારીમાં જઇ પડયો ત્યારે હું સમજી ગયો હતો કે બાજી મારા હાથમાં રહી નથી. શરીરની અંદર વેદના થવા વગેરેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી ચાલુ થઇ ગયું ને આખી રાત ભયંકર સ્વપ્નાઓ હેરાન કરતા રહ્યા. શનિવારની સવારે આંખ ઉઘડી ત્યારે ફરી હું સભાન ને બેભાન અવસ્થા વચ્ચેની દિવાલ ઉપર લટકતો હતો. ચાંપબત્તીનો પ્રકાશ થર્મોગ્રાફ ઉપર ફેંકી જોયો તો પારો રાત્રે ત્રણ વાગે -૮૦° સુધી પહોંચેલો અને તે પછી ઉપર ચડયો જ નહોતો. આંખ ધોવા માટેના બોરિક એસીડની બાટલી ઠંડીને કારણે તૂટી ગઇ હતી. થર્મોસની અંદરનું દુધ થીજી ગયું હતું અને પ્રાઇમસ પાસેની દિવાલ જે આજ સુધી બરફના પડથી છવાયા વિનાની રહી હતી તે પણ આજે બધી દિવાલોના જેવી જ થઇ ગઇ હતી. પ્રાઇમસ પેટાવવા જતાં આંગળા ઉપરની ચામડી નીકળી પડી પગમાં નબળાઇ એટલી હતી કે તુરત પાછા જઇ પથારીમાં લંબાવવું પડયું. તે પછી જાગ્યો ત્યારે બપોર વેળા થઇ ગઇ હતી,—સવારનો રેડીઓ-સંપર્ક ચૂકી જવાયો હતો. બાર વાગે ને ફરી બે વાગે મેં રેડીઓ-સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો પણ અવાજ પકડી ન શકાયો. થર્મોગ્રાફનો પારો જાણે -૮૦° ઉપર થીજી જ ગયો હોય એમ ત્યાંનો ત્યાં હતો,—બપોર થવા છતાં એ જરાય ઉપર નહોતો આવતો. ચાર વાગ્યે ફરી સંપર્ક સાધવા મથ્યો છતાં કંઇ વળ્યું નહિ, એટલે મેં તો ભગવાન-ભરોસે સંદેશો મોકલી આપ્યો : " પાઉલ્ટર, હજી જો માર્ગમાં જ હો તો પાછા વળી જાવ ને ઠંડી ઓછી થાય એની રાહ જુઓ. " ડાયરે એ સંદેશો સાંભળ્યો નહોતો પણ મને એ વખતે કેમ ખબર પડે ?

ગરમ દુધ સિવાય પેટમાં કશું ટકતું નહોતું. દિવસનો મોટો ભાગ તો હું પથારીમાં પડયો રહ્યો—અર્ધતંદ્રાવસ્થા જેવી સ્થિતિ રહી. આખો દિવસ પ્રાઇમસ ચાલુ રાખ્યો હતો છતાં કેબીનમાં વાતાવરણ અસહ્ય ઠંડુ લાગતું હતું. સાંજ પડવા આવી એ વખતે કંઇક ભાન આવવા લાગ્યું; આંખો બળતી હતી ને એમાંથી પાણી ચાલ્યા જતા હતાં. માથું દુઃખતું હતું. વાંસાનો પણ એ જ સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી...કેબીન ધુમાડાથી ભરાઇ ગઇ હશે એમ લાગવા લાગ્યું. ન છૂટકે પથારી છોડી ઊભો થયો. હવા બહાર જવાનું ભૂંગળું લગભગ આખું બરફથી ભરાઇ ગયું હતું, તેને લાકડી વડે સાફ કર્યું. પ્રાઇમસના ભુંગળાને મથાળે હાથ મૂકયો તો એ ટાઢું લાગ્યું—એટલે કે એની પણ એવી જ સ્થિતિ હતી. એમાં સુધારો કર્યા વિના ચાલશે નહિ એમ સમજી પરશાળમાંથી મહામહેનતે એશબેશટોશ (ન બળી જાય એવી એક ધાતુ જેવી બનાવટ) નો કટકો શોધી કાઢયો ને તે કટકો તેમ જ એક લાકડી લઈ ઉપર ગયો. એ વખતે કેબીનની અંદરના થર્મોગ્રાફનો પારો –૮૨° સુધી પહોંચેલો, બહાર નીકળવાનું બારણું ઊંચું કર્યું તો શ્વાસનળીમાં ઠંડી પેસી ગઇ ને શ્વાસ લેવાનું મુશ્કેલ થઇ પડયું. ઉપરના ભાગમાં જમીન પાસેની હવા ઓછામાં ઓછી –૮૪° હશે. બારણું વાસી દીધા વિના છૂટકો નહોતો. નીચે આવી બુરખો ચડાવ્યો અને ફરી ઉપર ગયો.

ઉત્તર તરફ નજર નાખીશ તો અમસ્થા નિરાશ થવું પડશે એમ સમજવા છતાં નજર એ તરફ ગઇ જ. દૂર ક્ષિતિજમાં કંઇક ધ્રુજતો પ્રકાશ નજરે પડયો એથી ક્ષણેક તો લોહીનો વેગ વધી ગયો પણ તરત સમજાઇ ગયું કે એ ટ્રેક્ટરની બત્તી નહિ પણ આકાશનો તારો જ હતો. આકાશ તદ્દન સ્વચ્છ અને નિર્મળ હતું એથી મને ઘણો આનંદ થયો—ઠંડી ભલે રહી પણ ઉઘાડ તો ખરો. પણ મારું મન કહેતું હતું કે આવી ઠંડીમાં લાંબો વખત પ્રવાસ ચાલુ રાખવો અશક્ય છે. શ્વાસે શ્વાસે જાણે મારા ફેફસાં ગુંગળાતા હતા અને ઉચ્છવાસ તો બુરખાની ગરણીમાંથી નીકળતાં તડતડીઆ જેમ અવાજ કરતો હતો.

એકાએક એક ભારે વિચિત્ર બનાવ બની ગયો. મારા હાથમાં ચાંપબત્તી હતી ને એશબેશટોશનો કટકો પીઠ ઉપર નાખ્યો હતો—એ સ્થિતિમાં ઘુંટણીઆ ભર પ્રાઇમસના ભુંગળા પાસે બેઠો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં એકાએક અંધારૂંધબ થઇ ગયું. કંઇ દેખાય નહિ. ઘડીક એમ થયું કે ચાંપબત્તી ઠંડીને કારણે અટકી પડી, પણ ઉપર આકાશ તરફ જોયું તો પણ કંઇ દેખાયું નહિ. ખરેખર, આંધળો થઇ ગયો ? મારી આંખની કીકીઓ ઠીંગરાઇ ગઇ કે શું ? ફફુસતો ફફુસતો કેબીનના બારણા તરફ જવા લાગ્યો ત્યાં માથું એક ભુંગળા સાથે અફળાયું. આંખમાં કંઇ દુઃખાવો થતો નહોતો એટલે શંકા ગઇ ને હાથમોજા કાઢી હળવેથી આખ ચોળી જોઇ. આંખની પાંપણો ઉપર બરફની ઝીણી ગોળીઓ વળગી હતી ને એથી બેય પોપચાં ચોંટી ગયા હતા. એ ગોળીઓ પડી ગઇ એટલે ફરીથી બધું દેખવા લાગ્યું...પણ એ દરમ્યાન હાથની આંગળીઓ ઠીંગરાઇ ગઈ હતી.

પ્રાઇમસના ભુંગળા આસપાસ એશઓશટોશ વીંટાળતા ઘણો વખત લાગ્યો. ભુંગળું આખું બરફથી ભરાઇ ગયું હતું ને વચ્ચે માંડ મારા અંગુઠા જેટલો ભાગ બાકી હતો. નીચે ગયો તે પહેલાં ફરી એકવાર 'આંધળો' થઇ ગયો ને આંખોને ચોળવા જતાં ડાબા હાથની બીજી બે આંગળીઓ ઠીંગરાઇ ગઇ. કેબીનની હુંફાળી હવામાં જલ્દી પહોંચી જવાની ઉતાવળને લીધે નીસરણી ઉતરતાં લથડ્યો ને પડ્યો. મોઢા ઉપરથી બુરખો કાઢ્યો ત્યારે આંખ નીચેના ભાગની ગાલની ચામડી ઉતરી આવી. ઠીંગરાઇ ગયેલી આંગળીઓમાં ચેતન લાવતાં અડધોએક કલાક થયો ને જ્યારે ફરી લોહી વહેતું થયું ત્યારે જાણે અંદર ગરમ લાવા રેડાતો હોય એવી અસહ્ય વેદના થઇ આવી.

અત્યંત થાકી ગયો હતો છતાં પ્રાઇમસના ભુંગળામાંથી બરફ કાઢ્યા વિના પથારીમાં પડવાની હિમ્મત નહોતી એટલે સૂપના એક ડબ્બામાં 'મેટા'–ટીકડીઓ નાખીને એની ઝાળ પ્રાઈમસના ભુંગળાની બાજુઓ પર ઉપર નીચે ફેરવ્યા કરી. થોડીવાર એમ કર્યા કર્યું એટલે બરફ ઓગળવા લાગ્યો ને પછી તો પ્રાઇમસની ગરમીથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓગાળવાનું ચાલુ રહ્યું એટલે મેં પથારીમાં લંબાવ્યું. થર્મોગ્રાફનો પારો –૮૩° સુધી પહોંચ્યો હતો. ઓગળી ઓગળીને નીચે ડોલમાં ભેગું થતું બરફનું પાણી ત્યાં થીજી જતું હતું. રખેને યંત્રો—મારી તો વાત જ ન કરવી—અટકી પડે એ બીકે પ્રાઇમસ બંધ કરતાં જીવ જ નહોતો ચાલતો. સૂવાના કોથળમાં પડયા પડયા હું ઉષ્ણ-કટિબંધના સ્થોળોનો વિચાર કરતો હતો અને તેથી જાણે મને સાચેસાચ હુંફ મળતી હતી. થોડીકવાર એમ પડયા રહ્યા પછી ઊઠીને પ્રાઈમસ ઠારી નાખ્યો.

૨૨મી ને રવિવારે તો પેલા ટ્રેકટરવાળાઓની ચિંતાથી મારું મગજ ભમવા લાગ્યું હતું. ઊઠયો ત્યારે સૂવાના કોથળાનું મોઢું બરફથી જામી ગયું હતું. ટાંકીમાંથી કેરોસીન પ્રાઇમસમાં આવતું અટકી પડયું હતું એટલે આલ્કોહોલ બાળીને ભુંગળી ગરમ કરવી પડેલી. સવારે બપોરે ને સાંજે એમ ત્રણ વખત લીટલ અમેરિકા સાથે રેડીઓ–સંપર્ક સાધવા પ્રયત્ન કરી જોયો...હાથની દશા ભારે કફોડી હતી છતાં સંદેશા પકડનારો સંચો આખો ઉખેળી જોયો.... પણ કંઇ વળ્યું નહિ. ઉત્તર તરફ નજર નાખવા એક નહિ પણ એક ડઝનવાર ઉપલું બારણું ઉઘાડયું હશે અને લગભગ દરેક વખતે આંખ મીંચકારા કરતા તારાના પ્રકાશે મને છેતરેલો. ઠંડી ઓછી થઇ હતી : લગભગ –૬૦° સુધી પહોંચી હતી પણ ઉત્તર તરફથી કલાકના સોળ માઇલની ઝડપવાળો પવન શરૂ થયો હતો. ભોંયરાની અંદર કેરોસીન ફરી થીજી ગયેલું એટલે કેબીનને ભોગે ભોંયરાનું વાતાવરણ ગરમ કરવું પડયું.

તે દિવસે બપોરે મારી આશા મરી પરવારી અને મિત્રો મારી તરફ આવવા ઉપડયા છે એ ખબર પછી જે શારીરિક–માન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિક ઉત્સાહ દેખાવા લાગેલો તે પણ પડી ભાંગ્યો. પાઉલ્ટરની ટૂકડીનો કરૂણ અંજામ આવ્યો હશે એવો ભય મનમાં વધવા લાગ્યો; એવા નિર્ણય પર આવવું અસહ્ય હતું અને છતાં એથી જુદી આશા રાખવાને કંઇ કારણ જડતું નહોતું. તેમ છતાં તે દિવસે ત્રણ વાગ્યે ઉપર જઈ ગેસોલીનના બે ડબ્બા નીશાનીરૂપે સળગાવ્યા. ગેસોલીનને ઝાળ અડાડી શકું તે પહેલાં એકાદ ડઝનથી પણ વધુ દીસાસળીઓ પવનને કારણે બુઝાઇ ગઇ હશે. છેવટ ઝાળ લાગી ને આંખને આંજી નાખે એવો ભડકો ઊંચે ચડયો.

ભડકો શમી ગયો, ધુમાડો પવનની પાંખે બેસી ઊંચે આકાશમાં ચડવા લાગ્યો છતાં ઉત્તર તરફથી જવાબરૂપે કંઇ નિશાની ન દેખાઇ...મેગ્નેશીઅમની મશાલ સળગાવી જોઇ...ગેસોલીનના પ્રકાશ કરતાં એનો પ્રકાશ ઘણો વધુ તેજસ્વી હતો. દસેક મીનીટ સુધી એ સળગતી રહી ને...છેવટ એ બુઝાઇ ગઇ, અંધારૂં ધસી આવ્યું.... તદ્દન એકલા પડી ગયાનો સાચો અર્થ એ વખતે મને સમજાઇ ગયો.

૨૩મી જુલાઇ:

કંઇ સમાચાર નથી. ફરી ફરીને ઉપર જાઉં છું પણ કશું જ નજરે પડતું નથી—પેલા છેતરામણા તારાઓ સિવાય કશું જ નહિ. સમજતો હતો કે નિરર્થક છે છતાં આજ બપોરે ગેસોલીનના બે ડબ્બા સળગાવી જોયા. આમ જ ગાંડા થઇ માણસ શિયાળાની મધ-રાતે આથડતા હશે. ગાંડી આશાના ભોગ થતાં મારે બચવું રહ્યું. નિરાશાજનક સ્થિતિ છતાં આજે મન કંઇક ઉત્સાહમાં હતું—માત્ર એક જ મહિના પછી આવનારા સૂર્યપ્રકાશના ચિન્હો ઉત્તર ક્ષિતિજ તરફ દેખાવા લાગ્યા છે એટલે હશે.

અંદરના થર્મોગ્રાફને હિસાબે આજ સવારે ઠંડી –૭૩° હતી. થોડીકવાર તો પથારીમાંથી ઊભો નહોતો થઇ શકતો. લગભગ ઠીંગ-રાઇ ગયા જેવી સ્થિતિ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪મી જુલાઇ:

સમાચાર નથી. ભગવાનને પ્રાર્થના કરૂં છું કે પાઉલ્ટરના સમાચાર મોકલે. એને કંઇ થાશે તો મારી જાતને હું કદી માફ નહિ કરી શકું. અગ્નિકોણમાંથી પવન ફુંકાય છે ને હિમરજને ઘસડતો આવે છે. પણ ઠંડી ઓછી થતી જાય છે; પારો –૫૦° લગભગ આવી પહોંચ્યો છે.

૨૫મી જુલાઇ:

હજી સમાચાર નથી—બસ પવન ફુંકાય છે ને હિમરજ ઉડયા કરે છે. ફરીથી રેડીઓ ઉખેળી જોયો છતાં કંઇ સંભળાતું નથી. કેટલીકવાર તો એમ થઇ જાય છે કે કંઇ સંભળાતું નથી કેમ કે કોઇ કંઇ કહેવરાવતું નથી; લીટલ અમેરિકા ઉપર જ આફત ઉતરી પડી હશે ને એથી રેડીઓ મુંગો બની ગયો હશે...એમ બની જ ન શકે. આ તો મારી મનોદશા કેવી થઇ ગઇ છે એ નોંધું છું.

૨૬મી ને ગુરુવારે પણ બરફ પડતો હતો, પવન ફુંકાતો હતો અને હિમરજના ગોટ ઉડતા હતા. પણ થર્મોગ્રાફનો પારો ચડવા લાગ્યો હતો ને –૨૦° થી પણ ઉપર જઇ રહ્યો હતો. છેલ્લા મહિના દિવસમાં એટલું હુંફાળું વાતાવરણ નહોતું થયું. તે દિવસે સવારે બે વાર રેડીઓ–સંપર્ક સાધવા મથ્યો પણ કંઈ સભળાયું નહિ. એટલે નિરાશ થઇને પથારીમાં પડયો રહ્યો. આખો વખત હિમરજ ભુંગળામાં થઇને નીચે આવ્યા કરતી હતી ને કેબીનની ગરમ હવાથી ઓગળી જઇ એનું પાણી ભોંય પર રેલાતું હતું.

બપોરે બે વાગે ફરી રેડીઓ અજમાવી જોયો. થાકીને પડતો મૂકવા જતો હતો ત્યાં પાઉલ્ટરનું નામ સંભળાયું...ધ્રુજતી આંગળીઓએ સંદેશ–પકડનારો સંચો ગોઠવ્યો...ન સમજાય એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગડંબગડં શબ્દો આવવા લાગ્યા...સ્પષ્ટ સમજાતું નહોતું પણ ચાર્લીનો અવાજ પારખી શકાતો હતો. બહુ જ કાળજીપૂર્વક ચીપી ચીપીને અને એકેક વાકય બે ત્રણ વાર ફરી ફરીને બોલતો હોય એવું લાગતું હતું. મારું મન એવું પરોવાઈ ગયું હતું કે શ્વાસ પણ થંભી ગયો હતો. કટકે કટકે જે સમજાયું તે પરથી ટ્રેકટરની શી સ્થિતિ થયેલી એનો ચિતાર મને આવી ગયો.. નીકળ્યા પછી ત્રીજે દિવસે પાઉલ્ટર વગેરે લીટલ અમેરિકાથી પચ્ચાસ માઈલ છેટે આવેલી 'ચીરાડોવાળી ખીણ' સુધી પહોંચ્યા હતા પણ ત્યાંથી આગળ જતાં વાવટાની નિશાનીઓ મળવી તદ્દન બંધ થઇ ગઇ. વાવટાવાળી કેડી ચુકી જવાય તો પાછા જ ફરવું એવી મારી સ્પષ્ટ સૂચના હતી એટલે તેઓ પાછા ફર્યા. પાછા વળતાં રસ્તામાં ભયાનક વાવાઝોડું નડયું એટલે એમને ત્યાં ને ત્યાં માર્ગમાં થંભી જવું પયું. એક દિવસ એવી રીતે રોકાઇ તેઓ લીટલ અમેરિકા પહોંચી ગયા હતા. તેમ છતાં પાઉલ્ટર બીજો પ્રયત્ન કરવાની તૈયારી કરતો હતો.

આટલો અહેવાલ સાંભળતાં વચ્ચે વચ્ચે કેટલીયવાર ડાયરને પ્રશ્નો પૂછવા મેં પ્રયત્નો કરી જોયા, પણ સંચાનું પૈડું ફેરવતાં થોડીકવારમાં જ હાથે રજા માગી ને આંખે અંધારા આવ્યા. સવારે નાસ્તામાં ખાધેલું અનાજ ઉલટી થઇ નીકળી ગયું. શક્તિ રહી નહીં એટલે પ્રશ્નો પૂછવાનું પડતું મૂકવું પડ્યું ને નીચે આવી સૂઇ ગયો ...(સૂતા સૂતા રેડીઓને જૂદી રીતે ગોઠવવાની તરકીબ વિચારી કાઢી ને અજમાવી જોતાં એ સફળ પણ લાગી. ઉભા ઉભા હાથેથી પૈડું ચલાવવું પડતું હતું એને બદલે ખુરસીમાં બેઠા બેઠા પગેથી ચલાવી શકાય એવી રચના કરી લીધી)...તે રાતે રોજનીશીમાં મેં નોંધ કરેલી કે પાઉલ્ટર સલામત પાછો પહોંચી ગયો એ ઘણું સારું થયું—હું હદબહારની નિરાંત અનુભવું છું—સમાચાર પણ બરોબર વખતસર આવ્યા છે કેમ કે હું બહુ જ હતાશ થઇ ગયો હતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુક્રવારે આકાશ ઘેરાયેલું હતું. ઠંડીનો પારો તો ચડીને શૂન્ય સુધી આવી ગયો હતો. હવામાન સુધરતું જતું હતું એટલે મારા મનમાં આશા બંધાતી હતી—પાઉલ્ટર માટે ખરેખર અનુકુળ સંજોગો ગોઠવાતા જતા હતા. પણ શક્યાશક્યતાનો બરોબર વિચાર કરતાં હું જોઇ શક્યો કે વાવટાની નિશાનીઓવાળી કેડી ન છોડવાની મૂળ સૂચના પાછી ન ખેંચી લેવાય તો એને માટે આગળ વધવું અશક્ય થઈ પડવાનું. મારી હતાશ મનોદશામાં એ સૂચના પાછી ખેંચી લેવા હું તૈયાર થઇ ગયો. પાછળથી એ માટે મેં ઘણી શરમ અનુભવી પણ એ વખતે તો મને બીજો વિકલ્પ નહોતો દેખાતો. એને એ સ્થિતિમાં—ખાસ કરીને રેડીઓ ચલાવવાથી પડતા ઘસારાને નજરમાં રાખી જોતાં—હું કેટલું ટકી શકીશ તે કહેવાય તેમ નહોતું; દરેક વખતે રેડીઓ ચલાવવાની મહેનત પછી મારી ને મોતની વચ્ચે એકાદ ઇંચનું જ છેટું રહેતું.

બપોરના બે વાગ્યાની રાહ જોયા સિવાય બીજું કામ નહોતું. મશાલ માટેની રચના વિચારતો હતો એટલે એને માટે કામ આવે એવું કંઇક સાધન નીકળી પડે એ ગણત્રીએ ભોંયરાની બધી ચીજો ફેંદી જોઇ અને છેવટ મારી રચના જોઇ કંઇક ફુલાઇ શકું એવું ગોઠવી પણ કાઢયું.

બરોબર બે વાગ્યે રેડીઓ ચાલુ કર્યો. ડાયર હાજર થઇ ગયો હતો. “ જો બીજીવાર આવવાનો પ્રયત્ન કરવો હોય તો અત્યારે નીકળવું એ જ વધુ સારું છે—હુંફાળું વાતાવરણ છે, ચંદ્રમાનો પ્રકાશ પથરાય છે અને આકાશ પણ ઠીકઠીક સ્વચ્છ છે. ‘ચીરાડોવાળી ખીણ’ પાસે કેડી ચૂકી જવાતી હોય તો અત્યારે નવી કેડી પાડવાનું ઘણું વધારે અનુકુળ છે—હું રેડીઓના વાંસડા ઉપર દીવાદાંડી સતત બળતી રાખીશ અને બપોરે ત્રણ વાગે તેમ જ રાત્રે આઠ વાગે ઝગતી પતંગ ઉડાડીશ ” એવી મતલબનો સંદેશો મેં મોકલાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંદેશો મોકલતા મોકલતા વચ્ચે કેટલીય વાર થાક ખાવા અટકવું પડયું. જવાબ ડાયરે કે ચાર્લીએ આપ્યો તે ખબર ન પડી; શબ્દો પણ સમજાતા નહોતા, માત્ર મારો સંદેશો ફરી મોકલવાની વિનતી કરે છે એટલું જ સમજાયું. ચાર પાંચ વખત પ્રયત્ન કરી જોયા પણ છેવટ રહી સહી થોડીક શક્તિ બચાવી લેવા મેં એ પ્રયત્ન પડતો મૂકયો. પગ એકમેક સાથે અથડાતા હતા ને હાથ પૈડાના હાથા ઉપરથી ઉતરી જતો હતો. કાને ભુંગળું ચડાવી સાંભળવા પ્રયત્ન કર્યો તો એ લોકો અંદર અંદર કંઇક ગુપસુપ વાતો કરતા લાગ્યા, પણ કંઈ સમજાયું નહિ એટલે એ ભુંગળું પણ પડતું મૂકી દીધું.

તે દિવસે તો મને શી રીતે ખબર પડે પણ પાછળથી મેં જાણ્યું કે તે લોકોએ મક્કમ નિર્ણય કરી લીધો હતો. છાવણીના સાથી–અધિકારીઓ સાથે સલાહ–મસલત કરીને પાઉલ્ટરે ફરી ઉપડવાનું ગોઠવી કાઢયું. પાંચ જણની ટુકડીને બદલે પોતે ડેમાસ (ટ્રેકટર ખાતાનો મુખ્ય માણસ) અને રેડિયો નિષ્ણાત વેઇટ એમ ત્રણ જણે જ આવવાનું ઠરાવ્યું. પચ્ચાસ માઇલ સુધી તો પોતે જઇને નવી નિશાનીઓ ગોઠવતો આવેલો એટલે ત્યાં સુધી જવાનું તો ઝડપથી પતાવવાનો એને વિશ્વાસ હતો. તે પછી "ચીરાડોવાળી ખીણ" વટાવવા માટે પોતાની યોજના એણે ઘડી કાઢી હતી. ધ્રુવ-બિન્દુથી નજીકના પ્રદેશમાં કામ લેવાનું હોવાથી લોહચુંબકના દિશાદર્શક ઉપર આધાર રાખવાનું તો એને પોસાય તેમ નહોતું. એટલે દરેક ૫૦૦ વારને અંતરે દસેક ફુટ ઊંચી બરફની પેડલી કરવી: એની ઉપર બેટ્રીઓ ગોઠવી કામચલાઉ દીવાદાંડી યોજવી અને એ દીવાદાંડી તરફ નજર રાખીને આગલા પાંચસો વારનું અંતર કાપવું જેથી સીધી લીટી ચૂકવાનો ભય ન રહે એવી યોજના ઘડી કાઢી. એ રીત બહુ ધીમી ગતિ અને ભારે મહેનત માગી લે એવી હતી ખરી, પણ 'ચીરાડોવાળી ખીણ' વટાવી જવામાં એ બહુ ઉપયોગી નીવડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત દોડતી નદીની જેમ હવે વહેતો નહોતો, એ તો જાણે ઊંડા સ્થિર પાણીનું તળાવડું પડયું હોય એમ થંભી ગયો હતો. મારે તો માત્ર એ તળાવડામાં કંઇ જ ગણગણાટ કર્યા વિના અંદર ઉતરી જઇ ને અંતે ધમપછાડા મારતા અટકી પડવાનું જ હતું. ભૂતકાળ તો વિલીન થઇ ગયો હતો ને ભવિષ્ય પણ એની મેળે ઠેકાણે પડી જવાનો...મનને શાન્ત અને સ્થિર રાખવા તેમ જ નાજુક બની ગયેલા શરીરયંત્રને બને તેટલું ઓછું ડગમગાવવાની કાળજી રાખવા સિવાય મારે કંઇ કરવાનું નહોતું. જે કંઇ શક્તિ કે ચેતના રહી હતી તે રેડીઓ ઉપર કેન્દ્રિત થતી હતી. હવામાનની વિગતો એકઠી કરતો હતો, તેજરંગોનું નિરીક્ષણ કરતો હતો અને યંત્રોને ચાવી યે દેતો હતો પણ એ બધું તો યંત્રવત્ જ થતું હતું. મારામાં જે કંઇ જીવન અને સમજણ તત્વ બાકી રહ્યું હતું તે તો રેડીઓ–વ્યવહાર ચાલુ રાખવા પાછળ જ રોકાયેલું રહેતું—મારી જાતને બચાવવાના એકમાત્ર વિચારથી જ નહિ પણ મારી તરફ આવી રહેલા સાથીઓના વિચારથી. મૂળથી જ મને રેડીઓ તરફ ઘૃણા ઉપજતી હતી પણ હવે તો એ ઘૃણા હદ બહાર વધી પડેલી. રોજ કેટલાય કલાક સુધી એને કારણે હું નિરાધાર દશામાં મૂકાઇ જતો. કેટલીયવાર હથોડો લઇ એને તોડી પાડવાની ઇચ્છા થઇ આવતી હતી– અને ખરેખર જો એમ કર્યું હોત તો કદાચ મારે પ્રમાણમાં ઓછું વેઠવું પડ્યું હોત– પણ મેં પોતે જ કેટલીક સ્થિતિ ઊભી કરી હતી; મારી ને લીટલ અમેરિકા વચ્ચે અંધકારમાં પેલા માણસો આથડતા હતા એમના પ્રત્યેની મારી નૈતિક જવાબદારીના ભાને જ હું તેમ કરતો અટકેલો.

૨૮મી ને રવિવારે પવન પડી ગયો ને બરફ પડવાનું પણ ત્રણ દિવસ ચાલ્યા પછી અટકી પડયું. રવિવારે ફરી ઠંડી વધવા લાગી. પારો ઉતરીને –૫૭° સુધી પહોંચી ગયો. રેડીઓ સંપર્ક સાધ્યો તો હું ડાયરને સાંભળી શકતો હતો પણ મારા સંદેશા ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચતા નહોતા. પહેલાં તો મને લાગ્યું કે ફરી પાઉલ્ટર ઉપડી ચૂકયો છે પણ પછી નક્કી કરી શકયો કે ડાયરે એવું સ્પષ્ટ નહોતું કહ્યું. એનો અર્થ જ એ કે મારું અનુમાન ખોટું છે. તેમ છતાં બપોરે ગેસોલીનના બે ડબ્બા નિશાની આપવા સળગાવ્યા તો ખરા જ. એ પછી અત્યંત નબળાઇ આવી ગઇ હતી. યંત્રોના વપરાશ માટેનું સ્પીરીટ થોડુંક પાણીમાં મેળવી ચડાવી ગયો. મેં ધારેલું કે થોડીક વાર તો એથી સ્ફુર્તિ લાગશે પણ એને બદલે એ લીધા પછી તો શરીરના કટકે કટકા થવા લાગ્યા. આખો દિવસ અસહાય દશામાં પસાર થયો; પેટમાં ભયંકર પીડા થતી હતી ને માથાનું તાળવું જાણે હમણાં ઉડી જવાનું એમ લાગતું હતું. ફરી એવો અખતરો ન કરવાનું મનમાં નક્કી કરી લીધું.

૨૯મી જુલાઈ:

હજી સ્પીરીટની અસર છે. પાઉલ્ટરને આપેલી કેડી ન છોડવાની સૂચના પાછી ખેંચી લીધી એની ચિંતા થાય છે. આવો તે આગેવાન હોતો હશે!

સોમવારે પારો એકવાર –૬૪° સુધી ઉતરી ગયેલો: આખા દિવસ દરમ્યાન પણ વાતાવરણ બહુ સારું નહોતું રહ્યું. બીજે દિવસે પણ લગભગ એવી જ સ્થિતિ હતી. ભોંયરામાં થોડીકવાર માટે ગયો હતો ત્યાં કાન ઠીંગરાઇ ગયેલો. એ દિવસે પણ કંઇ સમાચાર પકડી ન શકાયા. હૈયું હાથમાંથી સરી જવા લાગ્યું. રેડીઓ-સંપર્કને સમયે સમાચાર પકડાતા તો નહેતા એટલે ભગવાન–ભરોસે પાઉલ્ટરને સંદેશો પાઠવ્યો—એમાં જોખમ ભરેલી ચીરાડોમાંથી માર્ગ કાપવાનો પ્રયત્ન ન કરવા અને આગળ વધવું બહુ અઘરૂં હોય તો પાછા ફરી જવા આગ્રહ કર્યો. ગેસોલીનના ડબ્બાના બે ભડકા કરીને તેમ જ પંદરેક ફુટ ઊંચા રેડીઓ તાર સાથે ઝગતી પતંગ લટકાવી મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્ય તેટલું મનને સાંત્વન આપવા પ્રયત્ન કરી જોયો પણ એ નિશાનીઓનો કંઈ વળતો ઉત્તર આવ્યો નહિ.

*

જુલાઈનો આમ અંત આવ્યો. ઠંડી સાથે લઈને એ અવતરેલો ને મર્યો ત્યારે પણ ઠંડી જ હતી. એ મહિનાના હવામાનના આંકડા અત્યારે મારી પાસે છે. આખા મહિનામાંથી વીસ દિવસ તો –૬૦° થી પણ પારો નીચે ગયેલો; છ દિવસ તો –૭૦° થી પણ નીચે. તારીખિયામાંથી જુલાઈનું પાનું પાછળ ફેરવી નાખ્યું ત્યારે હું મનમાં બોલતો હતો: "ભોંયરામાં પહેલીવાર પછડાયો એને આજે એકસઠ દિવસ થયા; એ દરમ્યાન કશો ય ખાસ ફેરફાર નથી થયો; હજીયે હું એમને એમ એકલો જ છું." લીટલ અમેરિકાવાળા જરાય નજીક નહોતા આવ્યા અને આસપાસ મારી અવદશાના જ ચિન્હો નજરે પડતા હતા. અડધું ખાઈને પડતા મૂક્યા પછી થીજી ગયેલા ખોરાકના ડબ્બા 'ટેબલ' ઉપર પડયા હતા. ત્રણ અઠવાડીઆ પહેલા બગડી ગયેલ રેડીઓ ખોલીને એના ભાગ એક ખૂણામાં મૂકી રાખેલા તે ત્યાં ને ત્યાં વેરણછેરણ પડયા હતા. ઘોડામાંથી ચોપડીઓ નીચે ગબડી પડેલી, એને ય એમને એમ આથડતી પડી રહેવા દીધી હતી. અને બરફના પડે ચારે ય દિવાલો પૂરી કરી છાપરાને પણ આવરી લીધું હતું. અને છતાં પરિસ્થિતિ કેવળ વધુ ને વધુ બગડતી જ જતી હતી એવું કંઈ નહોતું—મારું જીવન માત્ર પીછેહઠ જ નહોતું કરી રહ્યું. કેટલાક મોરચા ઉપર પાછળ હઠવાનું હતું તેમ કેટલીક દિશામાં આગળ ધપવાપણું પણ હતું. ઉત્તર તરફ સૂર્યપ્રકાશ નજીક ને નજીક આવતો જતો હતો ને કેવળ એની જ આશામાં મીટ માંડી રહેલા એક માનવીને આશાસૂચન આપતો હોય તેમ રોજ અંધકારને વધુ ને વધુ ગળી જઈ ભભકભર્યા રંગફૂંડાની નિશાનીઓ આકાશમાં ઝગવતો હતો. હવે સૂર્યને બહાર આવવાને માત્ર સત્યાવીસ દિવસ જ બાકી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

ઓગસ્ટ

ઓગસ્ટની પહેલી તારીખે બુધવાર હતો–બેરોમીટરનો પારો તે દિવસે જેટલો નીચો ગયો એટલો નીચે મેં કદી તેને જોયેલો નહિ. એ પારાને નીચો ઉતરતો જોતાં જાણે કોઇ હવાને શોષી રહ્યું હોય એમ લાગતું હતું પણ અવારનવાર પવનની લહર આવી આવીને એનેમોમીટરની પ્યાલીઓને ખખડાવી જતી હતી. આખો દિવસ કંઇ નવાજુની ન થઈ છતાં મને તો લાગ્યા જ કરતું હતું કે આખો હિમ પ્રદેશ પોતાનો શ્વાસ રૂંધીને વાવાઝોડાની રાહ જોતો ઊભો છે.

વાતાવરણની અનિશ્ચિતતાની અસર મારા મન ઉપર પણ થઇ: પહેલીજવાર મારી જાત પરનો કાબુ ગુમાવવાની અણી ઉપર જઇ પહોંચ્યો--સ્થિર બેસી ન શકાય એવું લાગવા માંડયું. કેબીનના બારણાં પાસે જ પડેલા કેરોસીનના ખાલી ડબ્બા ફરીથી ભરી કાઢયા ને ભોંયરામાંથી લાવી લાવીને બે અઠવાડીઆ જેટલી ખોરાક–સામગ્રી પણ કેબીનમાં પથારી પાસે મૂકી આ વધારાના શ્રમને લીધે આકરું તો લાગતું હતું પણ એ પતાવ્યા વિના હું અટકું તેમ પણ નહોતો. ટેવ અને જરૂરને લીધે કેટલાય કામો હું યંત્રવત્ ફર્યા કરતો—ઇચ્છા ન હોય તો પણ એ કામો થઇ જતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ દિવસથી લીટલ અમેરિકાના કંઇ સમાચાર નહોતા સાંભળ્યા એટલે મારી બીક વધવા લાગી હતી. કદાચ પાઉલ્ટર ત્યાંથી નીકળી ચૂક્યો હોય અને કદાચ બહુ નજીક આવી પહોંચ્યો પણ હોય એમ સમજી ગેસોલીનના ડબ્બાનો એક ભડકો કરવામાં રહી સહી શક્તિ ખર્ચી કાઢી. કંઇ પ્રત્યુત્તર ન આવ્યો એટલે પથારીમાં જઇ ઊંઘી ગયો. તે આખી રાત ટ્રેક્ટરોના, બરફમાં પડેલી ઊંડી ચિરાડોના ને અણગમતા ચહેરાવાળા લોકો મારી કેબીન આડા ઉભા રહી મને પ્રિય એવા કશાકને દૂર હડસેલી રહ્યા હોય એવા સ્વપ્નાઓ આવ્યા કર્યાં.

૨ જી ઓગસ્ટ :

આજે પણ કશા સમાચાર સાંભળ્યા નથી; પણ, સલામત બાજુએ રહેવા ખાતર એક બપોરે ને એક સાંજે એમ બે ગેસોલીનના ડબ્બા સળગાવી જોયા. હવામાન કંઇક સુધરતું જાય છે. કાલે –૫૨° હતું એને બદલે આજે –૨° સુધી ચડી ગયું છે. આછું ધુમ્મસ છે ખરૂં પણ પવનનું તો નામે ય નથી.

૩જી ઓગસ્ટ :

ભગવાન બહુ રહેમ રાખે છે. પાઉલ્ટર લીટલ અમેરિકામાં સલામત બેઠો છે. આખો વખત રેડીઓ સાથે ધડ કર્યા કરતો હતો તે છેવટ ફળ મળ્યું ખરૂં. સંદેશો સાંભળી શકાયો પાઉલ્ટર હજી નીકળ્યો નથી પણ વાયુશાસ્ત્રી હેઇન રજા આપે એની રાહ જોઇને જ તૈયાર બેઠો છે. ત્યાં લીટલ અમેરિકા આસપાસ ધુમ્મસ બહુ ઘેરાયું છે પણ અહીં તો વાતાવરણ તદ્દન સ્વચ્છ છે. બપોરે ઉત્તર આકાશમાં ગુલાબી આભા પથરાઇ હતી ને રૉસસાગર તરફનું આકાશ પીળા રંગનું લાગતું હતું. આજ સવારે પારો શૂન્ય સુધી ઉપર ચડી આવ્યો હતો પણ તે પછી ઠંડી વધતી રહી છે. અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(રાતના દસ) –૪૦° ઉપર પારો આવી પહોંચ્યો છે. પ્રકાશ વધતો જાય છે તેથી પાઉલ્ટરના જોખમની માત્રા ઘટવા લાગી છે પણ હવે મેં પરવા કરવાનું મૂકી દીધું છે.

ડાયર ખરેખર હેરાન થતો હશે—એના અતિ મહત્વના પ્રશ્નોનો પણ જવાબ ન આપી શકું એવી કફોડી દશામાં છું. છતાં મારે કહેવું જોઇએ કે ડાયર ને હચીનસન અસાધારણ ધીરજ રાખે છે.

૪થી ઓગસ્ટ :

પાઉલ્ટર રવાના થઈ ચૂક્યો છે. બપોરે ખબર આવ્યા કે એ મહિના ચાલે તેટલો ખોરાક-સામગ્રી અને ગેસોલીનનો મોટો જથ્થો લઇ તે નીકળી ચૂક્યો છે. હવામાન સાનુકુળ લાગે છે કેમકે પવન તો છે જ નહિ ને ઠંડી પણ –૩૦° આસપાસ જ છે. પાઉલ્ટર ફરી આ તરફ આવવા ઉપડયો છે એ ખ્યાલે મારા હૈયામાં આશાસંચાર થવા લાગ્યો છે.

રવિવારના દિવસને તો સ્મૃતિમાંથી ભૂંસી નાખવાનું મન થાય છે. ઊઠયો ત્યારે ભારે ખરાબ સ્થિતિ હતી—કાંઇ ખાઇ ન શકું એવી અસ્વસ્થા હતી ને કંઇ આડાઅવળા કામમાં રોકાઇ ન શકું એટલો શરીરમાં થાક હતો. રજીસ્ટરના આંકડા ગોઠવવા કારવવામાં મન પરોવવા પ્રયત્ન કર્યો પણ આંખો હેરાન કર્યા કરતી હતી એટલે છેવટ કંટાળીને બપોરના રેડીઓ-સંપર્કની રાહ જોતો પ્રાઇમસ પાસેની ખુરસીમાં પડયો રહ્યો. રેડીઓ ઉપર ખરાબ સમાચાર આવ્યા. પાઉલ્ટરનું ટ્રેકટર એક ચીરાડમાં ખુંચી પડયું હતું. જે કેડી ઉપરથી પોતે થોડા દિવસ અગાઉ જ પસાર થયેલ તે પણ ચૂકી જવાઇ ને નવો માર્ગ લેવા જતાં ભૂલા પડયા ને આગળ વધવા જતાં ચીરાડમાં ફસાઇ પડાયું: સમાચાર આવ્યા ત્યાં સુધી હજી એમાંથી બહાર નીકળવા નહોતા પામ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંદેશા પકડનારું યંત્ર ફરી ગોટાળો કરવા લાગ્યું હતું એટલે એ આખો સંદેશો સમજતા વાર લાગી પણ બેવાર પુનરાવર્તન કરાવ્યા પછી જ્યારે આખી હકીકત મારા ખ્યાલ ઉપર આવી ત્યારે હું ખળભળી ઊઠયો ને મન પૂછવા લાગ્યું કે લીટલ અમેરિકાથી દસ જ માઇલ છેટે પાઉલ્ટર ગંભીર જોખમમાં પડયો છે તો એને મદદ પહોંચાડવા એ લોકો કેમ કંઇ નથી કરતા? મગજના જ્ઞાનતંતુઓ તૂટું તૂટું થઇ રહ્યા હતા ને મેં ચાવી દબાવી સંદેશો રવાના કર્યો: "ચાર્લી, બીલ, આવો ગોટાળો કેમ છે? બીજું ટ્રેકટર મદદે કેમ નથી જતું? બને તેટલું બધું કરી છૂટો." એટલું બોલીને કાને ભુંગળું ગોઠવ્યું તો ચાર્લી જવાબ આપતો હતો. મારો ગુસ્સો ઠરી ગયો હતો ને એને સ્થાને દુ:ખ-શોકની લાગણી વ્યાપી ગઇ હતી. મોકલાઇ ગયેલા શબ્દો પાછા આવી શકે તેમ હોત તો હું ગમે તે કિંમત ચૂકવવા તૈયાર હતો. સામેથી મારો પ્રિય દોસ્ત સ્થિર શાન્ત અને મને લાગે છે કે જરા ઠપકાભર્યા અવાજે જવાબ આપી રહ્યો હતો. એના ચોક્કસ શબ્દો મને યાદ નથી તો પણ એના કહેવાનો ભાવ તો મને યાદ છે જ...પાઉલ્ટર સાવધાનીપૂર્વક અને ડહાપણ વાપરીને આગળ વધી રહ્યો છે એમ મને લાગે છે, અહીં એક ટ્રેકટર તૈયાર જ પડયું છે—પાઉલ્ટર નીકળ્યો ત્યારનું તૈયાર છે. અમે એમની સાથે સતત સંપર્ક રાખ્યા કરીએ છીએ. અહીંથી બધી મદદ પહોંચાડવાની અમે તત્પરતા દાખવવા છતાં પાઉલ્ટર મક્કમપણે 'જરૂર નથી' એમ કહી રહ્યો છે એટલે ભયભીત થવાનું કારણ નથી. થોડા કલાકમાં જ ટ્રેકટર પોતાને માર્ગે આગળ વધતું થઇ જશે એવો પૂરો સંભવ લાગે છે...એવી મતલબના એના શબ્દો હતા. અને એને અંતે એણે એ જ શાન્ત સ્થિર અવાજે ઉમેરેલું કે "ડીક, સાચી વાત તો એ છે કે અમને તારી વધારે ચિંતા થાય છે. તું માંદો છે? ઘાયલ થયો છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટ્રેક્ટરની સ્થિતિ હવે હું બરાબર સમજી ગયો છું એવો જવાબવાળી મેં એના પ્રશ્નોને ખાઇ જવા પ્રયત્ન કર્યો. પણ બરાબર એ જ વખતે મારા હાથ અને પગ થાકને કારણે અટકી પડયા. મારો સંદેશો અધવચ્ચે અટકી પડયો એટલે ચાર્લીએ ફરીથી 'શું ગોટાળો છે?' એમ પૂછ્યું. એ વખતે છટકી શકાય તેમ નહોતું. 'હાથ દુઃખે છે' વાળું જૂનું બહાનું વધુ વખત ચાલે તેમ નહોતું. ચાર્લીએ ફરી ફરી પૂછયા કર્યું. દાક્તરને મોકલવાની પણ કંઇક વાત કરી. છેવટ મેં જવાબ વાળ્યો : "કંઇ ચિંતા કરવા જેવું નથી. માત્ર હવે વધુવાર આ પૈડું ચલાવવાનું કહેતો નહીં."

આ બધી હકીકતો લીટલ અમેરિકાની નોંધપોથીમાં બરાબર દાખલ કરી લેવાયેલી અને એની સાથે જ ડાયરે નોંધ કરેલી કે "બાયર્ડની શક્તિ થોડા થોડા શબ્દોને અંતરે ખૂટી જતી લાગે છે" આમ વાત ખાઇ જવાના મારા પ્રયત્નો મારા સિવાય બીજા કોઇને છેતરી શકતા નહોતા. ચાર્લીના મનની શંકા ઊંડી ઉતરી હતી છતાં એણે તો મારા જવાબથી સંતોષ થયાનો દેખાવ જ ચાલુ રાખ્યો: "પૈડું ફેરવ્યા કરવાનું કેવું આકરૂં લાગે તે અમે સમજી શકીએ છીએ. અમારી કે પાઉલ્ટરની ચિંતા કરશો નહિ કાલ સવારે મળશું."

૬ઠ્ઠી ઓગસ્ટ :

આજે બપોરે પાઉલ્ટર લીટલ અમેરિકાથી ફક્ત ઓગણત્રીસ માઇલ છેટે પહોંચ્યો હતો. ગઇ કાલે એમનું ટ્રેક્ટર ચિરાડમાંથી બહાર નીકળ્યું પણ તે પછી યંત્રમાં કંઇક ગોટાળો રહ્યા કર્યો છે. એ ગોટાળો દૂર નહીં કરી શકાય એમ ચાર્લીનો અભિપ્રાય હતો. મારા સંદેશાઓ અત્યંત ધીમા અવાજે સંભળાતા હતા એમ ચાર્લીએ જણાવ્યું ને આડકતરી રીતે એમ પણ સૂચવી દીધું કે ખાસ કહેવાનું ન હોય ત્યારે પૈડું ચલાવવા પાછળ શક્તિ ખર્ચવાની જરૂર નથી; માત્ર મજામાં છું એટલું જણાવશો તો પણ ચાલશે. બે ત્રણ વાર 'મજામાં છું'નો સંદેશો મોકલીને આજ પૂરતું બંધ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઇ કાલે જે બોલી જવાયું તેનું દુઃખ થયા કરે છે. એમની આવડત ને સમજણ વિષે શંકા ઊઠાવીને મેં તેમને ભારે અન્યાય કર્યો. પોતે શું કરી રહ્યા છે એનો એમને પૂરતો ખ્યાલ હોય જ એટલે આટલે દૂરથી એમની વાતમાં માથું મારવાનો મને અધિકાર ન હોય. પણ મને વધુ દુઃખ તો બીજી વાતનું થાય છે, છાસઠ દિવસ પછી છેવટ એક ઘડીની અધીરાઇમાં મારી વાત ઉઘાડી પડી ગઇ, એ ખ્યાલે મારું મગજ ભમી જાય છે.

એ લોકોએ કેટલી કલ્પના કરી લીધી છે એની મને ખબર પડે તેમ નથી. ચાર્લી સામાન્ય પ્રશ્ન કરતો હોય એમ લાગતું હતું પણ એ તો એનો ડહોળ પણ હોય. ઉલટી એથી તો મને વધુ અકળામણ થાય છે. પાઉલ્ટરનો આ પ્રવાસ મને બચાવવા માટેનો પ્રવાસ થઇ પડે એવી સ્થિતિ કરતાં તો બીજી ગમે તે સ્થિતિ પસંદ કરૂં. પૂરેપૂરી નમ્રતાપૂર્વક આ વાત વિચારું છું. સ્વાભિમાનની કે શરમ ઢાંકવાની ગણત્રી તો હવે રહી જ નથી. મારી ચિંતાના માર્યા એ લોકો વધારે પડતા જોખમો ખેડવા પ્રેરાય ને એમ કરવા જતાં કંઇક ઉંધું ચતું થઇ જાય તો મારે અહીંથી જીવતા નીકળવાની શકયતા પણ જોખમાઈ પડે કેમ કે ચિંતાના ભાર સાથે અહીં રહેવું અશકય છે, એટલે હું તો કેવળ સ્વાર્થી દ્રષ્ટિએ જ અત્યારે વિચારું છું. લાગે છે તો એમ કે લીટલ અમેરિકાવાળા સાથીઓ જોખમની અત્યંત કાળજી રાખે છે.

આ બધી વાત એકકોર ભલે રહી. હું તો ભગવાનને પ્રાર્થના કરૂં છું કે એક યા બીજી પાર નીવેડો લાવી દે. ઘડીક આશાથી ઊંચે ચડવાની અને ઘડીક હતાશ થઈ પટકાઇ પડવાની આ સ્થિતિમાં તો રહી નહીં શકાય. રોજ રોજ પેલા રેડીઓને કારણે મારું શરીર વળી આવવાની શકયતા થોડી થોડી ઘટતી જાય છે. સતત પૈડું ચલાવવાથી તો હવે તોબાહ થઇ ગયો છું. રેડીઓનું પતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય ત્યારે તો તદ્દન અસહાય દશામાં મૂકાઇ જાઉં છું. આવી સ્થિતિમાં લાંબો વખત કેમ ચાલી શકે ?

હવે તો પથારીમાં જઇ સૂઇ જઇશ—એવી કવેળાની આશા સાથે કે એ લોકો કાલે રાત્રે અહીં આવી પહોંચશે. મનમાં તો સમજું છું કે એ બનવું શકય નથી. અને બુરી દશા તે એ છે કે ઠંડી વધતી જાય છે: −૬૦° લગભગ પારો પહોંચી ગયો છે.

મંગળવાર તો હૈયું ભાંગી નાખનારો નીવડયો. તદ્દન સીધી સાદી વાત કરતો હોય એમ ચાર્લીએ જણાવ્યું કે પાઉલ્ટર ફરી પાછો આવી ગયો છે. "માંડ પચ્ચીસેક માઇલ પહોંચ્યા હશે ત્યાં ટ્રેકટરનું એક યંત્ર તદ્દન ખોટકાઇ પડ્યું અને એટલા સદ્‌ભાગ્ય કે લીટલ અમેરિકા સુધી પાછા પહોંચી શકયા...હકીકત કરૂણાજનક છતાં સાચી છે. એ લોકો અત્યારે ઊંઘ ખેંચે છે ને ટ્રેકટરનું સમાર-કામ ચાલી રહ્યું છે. મધરાત સુધીમાં તૈયાર થઇ જવાનું."

"તમે કરો છો એ જ ડહાપણભર્યું છે. ઉતાવળ કરી ધકેલ્યે રાખવાથી કંઇ લાભ નથી."

"કૃપા કરી સંદેશો ફરી મોકલો. કંઇ પકડી શકાતું નથી. ડાયર કહે છે કે તમારું સંદેશ પાઠવનારૂં યંત્ર બરોબર નથી ચાલતું."

નસીબ ફુટે ત્યારે એક જ વાત બગડતી નથી, એકી સાથે બધે બગાડ થવા માંડે છે. મારું સંદેશ પાઠવનારૂં યંત્ર બગડવા લાગ્યું હતું. પહેલા હું એમના સંદેશા પકડી નહોતો શકતો પણ મારા સંદેશા તો ત્યાં પકડી શકાતા. હવે સ્થિતિ ઉલટી થઇ હતી. એમના સંદેશા હું ઠીક ઠીક સમજી શકતો હતો પણ મારી વાત એમને ભાગ્યે જ સમજાતી. ઘડીક થોભવાનું કહી મેં યંત્રમાં થોડાક ફેરફાર કર્યા ને ફરી ચાલુ કર્યું તો પણ જવાબ આવ્યો કે "સુધારો નથી, પણ કંઇ વાંધો નહિ. કાલે ફરી મળીએ ત્યાં સુધીમાં બરોબર કરી લેજો. દીવાદાંડીની લપ હમણાં બે દિવસ કરતા નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસે તો મારું મન ખરેખર પડી ભાંગ્યું. રોજનીશીમાં મેં લખેલું: " મને મદદ પહોંચાડવી અને મદદે આવનાર માણસોની સલામતી જાળવવી એ બે વાતનો મેળ ખાય તેમ લાગતું નથી...આટલી બધી આશા સેવી એ જ ભૂલ કરી...આજે ચોક્કસ ખબર પડી કે એ ટુકડીમાં ત્રણ માણસો હતા ને એ ત્રણમાંનો એક પેલો વર્ષો જૂનો વફાદાર દોસ્ત ડેમાસ હતો ને બીજો જેનામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે એ વેઇટ હતો. પાઉલ્ટર અને આ બે પાછા વળે ત્યારે પાછા વળવા માટે બરોબર પૂરતા કારણો હોય જ."

આમ આશા તુટી પડી છતાં દરેક માણસમાં હોય છે એવી સહજ આશાવૃત્તિ મારામાંથી નાશ ન પામી. એ લોકો પહેલીવાર ઉપડયા ત્યારથી જ હું મશાલો ને ઝબકતી પતંગો તૈયાર કરતો હતો. હવે કલાકે કલાકે એક ફેરો ખાઇ, ગેસોલીનના બીજા અડધો ડઝન ડબ્બાં ઉપર પહોંચાડી આવ્યો. એ સિવાય પણ બીજી નાની મોટી ચીજો એકઠી કરી રાખી. છેલ્લીવારના પ્રયત્ન માટે થાય તેટલી તૈયારી કરતો હતો.

આ બધી તૈયારીને કારણે શરીરને શ્રમ તો પડતો જ હતો પણ એથી દિવસ સહેલાઇથી પસાર થવા લાગ્યો હવામાન પણ અનુકુળ હતું. બહુ ઠંડી નહોતી. બપોરે માત્ર –૪૧° જ હતી. સૂર્યપ્રકાશ ધીમે ધીમે ઉપર આવતો જતો હતો એને તો કોઇ અવરોધી શકે તેમ હતું જ નહિ. સૂરજ દેખાવાને માત્ર ત્રણ જ અઠવાડીઆ બાકી હતા. અખંડ અંધારપટ હવે બે ભાગમાં વહેંચાઇ જતો હતો. બપોર વચાળે તો જાણે સૂરજ મહારાજ માટે ગાલીચો બીછાવાઇ ગયો હોય એવું ગુલાબી આકાશ થઇ જતું હતું. સૂરજ ફરી દેખાશે ત્યારે કેવું લાગશે એની કલ્પના કરવા પ્રયત્ન કરી જોયો પણ એમ કલ્પનાના ચોકઠામાં બેસી શકે એ કરતાં એ વાત ઘણી વધુ ભવ્ય હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮મી ઓગસ્ટ

આજે તેઓ—પાઉલ્ટર ડેમાસ ને વેઇટ—ફરી ઉપડયા. વાતાવરણ સાફ હતું, અજવાળું ઠીક ઠીક હતું ને ઠંડી –૫૦° ઉપર હતી પણ પછી બપોર વખતે –૪૦° થી પણ ઓછી થઇ ગઇ હતી અને અત્યારે પણ –૪૦° આસપાસ જ છે.

ચાર્લી ઉત્સાહમાં હતો. "ઠીક, દીવાદાંડી ચાલુ રાખજે. મને ખરેખર લાગે છે કે આ વખતે તો તેઓ પાર ઉતરવાના જ."

ઠીક, જોઇએ, બહુ આશામાં ખેંચાવું મને પોસાય તેમ નથી, –પછી એકાએક પટકાવું પડે છે. ભારે અવદશા એ છે કે લીટલ અમેરિકા સાથેનો મારો સંપર્ક માત્ર અડધો જ ચાલુ છે. હું એમને બરોબર સાંભળી શકું છું પણ મારો સંદેશો પહોંચતો નથી. સંદેશ પાઠવનારૂં યંત્ર એકવાર તો ઉખેળી જોયું. ફરી રાત્રે ઉખેળીને ગોઠવીશ.

૯મી તારીખે ગુરુવાર હતો. આગળના બે અખતરાની જેમ આ વખતનો અખતરો પણ નિષ્ફળ જ જવાનો એવી અડગ ખાત્રી લઇને હું ઊઠયો. એવું માનસિક વલણ મેં કેમ ધારણ કરેલું તે એ વખત કરતાં આજે વધુ સારી રીતે સમજાય છે; ફરી હતાશ થઇ પછડાવું પડે એની સામે સંરક્ષણ કરવાનો એ પ્રયત્ન હતો. પણ એ વખતે તો એમ જ માનતો હતો કે હું નિરાશ થઇને આમ નથી વિચારતો, હું તો નક્કર વાસ્તવિક સ્થિતિને બરોબર જોઇ રહ્યો છું. એ લોકોના પ્રવાસના પરિણામ સાથેની મારી અંગત નિસ્બતનું પ્રમાણ હવે મનમાં ઘટતું જતું હતું. પ્રવાસનું ગમે તે પરિણામ આવે, તે લોકો મારા થાણા સુધી પહોંચે કે ન પહોંચે મને તો ખાત્રી થઈ ચૂકી હતી કે મારે બચવાની શકયતા લગભગ શૂન્યવત્ જ છે. માત્ર પ્રવાસ–મંડળીની આબરૂનો અને લીટલ અમેરિકા અને મારી વચ્ચે માર્ગમાં આથડતા પેલા ત્રણ સાથીઓના જીવનનો જ સવાલ મહત્વનો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણ પૂરેપૂરું મંગળસૂચક નહોતું. હવાનું દબાણ તો વધતું જતું હતું પણ આકાશ ઘેરાયેલું હતું ને પવનચક્રી તોફાન-પોષક પૂર્વ દિશા તરફ આંગળી ચીંધતી હતી. પેલી ટુકડીને લીટલ અમેરિકા અને મારા થાણાની અધવચ્ચે વાવાઝોડું કે આકરી ઠંડીનું મોજું ઘેરી વળશે એવો ભય મારા મનમાં વધવા લાગ્યો હતો. મારી સ્થિતિ તો નાટકના પ્રેક્ષક જેવી હતી. મુખ્ય પાત્રોની આસપાસ ઘેરાતા જોખમો સ્પષ્ટ કળી શકતો હતો પણ બાજી બીજાઓના હાથમાં હતી એટલે ચેતવણીની બૂમ પાડી શકું તેમ નહોતું.

લીટલ અમેરિકાવાળાઓની સ્થિતિ પણ મારા જેવીજ લાગતી હતી. બપોર-વેળાએ અમે રેડીઓ ઉપર મળ્યા ત્યારે ડાયર ગભરાયેલો ને અધીરો લાગતો હતો. ચાર્લી ક્યાંક બહાર ગયો હોય એમ લાગ્યું. એની જગ્યાએ બીલ હેઇન્સ બોલતો હતો. એના કહેવામાંથી એટલું જ સમજી શક્યો કે પાઉલ્ટર બરોબર આગળ વધી રહ્યો છે. "હવામાન કેવું છે?" એવા મારા પ્રશ્નના જવાબમાં એણે જણાવ્યું કે સારું તો નથી લાગતું. એટલે મેં સંદેશો મોકલાવ્યો કે "ભગવાનને ખાતર, બીલ, એમને ઉતાવળ રાખવાનું જણાવ" વધતા જતા પવનમાં એ લોકો ત્યાં માર્ગમાં હોય એ સ્થિતિ મને અસહ્ય લાગતી હતી. બીલે જવાબ વાળ્યો: "તમારી વાત સમજું છું. પણ તેઓને વાંધો નહીં આવે. એ લોકો પોતાની સંભાળ લઈ શકે તેમ છે."

તે પછી ચાર્લી આવી પહોંચ્યો. એનો અવાજ સ્પષ્ટ હતો છતાં હું ઘણુંય ન સમજી શક્યો. છેવટ મને નિરાંત કરાવવા એણે જણાવ્યું કે "પાઉલ્ટરને જરૂર પડયે મદદે પહોંચી જવા એક ટ્રેક્ટર તૈયાર જ છે અને જો ટ્રેક્ટરો નિષ્ફળ જશે તો જૂન ને બાલ્લીન અડતાળીસ કલાકમાં વિમાનને તૈયાર કરી શકે તેમ છે. ચાર્લી ને હું એક બીજાને લાંબા વખતથી ઓળખતા હતા; અમને એક બીજા માટે ઘણી જ ઊંડી મમતા હતી; અને એ બોલતો એટલા પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પણ એ વણબોલ્યું રાખતો તે પરથી હું એના દિલમાં થતી ચિંતા સમજી શકતો હતો. મેં જવાબ વાળ્યો : "આભાર, પણ જો જો કંઇ ભૂલ કરતા કે જોખમ ખેડતા."

એ પતાવીને હું ધાબળો ઓઢી પ્રાઇમસ પાસે જઇ બેઠો. મને એક ઝોકું આવી ગયું હશે કેમ કે તે પછી એકાએક જ મેં અંધારૂં જોયું. દીવામાં તેલ પૂરવાની મેં કાળજી નહોતી રાખી. ખૂબ ફફુસ્યા પછી ચાંપબત્તી હાથ આવી. ચાર વાગ્યાના રેડીઓ -સંપર્કનો સમય થઇ ગયો હતો. અંધારે બેઠા બેઠા જ મેં ચાર્લીના સમાચાર સાંભળ્યા. પાઉલ્ટર ચાળીસેક માઇલ વટાવી ગયો છે ને બરોબર આગળ વધી રહ્યો છે એટલું સ્પષ્ટ સમજાયું, પણ પછી એણે કંઇક દીવાદાંડીની વાત કરી અને મારે દાક્તરની જરૂર હતી કે કેમ એવું કંઇક પૂછ્યું. ચાર્લીએ એની રીતે મારી સ્થિતિની કલ્પના કરી લીધી હતી અને હવે મારા છેતરવાના પ્રયાસો ચાલે તેમ નહોતા. છતાં મેં 'ના ના ના' એવો જવાબ મોકલ્યો અને એ નકાર સાથે અમે છૂટા પડયા.

તે પછીના કલાક કોઇ આળસુ કસાઇ ધીમે ધીમે એક એક કટકો કાપી કાઢતો હોય એમ પસાર થયા. કંઇક કર્યા વિના રહી શકાય તેમ નહોતું એટલે કેબીનમાં આમ તેમ આંટા માર્યા કર્યા. એકવાર ઉપર જઇ હવામાનનું નિરીક્ષણ કરી આવ્યો. દક્ષિણ તરફનો પવન તદ્દન મુંગો થઇ ગયો હતો ને આકાશ સ્વચ્છ થતું લાગતું હતું. ઠંડી ફરી વધવા લાગી હતી, બપોરે -૧૬° હતી એને બદલે -૩૦° થી પણ નીચે જતી હતી. મેં મનમાં કહ્યું કે "પાઉલ્ટર ઉપર જે વીતી છે એ જોતાં તો આટલું એ સહન કરી શકશે" ઉપલું બારણું વાસી દેતાં પહેલાં ઉત્તર તરફ એક નજર નાખી લીધી ને હું ધારૂં છું કે પેલા ત્રણ જણ માટે પ્રાર્થના પણ કરેલી.

વાળુમાં સૂપ, કડકડીઆ બિસ્કીટ અને બટાટા લીધા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે લાગ્યું કે પેટમાંથી પાછા ઉછળી નહિ જ આવે ત્યારે પથારીમાં જઇ સૂતો. પડયા પડયા કેટલીયવાર સુધી વિચાર ચાલ્યા કર્યા. જે શકયતા તરફ મેં મારી આંખો મીંચી રાખેલી તે ઉઘાડી હકીકત જેવી જ હતી—લીટલ અમેરિકાવાળાઓ સમજી ગયા હતા કે હું ખરાબ સ્થિતિમાં છું ને પાઉલ્ટર ખરતા તારાઓ જોવા કરતાં મને મદદરૂપ થવા જ આવતો હતો અને જો ખરેખર એમ જ હશે તો તો એ વાવટાઓની નિશાની મળે કે ન મળે એની બહુ પરવા કર્યા વગર સીધો દોડયો આવવા મથશે એમાં શંકા જ નહિ... દીવાદાંડીની આખી વાત હવે સમજાઈ ગઇ...'ચીરાડોવાળી ખીણ' એકવાર વટાવી ગયા પછી તો દિશાદર્શક યંત્રને આધારે જ સીધા ચાલ્યા આવી પંદર વીસ માઇલ છેટે સુધી દેખાતી દીવાદાંડીની મદદ વડે મને શોધી કાઢવાની એની ગણત્રી હશે...

એવા પ્રયત્નનું જોખમ હું સમજી શકતો હતો. ધારો કે મારું શરીર તદ્દન ભાંગી પડે. એમ થાય તો દીવાદાંડી ન હોય એટલે એ મારી કેબીનથી સો વાર છેટેથી જ પસાર થઇ જાય અને છતાં મને શોધી ન શકે...અને ઉતાવળમાં ને ઉતાવળમાં વધુ દૂર નીકળી જાય તો તો એમને બહુ આકરૂં પડી જાય. હા, એમને ચોક્કસ સ્થાનની ખબર હતી એટલે પાઉલ્ટર એકાદ બે માઇલના વિસ્તારમાં જ આવીને તારાઓ ઉપરથી સ્થળ નક્કી કરી શકે ખરો પણ તારાઓ ઉપરથી ઠંડી રાતે નિર્ણય કરવો બહુ મુશ્કેલ પડે ને કદાચ જો આકાશ ઘેરાયેલું હોય તો તો અશકય જ. એવું થાય તો તો ચોક્કસ વિસ્તાર નક્કી કરીને થાણું હાથ આવે ત્યાં સુધી એટલામાં ઉપર નીચે આંટા માર્યા કરવાનો જ ઉપાય બાકી રહે...અને તે દરમ્યાન કેટલુંય ગેસોલીન વપરાઇ જાય...વણખેડાયેલા પ્રદેશમાં ચિરાડોનું જોખમ પણ કેટલું વધારે!...

મારી ફરજ સ્પષ્ટ સમજાઇ ગઇ. નાટકના નિષ્ક્રિય પ્રેક્ષકનો કે એ લોકોના લક્ષ્યસ્થાનનો પાઠ ભજવવાને બદલે મારે હવે સક્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે સહાય કરનાર સાથી બનવાનું હતું. જોખમથી ભરેલા કાંઠે દીવાદાંડી ઝગતી રાખનાર મશાલચીનો પાઠ ભજવવાનો હતો. આખો વખત પગભર રહેવાનું હતું અને એને માટે ક્ષીણ થતી શક્તિનો શક્ય તેટલો સંગ્રહ કરવાનો હતો. પાઉલ્ટર વગેરે દૂર દૂર હતા ત્યારે અમરથો ગેસોલીનના ડબ્બા સળગાવવા પાછળ શક્તિ ખર્ચી કાઢતો હતો તેમ કરવું હવે પોસાય તેવું નહોતું એટલે પથારીમાં બેઠો થઇ મીણબત્તી સળગાવી એના આછા પ્રકાશમાં એ લોકોના આવી પહોંચવાનો સંભવિત વખત ગણવા લાગ્યો...ચાર વાગ્યે એ લીટલ અમેરિકાથી લગભગ ચાળીસ માઇલ છેટે પહોંચ્યો હતો ને એને નીકળ્યાને સાડત્રીસ કલાક થયા હતા...એ ગણત્રીએ એની ઝડપ કલાકના એક માઇલ જેટલી થઇ...અને એને બાકી એંશી માઇલ કાપવાના....બહુ સારી ઝડપ પકડે તો પણ સરેરાશ કલાકના પાંચ માઇલ કપાય...ઇશ્વરકૃપા હોય ને એ એટલી ઝડપ કરી શકે તો એ સવારમાં આઠ વાગ્યે આવી પહોંચે...

આમ બનવું સંભવિત હતું જ નહિ, છતાં મારે તો બધી શક્યતાની તૈયારી રાખવાની હતી એટલે સવારમાં સાત વાગ્યે પહેલો પતંગ-દીવો ફરકાવવાનું અને તે પછી બે બે કલાકે ગેસોલીનનો ભડકો કરવાનું નક્કી કર્યું. એટલું પણ કરી શકીશ કે કેમ એ વિષે મને શંકા હતી. નિર્ણય કરીને ઊંઘી જવાનો મેં પ્રયત્ન કર્યો—બહુ વારે ઊંઘ આવી અને એમાં પણ ઊંડી ચીરાડોના, ભાટકતા માણસોના ને દૂર દૂર ઝબકતા દીવાઓના સ્વપ્ના જ દેખાતા હતા.

સવારે જાગ્યો ત્યારે રોજના જેવી ઊઠું-ન ઊઠુંની ગડમથલ ન ચાલી, આંખ ઉઘડી કે તુરત જ સ્વસ્થ થઇ જઇ ઉભો થયો. બને તેટલી ઝડપે કપડાં ચડાવી લીધા ને પ્રાઇમસ પેટાવી ધીમે ધીમે ઉપર પહોંચી ગયો. એ વખતે કાંડા ઘડીઆળમાં સાડા સાત વાગ્યા હતા આસપાસ અંધારૂં હતું ને પૂર્વાકાશમાં ઘેરા વાદળ જામ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર તરફ આપોઆપ નજર નખાઇ ગઇ : અને આ વખતે મને ચોક્કસ લાગ્યું કે મેં કંઇક પ્રકાશ ભાળ્યો. ખાત્રી કરવા મેં આંખ મીંચી દીધી. ફરી આંખ ઉઘાડી ત્યારે પ્રકાશ અદૃષ્ય થઇ ગયો હતો. ઘણીયવાર તારાઓએ મને છેતર્યો હતો પણ આ વખતે એમ નથી જ બન્યું એમ મન કહેતું હતું એ ખાત્રીને કારણે શરીરની શક્તિ–સ્ફુર્તિમાં જાણે ઉમેરો થયો.

નીસરણી પાસે જ પડેલી પતંગને બહાર કાઢી, એની પૂંછડી ગેસોલીનમાં ઝબોળીને પછી કેબીનથી લગભગ બસો ફુટ જેટલે દૂર ગયો. શક્તિ બચાવવા ખાતર અડધું અંતર બેઠા બેઠા ચાલ્યો. છેલ્લા ઘણાં દિવસથી એટલે અંતરે ગયો નહોતો. એટલે દૂર જઇ પતંગને સળગાવી હવામાં ધકેલી મૂકી. પવનનો ઝપાટો બરોબર વખતસર આવી પહોંચ્યો ને પતંગને ઊંચે આકાશમાં લઇ ગયો. એ પ્રકાશ લગભગ પાંચેક મિનીટ ટકયો હશે પણ ઉત્તર તરફથી કંઇ જવાબ ન મળ્યો. ગેસોલીનના ડબ્બાના બે ભડકા કરી જોયા તો એનો યે જવાબ ન આવ્યો. મારો ભ્રમ ભાંગી ગયો ને થાકને કારણે પગ લથડવા લાગ્યા. બહુ નબળાઇ આવી ગઇ હતી એટલે થોડીકવાર તો ત્યાં જ બરફ ઉપર બેસી ગયો... મેં કરેલો પ્રકાશ ઓછામાં ઓછા વીસ માઇલ સુધી તો દેખી શકાય જ. જવાબ ન આવ્યો એનો અર્થ એ કે પાઉલ્ટર હજી એથી દૂર હશે.. તો હું હજી ચારેક કલાક તો આરામ લઇ શકું ..

કેબીનમાં પાછા આવી દસેક મિનીટ રેડીઓ ઉપર સાંભળવા પ્રયત્ન કર્યો પણ કંઇ સંભળાયું નહિ. ડોલની અંદરનો બરફ ઓગળ્યો હતો એટલે એ પાણી લઈ ગરમ દૂધ તૈયાર કરી ચડાવ્યું. એથી કંઇક સ્ફુર્તિ આવી એટલે પથારીમાં જઇ લંબાવ્યું. ઊંઘ તો ન આવી પણ અવારનવાર ઝોલે ચડી જતો હતો, કેટલીયવાર તો એમ લાગ્યું હશે કે ટ્રેક્ટરનો ખડખડાટ સંભળાય છે પણ એ તો આસપાસના પ્રદેશમાં બરફ સંકોચાવાનો કડકડાટ જ હતો...બપોરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્બીન ચડાવીને ઉપર ગયો ત્યારે ઠીક ઠીક અજવાળું હતું ને ડઝનેક જેટલા વાવટા હું ગણી શકતો હતો. એનો અર્થ એ કે બે એક માઇલ સુધી તો બધું બરાબર હતું.

નિયત વખતે લીટલ અમેરિકા સાથે સંપર્ક સાધ્યો. ચાર્લી ખરેખરા આનંદમાં હતો. છ કલાક પહેલા 'ચીરાડોવાળી ખીણ' પાઉલ્ટર અડધી વટાવી ગયાના સમાચાર એમને મળેલા...કેડી પણ એ ચૂકયો નહોતો. પાઉલ્ટરે તો કહેલું કે હવે મુશ્કેલી પડવાનો સંભવ નથી, મુખ્ય ખાડ તો વટાવી ગયો છું. ફરી પોણાચાર વાગ્યે પાઉલ્ટરના સમાચાર એ લોકોને મળવાના હતા એટલે તે પછી મને સંદેશા મોકલવાનું જણાવી ચાર્લીએ રજા લીધી.

કલાકેક પછી ઉપર જઇ મેં ગેસોલીનનો એક ડબ્બો સળગાવ્યો. કંઇ જવાબ આવ્યો નહિ પણ એટલા બધા વ્હેલા એ લોકો આવી પહોંચશે એવી આશા પણ મારા મનમાં નહોતી. ચાર વાગ્યે લીટલ અમેરિકાવાળા ભારે ઉત્સાહમાં હતા—પાઉલ્ટરે ત્રણ માઇલ કાપી કાઢ્યા હતા ને કેડી જરાય ચૂકયો નહોતો. ચાર્લીએ જણાવ્યું કે "છેલ્લા સંદેશા અનુસાર એમના ટ્રેક્ટરનું જનરેટર ઘસાઇ જવા આવ્યું છે પણ અટકી નહિ પડાય એની પાઉલ્ટરને ઠીક ઠીક ખાત્રી છે. ઠીક, તારા નસીબ જોર કરતા લાગે છે. દીવાદાંડી પ્રગટાવવાનું ભૂલતો નહિ હોં " મેં કશો જવાબ ન વાળ્યો કેમકે પૈડું ચલાવતા શક્તિ ખર્ચાઇ જવાનો ભય હતો.

ફરી ચાર કલાક પછી મળશું એમ કહી ડાયરે રજા લીધી એટલે મેં મારા મનમાં બધું ગોઠવવા માંડયું . પાઉલ્ટર આઠેક કલાકમાં પહોંચી જશે એમ ચાર્લીને લાગતું હતું....એ વાત મનને તદ્દન આંજી નાખે એવી હતી વચ્ચે મૃત્યુના ભોગ થયા વિના જ તમે પુનર્જન્મ પામવાના છો એવા પાકા સમાચાર મળવા જેવી વાત હતી. પણ ચાર્લી વધારે પડતી આશા સેવે છે એમ લાગતું હતું. પાઉલ્ટરને હજી ત્રીસેક માઇલ બાકી હતા. કૂલ એકસઠ કલાકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સરેરાશ સવા માઇલની ઝડપે આગળ વધી શકેલો ને છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન સારી ઝડપ હોવા છતાં એ માઇલની જ સરેરાશ આવી હતી. એ છેલ્લી ઝડપ અનુસાર આગળ ધપે તો પણ એને પહોંચતા પંદર કલાક લાગે તેમ હતું—એટલે કે સવારના સાત પહેલા પહોંચવા સંભવ ઓછો હતો.

એમ છતાં વ્હેલા આવી પહોંચે એની તૈયારી રાખવામાં જ ડહાપણ લાગ્યું એટલે પાંચ વાગ્યે ફરી ઉપર ગયો. એ વખતે આકાશ સ્વચ્છ હતું પણ અજવાળું ઓછું થઈ ગયું હતું ને આખો પ્રદેશ અંધારે ઘેરાઇ ગયો હતો. ગેસોલીનનો એક ડબ્બો સળગાવી જોયો પણ કંઇ જવાબ ન મળ્યો—જવાબની બહુ આશા પણ નહોતી રાખી. નીચે જઇ કલાકેક પડયો રહ્યો. પડયા પડયા હાથ આવી તે એક ચોપડી વાંચવા પ્રયત્ન કર્યો પણ મન પરોવાતું નહોતું. છ વાગ્યે ફરી ઉપર ગયો ને આ વખતે તો ખરેખર કંઈક પ્રકાશ નજરે પડયો. બરોબર ઉત્તર દિશામાં પ્રકાશનો એક લીસોટો જમીન પરથી ઊઠી ઊંચે ચડયો, ફરી નીચે ઉતર્યો, ફરી ચડયો ને પછી અદૃષ્ય થઇ ગયો. પાઉલ્ટરની શોધક બત્તી જ હોવી જોઈએ એમ મારી ખાત્રી થઇ ગઈ.

ન વર્ણવી શકાય એટલો આનંદ મને થવા લાગ્યો. એકદમ એક પતંગ સળગાવી આકાશમાં વહેતી મૂકી. પંચ્ચોત્તેર ફુટ ઊંચે ચડીને પાંચેક મિનિટ એ બળી હશે. મારી નજર તો ઉત્તર તરફ જ ચોંટી રહી હતી પણ કંઇ પ્રત્યુત્તર ન મળ્યો. ત્યાં ઉપર ને ઉપર અડધો કલાક હું બેસી રહ્યો અંધારૂં વધતું જતું હતું. મેં શોધક-બત્તી જેવો પ્રકાશ જોયો હતો એની મને ખાત્રી હતી છતાં અનેક-વાર નિરાશ થયેલો એટલે મારી આંખનો પણ અવિશ્વાસ કરવા હું તૈયાર હતો. મારે તો કાં આ પારનો ને કાં પેલી પારનો આખરી નિર્ણય જોતો હતો. પહેલી વાર ઘાયલ થયાને એકોત્તેર દિવસ થયા હતા. કોઇ પણ માનવી જેટલું સહન કરી શકે એટલું તો મેં સહન કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટ થાકીને લથડીઆ ખાતો નીચે આવી પથારીમાં પડયો. હદબહાર થાકી ગયો હતો છતાં સ્થિર પડ્યા રહી શકાય તેમ નહોતું. અડધી કલાક પછી ફરી ઉપર જવા ઉપડયો. નીસરણીને એકેએક પગથીએ પોરો ખાવો પડતો હતો. હું મનમાં કહેતો હતો કે આ વખતે તો બહુ જ નજીક ટ્રેકટરનો પ્રકાશ દેખાવાનો. પણ ઉપર પહોંચ્યો તો કંઈ દેખાયું નહિ. આસપાસ અંધારૂં ધબ હતું...પણ એમણે મારી પતંગ તો જોઇજ હોવી જોઇએ...જોઈ હશે પણ જવાબ વાળવાનું જરૂરી નહિ લાગ્યું હોય...ફરી ગેસોલીનનો એક ડબ્બો સળગાવ્યો. એનો પ્રકાશ બુઝાઇ ગયો એટલે પતંગ ચડાવી. મિનીટ ઉપર મિનીટ પસાર થતી જતી હતી સાડાસાત વાગ્યા હતા. ફરી મેં ગેસોલીનનો ડબ્બો સળગાવ્યો...કયાં હશે? રાતવાસો કરવા રોકાયા હશે? ના, ના, આટલે નજીક આવ્યા પછી રોકાય નહિ... નિરાશા મને ઘેરી વળતી હતી એટલે એવા પણ વિચાર આવી ગયા કે કદાચ કંઇ અકસ્માત થયો હશે...ભંગાણ પડ્યું હશે...આગ લાગી હશે...કદાચ ચીરાડમાં અંદર ઉતરી પડ્યા હશે...

થર્મોગ્રાફનો પારો -૪૦° થી યે નીચે ઉતરતો જતો હતો. મારું મન હતાશ થતું જતું હતું. રેડીઓ સાંભળવા કાને ભૂંગળું ચડાવ્યું એ વખતે ચાર્લી સંદેશો આપી રહ્યો હતો. ચારેક વાગ્યાથી પાઉલ્ટરના કાંઇ સમાચાર નથી એમ હું સમજયો એટલે ભૂંગળું મારા હાથમાંથી પડી ગયું. મેં આગળ સાંભળ્યું નહિ એ મારા જ કમનસીબ બાકી ચાર્લી તો એવું કહેવા પ્રયત્ન કરતો હતો કે એટલે બધે નજીક પહોંચી ગયા પછી રેડીઓ-સંપર્કમાં વખત વીતાડયા વિના જ મુકામે પહોંચી જવાનો પાઉલ્ટરે નિર્ણય કર્યો હોવો જોઇએ. મારું મગજ તો ખાલી થઇ ગયું ને ફરી કંઇક શુદ્ધિમાં આવ્યો ત્યારે હું, અડધો પાટ ઉપર ને અડધો નીચે એવી દશામાં પડયો હતો.

એ વખતે સાડાઆઠ વાગ્યા હતા. પાટ ઉપર બરોબર ગોઠવાઇ, ધાબળો ઓઢીને હું સૂઇ ગયો. દોઢેક કલાક ઊંઘ લીધી હશે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી દીવાદાંડોની ભાળ લેવી જ જોઇએ એમ સમજીને હું નીસરણી તરફ વળ્યો. પણ અડધી ચડતાં જ થાકી ગયો એટલે પાછો ફરી શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. કંઇક ઉત્તેજક પીણાની જરૂર હતી. સ્પીરીટનો કડવો અનુભવ થોડા દિવસ પહેલા જ થયો હતો એટલે એનો વિચાર કરી શકાય તેમ નહોતું. તે પછી નિર્ણય કેમ થયો તે બરોબર ખબર નથી પણ મેં એક પીણું તૈયાર કર્યું. પાણીના એક પ્યાલામાં એક ચમચી લેવાની સૂચના આપતી ચિઠ્ઠી એની બાટલી ઉપર ચોડી હતી છતાં ત્રણ ચમચી નાખીને ચડાવી ગયો. ને એની ઉપર કડકમાં કડક ચાના ત્રણ પ્યાલા લગાવ્યા. એ પછી મગજ ખાલી ખાલી લાગવા માંડ્યું પણ શક્તિ આવી હતી. પતંગ અને એનો તાર લઇ ઉપર પહોંચી ગયો. પતંગ સળગાવી ને આકાશમાં ચડાવી. એનો પ્રકાશ આંખને આંજી મૂકે તેવો હતો. એ પ્રકાશ બુઝાયો એટલે મેં ઉત્તર તરફ જોયું. શોધક-બત્તીના પ્રકાશનો લીસોટો ક્ષિતિજપરના અંધારપટ ઉપર સ્પષ્ટ ઉઠતો હતો. આ પણ ભ્રમ હોય એવો સંભવ છે એમ સમજી મોઢું ફેરવીને બેસી ગયો. ઊઠીને બીજીવાર ઉત્તર તરફ જોયું ત્યારે ય એ લીસોટો ઉપર નીચે ફરતો હતો અને પછી તો તુરત બીજો પ્રકાશ પણ દેખાયો—ટ્રેક્ટરની મથાળાની બત્તી હોવી જોઇએ એમ મારા મને નક્કી કરી લીધું.

દુનિયા મને ભેટવા આવી રહી હતી. થોડીકવાર પછી જ હું મિત્રોને જોઇ શકવાનો ને વાતો કરતા અવાજો સાંભળવાનો. છૂટવાની વાત અઢી મહિના સુધી માત્ર કલ્પનામાં જ રમતી હતી તે હવે નક્કર હકીકતરૂપે નજીક આવી પહોંચી હતી. એ પ્રકાશ જોઇ મને શું નું શું થવા લાગ્યું તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એની સાથે સરખાવી શકાય એવો એક જ પ્રસંગ મારી જીંદગીમાં બન્યો છે. આટલાંટીક મહાસાગર ઓળંગી પેરીસ પહોંચવા અમે વિમાનમાં નીકળ્યા હતા. મહાસાગર ઓળંગતા આખા માર્ગમાં ધુમ્મસ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાવાઝોડું નડેલા અને ફ્રાંસને કાંઠે આવી પહોંચ્યા ત્યારે વરસાદ ને વધુ ધુમ્મસ હેરાન કરવા લાગેલા. પારીસ સુધી પહોંચ્યા તો ખરા પણ કાંઠા તરફ વળ્યા વિના છૂટકો ન લાગ્યો. અમારા સિવાય બીજા કોઇનો જાન ન લેવો હોય તો ત્યાંજ ઉતરવા જવું પડે તેમ હતું. તેલ-બળતણ લગભગ ખલાસ થયું હતું; અમે ચારે ય થાકીને લોથ થઇ ગયા હતા; અને પરાણે નીચે પટકાઇ પડવાની શકયતા ડોળા ફાડી રહી હતી. બસ એવે વખતે, ચુમાળીસ કલાક આકાશમાં રહ્યા પછી ફ્રાન્સને કિનારે એક ફરતી દીવાદાંડી અમારી નજરે પડી. ટ્રેકટરની બત્તી જોવાનો અનુભવ કંઇક એના જેવો હતો—માત્ર આ વખતે બહુ લાંબો વખત રાહ જોવી પડેલી ને વેઠવું પણ ખૂબ વધારે પડેલું. એ અદ્‌ભુત ઘડીએ જૂન અને જુલાઇના દુઃખ-વેદના ઓસરી ગયા ને જાણે હું પુનર્જન્મ પામ્યો હોઉં એવું લાગવા માંડ્યું.

એકાએક પ્રકાશ અદૃષ્ય થઇ ગયો. ટ્રેકટર માર્ગમાં આવતા ઢોળાવમાં નીચે ઉતરતું હશે અને હજી એને આવતા બે કલાક તો લાગવાના જ એમ સમજી જઇ એક ગેસોલીનનો ડબ્બો સળગાવી હું જતો રહ્યો ને મારા ત્રણ મહેમાનો માટે વાળુ તૈયાર કરવા લાગ્યો: સૂપના બે ડબ્બા એક તપેલામાં ઠાલવી એને પ્રાઇમસ પર ચડાવી દીધું.

ફરી ઉપર જઇને જોયું ત્યારે તો ટ્રેકટરની શોધક બત્તી સ્પષ્ટ દેખાતી હતી. હજી પાંચેક માઇલ દૂર હશે અને આવી પહોંચતા એકાદ કલાક થશે એમ લાગતું હતું છતાં હું ત્યાં બરફ ઉપર જ રાહ જોતો બેઠો. થોડીક વાર પછી તો પૈડાના અવાજ ને ભુંગળાનો બીપ-બીપ-બીપ અવાજ સ્પષ્ટ સંભળાવા લાગ્યો પણ ગાડી હજી બહુ નજીક નહોતી લાગતી. બહુ ઠંડી લાગતી હતી એટલે નીચે પ્રાઇમસ પાસે જઇ હુંફ લેવા બેઠો પણ ઉપર કંઇક અદ્‌ભુત જાદુ થઇ રહ્યો હોય ત્યારે એમ બેસી શી રીતે રહી શકાય? છતાં તદ્દન અશક્તિ ન આવી જાય એટલા ખાતર પરાણે બેસી રહ્યો. કેબીનમાં આસપાસ બધું અસ્ત-વ્યસ્ત પડયું હતું. પાઉલ્ટરને બીજાં સાથીઓ મને એ દશામાં જોશે એની શરમ પણ અનુભવી હતી એમ મને સાંભરે છે. કંઇક ઠીક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાક કરવા પ્રયત્ન પણ કરેલો, પણ ખાસ ફેર પાડવા જેટલી શક્તિ હતી જ નહિ. થોડીકવારમાં જ બધું કેવું ફરી જશે એના વિચાર આવ્યા કરતા હતા.

મધરાતને થોડીક મિનીટ બાકી હતી. હું ઉપર ગયો. તે લોકો બહુ નજીક આવી ગયા હતા. ટ્રેક્ટરનું ઘેરૂં ધાબું પણ દેખાતું હતું. છેલ્લો ડબ્બો સળગાવીને મેં સલામી આપી. ટ્રેક્ટર સોએક વાર છેટે આવીને અટક્યું...ત્રણ માણસો ઠેકીને બહાર નીકળ્યા... રૂંછડાવાળા ચામડાના કપડા ચડાવવાથી બમણો જાડો લાગતો પાઉલ્ટર વચ્ચે ચાલતો હતો. હું ઊભો રહ્યો પણ આવકાર આપવા આગળ જઇ શકું તેમ નહોતું. જોર જોરથી મેં હાથ હલાવેલા એ મને સાંભરે છે પણ વેઇટ તો કહે છે કે "આવો આવો દોસ્તો. ચાલો નીચે, ગરમ સૂપ તમારી રાહ જુએ છે" એવું પણ હું બોલેલો. ખરેખર બોલ્યો હઇશ તો મારે એટલું જ કહેવાનું છે કે નાટકીઆ ભાવ લાવવાનો એ વખતે જરાય ઇરાદો નહોતો. સાચી વાત તો એ છે કે દિલમાં હતું તે વ્યક્ત કરવાના શબ્દો મને જડતા નહોતા. એમ પણ કહે છે કે હું નીસરણી ઉતરીને ત્યાં જ ઢળી પડેલો. એની તો મને બહુ અસ્પષ્ટ છાપ રહી છે પણ મારી તો નબળાઇ ઢાંકવા પ્રયત્ન કરતો હતો એવું કંઇક સ્પષ્ટ યાદ છે. બાકી પાઉલ્ટર, ડેમાસ ને વેઇટ ટેબલ પર બેઠા બેઠા સૂપને બિસ્કીટ ચડાવતા હતા ને હું પથારીમાં બેઠો હતો. એ મને બરોબર સ્પષ્ટ યાદ છે. એમના અવાજ કેવા લાગતા હતા એ પણ સાંભરે છે. એ લોકો અંદર અંદર વાતો કરતા હતા તે કોઇ પરભાષામાં ચાલતો હોય એટલી અર્થસૂન્ય લાગતી હતી કેમકે તેઓ ઘણાં વખતથી સાથે હતા, એક જ જાતના અનુભવમાંથી પસાર થયા હતા એટલે કેટલીય વાત કરતી વખતે આગલી હકીકતો ગ્રાહ્ય કરીને જ ચલાવતા હશે. હું જ અજાણ્યો—નવતર હતો.

૧૯૩૪ના ઓગસ્ટની અગ્યારમીની મધરાત પછીના વખતની આ વાત છે. તે પછી તો બે મહિના ને ચાર દિવસે હું લીટલ અમેરિકા પહોંચ્યો—હવામાનનું નિરીક્ષણ એટલો વધુ વખત થઇ શક્યું એટલો લાભ તો થયો જ, પણ વહેલા નીકળવા જેવી મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ જ નહોતી. ટ્રેકટરનો પ્રવાસ ખેડવા જતાં કદાચ મારું આવી બનત અને એ પ્રદેશમાં વિમાનોને ન છૂટકે નીચે પટકાવું પડે એવી જે શકયતા હોય જ છે. એનો સામનો કરવા જેટલી શક્તિ ન આવે ત્યાં સુધી વિમાનનો પ્રવાસ પણ જોખમી જ હતો. પાઉલ્ટરના અસાધારણ આત્મ-સંયમને ધન્ય છે કે એણે કદી મારા પાછા જવાનો પ્રશ્ન છોડયો જ નહિ. લીટલ અમેરિકા અને અમારી વચ્ચે વચલા માણસનું કામ કરતા ચાર્લીએ પણ એ વાત ઉખેળી જ નહિ ને કેવળ મારી આખરી મંજૂરીની જરૂર હોય એટલા જ પ્રવાસના કાર્યક્રમોની વિગત રેડીઓ ઉપર રજૂ કરતો રહ્યો. પાઉલ્ટરને એણે એટલો જ સદેશો મોકલેલો : "છેવટ જે રીતે બધું પાર પડયું છે એ વિષેનો અમારો સૌનો અનહદ આનંદ શબ્દોમાં વ્યક્ત થાય તેમ નથી. એને કહેજો કે એ હુકમ આપે તે ઘડીએ સફરે ઉપડવાની પૂરતી તૈયારી રાખી જ છે."

ટ્રેકટર આવ્યા પછીના બે મહિના એટલા બધા સુખમય વીત્યા હતા જેટલા તે અગાઉના મહિના દુ:ખમય હતા. હા, એવડી કેબીનમાં ચાર જણા હતા એટલે હાલતા ચાલતા એક બીજાની આડે આવતા ખરા. રાત્રે એ ત્રણે ય જણા નીચે પોતાના સૂત્રાના કોથળા પાથરી પડખોપડખ લંબાવતા - જાણે ખરેખરી ત્રિપુટી. ડેમાસ ને વેઇટ રસોઇના ને સાફસુફીના વારા કાઢતા ને પાઉલ્ટર યંત્રોની સંભાળ લેતો ને અંધારું ટકયું ત્યાં સુધી ખરતા તારાની નોંધ કર્યા કરતો. ઘણાં લાંબા વખત સુધી એ લોકો મને કશું કામ કરવા નહોતા દેતા, અને સાચું કહું તો હું સામાન્ય વિવેક ખાતર રાખવો પડે એથી વધુ આગ્રહ કામ માટે રાખતો પણ નહિ. બધું જ મારે કરવાનું હતું એ પછી આ કશું જ ન કરવાની સ્થિતિ ખરેખર અદ્દભુત લાગતી હતી. આસપાસના પ્રદેશનો અંધકાર જેમ વિલીન થયો તેમ મારા અંતરનો અંધકાર પણ જતો રહ્યો ને પ્રસન્નતાનો ઉજ્જ્વળ પ્રકાશ અંદર ધસી આવ્યો. શક્તિ પાછી મેળવતા ઘણો વખત લાગ્યો પણ ધીમે ધીમે કરીને એ આવી તો ખરી જ ને સાથોસાથ ગૂમાવેલું વજન પણ થોડુંક પાછું આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું છતાં કોણ જાણે શા કારણે—મારા અભિમાનને કારણે જ હશે—મારી અશક્તિનું સાચું પ્રમાણ બને તેટલું એ લોકોથી મેં છૂપાવ્યા કરેલું. મેં કદી એ વાતનો ઉલ્લેખ ન કર્યો કદી એનો સ્વીકાર ન કર્યો. અને એ લોકોએ શું બન્યું હતું તે કહેવાનો મને કદી આગ્રહ ન કર્યો. કેબીન ગોઠવતાં ગોઠવતાં એમને કલ્પના કરવા પૂરતી, હકીકતો તો મળી જ ગઇ હશે પણ એ બધી કલ્પના વગેરે એમણે મનમાં જ સંઘરી રાખી. નેતાના સ્વભાવમાં જે પોતાની વાત મનમાં જ રાખવાની બંધ-બારણા-વૃતિ હોય છે તેથી તેમ જ મારી દુર્બળતાની શરમ લાગતી હતી એટલે મેં તો બની ગયેલી વાત આડો પડદો જ નાખી દીધો. એ પડદાની પેલી બાજુ કોઇને નજર કરવા દેવાની મારી ઇચ્છા નહોતી અને મને બચાવી લેવા આ લોકો આવેલા એ વાત મનમાંથી દૂર રાખવાની અંદરથી પણ માગણી થયા કરતી હતી.

અભિમાન પોતાની ટાંગ ઊંચી રાખવાના મુદ્દાઓ શોધી જ લે છે. કેટલાય વખત સુધી મેં માન્યા કર્યું કે આ લોકો આવ્યા હોત કે ન આવ્યા હોત તો પણ હું એકલો ખેંચી કાઢી શકત જ. અને હા, રેડીઓની મથામણ ન હોત તો કદાચ વાંધો ન જ આવત. પણ એ વાત મુદ્દાની નથી. મુદ્દાની વાત તો એ જ છે કે મારે મદદની ખાસ જરૂર હતી જ; અને પાઉલ્ટર, ડેમાસ, વેઇટ અને ચાર્લી મર્ફીનો હું આજીવન ઋણી છું એટલું તો મારે વ્યક્ત કરવું જ રહ્યું.

ઓક્ટોબરની ચૌદમીએ બાવલીનને શ્લોશબાચ પિલ્ગ્રીમ વિમાનમાં આવી પહોંચ્યા. સૂરજ તો ક્યારનો ઊંચે આકાશમાં ચડી ગયો હતો એટલે કુતરા ગાડીવાળી ટૂકડીઓ તો એમના ત્રણ મહિનાના કાર્યક્રમ પર જવાને તૈયાર થઇ ગઇ હતી. પાઉલ્ટર મારી સાથે વિમાનમાં પાછા આવવા તૈયાર થયો. ડેમાસ ને વેઇટ બધું ટ્રેકટર પર બરોબર ગોઠવી, ભરીને લેતા આવવા પાછળ રોકાયા. છેલ્લીવાર એ નીસરણી ચડયા પછી, મેં પાછી નજર નહોતી નાખી. -૮૦° ૦૮' દક્ષિણ અક્ષાંશ પરના એ થાણામાં મારો અમુક અંશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયમ માટે પાછળ મૂકીને હું ચાલી નીકળ્યો—મારું યૌવન, કદાચ મારું અભિમાન ને મારી અશ્રદ્ધા તો ખરી જ. અને પહેલાં મારામાં જે પૂરતા પ્રમાણમાં નહોતું એવું કંઈક સાથે લેતો પણ આવ્યો—જીવનની સાચી કિંમત સમજતાં ને એના સૌંદર્યની કદર કરતાં શીખી આવ્યો અને જીવનના મુલ્યાંકનો વધુ નમ્રતાભર્યાં બન્યા. આ બધું ચાર વર્ષ અગાઉ બન્યું હતું. બહારની દુનિયાના સંસ્કાર-સંસ્કૃતિના ચેપથી એ વિચારોમાં ફેર નથી પડ્યો. વધુ સાદાઈથી જીવું છું ને એમાં વધુ શાન્તિ અનુભવું છું.

એ થાણાના વસવાટની વાત પૂરી કરતાં પહેલાં ત્યાં જે બન્યું તેને પરિણામે શીખાયેલી એક વધુ વાત ઉમેરી દઉં. લીટલ અમેરિકા પહોંચીને તુરત જ નેતાગીરીની જવાબદારીઓ ઉપાડી લેવા હું આતુર હતો પણ મને સમજી જતાં બહુ વાર ન લાગી કે એ જવાબદારીઓમાંની કેટલીક તો મારા ગજા ઉપરવટની હતી. વૈદકીય અભિપ્રાય એવો પડ્યો કે વિમાનમાં ઉડવાનો પ્રયત્ન કરીશ તો પછી એના પરિણામો માટે મારી જાતને જ દોષીત લેખવાની રહેશે. તેમ છતાં મેં એ વિમાની સફરોની આગેવાની તો લીધી જ—એ વિમાની સફરો તો મારો સૌથી વધુ રસના વિષયો છે—પણ તે પછી તો મારે જમીન પર જ રહેવામાં સંતોષ માનવો પડ્યો ને જબ્બર 'કોન્ડોર' વિમાન ચલાવવાનું કેન રૅાસનને જ સોંપવું પડ્યું. એ વખતે રૅાસનની ઉમર માત્ર ત્રેવીસ વર્ષની હતી અને હું ભૂલતો ન હોઉં તો જીંદગીમાં એણે હજી એક કે બે વાર જ હવાઈ સફર કરેલી. તેમ છતાં એ આબાદ કામ કરતો હતો. એની કાબેલીઅતને બીજી કશી જ વાત કહી બીરદાવવા કરતાં એટલી જ હકીકત નોંધીશ કે એની પાસે બેસી રહેતા બે પીઢ અનુભવી વિમાનીઓને પણ કદી એના નિર્ણયમાં વાંધો લેવા જેવું નહોતું લાગતું એટલે એ બધાને અંતે હું કહું છું કે "એના વિના ન જ ચાલી શકે તેવી સ્થિતિ નથી રહી, એવું ભાન જ્યાં સુધી માણસને ન થાય ત્યાં સુધી એની અંદર સાચું ડહાપણ પેદા થતું નથી."

સંપૂર્ણ.

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અમારાં પ્રકાશનો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. મહાદેવભાઈ ૨-૮-૦

એન્ટિક કાગળમાં ૩-૦-૦

પૂરાં પચીસ વરસ સુધી ગાંધીજીના પુત્ર, શિષ્ય, ભક્ત અને મંત્રીનું ચતુર્વિધ સ્થાન શોભાવીને આખરે એમનામાં જ આત્મસાક્ષાત્કાર પામી જનાર ગુજરાતના સુપુત્ર સ્વ. મહાદેવ દેસાઈની ગુણગાથા દ્વારા એમના સાધનામય જીવનના શાંત પ્રકાશનું વાંચનારને આ પુસ્તક દર્શન કરાવે છે.

મહાદેવભાઈનાં વિચારરત્નો

ટપાલખર્ચ સહિત ૦-૭-૦

'નવજીવન' અને 'હરિજનબંધુ'-માંથી ચૂંટેલા સ્વ.ના મનનીય વિચારો.

૬. ચમનલાલ વૈષ્ણવના પત્રો

કિંમત ૨-૦-૦

'તેત્રીસ પત્રો'ની સુધારેલી-વધારેલી બીજી આવૃત્તિ. 'આ પત્રોમાંથી વિચારપૂર્વક જીવન ઘડવા ઇચ્છનાર તરુણ તેમ જ બીજાને પણ ઘણો બોધ મળી શકે તેમ છે. મને તો તેમાંથી વિચારવા અને બોધ લેવા માટે ઠીક ઠીક સામગ્રી મળી છે...આ પત્રોમાંના કેટલાક તો ગુજરાતી સાહિત્યમાં દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરશે એવી આશા છે.'

—કિશોરલાલ ઘ. મશરૂવાળા

૭. ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે ૨-૮-૦

અમારી 'મહાભારત ગ્રંથાવલિ'નું આ પ્રથમ પુસ્તક લગભગ ૨૫૦ પાનાંનું થશે. લગભગ આટલા જ કદનાં પાંચ પુસ્તકોમાં સરળ અને સહેલી ભાષામાં સંપૂર્ણ મહાભારત [illegible] અમે વિચાર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગાળ-ઓરિસ્સાના દુષ્કાળનો તાદૃશ ચિતાર આપતાં

બે નવાં પુસ્તકો

હરતાં-ફરતાં હાડપિંજરો વચ્ચે

લેખક
કાન્તિલાલ શાહ

પ્રસ્તાવના
કાકાસાહેબ કાલેલકર

'બહાર આવ્યા પછી બંગાળના દુકાળોનાં વર્ણનો અવારનવાર સાંભળતો હતો. 'Famines in Bengal' એ ઐતિહાસિક પણ અદ્યતન વિગતો આપનારી ચોપડી પણ જોઈ. પણ ભાઈ કાન્તિલાલે અહીં જે ઓરિસ્સાના દુકાળનો ચિતાર આપ્યો છે એની કલ્પના કોઈ ચોપડીએ પણ ન આપી હતી અને કલ્પનાએ પણ સર્જી ન હતી. એટલે એ વર્ણન વાંચતાં આંસુ ખાળવાં બહુ મુશ્કેલ થતાં હતાં. ભાઈ કાન્તિલાલે આ કોઈ નવલકથા લખી નથી, અથવા રંજન-કલાનો આશ્રય લઈ ભડકામણાં ચિત્રો કર્યાં નથી. જાતે જોયેલા પ્રસંગોનો એ તાદૃશ ચિતાર છે. હું નથી માનતો કે આવા બનાવો એમણે પ્રત્યક્ષ જોયા ન હોય તો કેવળ કલ્પનાથી આટલી ભીષણતા તેઓ ચીતરી શકત.'

—**કાકા કાલેલકર**

પાનાં ૨૭૨ · દ્વિરંગી મુખપૃષ્ઠ
કિંમત રૂ. ૩-૮-૦ (ટ. ખ. ૦-૩-૦)

દુર્ભિક્ષ

બંગાળના ભયંકર દુષ્કાળની વાર્તાઓનો સંગ્રહ

સંપાદક
કાન્તિલાલ શાહ

બંગાળના પ્રથમ પંક્તિના કલાકારોએ સત્યઘટના અને જાતમાહિતી ઉપરથી લખેલી આ વાર્તાઓ ૧૯૪૩ની સાલમાં બંગાળમાં ચારે ખૂણે ફેલાયેલા ભયંકર દુષ્કાળને વાંચનારની આંખ આગળ મૂર્તિમંત કરે છે. આ વાર્તાઓનો વાંચનાર પોતે જ જાણે ભૂખ અને રોગ, પૂર અને પ્રલયનાં ભયંકર દૃશ્યો નજરે જોતો હોય એવો અનુભવ કરશે. પુસ્તકનાં પાનાંઓમાંથી નીતરતી કરુણા એની આંખ ભીની બનાવશે અને એની વેદના એના દિલને દઝાડશે.

આ ઉપરાંત બંગાળના આ ભીષણ ભૂખમરાનો તાદૃશ ચિતાર આપતાં દસ ચિત્રો પણ આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. આ રીતે આ પુસ્તકને કલા અને ઇતિહાસનો સુમેળ સાધી ઉપયોગી બનાવ્યું છે.

પાનાં ૨૩૮ · દ્વિરંગી મુખપૃષ્ઠ
કિંમત રૂ. ૩-૪-૦ (ટ. ખ. ૦-૩-૦)

સંસ્કાર સાહિત્ય મંદિર
ભાવનગર (કાઠિયાવાડ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar